### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

# સુરત જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ




:: પ્રેરક ::
પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

:: સંકલન ::
અ. મૂ. શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

:: લેખક અને સંપાદક ::
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
તમામ વ્યાખ્યાતાશ્રીઓ

:: સમીક્ષા ::
જિલ્લા કેળવણી ઈતિહાસ કમિટી

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | લેખક (વ્યાખ્યાતા) જિ. શિ. અને તા. ભવન, સુરત |
|---|---|---|
| ૧ | **સુરત જિલ્લાનો પરિચય** | **ડો. જોય દિક્ષિત** |
| | ૧.૧ પ્રસ્તાવના | |
| | ૧.૨ સુરત જિલ્લાનો કેળવણીનો ઇતિહાસ | |
| | ૧.૩ સુરતનો ભૌગોલિક પરિચય : | |
| | ૧.૪ નકશો (સુરત જિલ્લાની રચના વખતનો) | |
| | ૧.૫ નામાવિધાન : | |
| | ૧.૬ સુરત જિલ્લાની પ્રકૃતિ : | |
| ૨ | **શૈક્ષણિક સંસ્થાઓ** | **ડો. સંજયસિંહ બારડ** |
| | ૨.૧ પૂર્વ પ્રાથમિક શિક્ષણ | |
| | ૨.૨ પ્રાથમિક શિક્ષણ | |
| | ૨.૩ શિક્ષકોની તાલીમ | |
| | ૨.૪ માધ્યમિક શિક્ષણ | |
| | ૨.૫ સંસ્કૃત પાઠશાળાઓ | |
| | ૨.૬ વિશિષ્ટ પ્રકારની સંસ્થા | |
| | ૨.૭ ઉચ્ચ શિક્ષણ | |
| | ૨.૮ લો–કોલેજ | |
| | ૨.૯ આયુર્વેદ મહાવિદ્યાલય | |
| | ૨.૧૦ શિક્ષણ | |
| | ૨.૧૧ ટેક્નિકલ શિક્ષણ | |
| | ૨.૧૨ સ્વાયત્ત સંસ્થા | |
| ૩ | **સુરત જિલ્લો અને કેળવણી વ્યવસ્થાપન** | **ડો. જે.એલ.પટેલ** |
| | ૩.૧ પ્રસ્તાવના | |
| | ૩.૨ સાક્ષરતા | |

| | | |
|---|---|---|
| | ૩.૩ પૂર્વ પ્રાથમિક શિક્ષણ | |
| | ૩.૪ પ્રાથમિક શિક્ષણ | |
| | ૩.૫ માધ્યમિક શિક્ષણ | |
| | ૩.૬ વિવિધ શાળાઓ | |
| | ● બુનિયાદી શાળા | |
| | ● આશ્રમ શાળા | |
| | ● ઉ.બુ. શાળા | |
| | ● આદિવાસી આદર્શ નિવાસી શાળા | |
| | ● સંસ્કૃત પાઠશાળા | |
| | ● અન્ય સંસ્થાઓ | |
| | ૩.૭ ઉચ્ચ શિક્ષણ – ટેક્નિકલ શિક્ષણ | |
| **૪** | **સુરત જિલ્લાની કન્યા કેળવણીની સ્થિતિ** | **શ્રીમતી સ્મિતા દેસાઈ** |
| | ૪.૧ સરકારે આદરેલી પ્રવૃત્તિઓ : (ઈ.સ.૧૮૫૪–૧૯૦૨) | |
| | ૪.૨ આઝાદી પછીની સ્થિતિ (ઈ.સ.૧૯૪૭ થી ૧૯૬૦) | |
| | ૪.૩ કન્યા કેળવણીથી સામાજિક ઉત્થાન | |
| **૫** | **કેળવણીના નૂતન અભિગમો** | **શ્રીમતી ગીતા વાંસીયા** |
| | ૫.૧ પ્રસ્તાવના | |
| | ૫.૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | |
| | ૫.૩ સમગ્ર શિક્ષા અભિયાન | |
| **૬** | **સામાજિક વિકાસ અને કેળવણીનું યોગદાન** | **ડૉ. દિપીકા ચૌધરી** |
| | ૬.૧ કેળવણીની સંકલ્પના | |
| | ૬.૨ સામાજિક વિકાસ પર અસર કરતા પરિબળો | |
| | ૬.૩ સામાજિક વિકાસ માટે થયેલ કેળવણીના ખેડાણો | |
| **૭** | **વ્યક્તિ વિશેષ** | **શ્રી ચિરાગભાઈ સેઈલર** |
| **૮** | **વિવિધ કમિશનોની ભલામણોની સુરત જિલ્લામાં શિક્ષણમાં જોવા મળેલ અસરો** | **શ્રીમતી શોભના સુરાણી** |

# પ્રસ્તાવના

સારસ્વત મિત્રો, પ્રસ્તુત પુસ્તક બદલાતા જતા કેળવણીના પરિવર્તનોની તાસીર છે. આઝાદી મળ્યા પછી કેળવણી ક્ષેત્રે શું શું બદલાવ આવ્યા અને હાલ આપણે કયાં છીએ એ જાણવા પ્રસ્તુત પુસ્તક રજૂ કરેલ છે. જેમાં મુખ્યત્વે પ્રાચીન કેળવણી, અર્વાચીન કેળવણી, પ્રાચીન કેળવણીના પ્રણેતાઓ, કેળવણી ક્ષેત્રે પ્રદાન કરનાર નામી વ્યકિતઓ, સંસ્થાઓ, ટ્રસ્ટોની માહિતી અહીં રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે.

વળી, આઝાદી પછી અને હાલ વિવિધ જૂથો, વિવિધ વિસ્તારો, મહિલાઓ દૂર્ગમ વિસ્તાર જેવા ક્ષેત્રો પરત્વે થયેલ ખાસ પ્રયત્નો અત્રે રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે. વળી, સામાજિક, આર્થિક, નૈતિક વિકાસમાં કેળવણીનું શું પ્રદાન હોઈ શકે તે અંગે પણ છણાવટ કરેલ છે. વિવિધ પ્રવાહો જેવા કે બુનિયાદી, તકનીકી વિજ્ઞાનના ક્ષેત્રે થયેલ પ્રયત્નોનો પણ ઉલ્લેખ કરેલ છે. વિવિધ કેળવણી કમિશનોની સુરત જિલ્લાની કેળવણી પર અસર પણ નોંધવામાં આવી છે. આશા છે કે તમામ સારસ્વત મિત્રોને આ પુસ્તક ઉપયોગી નિવડશે.

આ પુસ્તકમાં આપેલ માહિતી ઉપરાંત વાચકને અન્ય જરૂરી માહિતી રહી ગયાનું ધ્યાને આવે તો આ સંસ્થાને તે સંદર્ભે ધ્યાન દોરવા વિનંતી છે. જેથી અન્ય આવૃત્તિમાં જેનો સમાવેશ કરાવી શકાય.

આભાર .....

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરત

# પ્રકરણ–૧

## ૧.૧ પ્રસ્તાવના :

ઈ.સ.૧૯૬૨માં ચીફ એડીટર એમ.આર. કલાન્દે દ્વારા પ્રકાશીત પુસ્તક સુરત ડીસ્ટ્રીકટ ગેઝેટરમાં જણાવ્યા મુજબ ધ ગેઝેટર ઓફ બોમ્બે પ્રેસીડન્સીનો એક ભાગ ઈ.સ.૧૮૭૪ થી ઈ.સ. ૧૮૮૪ સુધી હાલનું ગુજરાત રાજય હતું. ઈ.સ.૧૮૭૭ માં ભરૂચ અને સુરત જિલ્લાની સંયુકત રજુઆત કરતું ગેઝેટ વોલ્યુમ બહાર પડયું હતું. ત્યારબાદ હાલમાં ગુજરાત રાજયના દરેક જિલ્લાના ગેઝેટસ મળે છે. સુરત ગેઝેટસની રચના ૧ લી મેં ૧૯૬૦ ના રોજ બોમ્બે ગેઝેટસમાંથી છુટા પાડીને કરવામાં આવી હતી. આ વોલ્યુમમાં ૨૦ પ્રકરણો હતા. આ વોલ્યુમમાં સુરતની પ્રજા તેમની સંસ્કૃતિ, તેમના રિતીરિવાજો, તેમના શોખો, સુરત શહેર, ટાઉન અને ગામડાંઓની રહેણીકરણીનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સુરત ગેઝેટસમાં પ્રથમ પ્રકરણમાં સુરતની ભૌગોલિક સ્થિતિ અને કુદરતી સંશાધનો, બીજા પ્રકરણમાં સુરતનો ઈતિહાસ કે જેમાં હીન્દુ ઈરા, મુસ્લીમ ઈરા અને બ્રિટીશકાળની વાતોનો ઉલ્લેખ છે. પ્રકરણ–૩માં પ્રજા અને તેની સંસ્કૃતિનું રહેણીકરણી, પહેરવેશ, ઘરેણા પહેરવાની રીતો, ખાવાની શૈલી, રીતિ રિવાજો, ધાર્મિક માન્યતાઓ, રજાઓ અને તહેવારો, રમતો, નૃત્યકળા, આદિવાસીના રિતીરિવાજો, પારસીઓના રીતિરિવાજો અને મુસ્લીમ સંસ્કૃતિ વિશે ઉલ્લેખ છે. સુરત ગેઝેટસના પ્રકરણ–૪માં વસ્તી, ખેતીલાયક જમીન, ઉદ્યોગો, વેપાર અને નાણાંકીય સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. પ્રકરણ–૫માં ખેતી અને સિંચાઈ પ્રકરણ–૬ નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગો, પ્રકરણ–૭માં શહેરની નાણાંકીય સ્થિતિ, પ્રકરણ–૮ વેપાર, પ્રકરણ–૯ વાહનવ્યવહાર અને કોમ્યુનીકેશનની રીતો, પ્રકરણ–૧૦ જુદા જુદા વ્યવસાયો, પ્રકરણ–૧૧ જીવનધોરણ, પ્રકરણ–૧૨ આર્થિક પ્રગતિ, પ્રકરણ–૧૩ વહીવટી પ્રશાસન, પ્રકરણ–૧૪ ન્યાયિક વ્યવસ્થા, પ્રકરણ–૧૬ સુરતમાં જુદા જુદા સ્થાપેલા સરકારી ડીપાર્ટમેન્ટો, પ્રકરણ ૧૭ માં વેલ્ફેર ડીપાર્ટમેન્ટ, પ્રકરણ–૧૮ ટાઉન પ્લાનીંગ, પ્રકરણ–૧૯ સામાજિક સેવા અને સામાજિક સેવાઓ કરતી સંસ્થાઓ અને પ્રકરણ–૨૦ માં જિલ્લામાં આવેલા પર્યટનનો ઉલ્લેખ ધરાવે છે.

ઉપરોકત તમામ પ્રકરણો સાથે સુરત ગેઝેટસનું ૧૧૯૦ પાનાનું પુસ્તક ગેઝેટસમાં મળે છે. આ પૈકી પ્રકરણ ૧૭ વેલ્ફેર ડીપાર્ટમેન્ટસમાં શરૂઆતમાં ઈ.સ.૧૯૬૦ની આસપાસ ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશનની વાત કરેલ છે.

## ૧.૨ સુરત જિલ્લાનો કેળવણીનો ઇતિહાસઃ

પ્રાથમિક શિક્ષણ અને માઘ્યમિક શિક્ષણ માટે સુરત સૌ પ્રથમ એજયુકેશન ઈન્સપેકટર જે વર્ગ–૧ના અધિકારી હતા અને રાજય શૈક્ષણિક સેવા સાથે સંકળાયેલા હતા. તેમને મુકવામાં આવ્યા હતાં. તેમની જવાબદારી પ્રાથમિક શિક્ષણનું નિરીક્ષણ, તમામ પ્રાથમિક અને માઘ્યમિક શાળાઓ પર વહીવટી નિયંત્રણ, અંગ્રેજી માઘ્યમની શાળાઓ, વોકેશનલ શાળાઓ કે જેમાં ખેતી, કોમર્સ અને ટેકનીકલ શાળાઓનું સમાવેશ થાય છે તેના પર નિયંત્રણ ધરાવતા હતાં. તદપરાંત ગર્લ્સ શાળાઓ પણ શહેરમાં હતી. એજયુકેશન ઈન્સપેકટરની સાથે સ્ટાફમાં એક સહાયક એજયુકેશનલ ઈન્સપેકટર (વર્ગ–૨) અને જરૂરીયાત મુજબની સંખ્યામાં સહાયક એજયુકેશન ઈન્સપેકટરો (વર્ગ–૩) પૂરતી સંખ્યામાં હતાં. બંધારણની કલમ–૪૮ મુજબ તેઓ બોમ્બે પ્રાયમરી એજયુકેશન એકટ (૧૯૪૭) મુજબ કામ કરતા હતાં. બે સહાયકો ઈન્સપેકશનની કામગીરી કરતા હતાં. સીધી પ્રાથમિક શાળા માટે પણ એક એજયુકેશન ઈન્સપેકટર ઈન્સપેકશન માટે હતાં. ફીઝીકલ એજયુકેશન, વિકલાંગ શિક્ષણ, ડ્રોઈંગ અને કાફટવર્કસ માટે અલગ ઈન્સપેકટરોની નિમણૂંક કરવામાં આવતી હતી. એજયુકેશન ઈન્સપેકટર એ રાજય સરકારના એજયુકેશનલ ડાયરેકટર સાથે સીધી ફરજથી સંકળાયેલા હતાં. તેઓ જિલ્લામાં શાળા બોર્ડ, સામાજિક શિક્ષણ અને ગ્રામ્ય લાઈબ્રેરીની સેવા માટે પણ કામ કરતા હતાં. ત્યારે પણ પ્રાથમિક શિક્ષણ ફી અને કમલસરી હતું. સાત વર્ષનો પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ હતો. આ જવાબદારી સ્કુલ બોર્ડ અને મ્યુનિસીપલ બોર્ડને સોંપવામાં આવી હતી.

મ્યુનિસિપલ સ્કુલ બોર્ડોએ કાયદાની કલમ–૩ બોમ્બે પ્રાયમરી એજયુકેશન એકટ મુજબ કામ કરતાં હતાં. સ્કુલ મ્યુનિસિપલ બોર્ડમાં ૧૬ મેમ્બરો હતા. જે પૈકી ૩ સરકારી નિયુકિત પર હતા અને ૧૩ ચુંટણી પ્રક્રિયા દ્વારા નિયુકત કરવામાં આવતા હતાં.

ઈ.સ.૧૯૫૨–૫૩માં સુરત જિલ્લામાં ૧૪૧૮ પ્રાથમિક શાળાઓ હતી. જેમાં ૯૪૦૦૬ બાળકો અને ૬૪૫૩૮ કન્યાઓ અભ્યાસ કરતી હતી. ઈ.સ.૧૯૩૭–૩૮ માં એક નવી વિચારધારા શિક્ષણમાં જન્મેલ હતી. જે એમ કહેતી હતી કે શાળાકીય શિક્ષણ એ મેન્યુઅલ પ્રોડકટીવ કામ સાથે જોડાયેલ હોવું જોઈએ. જે માટે સુરત જિલ્લામાં ૨૪ શાળાઓ હતી. સ્પીનીંગ અને વિવિંગ શીખવાડવાવાળી ૨૯૦ શાળાઓ હતી. સુથારીકામ અને ખેતીકામ શીખડાવનારી અનુક્રમે ૧૦ અને ૧૭ શાળાઓ હતી. સુરતમાં ૮૩ માધ્યમિક શાળાઓ હતી જેમાં ૧૯૦૪૭ કુમાર અને ૪૬૧૪ કન્યાઓ અભ્યાસ કરતી હતી.

આ તબકકે એક વાત યાદ રાખવી જરૂરી છે. ઈ.સ.૧૯૫૨–૫૩નું સુરત એ ચોર્યાસી તાલુકો (સુરત શહેર સહીત) ઓલપાડ, માંગરોળ, પલસાણા, નવસારી, મહુવા, વાંસદા, ગણદેવી, વલસાડ, પારડી, ધરમપુર, ચીખલી, વ્યારા, સોનગઢ, માંડવી, બારડોલી અને વાલોડ એમ ૧૮ તાલુકાઓ અને ત્રણ રજવાડા કે જેમા ગાયકવાડી રાજ હેઠળ વાંસદા, સચીન અને ધરમપુરમાંથી નિર્માણ પામેલ હતો. જેથી ઉપરોકત માહિતી આ બધા વિસ્તારોને લાગુ પડે છે.

## ૧.૩ સુરતનો ભૌગોલિક પરિચય :

સુરત જિલ્લો એ ૨૦° ૧૫' – ૨૧° N અને ૭૨° ૩૮'– ૭૪° E થી ૪૦૬૬–૬ સ્કેવર માઈલ્સ અને ૧,૮૨૭,૮૪૨ની વસ્તીથી ૧૯૫૧ના સેન્સેકસ મુજબ બનેલ હતો. જે હાલમાં જુદા જુદા જિલ્લાઓના નિર્માણ બાદ નવ તાલુકા અને સુરત શહેરમાં છે. સુરત શહેર એ અરેબિયન સીના દરિયા કિનારે વસેલું શહેર છે. જેનો વિસ્તાર દમણગંગા નદી દક્ષિણે અને કીમ ગામ ઉત્તરે અને પૂર્વમાં રાજપીપળાની ટેકરીઓ સુધી, તાપી નદી કિનારાઓની નજીક ધરાવતો વિસ્તાર હતું. જેની પૂર્વની હદ બદલાયા કરતી હતી. પૂર્વમાં ૬૦ માઈલ્સની વિસ્તાર સુધી સુરતની હદ હતી.

ઈ.સ. ૨૦૨૦ માં સુરત જિલ્લો એ નવસારી જિલ્લો, તાપી જિલ્લો અને વલસાડ જિલ્લો છુટો પડતાં સુરત શહેર, કામરેજ, માંડવી, બારડોલી, મહુવા, પલસાણા, ચોર્યાસી, ઓલપાડ, માંગરોળ અને ઉમરપાડા તાલુકાઓથી બનેલ છે.

## ૧.૪ નકશો (સુરત જિલ્લો)




## ૧.૫ નામાવિધાન :

આમ તો એવી માન્યતા છે કે સૂર્યપુત્રી તાપી કિનારે આવેલ સૂર્યપૂર એ હાલનું સુરત છે. ઈ.સ. ૧૯૪૯ માં સુરત જિલ્લાને માન્યતા મળેલ હતી. જે બોમ્બે પ્રોપિન્સમાંથી છુટુ પડેલ હતું. જેમાં બે ગામડાં નાસીક જિલ્લાને અને ત્રણ ગામો ડાંગ જિલ્લાને આપવામાં આવ્યા હતાં અને આમાં ત્રણ રજવાડા વાંસદા, સચિન અને ધરમપુરનો સમાવેશ થયેલ હતો સાથે ગાયકવાડી રાજ્યમાંથી નવસારી, ભરૂચના ૨૪ ગામો અને ડાંગના ચાર ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને જે ૪૪૯૯ સ્કેવર માઈલ્સમાં નિર્માણ પામેલ હતો. આ માહિતી લેન્ડ રેકોર્ડ જિલ્લા અધિકારી દ્વારા નક્કી કરાયેલ હતી. જે ભારત સરકારના સર્વેમાં નોંધાયેલ હતી. આમાં, ૨૪૨ સ્કેવર માઈલ્સના જંગલ વિસ્તારનો સમાવેશ થયેલ હતો. સુરત જિલ્લામાં ૧૫ ટાઉન અને ૧૯૩૮ ગામોનો સમાવેશ થયેલ હતો. ૧ સ્કેવર માઈલમાં ૪૪૯ માણસોની વસ્તી હતી. સૌથી વધુ વસ્તી ચોર્યાસી તાલુકાની હતી. જે ૩,૦૪૯,૦૩૨ હતી. ૧૫૭૯ વ્યકિત આ તાલુકામાં ૧ સ્કેવર માઈલ રહેતી હતી. આમાં સુરત શહેર સામેલ હતું. સુરત શહેરની વસ્તી ૨,૨૩,૧૮૨ હતી. ધરમપુર ૫૧૪૬ સ્કેવર માઈલ્સ સાથે સૌથી મોટું ડીવીઝન હતું. વાલોડ નાનો વિસ્તાર હતો.

સુરત જિલ્લામાં કીમ, તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબીકા, ઓરંગા અને દમણગંગા નદીઓનો સમાવેશ થયેલ હતો. સાથે સહ્યાદ્રીની પર્વતમાળા જોડાયેલ હતી. સુરત શહેર એ ગુજરાત અને કોંકણ કોસ્ટ દ્વારા બનેલ હતું.

## ૧.૬ સુરત જિલ્લાની પ્રકૃતિ :

સુરત જિલ્લાના લોકો આઠ જુદા–જુદા વર્ગોની પ્રવૃત્તિઓ કરતાં હતાં. ઈ.સ. ૧૯૫૨ના સેન્સેક્ષ મુજબ ખેતીવાડી પ્રવૃત્તિ સાથે ૬૧.૨% સંકળાયેલા હતાં. સુરતમાં હિન્દુઓ જેમાં એસ.સી. અને એસ.ટી. બંન્ને, શીખો ૭૪૬, જૈન ૧૮,૩૮૭, બુદ્ધિસ્ટ ૪૭, ઝોરાસ્ટ્રીયન ૧૪,૫૯૦, મુસ્લીમો ૧,૨૨,૭૩૪, ખ્રિસ્તી ૫૧૭૧, જયુસ ૫૧ અને નોન ટ્રાયબલ ૭૫૦ ૧૯૫૧ના સેન્સેક્ષ મુજબ હતાં.

સુરત મુખ્યત્વે હિન્દુ, મુસ્લીમ અને પારસી વિચારધારા અને રિવાજોથી પ્રભાવિત હતું. આ ઉપરાંત જિલ્લામાં આદિવાસી રિવાજોનું પ્રભુત્વ હતું.

સુરત જિલ્લાના લોકો ત્યારે પાઘડી, બંડી, અંગારખો (કોટ), પછેડી, દુપટ્ટો, ધોતીયું, સાડી અને સાલ, સાડી, ઘાઘરો, ઓઢણી અને પુરુષો અને સ્ત્રીઓ ડ્રેસ તરીકે ઉપયોગ કરતા હતાં. બાળકો ચાંદીના લોકટ, ચેન, કડું, સ્ત્રીઓ બંગડી, ઘરેણાનો ઉપયોગ કરતા હતાં.

હિન્દુઓ અને જૈનો શાકાહારી હતાં. માત્ર રાજપૂતો અને અન્ય કેટલીક જાતિના લોકો માંસાહાર (થોડાક લોકો) કરતા હતાં. હાલની જે સુરતી ગુજરાતી થાળી છે એ મુખ્ય ખોરાક હતો. હાલના ઉત્સવો પણ ત્યારથી જ શરૂઆત થઈ હતી.

# પ્રકરણ–૨

# શૈક્ષણિક સંસ્થાઓ

## ૨.૧ પ્રસ્તાવના

મૌર્યકાળમાં ગુજરાતની પ્રાથમિક કેળવણી પર બૌદ્ધકાલીન શાસનની જબ્બર અસર હતી. ક્ષત્રિયોના ગુજરાતમાં સંસ્કૃત ભાષાને મહત્ત્વ મળ્યું હતું. મુસ્લિમ યુગ જે ૧૨૯૯ થી શરૂ થયો તેમાં શિક્ષણમાં ફેરફાર થયા. મુસ્લિમ બાળકોને પ્રાથમિક શિક્ષણ મકતબામાં આપવામાં આવતું અને ઉચ્ચ શિક્ષણ મદ્રેસામાં આપવામાં આવતું. મરાઠાયુગમાં કેળવણી પ્રસરી તેમાં સયાજીરાવ ત્રીજાનો ફાળો ગણી શકાય સંસ્કૃત પાઠશાળા પણ પ્રચલિત થઈ હતી. સુરતમાં જૈન હસ્તપ્રતોમાં જૈન નાગર લીપી કંડારી હતી. આ જૈન નાગર લિપી શ્રી લિપીમાંથી વિકસી હતી. જૈન નાગર લિપી આમ તો દેવનાગરી લિપીને મળતી આવતી છે. પરંતુ તેનું લખાણ સૌષ્ઠયુકત છે. સોળમી સદીના અંતમાં લખવામાં સરળતા રહે તે હેતુથી નાગરી લિપીમાંથી નવીન ગુજરાતી લિપી વિકસી હતી. જે "ગુર્જર લિપી", "મહાજન લિપી" અથવા "વાણિયાઈ લિપી" તરીકે ઓળખાઈ હતી. સુરતના વેપારીઓ આ લિપીનો ઉપયોગ કરતા હતાં. શિક્ષણમાં અને સાહિત્યની રચનાઓમાં આ લિપીનો ઉપયોગ સોળમી સદીના અંત ભાગમાં થવા લાગ્યો હતો.

અંગ્રેજ શાસનની શરૂઆત થતાં અંગ્રેજોને રાજય વહીવટ ચલાવવા માટે શિક્ષિત ભારતવાસીઓની જરૂર હતી. સુરતમાં અંગ્રેજી કેળવણી પર મિશનરીઓની પકડ હતી. પણ તેમાં ફેરફારો લોર્ડ મેકોલેના આગમન બાદ થયા. મેકોલે પ્રાશ્ચાત્યવાદી હતો. તેથી અંગ્રેજી તરફની તેની નીતિ હતી અને પરિણામે અંગ્રેજી શિક્ષણની પરંપરા શરૂ થઈ. સુરત જિલ્લામાં ૧૮૫૨ થી ૧૮૮૧ સુધી પ્રાથમિક કેળવણીનું સંચાલન સરકારે પોતાના હસ્તક રાખ્યું હતું. શાળાઓમાં બાળમંદિરથી ધોરણ–૬ સુધીના વર્ગો હતા અને તેમાં ૧૮૮૦ થી ખેતીવાડીના શિક્ષણ માટે એક ખાસ વર્ગ ફાળવવામાં આવ્યો. ૧૮૮૫માં સરકારે પ્રાથમિક કેળવણીનો વહીવટ સુરત સુધરાઈને સોંપ્યો. પ્રાથમિક કેળવણીના ક્ષેત્રે સુધારક શિક્ષક દુર્ગારામ મહેતાજીનો ફાળો સુરતમાં નોંધપાત્ર છે. તેમના સમયમાં સુરતમાં બે શાળાઓ હતી. એકમાં દુર્ગારામ મહેતાજી અને બીજી શાળામાં પ્રાણશંકર મહેતાજી હતાં. આમ, સુરત શહેર આવા પ્રાથમિક કેળવણીના દાતા શિક્ષકોથી ગૌરવભીનું હતું.

સુરતમાં પ્રાથમિક શિક્ષણ સાથે કન્યા શાળાઓ તથા અંગ્રેજી શાળાઓનો વિકાસ થયો. ૧૮૫૨માં દુર્ગારામે મિત્રોની મદદથી કન્યાઓ માટે સ્વતંત્ર શાળા ખોલી જેમાં ૨૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ. આ કન્યા શાળા વધુ ટકી નહી પરંતુ તે પછી ૧૦ વર્ષ બાદ ૧૮૮૬માં રાયચંદ દીપચંદ કન્યાશાળા ખોલવામાં આવી. ૨૮ વર્ષ પછી એટલે ૧૮૯૦માં એક અંગ્રેજી ભાષાનો વર્ગ શરૂ કર્યો. આમ તો શરૂઆતમાં ૧૮૮૮ના જૂન માસની ૭ મી તારીખે ચૂનીલાલ ઘેલાભાઈ શાહ અને જેકીશનદાસ અઠ્ઠાવાળાએ બીજા બે સજ્જનો સાથે મળી ૧૧ વિદ્યાર્થીઓની અંગ્રેજી શાળાની સ્થાપના કરી. આ અંગ્રેજી શાળામાંથી સાર્વજનિક એજયુકેશન સોસાયટીનું નિર્માણ થયું.

સુરતમાં સરકારી હાઈસ્કૂલ ઈ.સ.૧૮૪૨માં સ્થપાઈ હતી. એક પારસી ગૃહસ્થે ૧૮૭૨માં તેના માટે મકાન બનાવ્યું હતું. તેથી તેના નામ ઉપરથી સોરાબજી જમશેદજી જીજીભાઈ હાઈસ્કૂલ તરીકે ઓળખવામાં આવી. હાઈસ્કૂલ જતી રહી અને ટ્રેનિંગ કોલેજ શરૂ થઈ.

સુરત રાંદેરની જાહેર પ્રવૃતિઓમાં પારસીઓ સૌથી મોખરે હતાં. અગાઉ જોઈ ગયા તેમ અંગ્રેજી સ્કુલ સ્થાપી હતી લોકો મશ્કરીમાં 'ઢીંગલી સ્કૂલ' કહેતા. ૧૯૦૭માં આ શાળાનું નામ બદલી સાર્વજનિક હાઈસ્કૂલ રાખવામાં આવ્યું. ઈ.સ.૧૯૧૨માં સાર્વજનિક એજયુકેશન સોસાયટીની સ્થાપના કરવામાં આવી અને તેને આ શાળાઓ આપવામાં આવી. ૧૯૧૭–૧૮માં શેઠ તાપીદાસ અને શેઠ તુલસીદાસના ફંડમાંથી મોટી રકમ શાળાને મળી એટલે તે મુજબ શાળાના નામમાં ફેરફાર થયો.

સાર્વજનિક સોસાયટીએ ઉચ્ચ શિક્ષણની જવાબદારી પણ લીધી પરિણામે એના આશ્રયે એમ.ટી.બી. કોલેજ જેનું આજનું નામ સ્વ. મગનલાલ ઠાકોરદાસ બાલમુકુન્દદાસ મોદીની સ્મૃતિમાં આપવામાં આવ્યું. ૧૯૧૭–૧૮માં સંસ્થા તરફથી આર્ટ્સ કોલેજ શરૂ કરવામાં આવી.

સુરતમાં વનિતા વિશ્રામ આ સમયની આસપાસ શરૂ થઈ. આ સંસ્થા સ્થાપનાર બાજીગૌરી અને તેમની નાની બહેન બંને સુરતના હતા તેમનું મૂળ મકાન પાણીની ભીંત પાસે હતું.

સુરત જિલ્લામાં આદિવાસી વિસ્તારોમાં પણ શિક્ષણનો વ્યાપ વધ્યો અને આદિવાસી વસ્તી વાળા વ્યારા અને માંડવી તાલુકા મથકોએ વિનયન અને વાણિજય કોલેજોની સ્થાપના કરવામાં આવી.

## ૨.૨ પૂર્વ પ્રાથમિક શિક્ષણ :

મુંબઈ રાજય ૧૮૮૭માં બાળવર્ગ શરૂ કરીને ત્રણથી છ વર્ષની ઉંમરના બાળકોને બાલમંદિર, શિશુશાળા, બાલવાડી કે કિન્ટરગાર્ડનની શાળામાં શિક્ષણ અપાતું હતું. ચાર કે પાંચ વરસના બાળકને દાખલ કરીને તેના વય પ્રમાણે 'એ' અને 'બી' વિભાગો પડાતા હતાં.

## ૨.૩ પ્રાથમિક શિક્ષણ :

સુરત જિલ્લામાં થોમસ કાટે ૧૮૧૭માં ૧૯ વિદ્યાર્થીઓ સાથે સૌ પ્રથમ પ્રાથમિક શાળા શરૂ કરી હતી. ૧૮૧૯માં વિદ્યાર્થી સંખ્યા ૬૬ થઈ હતી.

તા.૨૧/૮/૧૮૨૨ થી ધી બોમ્બે નેટિવ એજયુકેશન સોસાયટીએ સુરતમાં ત્રણ નવી શાળાઓ શરૂ કરી હતી. ૧૮૩૭ અને ૧૮૪૦માં વધુ પ્રાથમિક શાળાઓ શરૂ કરાઈ હતી. ૧૮૫૦–૫૧માં ૧૭ પ્રાથમિક શાળાઓ હતી અને વિદ્યાર્થી સંખ્યા ૧૨૮૫ હતી. ૧૮૬૫–૬૬ માં ૯૩ શાળાઓ હતી જેમાં ૬૭ સરકારી અને ૨૬ મદદ લેતી પ્રાથમિક શાળાઓ હતી. સરકારી અને મિશનરી શાળાઓ ઉપરાંત કેટલીક ગામઠી શાળાઓ પણ હતી. તેમાં ૨ વર્ષમાં લેખન, વાંચન અને હિસાબીકામ શીખવાતું હતું.

૧૮૫૨માં દુર્ગારામ મહેતાજીએ એક કન્યાશાળા સુરતમાં શરૂ કરી હતી. ૧૮૬૫માં ૧૫ કન્યા શાળાઓમાં ૮૩૭ અને ૧૮૭૩–૭૪ માં ૨૪ કન્યા શાળાઓમાં ૧૨૭૦ કન્યાઓ ભણતી હતી. તે પૈકી ૭૪૬ પારસી, ૪૮૯ હિંદુ અને ૩૫ મુસ્લિમ કન્યાઓ હતી. ૧૮૬૫–૧૯૦૧ના ગાળામાં બિન તાલીમી શિક્ષકનો પગાર રૂા.૪.૫૦ અને તાલીમી શિક્ષકનો પગાર રૂા. ૮.૨૫ હતો.

૧૮૯૪માં શ્રી ચીમનલાલ સેતલવાડે નગરપાલિકા વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવા સૂચન કર્યું હતું પણ ૧૯૧૭–૧૮માં શ્રી વિઠ્ઠલભાઈ પટેલે આ અંગે ખરડો

પસાર કરાવ્યો. પછી તે મરજિયાત ધોરણે કેટલીક મ્યુનિસિપાલિટીએ સ્વીકાર્યું હતું. તા.૧/૧/૧૯૨૦ થી સુરત શહેરના ૭–૧૧ ની વયના બાળકો માટે ફરજિયાત શિક્ષણ નગરપાલિકાએ દાખલ કર્યું હતું. ૧૯૫૮માં સુરત જિલ્લામાં ૧૭૨૯ શાળાઓ હતી જેમાં સુરત મ્યુનિસિપાલિટી હસ્તકની ૬૨ શાળાઓ હતી. ગુજરાત રાજયની રચના તા.૧/૫/૧૯૬૦ના રોજ થઈ તે પૂર્વે ૧૯૫૮–૫૯માં સુરત જિલ્લામાં ૧૭૬૧ પ્રાથમિક શાળાઓ હતી. જેમાં ૨,૩૭,૫૩૨ વિદ્યાર્થીઓ ૫,૫૮૯ શિક્ષક હતાં.

## ૨.૪ શિક્ષકોની તાલીમ :

ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમ્યાન પ્રાથમિક શિક્ષકોની તાલીમના વર્ગો ૧૮૨૪ અને ૧૮૪૫માં ખોલવામાં આવ્યા હતાં. સુરતમાં ૧૮૫૪ માં બે તાલીમ વર્ગો ખોલવામાં આવ્યા. અને ૧૯૩૯માં સુરતમાં સોરાબજી જે. જે. અધ્યાપન મંદિર શરૂ કરાયું હતું. ૧૯૩૭–૩૮માં મુંબઈ રાજયે સુરત જિલ્લામાં ૨૧ બુનિયાદી શાળાઓ શરૂ કરી હતી. તેથી બીજા શિક્ષકો માટે કતારગામમાં બુનિયાદી અધ્યાપન મંદિર શરૂ કરાયું હતું પણ ૨ વર્ષ ચાલ્યા પછી તે બંધ કરાયું હતું. ૧૯૫૪માં સોરાબજી અધ્યાપન મંદિરના બે વરસની તાલીમના ચાર વર્ગો હતા. તેમાં ૨૧૮ તાલીમાર્થી શિક્ષકો હતા અને ૧૩ અધ્યાપકો હતાં. કાંતણ–વણાટ, કાગળકામ, બાગબાનીને ઉદ્યોગ તરીકે સ્થાન આપ્યું હતું. ત્યારબાદ ૧૯૫૦માં બહેનો માટેનું અધ્યાપન મંદિર સુરત વનિતા વિશ્રામે શરૂ કર્યું. તેમાં ૧૩૫ બહેનો તાલીમ લેતી હતી. બીજી યોજનાઓ નીચે ૧૯૫૯–૬૦માં કોસંબામાં વધુ એક પુરુષ અધ્યાપન મંદિર શરૂ કરાયું હતું તેમાં ૪ વર્ગોમાં ૨૦૦ શિક્ષકોને પ્રવેશ અપાતો હાલ તે બંધ છે.

જિલ્લામાં માધ્યમિક શાળાના શિક્ષકો માટેની કોલેજ ૧૯૬૦માં એક વર્ગથી શરૂ થઈ હતી. ૧૯૮૮–૯૦માં ૧૭૨ વિદ્યાર્થીઓ અને ૧૨ શિક્ષકો હતાં.

શારીરિક શિક્ષણ માટે શરૂઆતમાં મુંબઈમાં અને ગુજરાતમાં રાજપીપળામાં વ્યવસ્થા હતી. સુરત જિલ્લામાં એક કલા શાળા ૧૯૮૭–૮૮માં માંડવીમાં શરૂ કરાઈ હતી. જેમાં એ.ટી.ડી., કોમર્સિયલ ડિપ્લોમાં અને પેઈન્ટીગના વર્ગોમાં ૩૧૨ વિદ્યાર્થીઓ હતાં.

## ૨.૫ માધ્યમિક શિક્ષણ :

ગુજરાતમાં સૌ પ્રથમ અંગ્રેજી શાળા શાહપુર, સુરત ખાતે મુસાફરખાના સામે શ્રી દલપતરામ ભગુભાઈએ શરૂ કરી હતી. મૂળ આ શાળા લંડન મિશનરી સોસાયટીએ ચોકબજારમાં શરૂ કરી હતી. ૧૮૩૪માં ૩૪ વિદ્યાર્થીઓ આ શાળામાં હતાં.

સને ૧૮૪૦માં આઈ.પી. મિશને અંગ્રેજી શાળા શરૂ કરી હતી. ૧૮૩૦ પટેલ પારસીઓ વ્યકિતગત રીતે મિશનરીએ પાસે ફી આપીને અંગ્રેજી શીખતા હતાં. આઈ.પી. મિશન સ્કૂલમાં જોડણી, લેખન, અંકગણિત, બીજ ગણિત, ભૂમિતિ, ઈતિહાસ, પ્રાકૃતિક ભૂગોળ, બૌદ્ધિક તત્વજ્ઞાન, બાઈબલ અને અંગ્રેજી સાહિત્યનું શિક્ષણ અપાતું હતું. ૧૮૭૩–૭૪માં શાળાને સરકારી સહાય મળતી હતી. ૧૮૭૬માં મિસ બ્રાઉનના આચાર્ય પદે આઈ.પી. મીશન ગર્લ્સ હાઈસ્કૂલ શરૂ કરાઈ હતી.

૧૮૪૦–૪૧માં પારસી ગૃહસ્થોએ અંગ્રેજી શાળા સરકાર ખોલે તે માટે અરજી કરી હતી અને ૧૮૪૧–૪૨માં દાદોબા પાંડુરંગના આચાર્યપણા નીચે તે શરૂ કરાઈ હતી. જેમાં ૩૫ વિદ્યાર્થીઓ હતા. અંગ્રેજી ઉપરાંત સંસ્કૃત, ફારસી અને લેટિન શીખવતા હતાં.

૧૮૮૨માં હન્ટર કમિશને સરકારી માધ્યમિક શાળામાં ફી વધારતા સામાન્ય વર્ગ માટે શ્રી ચુનીલાલ શાહ અને જેકીશનદાસ અઠ્ઠાવાળાની સહાયની તા.૭/૬/૧૮૮૮ના દિવસે ૧૧ વિદ્યાર્થીઓની અંગ્રેજી શાળા શરૂ કરાઈ હતી.

૧૮૮૮માં ગોપીપુરામાં એક મિડલ સ્કૂલ શરૂ કરાઈ હતી. ૧૮૮૮માં વાલોડમાં અને સુરતમાં એન.એમ. ઝવેરી હાઈસ્કૂલ શરૂ કરાઈ હતી.

૧૯૦૦ના અંત સુધીમાં સુરત જિલ્લામાં છ હાઈસ્કૂલો હતી. ૧૯૦૧–૧૯૦૨માં છ હાઈસ્કૂલોમાં ૧૬૫૮ કુમારો અને ૫૨ કન્યાઓ અભ્યાસ કરતી હતી.

૧૯૦૧માં સુરતની રત્નસાગર અને રાંદેરની માધ્યમિક શાળાઓ શરૂ થઈ હતી. ૧૯૦૩માં બોધાનમાં, ૧૯૦૫માં બારડોલીમાં, ૧૯૦૭માં માંગરોળમાં, ૧૯૦૯માં કઠોરમાં અને ૧૯૧૦માં સુરતમાં એમ નવ માધ્યમિક શાળાઓ શરૂ થઈ હતી. ૧૯૦૧–૧૯૧૧ દરમ્યાન ગુજરાતી માધ્યમની ૧૯ એંગ્નો–વર્નાકયુલર સ્કૂલો હતી. ૧૯૧૦ સુધીમાં ૧૫ માધ્યમિક શાળાઓ હતી. ૧૯૧૧–૨૦ દરમ્યાન વધુ પાંચ શાળાઓ શરૂ થઈ હતી.

નાના શહેરો અને મોટા કસ્બાના ગામોમાં શિક્ષણની ભૂખ જાગતા નવી માધ્યમિક શાળા શરૂ થઈ. ૧૯૨૧–૩૦ ના ગાળામાં ગંગાધરાની હાઈસ્કૂલ મળી પાંચ હાઈસ્કૂલો વધી હતી.

**૨.૬ સંસ્કૃત પાઠશાળાઓ :**

પરાપૂર્વથી સંસ્કૃત ભાષાનું પઠન આ જિલ્લામાં થાય છે. આ કાર્ય માટે સુરત જિલ્લાની જૂનામાં જૂની પાઠશાળા તા.૧૬/૧/૧૯૦૧ના રોજ સ્થાપવામાં આવી હતી. જે ખાસ કરીને સંસ્કૃત ભાષા અને સાહિત્યના ફેલાવા અને પ્રચાર માટે હતી. જેમાં જાતિ અને જ્ઞાતિના ભેદભાવ સિવાય શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ત્યારબાદ ઈ.સ.૧૯૭૭માં શ્રી અંબિકા નિકેતન ટ્રસ્ટ દ્વારા શ્રી વિ.ઠા. ચોકસી સંસ્કૃત પાઠશાળા, અઠવા, સુરતની સ્થાપના કરવામાં આવી.

**૨.૭ વિશિષ્ટ પ્રકારની સંસ્થા :**

કુરાનનું અને ઈસ્લામનું શિક્ષણ આપતી 'દરસે સૈફી' સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૭૯૯માં થઈ હતી અને સને ૧૯૬૧માં આ સંસ્થાનું નામ બદલીને 'અબ–જામેઆ–તુસ–સૈફિયાદ' કરવામાં આવ્યું. સંસ્થામાં ધાર્મિક શિક્ષણની સાથે શાળા–કોલેજના વિષયોનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવે છે. છેલ્લા સાત વર્ષની જામેઆ સૈફિયાદ આંતરરાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા International Baccaleureate Diploma Examination, H.Q. Geneva ની પરીક્ષાનું કેન્દ્ર બનેલ છે.

**૨.૮ ઉચ્ચ શિક્ષણ :**

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના તા.૨૩/૫/૧૯૬૭ના રોજ થઈ હતી. જેનું મુખ્ય કાર્યાલય સુરત ખાતે આવેલ છે. વર્ષ૧૯૭૬–૭૭માં કોલેજોની સંખ્યા ૨૨ હતી જેમાં ૧૬૪૭૩ વિદ્યાર્થીઓ અને ૭૧૬ શિક્ષકોની સંખ્યા હતી. ૧૯૯૧–૯૨ના વર્ષમાં યુનિવર્સિટી સાથે ૫૧ કોલેજ સંલગ્ન હતી. તે ઉપરાંત ૧ માન્યતા પ્રાપ્ત (રેકગ્નાઈઝડ) સંસ્થા અને ૩ માન્ય (એપ્રુવ્ડ) સંસ્થા હતી. વિવિધ વિદ્યા શાખાઓની સંલગ્ન કોલેજોમાં

પૂર્વ સ્નાતક કક્ષાએ ૫૪૦૦૦ વિદ્યાર્થીઓ હતા. જેમાં ૨૨૨૫૦ વિદ્યાર્થીનીઓ હતી. યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ અમર ફોર ઓસિયલ અડિઝઅડ સ્વાયત સંસ્થા છે જેની સ્થાપના ઈ.સ.૧૯૬૯ની સાલમાં કરવામાં આવી હતી. સમાજવિજ્ઞાનમાં આ સંસ્થા ગુજરાતના પ્રાદેશિક વિકાસનો સંશોધનાત્મક અભ્યાસ કરે છે.

શ્રી એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ સને ૧૯૧૮માં અસ્તિત્વમાં આવી હતી. જે પહેલા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વડોદરા, અમદાવાદ, ભાવનગર અને મુંબઈ જતા હતા. પ્રથમ વર્ષ પહેલા અને બીજા વર્ષમાં ૧૦૦ અને ૧૫ વિદ્યાર્થીઓ હતાં.

૧૯૬૩માં પટેલ રમણ બ્રધર્સ આર્ટ્સ કોલેજ બારડોલી શરૂ કરાઈ હતી. ૧૯૭૮–૭૯માં ૯૮૪ વિદ્યાર્થીઓ અને ૨૮ શિક્ષકો હતાં.

૧૯૬૫માં જે.એસ. ભકત અને કે. એમ. ભકત આર્ટ્સ કોલેજ ખોલવડમાં ૧૯૬૫માં શરૂ કરાઈ હતી. ૧૯૬૫માં વાડિયા વિમેન કોલેજ, સુરત શરૂ કરાઈ હતી. ૧૯૬૬માં નવયુગ આર્ટ્સ કોલેજ શરૂ કરાઈ હતી. શ્રી પી.ટી. સાયન્સ કોલેજ, શ્રી એમ.ટી.બી કોલેજની સાથે શરૂ કરાયા બાદ ઈ.સ.૧૯૭૧થી અલગ છે.

ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલીની શરૂઆત ૧૯૬૩માં કરાઈ હતી. શ્રી પ્રાણજીવનદાસ જેકીશનદાસ સુખરામવાલા નવયુગ સાયન્સ કોલેજ રાંદેરમાં ૧૯૬૬માં આર્ટ્સ કોલેજ સાથે શરૂ કરાય હતી અને ૧૯૭૦થી તે સ્વતંત્ર કોલેજ બની છે.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ કોલેજ ૧૯૬૭માં સુરતમાં શરૂ કરાઈ હતી. ૧૯૮૮–૮૯માં ૭૮૨ વિદ્યાર્થીઓ હતા અને અધ્યાપકોની સંખ્યા ૧૭ હતી.

## ૨.૯ લો–કોલેજ :

ધંધાદારી અને ટેક્નિકલ શિક્ષણની શરૂઆત ૧૯૩૫માં સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ શ્રી વી.ટી. ચોકસી સાર્વજનિક લો–કોલેજ ખોલીને કરી હતી.૧૯૩૮–૩૯માં તેમાં ૫૯ વિદ્યાર્થીઓ હતા. ૧૯૯૦–૯૧માં તેમાં ૧૦૨ વિદ્યાર્થીઓ હતાં.

**૨.૧૦ આયુર્વેદ મહાવિદ્યાલય :**

શ્રી ઓ.હી. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય ૧૯૪૬માં શરૂ કરાયું હતું. કોલેજમાં ૧૯૫૨–૫૩માં ૧૬૭ વિદ્યાર્થીઓ હતાં. જે પૈકી ૨૯ બહેનો હતી. ૧૯૯૦–૯૧ માં ૧૯૪ વિદ્યાર્થીઓ તથા ૨૬ અધ્યાપકો હતાં.

**૨.૧૧ શિક્ષણ :**

વી.ટી. ચોકસી કોલેજ ઓફ એજયુકેશન, સુરતની શરૂઆત ૧૯૬૧માં કરાઈ હતી.

**૨.૧૨ ટેક્નિકલ શિક્ષણ :**

સને ૧૮૬૨–૬૩ના વર્ષમાં શ્રી ફરદુનજી સોરાબજી પારેખ નામની પારસી સદ્ગૃહસ્થ સુરત શહેરમાં હુન્નર અને કલાનું શિક્ષણ આપતી સંસ્થા (સ્કૂલ) ખોલવા માટે રૂા.૪૬૦૦૦ની સખાવત કરી હતી. તે સમયની બ્રિટીશ સરકારે આ રકમ સ્વીકારીને ધી એફ.એસ. પારેખ સ્કૂલ ઓફ આર્ટ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સ્થાપના કરી. ૧૮૬૯માં આ સંસ્થા બંધ પડી પછી ૧૮૭૭માં ફરી શરૂ કરવામાં આવી. સને ૧૯૦૭ થી આ શાળાનું નામ શ્રી એફ.એસ.પારેખ ટેક્નિકલ ઈન્સ્ટિટયૂટ રાખવામાં આવ્યું.

૧૯૫૫માં સરકાર દ્વારા સુરત ખાતે ડો. એસ. એન્ડ એસ.એસ. ગાંધી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સંસ્થા શરૂ કરવામાં આવી હતી. સને ૧૯૮૭–૮૮માં આ સંસ્થામાં ૧૧૭૦ વિદ્યાર્થીઓ અને ૫૫ વિદ્યાર્થીનીઓ હતી.

૧૯૬૫માં સુરત ખાતે મહિલાઓ માટેની સરકારી પોલિટેક્નિક શરૂ કરવામાં આવી હતી.

**૨.૧૩ સ્વાયત્ત સંસ્થા :**

ગુજરાત સરકાર અને ભારત સરકારના સંયુકત ઉપક્રમે ૧૯૬૧માં સરદાર વલ્લભભાઈ પટેલ રિજીઓનલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સુરતની શરૂઆત કરવામાં આવી.

## તાપીદાસ અને તુલસીદાસ વ્રજદાસ સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા, સુરત

## (ટી.એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરા, સુરત)



ઈ.સ.૧૮૮૨માં આર્થિક સંકડામણને બહાને સરકારે પોતે માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં કશી જ સહાય કરી શકે તેમ નથી એમ જાહેર કરી વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી ફીમાં ભારે વધારો કરી નાંખ્યો. પરિણામે માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ મોંઘું અને દુર્લભ બન્યું. શહેરના ગરીબ તેમજ મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ઓછી ફીમાં પરંતુ સારામાં સારું શિક્ષણ પૂરું પાડવાના ઉમદા હેતુથી ચાર મિત્રો આગળ આવ્યા. ઘરનાં ૫૦–૫૦ રૂ. અને ફર્નિચર કાઢી કેવળ સેવા ભાવનાથી પ્રેરાઈને તા.૭/૬/૧૮૮૮ના રોજ સર્વ શ્રી જેકીશનદાસ અડાવાળા, ચૂનીલાલ ઘેલાભાઈ શાહ, ડાહ્યાભાઈ બારડોલીઆ અને ભાઈદાસ ઈચ્છારામ રેશમવાળાએ અગાઉની સરકારી શાળા નં.૬ ની સામે ગોપીપુરામાં આવેલા સંભવનાથના દહેરાવાળા મકાનમાં "ધી ઈગ્લીંશ સ્કૂલ" ની સ્થાપના કરી શિક્ષણ યજ્ઞના શ્રી ગણેશ કર્યા. 'ઢીંગલી સ્કૂલ'ના હુલામણા નામે જાણીતી આ શાળાનો પ્રારંભ માત્ર અગિયાર વિદ્યાર્થીઓથી જ થયો હતો.

શ્રી ચૂનીલાલ શાહના જ્ઞાતિબંધુ શ્રી ત્રિભુવનદાસ માળવીએ ઈ.સ.૧૯૦૬ માં શાળાના કાયમી નિભાવા માટે રૂ. ૩૦૦૦૦ ની બિન શરતી અને ઉદાર સખાવત કરી.

એટલે કેળવણી ખાતાને પણ મોડે મોડે શાળા સ્થાપનાના ૧૮માં વર્ષે ગ્રાંટ આપવાનો નિર્ણય લેવો પડયો. અને રૂા. ૧૫૦૦ ગ્રાંટ પેટે આપવા પડયા. હવે શાળાનું જૂનું નામ બદલી "ધી સાર્વજનિક હાઈસ્કૂલ" રાખવામાં આવ્યું.

ત્યારબાદ પ્રો. ત્રિભુવનદાસ ગજજર, શ્રી ઈશ્વરલાલ સ્ટોર અને શ્રી ચૂનીલાલ ગાંધી જેવા સજજનોના અથાગ પુરુષાર્થથી ઈ.સ.૧૯૧૩ સુધીમાં વધુ રૂા.૨૧,૮૬૦ દાન તરીકે મળ્યા. આજ અરસામાં નાનપુરામાં આવેલ શ્રી આત્મારામ ભૂખણવાળાની બંગલા સાથેની ૧૭૦૦ ચોરસવાર જગ્યા માત્ર રૂા. ૨૦૦૦૦ માં જ પ્રાપ્ત થઈ. ઉપલા ધોરણના વર્ગો ત્યારબાદ નવી જગ્યાએ લઈ જવાયા અને આમ આ શાળા ગોપીપરા મિડલ સ્કૂલથી અલગ પડી.

તો બીજી બાજુ બહારગામથી આવતા વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહીને અભ્યાસ કરવાની સગવડ મળે એ માટે સ્વ. કલ્યાણદાસ નાનાભાઈના ફંડમાંથી રૂા.૧૨૦૦૦ ની મોટી રકમ મેળવી શકાઈ. સરકારે પણ આ હેતુ માટે રૂા.૧૨૫૯૭ ની સહાય આપી. પરિણામે કે. એન. હોસ્ટેલ સ્થપાઈ. હાલ છેલ્લાં થોડાં વર્ષોથી છાત્રાલયની સગવડ બંધ થતાં ત્યાં પ્રાથમિક વિભાગના તેમજ નવા શરૂ થયેલા પૂર્વ પ્રાથમિક વિભાગના વર્ગો બેસે છે. જયારે ઈ.સ.૧૯૧૫માં શ્રી ગણપતરામ અંબેલાલ તરફથી રૂા.૧૫૦૦ પ્રાપ્ત થતાં તેમાંથી 'ગણપતરામ અંબેલાલ' જિમ્નેશિયમ તૈયાર થયું. ત્રણ વર્ષ બાદ ઈ.સ. ૧૯૧૭–૧૮ માં નામાંકિત વણિક દાતા બંધુઓ શેઠશ્રી તાપીદાસ અને તુલસીદાસ વરજદાસના શિક્ષણ ટ્રસ્ટમાંથી શ્રી માળવી વગેરેના પ્રયાસોથી શાળાને રૂા.૨,૨૪,૪૫૩ ની ઉદાર સખાવત પ્રાપ્ત થઈ અને શાળાના નામ સાથે આ બે શિક્ષણ પ્રેમીબંધુઓનું નામ જોડાયું.

ઈ.સ.૧૯૫૫માં આચાર્ય શ્રી સ્વ. કે.ટી. શેઠની પ્રેરણાથી શાળામાં ટેક્નિકલ વિષયોનું શિક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થાનો પ્રારંભ થયો. ચોકબજારમાં આવેલી એફ.એસ. પારેખ ટેક્નિકલ ઈન્સ્ટીટયૂટમાં કેટલાયે વિદ્યાર્થીઓએ અઠવાડિયામાં દોઢ દિવસ ટેક્નિકલ વિષયોનું શિક્ષણ લઈ ખૂબ નાની વયથી આ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડવાની તક મેળવી હતી. સંજોગોવસાત ઈ.સ.૧૯૭૬માં આ સુવિધા બંધ કરવામાં આવી.

જયારે સ્વ. શ્રી આર. એમ. દેસાઈના નેતૃત્વ હેઠળ ઈ.સ.૧૯૬૩ થી શાળામાં અંગ્રેજી માધ્યમ દ્વારા બધા જ વિષયોનું શિક્ષણ આપવાની સગવડની શરૂઆત થઈ. હાલના પાંચમાં ધોરણથી શરૂ થયેલા આ વિભાગના વર્ગોમાં પ્રતિવર્ષ એક એક ધોરણ વધતાં વધતાં ઈ.સ. ૧૯૭૦માં એસ.એસ.સી.ની પરીક્ષા માટે પ્રથમ બેચ તૈયાર થયો હતો.

**ટી.એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલનો ઐતિહાસિક ગાથા**

| **ક્રમ** | **વર્ષ** | **સંસ્થાનો ઈતિહાસ / સિદ્ધિઓ** |
|---|---|---|
| ૧. | ૦૭/૦૬/૧૮૮૮ | ધી ઈંગ્લીશ સ્કુલની સ્થાપના માત્ર ૧૧ વિદ્યાર્થીઓથી પ્રારંભ |
| ૨. | ૧૯૧૨ | સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની સ્થાપના |
| ૩. | ૧૯૨૭ | 'ભરતિયા બ્લોક'નું ઉદઘાટન અને 'છાત્રતેજ' નો પ્રારંભ |
| ૪. | ૧૯૩૪ | 'વ્યાસ બ્લોક'ની સ્થાપના |
| ૫. | ૧૯૪૧ | 'ખાનસાહેબ હોલ'ની સ્થાપના ('વ્યાસ બ્લોક' અને 'ભરતિયા બ્લોક' ભેગા કરી હોલની સ્થાપના) |
| ૬. | ૧૯૫૭ | વિજ્ઞાન કલબની સ્થાપના |
| ૭. | ૧૯૫૫ | ટેક્નીકલ શિક્ષણનો પ્રારંભ |
| ૮. | ૧૯૪૮ | હીરક મહોત્સવની ઉજવણી (ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી દક્ષિણાભવન બન્યું) |
| ૯. | ૧૯૫૧ | જૂની એસ.એસ.સી. (બોર્ડની પરીક્ષામાં) મધુસૂદન શાહ રાજયમાં પ્રથમ આવ્યાં. |
| ૧૦. | ૧૯૫૨ | શ્રી કે.ટી. શેઠની આચાર્ય પદે નિમણૂંક |
| ૧૧. | ૧૯૧૭ | શેઠશ્રી તાપીદાસ તુલસીદાસ અને વ્રજદાસ ટ્રસ્ટમાંથી દાન મળતાં એમનું નામ સંસ્થા સાથે જોડાયું |
| ૧૨. | ૧૯૭૫ | એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં કુમાર કંથારિયા કેન્દ્રમાં દ્વિતીય આવ્યા. |
| ૧૩. | ૧૯૭૬ | ઉચ્ચતર માધ્યમિક સંકુલનો પ્રારંભ થયો |
| ૧૪. | ૧૯૭૮ | 'વિજ્ઞાન કલબ'ની દ્વિદશાબ્દીની ઉજવણી થઈ |
| ૧૫. | ૧૯૦૬ | સરકારી ગ્રાન્ટની શરૂઆત થઈ. સાર્વજનિક હાઈસ્કૂલ નામ અપાયું. |

| | | |
|---|---|---|
| ૧૬. | ૧૯૧૩ | હાલની વિશાળ જગ્યાએ શાળાનું સ્થળાંતર રૌપ્ય મહોત્સવની ઉજવણી. શાળાની સોસાયટીને સોંપણી કરાઈ. |
| ૧૭. | ૧૯૬૩ | ધોરણ–પના અંગ્રેજીના વર્ગોનો પ્રારંભ |
| ૧૮. | ૧૯૬૭ | સ્વ. ચૂનીલાલ શાહની જન્મ શતાબ્દી ઉજવાઈ. |
| ૧૯. | | સાર્વજનિક એજયુકેશન સોસાયટીના મુખ્ય આધારસ્તંભ સ્વ. ચૂનીલાલ શાહ |
| ૨૦. | ૧૯૮૭ | રૂા.૧,૧૧,૧૧૧ શ્રી પ્રવિણચંદ્ર ખાટીવાળાએ દાન કર્યું. |
| ૨૧. | ૧૯૮૭ | શતાબ્દીની ભવ્ય ઉજવણી અને પૂર્વ પ્રાથમિક વિભાગનો પ્રારંભ |
| ૨૨. | ૧૯૮૨ | રાજયકક્ષાએ હિલચેલેન્જ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શિલ્ડ પ્રાપ્તિ |
| ૨૩. | ૧૯૮૩ | રણજિતરામ જન્મ શતાબ્દી પુસ્તકનું પ્રકાશન |
| ૨૪. | ૧૯૬૨ | શ્રી આર. એમ. દેસાઈની આચાર્યપદે નિમણૂંક |
| ૨૫. | ૧૯૭૯ | શ્રી કે. જે. દલાલ આચાર્ય પદે નિમાયા. |
| ૨૬. | ૧૯૮૭ | શ્રી ડી.વી. પારેખ આચાર્ય પદે નિમણૂંક |
| ૨૭. | ૧૯૮૪ | શ્રી એફ.જી. પટેલ આચાર્ય પદે |
| ૨૮. | ૧૯૭૦ | શ્રી સી. ઝેડ. શાહ આચાર્ય પદે |
| ૨૯. | ૧૯૯૭ | શ્રી ડી.બી. વશી આચાર્ય પદે |
| ૩૦. | ૨૦૧૫ | શ્રી સી.ડી. પટેલ આચાર્ય પદે |

**શાળા સ્થાપના :**

| | |
|---|---|
| ૧૯૨૭ | શેઠ શ્રી ગંગારામ ભરતિયાએ (૬) ઓરડાનો બ્લોક બંધાવી આપ્યો. જે 'ભરતિયા બ્લોક' તરીકે ઓળખાય છે. |
| ૧૯૩૪ | શ્રી છોટાલાલ હ. વ્યાસ તરફથી (૮) વર્ગનો બ્લોક બનાવવામાં આવ્યો, તે 'વ્યાસ બ્લોક' તરીકે ઓળખાય છે. |
| ૧૯૪૧ | 'વ્યાસ બ્લોક' અને 'ભરતિયા બ્લોક' ભેગા કરી 'ખાન સાહેબ હોલ'ની સ્થાપના થઈ. |
| ૧૯૪૮ | હીરક મહોત્સવ સંગૌરવ ઉજવ્યા, તે સમયે શાળાના મુખ્ય જૂનાં મકાનને નવો ઓપ આપ્યો. જે મકાન પછીથી 'દક્ષિણાભવન' ના નામે ઓળખાવા લાગ્યું. આજ પ્રસંગે |

|  |  |
|---|---|
|  | એક આકર્ષક પ્રવેશદ્વાર પણ મળ્યું. |
| ૧૯૮૭ | શાળાની શતાબ્દીની ઉજવણી અને પૂર્વ પ્રાથમિક વિભાગનો પ્રારંભ. |
| ૧૯૯૨ | વિજ્ઞાન પ્રવાહનું નવું મકાન અને પ્રયોગશાળા બનાવવામાં આવી. |

**શાળાની સિદ્ધિઓ :**

|  |  |
|---|---|
| ૧૯૫૧ | પૂના એસ.એસ.સી. બોર્ડમાં આ શાળાનો વિદ્યાર્થી શ્રી મધુસૂદનભાઈએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું |
|  | શાળાની અવિરત કુચઃ |
| ૧૯૧૩ | રૌપ્ય મહોત્સવ |
| ૧૯૩૯ | સુવર્ણ મહોત્સવ |
| ૧૯૪૮ | હિરક મહોત્સવ |
| ૧૯૮૮ | શતાબ્દી મહોત્સવ |
| ૨૦૧૨ | ૧૨૫ વર્ષની ભવ્ય ઉજવણી નિમિત્તે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ૧૫ મી ઓગસ્ટ દિવસની શાનદાર ઉજવણી કરી. |
| ૦૭/૦૬/૧૮૮૮ | 'ધી ઈંગ્લીશ સ્કૂલ' 'ઢીંગલી સ્કૂલ' ના નામે જાણીતી થઈ. માત્ર ૧૧ વિદ્યાર્થીઓથી પ્રારંભ થયો હતો. |
| ૧૯૦૬ | 'ધી સાર્વજનિક હાઈસ્કૂલ' નું નામ રાખવામાં આવ્યું. |
| ૧૯૧૩ | મિડલ ગોપીપુરા શાળામાંથી હાલની વિશાળ જગ્યાએ શાળાનું સ્થળાંતર કર્યું. રૌપ્ય મહોત્સવની ઉજવણી કરી. |

**શાળાની વિશિષ્ટતાઓ :**

|  |  |
|---|---|
| ૧૯૧૫ | 'ગણપતરામ અંબેલાલ' જિમ્નેશિયમ તૈયાર થયું. |
| ૧૯૫૭ | વિજ્ઞાન કલબની સ્થાપના |
| ૧૯૫૫ | ટેક્નિકલ વિષયોનું શિક્ષણ વ્યવસ્થાનો પ્રારંભ થયો. |
| ૧૯૬૩ | અંગ્રેજી માધ્યમ દ્વારા ધો.૫ નો પ્રારંભ થયો. |
| ૧૯૮૬ | બાસ્કેટ બોલ કોટનું નિર્માણ કર્યું હતું. |

| | |
|---|---|
| ૧૯૭૬ | ઉચ્ચતર માધ્યમિક સંકુલનો પ્રારંભ થયો.<br>૧૯૭૬ થી ૧૦ + ૨ + ૩ ની નવી તરાહનો શરૂ થતાં ધો.૧૧ અને ધો.૧૨ ના સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહના વર્ગો સુરત શહેરની માત્ર આજ શાળાની પસંદગી થઈ. |

**શાળાની સિદ્ધિઓ :**

**રાષ્ટ્રકક્ષાએ વિજ્ઞાન કલબની સિદ્ધિઓ :**

(૧) સૂકી તુંબડીમાંથી બનાવેલી આંખ

પ્રોજેકટ– લોહીનું વર્ગીકરણ

(૨) રડારની અનુકૃતિ : રાષ્ટ્રીય વિજ્ઞાન મ્યુઝિયમ

(૩) સૂર્ય પરિવાર : (દિલ્હી) કાયમી સ્થાન આપવા પસંદગી થઈ

(૪) ૨૮ ડિસેમ્બર ૧૯૯૯ – જિલ્લા કક્ષાનો વિજ્ઞાનમેળો યોજાયો હતો.

(૫) સામાન્ય પ્રવાહના ૪ વર્ગો અને વિજ્ઞાન પ્રવાહના ૧૧ વર્ગો મળી કુલ ૧૫ વર્ગોની ઉચ્ચતર માધ્યમિક શાળા જેમાં અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ સાથે ચાલે. વિજ્ઞાન પ્રવાહની લેબ ક્ષમતા સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમની છે. એક સાથે ૨૩૦ વિદ્યાર્થીઓ પ્રાયોગિક કાર્ય કરી શકે છે.

## સ્વ. શ્રી ચુનીલાલ ઘેલાભાઈ શાહ

## સ્થાપક

## (સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત)

સેવા કરવા માટે કોઈ કાલ–અકાલ નથી, કોઈ સાધન ઊણાં નથી, કોઈ આત્મા ક્ષુદ્ર નથી. વર્ષોથી સાર્વજનિક એજયુકેશન સોસાયટી ૨૩ જાન્યુઆરીનો દિવસ શાહ–ડે તરીકે ઉજવે છે. વાસ્તવમાં ઉજવણી ફકત રજા જાહેર કરીને મનાવાય છે. ચાલો જાણીએ આ મહામાનવ વિશેની અજાણી વાતો...

શ્રી ચુનીલાલ ઘેલાભાઈ શાહે સુરતમાં શિક્ષણ જગતનો એક નાનકડો દીપ પ્રગટાવ્યો, ૭ મી જૂન ૧૮૮૮ના દિવસે. એ વખતે શ્રી ચુનીલાલ શાહની ઉંમર હતી ફકત

૨૨ વર્ષ. માત્ર ૨૨ વર્ષની ઉંમરે શિક્ષણની અવિરત જયોત પ્રગટાવનાર આ યુવાન ગ્રેજયુએટ પણ નહોતો થઈ શકયો. એ જમાનાની વાતો જાણીએ જેથી શ્રી શાહ સાહેબને શિક્ષણની જયોત પ્રગટાવવામાં પડેલી અડચણોનો ખ્યાલ આવી શકે. સરકારી શિક્ષણ એ સમયે અત્યંત મોંઘુ એટલે સામાન્ય લોકોની પહોંચની બહાર. મિશનરી સ્કૂલોમાં ધાર્મિક શિક્ષણ પર મહત્તમ ભાર મુકાતો એટલે હિન્દુ, પારસી કુટુંબના છોકરાઓ ભણવા આવી શાળાઓમાં જતા નહીં.

શાહ સાહેબ અને એમના ત્રણ મિત્રો એમ ચાર જણાએ મળીને સસ્તું શિક્ષણ આપી શકાય એ માટે શાળા સ્થાપવાનો નિર્ણય લીધો. પોતપોતાના ઘરેથી ફર્નિચર લઈ આવ્યા દરેકે ૫૦ રૂા. કાઢયા અને ૫ મી જૂન ૧૮૮૮ માં "ધી ઈંગ્લીશ સ્કૂલ" ના નામે શાળા શરૂ કરી. વિદ્યાર્થી સંખ્યા : ૧૧, સ્થળ : ગોપીપુરા દેરાસરની સામેવાળા મકાનમાં, લોકજીભે ચઢેલું નામ "ઢીંગલી સ્કૂલ" શાળા શરૂ કરતાં પહેલાં ૫ મી જૂને એક પ્રોસ્પેકટસ બહાર પાડયું. આ શાળાની સફળતા એ હતી કે માત્ર છ મહિનામાં સંખ્યા વધીને ૯૪ જેટલી થઈ ગઈ.

શાહ સાહેબ અને એના મિત્રોએ વિના વેતન કામ કર્યું પરંતુ ઘર–કુટુંબ ચાલે કેવી રીતે? આખરે શાહ સાહેબના મિત્રોએ વારાફરતી એમને છોડી જવું પડયું. "એકલો જાને રે" ની જેમ શાહ સાહેબે એમની શૈક્ષણિક પ્રવૃત્તિ ચાલુ જ રાખી અને રણમેદાન છોડયું નહીં.

ત્રિભોવનદાસ માળવી જેવા સખાવતી દાનવીરના સથવારે શાળા નભતી રહી. અગણિત પ્રયત્નો પછી શાળા પગભર થઈ શકી એ એકમાત્ર મજબુત યોધ્ધા શ્રી શાહ સાહેબના કારણે.

આમ અનેક અડચણો વચ્ચે અડીખમ રહી શાહ સાહેબે સમાજના હિતમાં અંગત સ્વાર્થ બાજુએ રાખી સમાજની ઉત્કૃષ્ટ સેવા કરી.

આ શાળા છેક ૧૯૦૭ માં ગ્રાંટ લેતી થઈ ત્યારબાદ એનું નામ બદલીને "સાર્વજનિક હાઈસ્કૂલ" રાખવામાં આવ્યું હતું.

શાહ સાહેબ સ્વપ્નદ્રષ્ટા હતાં એમને તો એમનું આ કાર્ય ઉત્તરોત્તર પ્રગતિ પામે અને શિક્ષણના આ મહાયજ્ઞ હરહંમેશ ચાલુ રહે એ માટે શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો,

દાતાઓની હાજરીમાં શાળાના વાર્ષિકોત્સવમાં એક વિચાર મૂકયો અને સાર્વજનિક હાઈસ્કૂલ જે એમની માલિકીની હતી એને કોઈ ટ્રસ્ટને સોંપવાનો વિચાર રજૂ કર્યો અને આમ ૧ લી ઓકટોબર ૧૯૧૨ ના રોજ "સાર્વજનિક એજયુકેશન સોસાયટી" ની સ્થાપના થઈ જેના પ્રથમ મંત્રી તરીકે શ્રી શાહ સાહેબની વરણી થઈ હતી. એમણે ધાર્યું હોત તો પ્રમુખ કે અધ્યક્ષ પણ થઈ શકયા હોત.

આજીવન શિક્ષક તરીકે શ્રી શાહ સાહેબ કડક અને શિસ્તપાલનનાં અત્યંત આગ્રહી હતાં તેમ છતાં શિક્ષકો સાથેનો એમનો સંબંધ આત્મીય હતો. એક સહૃદયી વડીલ તરીકે એમણે હંમેશા તમામને એકસૂત્રે બાંધી રાખ્યા.

**હાલના હોદ્દેદારો :**

શ્રી રજનીકાંત કંચનલાલ મારફતીયા

પ્રેસીડન્ટ

ડો. કિરીટ નગીનદાસ ડુમાસીયા

પહેલા વાઈસ પ્રેસીડન્ટ

શ્રી યાઝદી નૌસીત કરણઝિયા

બીજા વાઈસ પ્રેસીડન્ટ

શ્રી કમલેશ પ્રવિણ યાજ્ઞિક

ચેરમેન

શ્રી રાજેશ સુરેન્દ્રરાય દેસાઈ

પહેલા વાઈસ ચેરમેન

શ્રી ભરત વજેચંદ શાહ

બીજા વાઈસ ચેરમેન

શ્રી ઘનશ્યામપ્રસાદ સી. સાનાધ્યા

સેક્રેટરી

**શાળાના હેતુઓ / ઉદ્દેશો :**

સુરતના શૈક્ષણિક વિકાસમાં ૧૩૨ વર્ષથી અવિરત સેવા પ્રદાન કરતી ટી.એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ એ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની અતિપ્રાચીન અને પાયાની શાળા છે. તેર દાયકાની સુદીર્ઘ અવધિ પછી પણ સોસાયટીની આ ઐતિહાસિક શાળા વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે ગૌરવાન્વિત મસ્તકે અડીખમ છે.

સંસ્થા નીચેના ઉદ્દેશ્યો અને ધ્યેયો પર સતત કાર્ય કરે છે.

❖ કોઈપણ જાતના ભેદભાવ વગર સંપૂર્ણ એકરૂપતા સાથે શિક્ષણનું વિસ્તરણ.

❖ શહેરના આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને ખૂબ જ નજીવી, સરકાશ્રી દ્વારા નકકી થયેલ શિક્ષણ ફી.

❖ તાલીમબદ્ધ શિક્ષકો દ્વારા ગુણવત્તાસભર શિક્ષણ.

❖ વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં પણ પારંગત બને તેવા કાર્યક્રમોનું આયોજન.

❖ રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓને વિવિધ કક્ષાએ યોજાતી સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા.

❖ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય–આંતર રાષ્ટ્રીય કાર્યો માટે વૈશ્વિકરણ માટે તૈયાર કરવા.

❖ વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને કૌશલ્યો પ્રસ્થાપિત થાય તે હેતુસર વિવિધ કોર્સ અને કાર્યક્રમોનું આયોજન.

❖ વિદ્યાર્થીઓના પ્રતિભાવો, ગુણવત્તની ખાત્રી અને પ્લેસમેન્ટ માટે એક શકિતશાળી તંત્રની રચના.

❖ સામાજિક નેતાગીરી તેમજ ભારતીય નાગરીક તરીકેની ફરજો માટે વિદ્યાર્થીઓને મૂલ્ય આધારિત શિક્ષણ આપી તાલીમબદ્ધ કરવા.

❖ સમાજને સેવા પૂરી પાડવા માટે કલીનીકલ કાર્યક્રમો તેમજ સહભાગીદારી જેવી ભૂમિકાઓ ભજવવી.

❖ માધ્યમિક– ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવાય તે માટે અદ્યતન પ્રયોગશાળા મારફત અનુભવી શિક્ષકો દ્વારા શિક્ષણ.

❖ વિદ્યાર્થીઓમાં સામાજિક એકતા, દેશપ્રેમ જેવા ગુણોનો વિકાસ થાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન.

# ધી માંડવી એજ્યુકેશન સોસાયટી, માંડવી, તા. માંડવી, જિ. સુરત

ડુંગરો અને જંગલોથી શોભતા માંડવી વિસ્તારમાં કુદરતે ભરપૂર સૌંદર્ય સહિતની સંપતિ આપી હતી. પરંતુ આર્થિક અને સામાજિક રીતે નબળા વર્ગ માટે જીવન વિકાસ માટે જરૂરી એવા શિક્ષણની સુવિધાનો વિચાર આવે એ પણ એક કુદરતી કૃપા જ ગણવી. માંડવી હાઈસ્કૂલના સ્થાપકોને સદી પહેલાની અનેક વિટંબણાઓ વચ્ચે પણ માનવ જીવનને સુશિક્ષિત સમૃદ્ધ બનાવવા માટે જરૂરી શિક્ષણ અંગેનો વિચાર આવ્યો અને એ વિચારને મૂર્તિમંત કરવા માટે મા સરસ્વતીની સાધના માટેના યજ્ઞનો પાયો એંગ્લોવર્નાક્યુલરની સ્થાપનાથી નંખાયો. આમ, કસબાની અને તાલુકાની પ્રજાની મુશ્કેલી ધ્યાનમાં લઈ માંડવીમાં ઈ.સ.૧૮૯૨માં એ.વી. (એંગ્લોવર્નાક્યુલર) સ્કુલ શરૂ થઈ. શરૂઆતમાં તે વખતના અંગ્રેજી ચાર ધોરણ સુધીનું શિક્ષણ માંડવીમાં મળતું. એ શાળા શરૂ કરવામાં તે વખતના મામલતદાર નારાયણભાઈ લલ્લુભાઈ દેસાઈએ પ્રેરણા આપી હતી અને માંડવીનીા મહંતશ્રી વલ્લભદાસજીના મકાનમાં શાળા ચાલતી હતી. ઈ.સ.૧૮૯૨માં શરૂ થયેલી એ.વી. સ્કુલ ઈ.સ.૧૯૧૨ સુધી જીવવા શકિતમાન થઈ. અને રૈયત ફાળો તથા સરકારની ગ્રાન્ટ અનુદાન ઉપરાંત માંડવી મ્યુનિસિપાલિટીની ગ્રાન્ટમાંથી શાળા નભતી રહી. માંડવી મ્યુનિસિપાલિટીનું અસ્તિત્વ મટયું. ત્યારબાદ એ ગ્રાન્ટ સુરત જિલ્લા લોકલ બોર્ડ (હાલની જિલ્લા પંચાયત) તફરથી મળતી પરંતુ સરકારી ધારાધોરણ મુજબ સ્ટાફ તથા ભૌતિક સુવિધાઓના અભાવે સરકાર તરફથી ઈ.સ.૧૯૧૨માં આખરી નોટીસ મળી કે શાળાની માન્યતા બંધ કરવામાં આવશે. આ ઘટનાથી ગામમાં જાણે વીજળી પડી. સંચાલકો બેબાકળા બન્યા અને શહેર તથા તાલુકાની પ્રજાની શિક્ષણની ભૂખ ભાંગવા તા.૧૯/૧૦/૧૯૧૩ના રોજ એક જાહેર મિટીંગ માંડવીમાં મળી. અને કેટલાક ઠરાવો થયા. જેમાં પાંચમું ધોરણ ખોલવું, સારા શિક્ષકો નોકરીમાં લેવા અને જરૂરી ફંડફાળો ભેગો કરવાનું નકકી કરવા સાથે નવી વ્યવસ્થાપક કમિટિ રચવામાં આવી. તે સમયે સરકાર તરફથી પણ કેટલાક સૂચનો આવ્યા. અને તે સૂચનો અનુસાર શાળા મંડળના નિયમો તથા બંધારણમાં ફેરફાર કરવામાં આવ્યા. નવું બંધારણ ઈ.સ.૧/૧/૧૯૧૬ થી અમલમાં મૂકવું એવો નિર્ણય લેવાયો. આ શાળા મંડળને તત્કાલિન સોસાયટીઓની નોંધણીઓને લગતી

કાયદો હતો. તે કાયદા હેઠળ સોસાયટીને રજીસ્ટ કરાવવામાં આવી. અને ધી માંડવી એજ્યુકેશન સોસાયટી, માંડવી અસ્તિત્વમાં આવી.

સરકારની સૌ પ્રથમ માંગ શાળાને યોગ્ય મકાનની હતી. જેથી નગરજનોએ નકકી કર્યું કે રૂપિયા ૫૦૦૦ ના ખર્ચે અદ્યતન મકાન બંધાવવું. પરંતુ આટલી રકમ ભેગી કરવી પણ કઠીન હતું. ત્યારે સોસાયટીને અને અહીની પ્રજાને એક દાનવીર મળ્યો. અને તે દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં અતિ ધનાઢય ખાનદાન અને ગરીબો પ્રત્યે હમદર્દી દાખવનાર એવા માંડવી તાલુકાના નહીં પણ વલસાડના ખાનબહાદૂર કાવસજી ધનજીભાઈ ધનભૂરા મળ્યાં. અને ફીરંગી સરકાર પાસે દમણ નજીકનું દેવકા ગામ વેચાતું રાખનાર એવા આ શેઠે જાહેર કર્યું કે રૂપિયા ૫૦૦૦ પૈકી અડધી રકમ તેઓ આપશે. ત્યારબાદ મહંત વલ્લભદાસે રૂપિયા ૨૦૦૦ ની કિંમતની ૮૩૨૪ ચોરસવાસ જમીન શાળાને અર્પણ કરી. ઠાકોર ખુશાલસિંહ હિંમતસિંહજી જે માંડવીના રાજવી હતા તેમણે પણ ૧૨૬૬ ચોરસવાર જમીન આપી. ઉપરાંત વલસાડ આજુબાજુના પારસી અને અનાવિલ સદ્‌ગૃહસ્થો પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ જેટલી માતબર રકમ દાનમાં મળી હતી.

આ ઉપરાંત સુરત નિવાસી ભાર્ગવોમાં ફરસરામ કુબેરરામ ભટ્ટ, મંછારામ જીવણરામ સોલીસીટર, જમિયેતરામ, જીવણરામ સોલીસીટીર, મોતીરામ મંછારામ વગેરે પણ મદદે આવ્યાં. અને લગભગ રૂપિયા ૫૦૦૦ જેટલી મદદ પૂરી પાડી. ત્યારબાદ ૩૧/૧૨/૧૯૧૫ પહેલા મકાન પૂરું થયું હતું. આ દિવસોમાં જ સંસ્થામાં અભ્યાસ કરતા બાળકો સહિત સૌની જ્ઞાનની ભૂખ સંતોષવા માટે પુસ્તકાલયના નિર્માણનો વિચાર આવ્યો અને તે માટે વલ્લભદાસ મહારાજે આપેલા રૂપિયા ૧૫૦૦ ના દાનથી નગર મધ્યે પુસ્તકાલયનું નિર્માણ થયું. અને તે સમયના મધુસુદનદાસ મહારાજની ઈચ્છાથી રામચંદ્રજીના મંદિરનું નામ જોડાય એ આશયે એ લાયબ્રેરીનું નામ "રામચંદ્ર આર્ય પુસ્તકાલય" પાડવામાં આવ્યું હતું. જેમાં આજે પણ અનેક ગ્રંથોની સમૃદ્ધિ સચવાઈ રહેલી છે અને જેનો લાભ જ્ઞાનપિપાસુઓને મળી રહ્યો છે.

તાલુકાના ગામડાઓમાંથી આવતા બાળકોના લાભાર્થે હોસ્ટેલ બિલ્ડીંગ બાંધવાનું નકકી થયું. ત્યારે ફરી મહંત વલ્લભદાસ મહારાજ મદદે આવ્યા અને તેમણે વધુ જમીન દાનમાં આપી. અને ૧૯/૦૧/૧૯૧૬ ના રોજ તત્કાલિન કલેકટર હડસનના વરદ હસ્તે

શાળાના નવા મકાનની ઉદઘાટન વિધિ થઈ. તેમજ તે જ દિવસે હોસ્ટેલ બિલ્ડીંગના મકાનની ખાતમુહૂર્ત વિધિ પણ થઈ. આ પ્રસંગે સોસાયટીના મહાન આશ્રયદાતા કાવસજી શેઠને સન્માન પત્ર અર્પણ થયું. આ હોસ્ટેલમાં બારડોલી તાલુકાના પાટીદારો પણ રહીને અભ્યાસ કર્યો હતો. હોસ્ટેલમાં જ્ઞાન–જાતના ભેદભાવ વગર સર્વજ્ઞાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે રહેતા હતાં. તે સમયના ખ્યાલ મુજબ માંસાહારી, પારસી, મુસલમાન માટે અલાયદું રસોડું અને હિંદુઓ માટે પણ અલાયદું રસોડું તથા પરબ બાંધવાનું નકકી થયું અને ૧૯૧૯ની આખર સુધીમાં હોસ્ટેલ, રસોડા, પરબ વગેરે બંધાઈ પણ ગયા.

માંડવી એજયુકેશન સોસાયટી માટે જેણે સૌથી વધુ મહેનત ઉઠાવી હોય, સોસાયટી જો કોઈ વ્યકિત પ્રત્યે સૌથી વધુ રૂણી હોય તો તે શ્રી જજ્ઞેશ્વર પુરણજી શુકલ. જજ્ઞેશ્વર પુરણજી શુકના પરિશ્રમે ફંડફાળા થયા અને તે સમયે રૂપિયા ૮૫૦૦૦ જેટલી કિંમતના મકાનો ઉભા થયા. આ ૠષિપુરુષની આરસની પ્રતિમાની અનાવરણ વિધિ તા.૧૦/૦૩/૧૯૪૦ના રોજ ભારતના મહાન ધારાશાસ્ત્રી મુત્સદી વહીવટકાર, સાહિત્યકાર એમના જ્ઞાતિબંધુ શ્રી કનૈયાલાલ મુનશીના હાથે થઈ હતી.

ઈ.સ. ૧૯૫૯માં માધ્યમિક વ્મિાગનું નવું મકાન બાંધવામાં આવ્યું. ઈ.સ.૧૯૬૨–૬૩ ના સમયગાળામાં "મોતીલાલ નહેરુ" વ્યાયામ શાળા બાંધવામાં આવી. ૧૯૬૫–૬૬માં  નવું વારિગૃહ, ૧૯૭૦માં પ્રયોગશાળા અને ચિત્રકલાખંડ માટે મકાન બાંધવામાં આવ્યાં.

૧૯૭૬માં ઉ. માધ્યમિકનું ધોરણ–૧૧નો વાણિજયનો એક વર્ગ શરૂ કરવામાં આવ્યો. પછી ૧૯૭૮માં ધોરણ–૫ થી ૭ ના બબ્બે વર્ગો અને ૧૯૮૫માં ધોરણ–૧ થી ૪ ના વર્ગોની મંજુરી મળતા ધોરણ–૧ થી ૭ નું ગુજરાતી માધ્યમનું શિક્ષણ શરૂ થયું.

૧૯૮૩–૮૪ માં વિજ્ઞાન પ્રવાહની મંજુરી મળતા ભૌતિક સુવિધામાં વધારો થયો. સને ૧૯૯૨માં સંસ્થાએ ૧૦૦ વર્ષ પૂરા કરતા ધી માંડવી ઈંગ્લીશ મિડિયમ હાઈસ્કૂલ શરૂ કરી. જેમાં જુનિયર કે.જી. થી લઈ ધોરણ ૧૨ સુધી વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરી રહ્યા છે. સને ૨૦૦૪માં પી.ટી.સી. કોલેજની પણ મંજુરી મળતા હોસ્ટેલ સાથે પી.ટી.સી. કોલેજ કાર્યરત બની.

ઈ.સ.૨૦૦૭માં બી.બી.એ. કોલેજ, ૨૦૦૮માં બી.સી.એ. કોલેજ, ૨૦૧૦માં એમ.બી.એ. કોલેજ તથા એમ.સી.એ. કોલેજ, ઉપરાંત બી.એસસી. અને એમ.એસસી. કોલેજ, અટલ ટીન્કરીંગ લેબની સુવિધા પણ પૂર્ણ કરવામાં આવી છે.

આમ, ૧૨૮ વર્ષના સમયગાળા દરમિયાન અનેક વિટંબણાઓ વચ્ચે પણ આદ્યસ્થાપકો દ્વારા રોપાયેલા શિક્ષણના એક બીજનું પાલન–પોષણ કરી આજે મહાન વટવૃક્ષ બની ગયું છે. વૃક્ષો આચ્છાદિત વનરાજીથી શોભતા ઉદ્યાનસભર શાળાસંકુલના વિશાળ મેદાનમાં આજે હજારોની સંખ્યામાં બાળકોનું ભણતર સાથે ઘડતર થઈ રહ્યું છે. જયાં સૂર્યપુત્રી તાપીની શીતળ લહેરોથી આચ્છાદિત શૈક્ષણિક ધામમાં માં મહાકાળીની સતત દિવ્ય અમી દ્રષ્ટિથી અનેક બાળકો પ્રગતિના સોપાનો સર કરી ચૂકયા છે.

## શ્રી પુણી પારડી વિભાગ કેળવણી મંડળ, પુણી સંચાલિત
## શ્રી આર. એન. પટેલ માધ્યમિક શાળા, પારડીપાતા

### (૧) ટ્રસ્ટ/સંસ્થાનો ઈતિહાસ :

આઝાદી પ્રાપ્ત થયાના ઘણા સમય પછી પણ આ વિભાગમાં માધ્યમિક શાળાની સુવિધા પ્રાપ્ત ન હતી. માધ્યમિક શાળાનાં અભ્યાસ માટે બાળકોએ છ થી સાત કિલોમીટર દૂર વેસ્મા કે સરભોણ શાળામાં ચાલતા જવું પડતું હતું. કાચા રસ્તા તેમજ ખાસ કરીને શિયાળા અને ચોમાસમાં વધુ પડતી મુશ્કેલીને કારણે કન્યાઓને આગળનો અભ્યાસ કરાવામાં આવતો ન હતો.

વિદ્યાર્થીઓની આ મુશ્કેલીનો ઉકેલ લાવવા માટે આ વિભાગના શિક્ષણ પ્રેમી આગેવાન સોદગૃહસ્થોની એક સભા પૂણી ધર્મશાળાના મકાનમાં તા.૧૨/૧૧/૧૯૬૧ ના રોજ ડો. ધીરેન્દ્રભાઈ મહેતા પ્રાધ્યાપકશ્રી, ગાર્ડા કોલેજ નવસારીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં માધ્યમિક શાળા શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું. જરૂરી ફંડ એકત્ર કરવા માટે શ્રી પૂણી પારડી વિભાગ કેળવણી મંડળ, પૂણીની સ્થાપના કરવામાં આવી.

આ મંડળે જૂન ૧૯૬૩માં પારડીપાતા ગ્રામ સમિતિના એક ઓરડાના મકાનમાં તા.૧૦/૬/૧૯૬૩ના રોજ શ્રી પૂણી પારડી વિભાગ માધ્યમિક શાળા, પારડીપાતામાં ધોરણ ૮ માં ૩૭ બહેનો અને ૯ ભાઈઓ મળી ૪૬ વિદ્યાર્થીથી એક વર્ગ શરૂ કરવામાં આવ્યો. ત્યારબાદ ક્રમશઃ ધોરણ ૯ અને ૧૦ શરૂ કરવામાં આવ્યા. આમ જૂન ૧૯૬૬ થી વિભાગમાં પૂર્ણ કક્ષાની માધ્યમિક શાળા શરૂ થઈ.

શાળાની ઉત્તરોત્તર પ્રગતિ થતાં પાકા મકાન તેમજ રમતગમતના મેદાનની જરૂરિયાત ઊભી થતાં લાખણપોર ગામના શ્રી દેવાભાઈ રણછોડભાઈ મિસ્ત્રી, શ્રી નારણભાઈ જગાભાઈ પટેલ તથા શ્રી રણછોડભાઈ જગાભાઈ પટેલે નજીવી કિંમતે જમીન આપી.

સિસોદરા–આરક ગામના દાતાશ્રી રામભાઈ નાથાભાઈ પટેલના પરિવાર તરફથી રૂપિયા ૩૧૦૦૦/– અંકે રૂપિયા એકત્રીશ હજારનું દાન આપતા શ્રી રામભાઈ નાથાભાઈ પટેલ માધ્યમિક શાળા, પારડીપાતા નામકરણ કરવામાં આવ્યું.

શાળાના નવા મકાનના પ્રવેશ માટે તા.૨૯/૦૪/૧૯૭૮ ના રોજ શ્રી કલ્યાણજીભાઈ વિઠ્ઠલભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને તે સમયના ગુજરાત રાજયના પંત પ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ અતિથિવિશેષ તેમજ જમીનની પૂરી કિંમત દાનમાં આપનાર લક્ષ્મીચંદ ભગાજી કંપનીના દાતા શ્રી હર્ષદભાઈ શાહના વરદહસ્તે શાળાનું ઉદઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ દાતાઓના સાથ સહકારથી જૂન ૧૯૭૬ થી ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ કરવામાં આવ્યો. આસપાસના શિક્ષણપ્રેમી દાતાઓના સાથ સહકારથી મંડળ સંચાલિત કુમાર છાત્રાલય પણ શરૂ કરવામાં આવી. આજની તારીખે પણ સંસ્થા ઉત્તરોત્ત પ્રગતિ કરી રહી છે.

**(૨) સ્થાપક :**

૧. શ્રી રામભાઈ નાથાભાઈ પટેલ

૨. શ્રી મણીભાઈ કાળાભાઈ દેસાઈ

૩. શ્રી જેરામભાઈ ભીખાભાઈ પટેલ

૪. શ્રી ભીખાભાઈ માધવભાઈ ભકત

૫. શ્રી ભગુભાઈ રામભાઈ પટેલ

૬. શ્રી કાંતિલાલ પરસોત્તમભાઈ પટેલ

૭. શ્રી દિલીપભાઈ નગીનભાઈ પટેલ

૮. શ્રી જતીનકુમાર રમણલાલ પટેલ

૯. શ્રી અજયભાઈ બળવંતરાય નાયક

૧૦. શ્રી ધર્મેશભાઈ છીતુભાઈ પટેલ

## (૩) ટ્રસ્ટ/સંસ્થાના હેતુઓ :

- ❖ સારામાં સારી શિક્ષણ પદ્ધતિ અપનાવી વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રત્યે અભિરુચિ વધારવી.
- ❖ દરેક વર્ગના વિદ્યાર્થીઓને નજીવી ફી લઈ ઉત્તમ શિક્ષણ પૂરું પાડવું.
- ❖ ગુણવત્તાયુકત શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને શારીરિક, માનસિક અને સામજિક રીતે સક્ષમ બનાવવા.
- ❖ સારા નાગરિકની તાલીમ, સામાજિક ભાવના, સ્વાવલંબન, નેતૃત્વ, સંઘભાવન, પ્રામાણિક, શિસ્ત ઘડતર, સાહસવૃતિ વગેરે ગુણોનું સિંચન વિદ્યાર્થીઓમાં સહ અભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા કરવું.

**ટ્રસ્ટ / સંસ્થાના હેતુઓ :**

- ❖ ગુણવત્તાયુકત શિક્ષણ, સહ–અભ્યાસ પ્રવૃત્તિઓ તથા મૂલ્ય શિક્ષણ દ્વારા દેશને ઉમદા નાગરિકો પૂરા પાડવા.
- ❖ શિક્ષિત, જવાબદાર, આર્થિક અને સામાજિક રીતે સધ્ધર અને સક્ષમ સમાજની રચના કરવી.

## (૪) સંસ્થાની શરૂઆતના અવરોધો અને તેના ઉકેલો :

શાળાની શરૂઆતમાં વિદ્યાર્થીઓના અભ્યાસ માટે મકાનની અગવડ ઊભી થતાં આસપાસના ગ્રામજનોના મકાનમાં અભ્યાસ કરાવવામાં આવતો. ત્યારબાદ પાકા મકાનની જરૂરિયાત ઊભી થતાં સંચાલક મંડળના સભ્યોના અથાગ પ્રયત્નોથી આસપાસના વિસ્તારોમાંથી દાન ભેગું કરી જમીન અને પાકા મકાનનું નામકરણ કરવામાં આવ્યું.

શૈક્ષણિક સાધન સામગ્રીની પુર્તતા કરવા માટે પણ અવિરત દાન મેળવવા માટે પ્રયત્નો કરવા પડતાં હતાં.

**(૫) ટ્રસ્ટ / સંસ્થાની સિદ્ધિઓ :**

- ❖ પલસાણા તાલુકા યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં વર્ષ ૧૯૯૩ થી સતત પ્રથમ ક્રમ
- ❖ સુરત જિલ્લામાં શ્રેષ્ઠ શાળા એવોર્ડ – ૨૦૦૭ મેળવનાર
- ❖ શાળાનું આદિવાસી નૃત્ય રાજય ઝોન કક્ષાએ પ્રથમ
- ❖ શાળાનું આદિવાસી નૃત્યની માજી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સદ્ભાવના કાર્યક્રમમાં પ્રસ્તુતી
- ❖ રાજયના ગરબા મહોત્સવમાં પ્રસ્તુતિ–ઓકટોબર ૧૯૯૯
- ❖ રાજય કક્ષાએ એથ્લેટિકસ તેમજ સાંઘિક રમત સ્પર્ધાઓમાં ભવ્ય દેખાવ
- ❖ બોલીવુડમાં ફેશન ડિઝાઈનર તરીકે શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી–વિદ્યાર્થીની
- ❖ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજની તારીખે શિક્ષક, આચાર્ય, ડોકટર, વકીલ, ઈજનેર, પ્રાંત અધિકારી, બેન્ક ઓફિસર, સૈનિક, પોલીસ અધિકારી, ઈમરજન્સી સેવા, મોટેલ–હોટેલના વ્યવસાય, અધ્યતન કૃષિ વ્યવસાય સાથે જોડાયેલા છે.

## ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા –સુરત

**(૧) ટ્રસ્ટ / સંસ્થાનો ઈતિહાસ :**

સંસ્થાનાં સ્થાપક પ્રમુખ અને પદ્મશ્રીથી સન્માનિત શ્રી કનુભાઈ ટેલર જન્મથી જ બંન્ને પગે ૧૦૦% દિવ્યાંગ (અપંગ) અને ખુબજ આર્થિક પછાત પરીવારમાં ઉછરેલ હોવાથી તેમને એક જ વિચાર આવતો હતો કે મેં મારી જીદગીમાં જે દુઃખ જોયુ, અનુભવ્યુ તે મારા જેવા વિકલાંગ બાળકોને ન મળે અને વિકલાંગોની જીંદગી ફુટપાથ પર ભીંખ માંગી પુરી ન થાય તે માટે મારે દિવ્યાંગોનાં વિકાસ માટે કાર્ય કરતી સંસ્થાની સ્થાપના કરવી જોઈએ, આથી જ તા.૧૯/૧૧/૧૯૯૧ નાં રોજ ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંસ્થાની સ્થાપના કરી. ત્યાર બાદ તેમને વિચાર આવ્યો કે જો દિવ્યાંગોને શિક્ષણ

આપવામાં આવશે તો તેમનો આપો આપ જ વિકાસ થશે આ માટે વિકલાંગોની શાળા શરૂ કરવી જોઈએ. અને તે સંકલ્પનાં ભાગરૂપે અંબાનગર, સુરત ખાતે સુરત મહાનગરપાલિકાએ ૧૦ ઓરડા આપી તેમાં તા.૦૧/૦૭/૧૯૯૭ નાં રોજ ૪ બાળકો થી વિકલાંગ બાળકોની શાળા શરૂ કરી હતી આજે આ શાળાનાં બાળકો કોઈ એન્જીનીયરીંગ, મેડીકલ, સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ ફેકલ્ટીમાં અભ્યાસ પૂર્ણ કરી સમાજનાં સામાન્ય પ્રવાહમાં ભળી ગયા છે, કનુભાઈ નું સ્વપ્ન ખુબ ઉંચુ હતું. જેથી ૧૯૯૫નાં વિકલાંગ ધારા હેઠળ ભારતમાં  એવી વિકલાંગોની શાળા, શિક્ષણ સંકુલ બનાવવાની હતી કે અહીં આવનાર દરેક વિકલાંગને કોઈ પણ પ્રકારની દુઃખ કે મુશ્કેલી ન પડે, કનુભાઈનાં વિકલાંગોના ક્ષેત્રે કરેલા કાર્યોની નોંધ લઈ સુરત મહાનગરપાલિકાએ લેકવ્યું ગાર્ડનની સામે શારદાયતનની પાછળ, ઉમરા ખાતે ૪૧૦૧ ચો.મી. જેની અંદાજ કિંમત ૪૦ કરોડ રૂપિયા થાય છે, તે જગ્યા વિનામૂલ્યે આ સંસ્થાને આપી. સંસ્થા પાસે એક પણ પૈસો ન હોવા થી કનુભાઈ નાણામંત્રી શ્રી પી.ચિદમ્બરનો સંપર્ક કર્યો, તો તેઓએ આ સંસ્થાને મળતા દાન ને ૩૫ A.C.  હેઠળ ૧૦૦% કરમુકતી આપી. આ સંસ્થાનું બાંધકામ એલ એન્ડ ટી. કંપનીને સોપવાનું નકકી કર્યુ, પ્રથમ તબકકે ૩૦,૦૦૦ ચો.ફુટ જેટલું બાંધકામ અંદાજે રૂા.ર કરોડનાં ખર્ચે ભારતનું પ્રથમ બેરીયર ફ્રિ સંકુલ બની ગયું. જેનું ખાતમુર્હત ભારતનાં નામદાર ઉપરાષ્ટ્રપતિ માન.શ્રી ભૈરવસિંહજી શેખાવત સાહેબે કર્યુ હતુ. આ સંસ્થાની મુલાકાતે માન.મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, માન.નામદાર રાજયપાલ, પ.પુ. પ્રમુખસ્વામી મહારાજ, પ.પુ.મોરારી બાપુ, પ.પુ પ્રફુલભાઈ શુકલ, પ.પુ. જગતગુરુ શકરાચાર્યજી, પ.પુ.રામદેવજી મહારાજ, તેમજ અનેક મહાનુભાવો અને સંતોના સાનિધ્યમાં આ શાળાએ ર૦ વર્ષમા પોતાનું આગવું સ્થાન ઉભું કર્યુ છે.

આ સંસ્થા કયારેય કોઈની પાસે દાન લેવા જતી નથી પણ લોકો સામેથી આવી આ સંસ્થાને દાન આપવા આવે છે. અને આ કાર્ય થઈ રહયુ છે. હાલમાં આ સંસ્થાનાં બેરીયર ફ્રી વિકલાંગ શિક્ષણ સંકુલ " દિવ્યાંગ ભવન" ખાતે શાળામાં ધોરણ ૧ થી ૧ર, આઈ.ટી.આઈ., પ્રભુ બી.સી.એ. કોલેજ, તાલીમ સેન્ટર, ફીઝીયોથેરાપી સેન્ટર, હોમીયોપેથી દવાખાનું, રીહેબ સેન્ટર, રોજગાર અને માર્ગદર્શન કેન્દ્ર, જીવનસાથી પસંદગી કેન્દ્ર અને કોમ્પ્યુટર સેન્ટર, દિવ્યાંગ દિકરા અને દિકરીઓ માટે અલગ અલગ અદ્યત્તન

હોસ્ટેલ, સંગીત મહાવિદ્યાલય, સી.પી.સેન્ટર, રીહેબ સેન્ટર તેમજ અદ્યત્તન સુવિધાયુકત પ્રભુ જનરલ હોસ્પિટલ કાર્યરત છે, જેમાં હાલમાં ૪૦૦ થી વધુ દિવ્યાંગો વિનામૂલ્યે શિક્ષણ, તાલીમ, આરોગ્ય અને પુનઃસ્થાપન લઈ રહયા છે. આ બાળકોને નોટબુક, પેન, પેન્સિલ, કંપાસ, ટેક્ષબુક, સ્કુલબેગ, સ્કુલ યુનિફોર્મ, વોટર બેગ, લંચબોક્ષ, વિટામિન યુકત નાસ્તો, લાવવા લઈ જવાની વિશિષ્ટ પ્રકારની સુવિધા, સાધન સહાય, જરૂરીયાત મંદ વ્યકિતને તબીબી સારવાર વગેરે સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. અંદાજે રૂા. ૬ કરોડ થી વધુ ખર્ચ કરી આ સંકુલ ઉભુ થયુ છે. જેમાં ગુજરાત સરકાર કે ભારત સરકાર નો એક પણ પૈસો મળ્યો નથી.

## (૨) સ્થાપક અને હાલનાં હોદ્દેદારોઃ

૧. પદ્મશ્રી સન્માનિત શ્રી કનુભાઈ ટેલર

૨. શ્રી સ્વામી રાજકુમાર સહાની

૩. શ્રી જયંતભાઈ ગણાત્રા

## (૩) ટ્રસ્ટ / સંસ્થાના હેતુઓઃ

ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંસ્થાનો મુખ્ય હેતુ દિવ્યાંગો (અપંગો)ને વિનામૂલ્યે શિક્ષણ, તાલીમ, આરોગ્ય અને પુનઃસ્થાપન ને લગતી તમામ સુવિધાઓ પુરી પાડવી અને દિવ્યાંગોને સ્વનિર્ભર કરી એક સશકત સમાજ અને દેશનું નિર્માણ કરવું.

## (૪) સંસ્થાના શરૂઆતના અવરોધો અને તેના ઉકેલોઃ

ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંસ્થાની સ્થાપના કર્યા બાદ સંસ્થા ચલાવવા માટે આર્થિક સહયોગ જે સમાજનાં સજજનો દ્વારા મળી રહયો હતો ત્યાર બાદ સંસ્થા ચલાવવા માટે જગ્યાની જરૂર હતી જે સુરત મહાનગર પાલિકાની મદદ થી મળી રહી હતી. ત્યાર બાદ જે જે અવરોધો આવતા ગયા તે સમાજનાં આગેવાનો અને સેવાભાવી લોકોનાં સહકાર અને સંસ્થાનાં પ્રમુખ દીર્ઘદષ્ટી અને કુનેહથી ઉકેલો મળતા ગયા અને સંસ્થાનો વિકાસ થતો ગયો.

**(૫) ટ્રસ્ટ / સંસ્થાની સિદ્ધિઓઃ**

સંસ્થાનાં સ્થાપક પ્રમુખ શ્રી કનુભાઈ ને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ૪૦ થી વધુ એવોર્ડ મળેલા છે, ૨૦૧૧ માં ભારત સરકારે કનુભાઈ ટેલરને તેમની દિવ્યાંગોની સેવા બદલ તેમનાં કાર્યને સન્માનીત કરવા મહામહીમ રાષ્ટ્રપતિશ્રીનાં હસ્તે "પદ્મશ્રી" એવોર્ડ આપી તેમનું સન્માન કર્યુ છે,

તેમજ ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંસ્થાને પણ ૨૦૦૦૦ થી વધુ દિવ્યાંગોને વિનામૂલ્યે શિક્ષણ, તાલીમ, આરોગ્ય અને પુનઃસ્થાપન કરવા બદલ ભારત સરકારે તેમનાં કાર્યને સન્માનીત કરવા વર્ષ ૨૦૧૪માં મહામહીમ રાષ્ટ્રપતિશ્રીના હસ્તે " બેસ્ટ ઈન્સ્ટટયુટ ફોર ચાઈલ્ડ વેલફેર" નો એવોર્ડ આપ્યો છે.

આજે રોજ અનેક વિકલાંગો પોતાની સમસ્યા લઈને તેમની પાસે આવે છે, અને દરેકનું સમાધાન થતુ હોય છે, ગુજરાત સરકાર અને ભારત સરકારની અનેક કમિટીઓમાં આજે તેમનો સમાવેશ કરી તેમનો લાભ લેવામાં આવે છે. દુનિયાના ૫૦ દેશોનાં વડાપ્રધાનોએ આ સંસ્થાની કાર્યની નોંધ લઈ અને અભિનંદન આપેલ છે. આજે આ સંસ્થાનો ૨૦,૦૦૦ થી વધુ દિવ્યાંગ આ સંસ્થાનો લાભ લઈ પગભર થઈ સ્વનિર્ભર બની સમાજનાં પ્રવાહમાં ભળી પોતાનું તેમજ પોતાના પરીવારનો આધાર બની રાષ્ટ્રનાં નિર્માણમાં પોતાનો ફાળો આપી રહયા છે. જે આ સંસ્થાની સૌથી મોટી સિદ્ધિ છે. આજે આ સંસ્થાનાં અનેક દિવ્યાંગ વિદ્યાર્થીઓ ડોકટર, એન્જીનીયર કે અન્ય શાખાઓમાં અભ્યાસ કરી સરકારી કે બિનસરકારી સંસ્થામાં ફરજ નિભાવી રહયા છે, કેટલાક દિવ્યાંગો પરદેશમાં પણ સ્થાયી થઈ પોતાની કારકિર્દી નિર્માણ કરી રહયા છે.

## અંધજન મંડળ

## ઘોડદોડ રોડ–સુરત.

## સ્થાપના : ૧૫/૦૮/૧૯૫૪

**સ્થાપક :** (૧) ગોરધનદાસ ચોખાવાલા

(૨) સિરાજ બસરાઈ

તા.૨૮/૩/૧૯૫૪ ના દિવસે અંધજનોના શિક્ષણ અને પુનવર્સન અંગે વિચારવા સુરતના સામાન્ય નાગરિકોની એક સભા મળી જેમાં અધ્યક્ષ ગોરધનદાસ ચોખાવાલા હતાં. આ સભામાં અંધજન શિક્ષણ સમિતિ રચાઈ. અને ખપાટિયા ચકલા નજીક રાયચંદ દિપચંદ કન્યા શાળાના મકાનમાં ૫ અંધજનોથી (સાંજે ૫ વાગ્યેથી શિક્ષણ) શિક્ષણ શાળાની શરૂઆત કરી.

તા.૧/૬/૧૯૫૫ થી શાળા પૂર્ણ સમયની કરવાની મંજૂરી મળી. આથી શાળા ભરતિયાની વાડીમાં ખસેડાઈ. વિદ્યાર્થી હતા ૬. ત્યાં પણ અપૂરતી સુવિધા હોવાથી શાળા ધોબી શેરી નાનપુરા ખસેડાઈ. ત્યાં નિવાસ, ભોજન, ઉદ્યોગ શિક્ષણ સુવિધા સાથેનું નવું મકાનનું ઉદઘાટન તા.૧૪/૧૧/૧૯૫૫માં કર્યું. (વિદ્યાર્થી હતા ૧૧)

૧૯૬૨માં ઘોડદોડ રોડ પર ૪૩૯૦ ચોરસવાર જમીન ખરીદી. ૧૯૬૩માં મકાન, છાત્રાલય, રસોડું, શાળા, ઉદ્યોગ, કાર્યાલય સાથેનું નવું (હાલનું મકાન) મકાન બનાવ્યું.

૧૯૬૪માં ઓકટોબર માસમાં નવુ બંધારણ ઘડયું એ અંધજન શિક્ષણ સમિતિ નામે ઓળખાતી એ સંસ્થા નવું નામ ધારણ કરી "અંધજન શિક્ષણ મંડળ"ને નામે ઓળખ પ્રાપ્ત કરી.

૨૫ વર્ષ પછી ૭ બાળકોથી શરૂ થયેલ શાળામાં હવે ૫૧ બાળકો હતાં.

- ૧૯૯૦–૯૧ માં અંધ કન્યાઓ માટે કન્યા છાત્રાલય સુવિધા ઊભી કરાઈ.
- જૂન–૨૦૦૦ થી માધ્યમિક શાળા શરૂ કરી.
- ૧૯૯૯–૨૦૦૦માં સંસ્થામાં લેગ્વેજ લેબ, ૨૦૦૮માં ઓડિયો રેર્કોડિંગ સ્ટુડિયો (અંધજન માટે) તથા જૂન–૨૦૦૫ થી ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહ નોન ગ્રાન્ટેડ વર્ગ શરૂ કર્યો.
- ૨૦૦૬–૦૭ થી બી.એડ્. (સ્પેશિયલ) કોલેજની સ્થાપના થઈ. (૨૦૧૦–૧૧માં કોલેજ બંધ થઈ)
- ૧/૩/૧૬ થી કૌશલ્ય વર્ધન કેન્દ્ર (સ્પોકન ઈંગ્લીશ)ની શરૂઆત થઈ.
- ૧૯૯૨માં મંડળ દ્વારા "શ્રીમતી શારદાબેન ચોખાવાલા ફીઝયોથેરાપી રીહેબીલીટેશન સેન્ટર શરૂ કર્યું છે.

વિવિધ વિષયના શિક્ષણ સાથે સાથે ગૃહવિકાસ શિક્ષણ એટલે કે શાકભાજી, કઠોળ, અનાજ, ફળ ઓળખનું શિક્ષણ આપવામાં આવે છે તથા ગૃહ સુશોભન, સૌદર્યદ્રષ્ટિ વિકસાવતું સુશોભન માટે સજજ કરવામાં આવે છે તથા ચા–નાસ્તા ભોજન વગેરે બનાવવાનું જીવન ઉપયોગી શિક્ષણ આપવામાં આવે છે.

બાળકોને સંગીત શિક્ષણ ઉપરાંત ઉદ્યોગ શિક્ષણ જેમાં બુક બાઈન્ડીગ વર્ક, પગ લૂછણિયા, અગરબત્તી બનાવવી, મીણબત્તી બનાવવી, ફાઈલ બનાવવાનું શિક્ષણ આપવામાં આવે છે તથા આધુનિક ટેક્નોલોજી અંતર્ગત કોમ્પ્યુટર શિક્ષણ પણ આપવામાં આવે છે.

## શ્રી સર્વદેશીય વિકાસ મંડળ, રાંદેર
## (લોકમાન્ય વિદ્યાલય, રાંદેર)

**સ્થાપના :**

શ્રી જ્ઞાનોદય વાચનાલય સં ૧૯૩૭

શ્રી સર્વદેશિય વિકાસ મંડળ ૧૯૪૬ (૩/૨/૪૬)

લોકમાન્ય વિદ્યાલય ૧૯૫૭

સર્વદેશીય વિકાસ મંડળની સ્થાપના ઈ.સ.૧૯૪૬માં કરવામાં આવી હતી. શ્રી સર્વદેશીય વિકાસ મંડળની પ્રગતિ યાત્રાનો વિચાર કરીએ ત્યારે આના પાયામાં રહેલી શ્રી જ્ઞાનોદય વાચનાલયની શૈક્ષણિક પ્રવૃત્તિને ભૂલી શકાય નહીં.

રાંદેરની મોટી ફળિયાના યુવાનો, સમાજ શિક્ષણ, સમાજ ઉત્થાન તથા સામાજિક એકતા માટે કંઈક કરવાની ખેવના ધરાવતા હતાં. સમાજમાં બહેનોમાં શિસ્તની ભાવના બળવતર બને, તેમનો વિકાસ થાય ફુરસદના સમયનો સદ્ઉપયોગ થાય તે માટે લાયબ્રેરી હોવી જોઈએ એવું યુવાનો વિચારતા હતાં.

આ વિચારકોમાં શ્રી દેવજીભાઈ રામજીભાઈ પટેલ, શ્રી રમણલાલ કલ્યાણજી પટેલ, શ્રી અમૃતભાઈ ડાહ્યાભાઈ પટેલ, શ્રી સત્યદેવ ઈચ્છારામ પટેલ, શ્રી સુખદેવભાઈ નાથુભાઈ પટેલ મુખ્ય હતાં. પુસ્તકો ખરીદીને લાયબ્રેરી ચાલુ કરી શકાય એવી આર્થિક સ્થિતિ ન હતી પરંતુ પાટીદાર સમાજ પ્રમાણમાં બીજા સમાજ કરતા સ્થિતિ સંપન્ન હોવાને

કારણે 'દક્ષિણામૂર્તિ' તેમજ અન્ય સંસ્થા દ્વારા પ્રગટ થતા ધાર્મિક પુસ્તકોના સેટ મોટાભાગના ઘરોમાં હતાં. સમાજમાં આર્ય સમાજની અસર હતી. આ સમયે ઘરમાં સંગ્રહાયેલા પુસ્તકો ભેટ આપવાનો પ્રસ્તાવ મૂકયો. લોકોએ આ દરખાસ્ત સ્વીકારી મોટીફળી રાંદેરમાંથી ૪૧૧ પુસ્તકો ભેટ રૂપે મળ્યા. આમ લાયબ્રેરીના શ્રી ગણેશ થયા. અને "શ્રી જ્ઞાનોદય વાંચનાલય" ની શરૂઆત ૧૯૩૭માં કરવામાં આવી. આ શ્રી જ્ઞાનોદય વાંચનાલયને તાલુકા લાયબ્રેરી તરીકે સરકારશ્રીએ માન્યતા આપી અને ગ્રાંટ આપવાનું શરૂ કર્યું.

આ પછીના સમયગાળામાં વિનય મંદિરની સ્થાપના કરી. બાળકોમાં સ્વદેશીની ભાવના જાગૃત થાય તે માટે કાંતણ પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખી રેટિયા પ્રવૃત્તિ ચાલુ કરી સાથે સાથે અખાડાની પ્રવૃત્તિને પણ વ્યવસ્થિત કરી.

આ બધી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે ચાલે એ હેતુથી સંસ્થાના સ્થાપકોએ શ્રી સર્વદેશીય વિકાસ મંડળ સ્થાપના માટેનું બીજ રોપ્યુ અને ૧૯૪૬માં આ ટ્રસ્ટ રજીસ્ટર કરાવ્યું. મુ શ્રી પ્રેમીબેન રાંદેરની કન્યા શાળાના આચાર્ય હતાં. આખા તાલુકાની શૈક્ષણિક સંસ્થામાં રાંદેરની કન્યા શાળા અગ્રસ્થાને હતી. વર્નાકયુલર ફાઈનલની પરીક્ષામાં આ શાળાની લગભગ ૪૦–૫૦ કન્યાઓ ફાઈનલની પરીક્ષામાં ઊંચા નંબરે પાસ થતી પણ ગામમાં હાઈસ્કૂલ ન હોવાથી આગળ અભ્યાસ કરી શકતી ન હતી. તથા લોકોની આર્થિક પરિસ્થિતિ તથા સુરત શહેરમાં અભ્યાસ માટે કન્યાને મોકલવાની માનસિક તૈયારીનો અભાવ હતો.

આ પરિસ્થિતિના ખ્યાલ સાથે શ્રી પ્રેમીબેને સર્વદેશીય વિકાસ મંડળના કાર્યકરો આગળ કન્યાઓના શિક્ષણ માટે શાળા સ્થાપવાનો વિચાર મૂકયો. આ વિચારના પગલે ૧૯૫૬માં મોટીફળી (રાંદેર) માં એક સભા મળી કેટલાક વડીલોએ સહશિક્ષણવાળી સ્કૂલ ચાલુ કરવાનું સૂચન કર્યું.

આ સમયે સુરતના શિક્ષણાધિકારી શ્રી ઈન્દ્રવદન વસાવડા હતાં. તેમણે આ વિચારને ટેકો આપ્યો અને બધી મદદ કરવાની ખાત્રી આપી. આ સમયે માધ્યમિક કેળવણી ખાતાની મુખ્ય કચેરી 'પુના' શહેરમાં હતી. આ સમયે સંસ્થા પાસે રૂ.૮૦૦ થી ૧૦૦૦/– ની જ સિલક હતી. શ્રી ભૂષણલાલ શાહે સૂચન કર્યું કે લોકોએ લોકો માટે શરૂ કરેલી સ્કૂલનું નામ લોકમાન્ય વિદ્યાલય હોઈ શકે સહુને નામ ગમ્યુ અને જે નામ આજે પણ પ્રિય છે.

મુંબઈ રાજય કેળવણી ખાતા તરફથી લોકમાન્ય વિદ્યાલય શરૂ કરવાની પરવાનગી તા.૬/૫/૧૯૫૭ના દિવસે મળી.

તા.૯/૬/૧૯૫૭ના દિવસે ગુજરાત રાજયના કેળવણી પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈના હસ્તે ઉદઘાટ થયું.

પ્રથમ વર્ષે શાળામાં ધો–૮માં ૩, ધો–૯ માં ૧ અને ધો–૧૦માં ૧ આમ કુલ ૫ વર્ગોમાં ૧૮૦ (૫૦ કન્યા, ૧૩૦ કુમાર) વિદ્યાર્થીઓ હતાં.

જે મકાનમાં શાળા શરૂ કરવામાં આવી હતી તે મકાન ભાડાનું હતું. (૧) 'ઈસાક મંઝિલ' પાછલી ચાલી, રાંદેર (૨) 'મસીદ ટ્રસ્ટનું' મકાન ભંડારી વાડ

મંડળના કાર્યકર્તા શ્રી રમણભાઈ પટેલે મકાન બાંધકામ માટે રૂા.૫૦૦૦/– દશ વર્ષ માટે વગર વ્યાજે આપવા કેટલાક વ્યકિતને તૈયાર કર્યા. તથા મોટી ફળી પંચે રૂા.૧૫૦૦૦/– વગર વ્યાજે આપ્યા. મુ. શ્રી કલ્યાણજી મહેતાના હસ્તે શાળાના મકાનનું ખાતમૂહુર્ત કરાવ્યું અને તા.૨૮/૧૨/૧૯૫૯ માં રૂા.૬૦૦૦૦ માં ૧૬ ઓરડાનું નવું મકાનનું ઉદઘાટન શ્રી મોરારજીભાઈ દેસાઈના હસ્તે થયું.

આજે લોકમાન્ય વિદ્યાલયમાં નર્સરીથી ધોરણ ૧૨ કોમર્સ સાયન્સના વર્ગો ચાલે છે.

## ટી. એન્ડ ટી.વી. સાર્વજનિક વિદ્યાલય (મીડલ સ્કૂલ) ગોપીપુરા

**પ્રસ્તાવના :**

સાર્વજનિક એજયુકેશન સોસાયટી સમગ્ર ગુજરાત રાજયની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા છે. અનેક વિદ્યાર્થીઓનું ભાવિ ઘડનાર આ સંસ્થાની એક અનન્ય શાળા એટલે ટી. એન્ડ ટી.વી. સાર્વજનિક વિદ્યાલય મિડલ સ્કૂલ.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ મિડલ સ્કૂલની સ્થાપના ૧૮૮૮માં થયેલ હતી. છતાં એ સ્થાપનાના વર્ષો સુધી હાઈસ્કૂલોના ભાગરૂપે જ હતી. અને ટી.એન્ડ ટી.વી. સાર્વજનિક તરીકે ૧૯૧૩માં અતિત્વમાં આવી. ૧૯૧૭માં શેઠ તાપીદાસ અને તુલસીદાસ વરજદાસ તરફથી સોસાયટીને

રૂા.૨૨૪૪૫૩/– નું માતબર દાન મળ્યું. આ દાનમાંથી રૂા.૫૨૦૫૪/– મકાન ફંડ ખાતે અનામત રાખ્યા અને સોસાયટીએ રૂા.૨૯૮૪૦/– ઉમેર્યા અને ૧૯૨૨માં હાલનું મિડલ સ્કૂલનું મકાન બંધાવ્યું. કુલ ખર્ચ રૂા.૧૦૧૮૯૪/– વિશાળ રમતના મેદાન સાથે ભવ્ય મકાન તૈયાર થયું.

નવમું ધોરણ શરૂ કર્યા બાદ ૧૯૭૨માં પૂર્ણ કક્ષાની માધ્યમિક શાળા બની. અને ૧૯૮૦ થી ૧૦ + ૨ + ૩ ની નવી તરાહ શરૂ થઈ.

## વી. ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, લાલ બંગલા, સુરત

**પ્રસ્તાવના :**

આઝાદી પહેલાના સમયમાં મુંબઈ–અમદાવાદ વચ્ચે કોઈ લો કોલેજ ન હતી. આ પ્રદેશના વિદ્યાર્થીઓ કાનૂની અભ્યાસ માટે મુંબઈ, અમદાવાદ કે પૂનામાં અભ્યાસ કરવા જવા ફરજ પડતી. કાયદા વ્યવસ્થાનું મહત્ત્વ સમજી આ લો કોલેજ સ્થાપવાનું વિચાર્યું.

**સ્થાપના અને ઈતિહાસ :**

૧૯૩૫માં મુંબઈ–અમદાવાદ વચ્ચે કોઈ લો કોલેજ ન હોવાથી કાયદાના વ્યવસાયનું મહત્ત્વ સમજી સને ૧૯૩૫ માં સાર્વજનિક એજયુકેશન સોસાયટીના અધ્યક્ષ દીવાન બહાદુર ચૂનીલાલ ગાંધીએ લો કોલેજ સ્થાપવાનું સ્વપ્ન સાકાર કર્યું. અને સ્થાનિક બાદ ના નામાંકિત ધારાશાસ્ત્રીઓને માનદ અધ્યાપક તરીકે સહકાર મેળવ્યો અને પોતે આચાર્ય તરીકે માનદ સેવા આપવાનું શરૂ કર્યું. અને ૧૭ જૂન ૧૯૩૫ના શુભ દિવસે પ્રથમ LLB માં ૩૯ અને સેકન્ડ LLB માં ૭ વિદ્યાર્થીઓ સાથે કોલેજ શરૂ થઈ. આ સમયે કોલેજનું જોડાણ મુંબઈ યુનિવર્સિટી સાથે હતું.

શ્રી વિઠ્ઠલદાસ ઠાકોરદાસના પુત્રશ્રી નાથાભાઈ ચોકસી તરફથી પોતાના પિતાના નામે સાર્વજનિક એજયુકેશન સોસાયટીને નવી શરૂ થયેલ લો કોલેજ માટે માતબર દાન આપ્યું ત્યારથી આ સંસ્થા વી.ટી. ચોકસી લો કોલેજના નામે ઓળખાઈ. ૧૯૩૮ થી કોલેજ પૂર્ણ સમયની બનતા પૂર્ણ સમયના બે અધ્યાપકોની નિમણૂંક થઈ.

**સ્થાપક–દાતા :**

- ❖ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી
- ❖ શ્રી વિઠ્ઠલદાસ ઠાકોરદાસ ચોકસીના પુત્ર શ્રી નાથાલાલ ચોકસી દ્વારા પોતાના પિતાના નામે માતબર દાન આ સંસ્થાને આપતા સંસ્થા વી.ટી. ચોકસી લો કોલેજના નામે ઓળખાઈ.

## કે. એલ.એસ. ખાંડવાળા સાર્વજનિક હાઈસ્કૂલ ફોર ગર્લ્સ, બાલાજી રોડ, સુરત

**પ્રસ્તાવના :**

સને ૧૯૨૬માં હાઈસ્કૂલોમાં કન્યાઓની સંખ્યા વધતી જતી હતી તેમણે કુમાર સાથે રહી શિક્ષણ મેળવવું પડતું હતું આથી કન્યાઓની અલગ શાળા તથા કન્યા કેળવણી આપવાના હેતુથી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા આ શાળાની સ્થાપના કરવામાં આવી.

**સ્થાપના અને ઈતિહાસ :**

સને ૧૯૨૬માં ટી. એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરામાં ૩ વિદ્યાર્થીઓની મેટ્રિકના વર્ગમાં દાખલ કરાઈ હતી. આ પરિસ્થિતિથી સને ૧૯૩૩ સુધીમાં દરેક વર્ગમાં ૩ વિદ્યાર્થીઓને દાખલ કરાઈ. આ પ્રમાણે ટી. એન્ડ ટી.વી. સાર્વજનિક મિડલ સ્કૂલ અને ન. ઘે. ઝવેરી જૈન સ્કૂલમાં પણ બન્યું. આ વર્ષોમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૫૧ ની થઈ. સોસાયટીના સંચાલકોએ વિદ્યાર્થીનીઓએ જ શિક્ષણ આપતી માધ્યમિક શાળા ખોલવાનું નકકી કર્યું.

શહેરના મધ્ય ભાગમાં મકાનની સગવડ ન હોવાને પરિણામે સને ૧૯૩૪ સુધી રાહ જોવી પડી. ૧૯૩૪ના વર્ષમાં બાલાજી રોડ પર આવેલી ગવર્નમેન્ટ મિડલ બંધ કરવાનું સરકારે નકકી કર્યું. આથી સોસાયટીના સંચાલકોએ સરકારને વિનંતી કરી કે તે કન્યા કેળવણી આપવા માટે શાળા શરૂ કરવા માંગે છે તો તેમને મકાન આપવું અને ૩૧ મી મે

૧૯૩૪ ના રોજ સરકારે વિનંતી માન્ય રાખી અને તેમાંની બધી જ સગવડો આ શાળાને મળી.

આ શાળાની ઉદઘાટન વિધિ સુરતના કલેકટર શ્રી વી.બી. મર્ધેકર ના હસ્તે ૧૮ જૂન ૧૯૩૪ના રોજ થઈ. શરૂઆતમાં ધો.૧ થી ૭ સુધી, હાલ ધો.૫ થી ધો.૧૧ ૧૫૦ વિદ્યાર્થીઓની સંખ્યાથી શરૂ થઈ.

આ મકાન સરકારે પાંચ વર્ષ માટે જ સોસાયટીને આપ્યું હતું. શાળાની ખ્યાતિને લીધે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી આથી સોસાયટીના સભ્યોએ સરકારને ફરી વિનંતી કરતા સરકારે ૯૯ વર્ષના પટા પર આ મકાન સોસાયટીને આપ્યું.

સને ૧૯૩૫માં જ્યાં ફક્ત ૧૫૦ વિદ્યાર્થીનીઓ હતી ત્યં સને ૧૯૩૭ માં સંખ્યા ૩૨૫ની થઈ.

મેસર્સ ચૂનીલાલ લલ્લુભાઈ ઝવેરીએ રૂા.૨૧૪૦૦/– નું માતબર દાન આપ્યું અને બીજા ૮ ઓરડા ૧૯૩૯માં બનાવ્યા. આ બ્લોકને મેસર્સ ગુલાબ, મેસર્સ રૂકમણિ અને શેઠ ચૂનીલાલ લલ્લુભાઈ ઝવેરી બ્લોક એમ નામાભિધાન થયું.

વધતી જતી વિદ્યાર્થી સંખ્યા તથા નવા મકાનને કારણે રમત મેદાન નાનું પડવા લાગ્યું. આથી શાળાના ઉત્તર ભાગમાં ૭૬૨ ચોરસવારની ખુલ્લી જમીન હતી તે સરકારને વિનંતી કરવાથી ભાડે મળી. ૧૯૪૮માં શાળામાં હોમ સાયન્સ વર્ગો શરૂ કરવામાં આવ્યા. ૧૯૫૦ માં શાળામાં લોન્ડ્રી, કૂકિંગ કલાસ શરૂ કર્યા. તથા ઉદ્યોગ તરીકે સીવણ, ભરતગૂંથણની વ્યવસ્થા હતી. ૧૯૫૫ માં સરકારે આ શાળાને વિવિધલક્ષી શાળા તરીકે માન્ય કરી ઉદ્યોગ શિક્ષણ માટે ગ્રાંટ ફાળવી.

૧૯૫૭ માં સંખ્યા ૯૦૦ થઈ આથી શાળામાં પાળી પ્રથા દાખલ કરી. ૧૯૬૮–૬૯ માં શાળાનું નવું મકાન બંધાઈ ગયું હોવાથી શાળામાં પાળી પ્રથા રદ કરી. ૧૯૭૧–૭૨માં શાળામાં સંખ્યા ૧૩૭૭ ની થઈ. શ્રી રંગીલદાસ વરજદાસ ખાંડવાલાના પરિવાર તરફથી ૧૯૭૫ માં પરિવારના વડીલ શ્રીમતી કબલીબાઈના ટ્રસ્ટમાંથી આ શાળાને માતબર દાન આપ્યું. ત્યારથી આ શાળા કે.એલ.એસ. ખાંડવાળા સ્કૂલ તરીકે ઓળખાઈ.

**સ્થાપક તથા દાતા :**

આ સંસ્થાની સ્થાપના સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા કરવામાં આવી હતી.

આ શાળાને શ્રી રંગીલદાસ વ્રજદાસ ખાંડવાળાના પરિવારના વડીલ શ્રીમતી કબલીબાઈના ટ્રસ્ટમાંથી માતબર દાન આપ્યું હતું. આથી આ શાળાનું નામ ક.લ.સ.ખાંડવાળા સ્કૂલ પડયું.

મેસર્સ ચૂનીલાલ લલ્લુભાઈ ઝવેરીએ રૂા.૨૧૪૦૦/– નું દાન આપ્યું હતું.

## ન. ઘે. ઝવેરી જૈન હાઈસ્કૂલ, ગોપીપુરા, સુરત

**પ્રસ્તાવના :**

ગોપીપુરાના લત્તાવાસીઓને ઉચ્ચ માધ્યમિક શિક્ષણનો લાભ મળે અને તેમાં પણ જૈનોની વસ્તીને આ લાભ મળે એ હેતુથી આ શાળા શરૂ થઈ.

**સ્થાપના અને ઈતિહાસ :**

ગોપીપુરા લત્તાવાસી વિદ્યાર્થીઓ અને ખાસ કરીને જૈન સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ મળે એ હેતુથી સ્વ. નગીનભાઈ ઘેલાભાઈ ઝવેરીએ પોતાના અને પત્નીના ટ્રસ્ટમાંથી રૂા.૨,૦૦,૦૦૦/– સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને દાનમાં આપ્યા અને ૧૩ મી જૂન ૧૯૨૭ના શાળાની સ્થાપના કરવામાં આવી. સ્થાપના સમયે વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૩ હતી. શાળામાં ધો.૪ થી ૧૧ના વર્ગો હતાં.

દાનની શરત અનુસાર આ શાળામાં ૬૦% જૈન વિદ્યાર્થીઓને મફત તેમજ જૈન ધર્મનું શિક્ષણ અપાતું હતું તથા શિષ્યવૃત્તિ આપવામાં આવતી.

શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી સાથે સાથે ૬ નવા ખંડો ઉમેરવામાં આવ્યા. શાળામાં ચિત્રકલા, ભૂગોળ અને પુસ્તકાલયના પણ જુદા ખંડ રાખવામાં આવ્યાં.

# વિ. ઠા. ચોકસી હરિપુરા સાર્વજનિક હાઈસ્કૂલ

**પ્રસ્તાવના :**

જૂના સુરત શહેરના બાળકોને માધ્યમિક શાળાનું ગુણવત્તાયુકત શિક્ષણ મળે તે હેતુથી સાર્વજનિક એજયુકેશન સોસાયટી દ્વારા આ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં શાળા શરૂ કરવાનું વિચાર્યુ અને તેના પરિશણામે વી.ટી.ચોકસી હરિપુરા સાર્વજનિક હાઈસ્કૂલ શરૂ થઈ.

**સ્થાપના અને ઈતિહાસ :**

સાર્વજનિક એજયુકેશન સોસાયટીની વિ.ઠા. ચોકસી હરિપુરા સાર્વજનિક હાઈસ્કૂલ જૂનામાં જૂની શાળા છે. ૧૯૨૬માં હરિપુરા, રામપુરા વિસ્તારમાં આગેવાનોને તે સમયના સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેનશ્રી દીવાન બહાદુર ચૂનીલાલ ગાંધીએ જણાવ્યું કે જો લત્તાવાળાઓ આ શાળાનો ખર્ચ ઉઠાવવા તૈયાર હોય તો સોસાયટી આ લત્તામાં શાળા ખોલવા તૈયાર છે. લત્તાવાસીઓએ સ્વ. શ્રી નાથુલાલ જરીવાલાના પ્રમુખપદે સ્થાનિક સમિતિ નીચી અને ફંડ ઊભું કર્યું. આ પ્રયત્નોના પરિપાકરૂપે સને ૧૯૨૬માં હરિપુરા સાર્વજનિક મિડલ સ્કૂલ અસ્તિત્વમાં આવી.

૧૯૨૮માં આ શાળા ભાડાના નાના મકાનમાં ૨૦ વિદ્યાર્થીઓથી શરૂ કરવામાં આવી. બીજા વર્ષે ૧૫૬ વિદ્યાર્થીઓ થયા. પાટીદાર પંચે મકાન બનાવી મકાન શાળાને ભાડે આપ્યું. ૧૯૩૯માં શાળામાં કુલ ૨૦ વર્ગો હતાં. ઉત્તરોત્તર પ્રગતિ તથા કોમર્સ વિભાગ માટે મકાનની જરૂરિયાત ઊભી થઈ. અને સોસાયટીએ એ જ વિસ્તારમાં ૬૪૫ ચોરસ ફૂટ જમીન રૂ.૩૪૦૦૦/– માં ખરીદી ત્યાં કોમર્સ વિભાગ માટે અલગ મકાન બનાવ્યું.

પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓનો વધારો થતા ઈ.સ. ૧૯૫૯માં બે પાળીમાં શાળા શરૂ કરવામાં આવી.

વિઠ્ઠલદાસ ઠાકોરદાસના પુત્ર શ્રી નાથાલાલ વિઠ્ઠલદાસ ચોકસીએ આ શાળાને માતબર દાન આપ્યું ત્યારથી આ શાળા વી.ટી. ચોકસી હરિપુરા શાળા તરીકે પ્રસિદ્ધ થઈ.

શિક્ષણની ગુણવત્તા વધારવા માટે આ શાળા શિક્ષણનું તાલીમી સંસ્થામાં તાલીમ લેવા માટે મોકલવામાં આવતા હતાં. ૧૯૫૫નું વર્ષ શાળાનું સોનેરી વર્ષ હતું આ શાળાના એસ.એસ.સી.ના વિદ્યાર્થી શ્રી સુરેશ દલાલ સમગ્ર એસ.એસ.સી. બોર્ડ મુંબઈમાં પ્રથમ આવ્યાં.

# એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, અઠવાલાઈન્સ, સુરત

**પ્રસ્તાવના :**

ઉચ્ચ અભ્યાસ માટે દક્ષિણ ગુજરાતમાં કોઈ સગવડ ન હતી. મુબંઈ અમદાવાદ વચ્ચે કોઈ કોલેજ ન હતી. વડોદરામાં ગાયકવાડ સરકારની કોલેજ હતી તેમાં વડોદરાના વિદ્યાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવતી. આથી દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સગવડ મળી રહે તે આશયથી સુરતમાં કોલેજ શરૂ કરવાનું વિચાર્યુ અને સાર્વજનિક કોલેજ શરૂ કરવામાં આવી.

**સ્થાપના અને ઈતિહાસ :**

૧૯ મી જૂન ૧૯૧૮ થી શરૂ થયેલ સાર્વજનિક કોલેજના નામથી શરૂ થયેલ કોલેજ તે આજની એમ.ટી.બી. આટર્સ કોલેજ.

સાર્વજનિક કોલેજને ૧૯૨૦માં શ્રી મગનલાલ ઠાકોરદાસ બાલમુકુંદદાસ મોદીએ કોલેજને બે લાખનું દાન આપ્યું અને કોલેજને દાતાના નામ સાથે જોડવાથી એમ.ટી.બી. કોલેજ તરીકે ઓળખાતી થઈ. એજ વર્ષમાં કોલેજને પ્રથમ કક્ષાની કોલેજ તરીકે મુંબઈ યુનિવર્સિટી તરફથી માન્યતા મળી. કોલેજને મુંબઈ યુનિવર્સિટીએ કાયમી જોડાણ ૧૯૨૭માં આપ્યું. ઈન્ટર સાયન્સના એ અને બી ગ્રૂપના વર્ગો શરૂ કરવામાં આવ્યા. એ જમાનામાં ફર્સ્ટયરનું વિદ્યાશાખાવાર કોઈ વિભાગીકરણ ન હતું. ઈન્ટરના વર્ગોથી જ આટર્સ–સાયન્સ જેવા વિભાગો પડતા.

૧૯૧૮માં જયારે એમ.ટી.બી. કોલેજની સ્થાપના થઈ ત્યારે મુંબઈ અને અમદાવાદ વચ્ચે કોઈ કોલેજ ન હતી. વડોદરામાં કોલેજ હતી તે ગાયકવાડ સરકારની કોલેજ હતી તેમાં વડોદરા રાજયના વિદ્યાર્થીઓને પ્રવેશ વગેરે બાબતમાં પસંદગી મળતી. સુરતમાં એમ.ટી.બી. કોલેજ શરૂ થતા મધ્યમ વર્ગનાં કુટુંબોના વિદ્યાર્થીઓ માટે એક ખૂબ ઉપયોગી સગવડ ઊભી થઈ. ઉત્તરમાં ઠેઠ ચરોતરથી પૂર્વમાં ઠેઠ ખાનદેશથી અને દક્ષિણમાં ઠેઠ દહાણુ અને ઉમરગામથી વિદ્યાર્થીઓ અહીં ભણવા આવતા. વિનયન અને વિજ્ઞાન બંને વિભાગો મળી ત્રણસોથી સાડી ત્રણસો વિદ્યાર્થીઓ કોલેજના ચાર વર્ષો મળી થતા. વિદ્યાર્થીનીઓ

(કન્યાઓ) માટે પાટલીની એક હાર અલાયદી અને અનામત રખાતી. કોલેજના પ્રથમ દિવસે જ નોટીસ મૂકાતી ' First two rows are reserved for ladies' એક વર્ગમાં દોઢસોથી એકસો સાંઠ વિદ્યાર્થીઓ રહેતા. ઘણાં ખંડોમાં વિદ્યાર્થી માટે થિયેટરોમાં હોય તેવા પગથિયાંવાળા પ્લેટફોર્મ હતા જેથી છેલ્લી પાટલી પરનો વિદ્યાર્થી પણ અઘ્યાપકને જોઈ શકે.

૧૯૩૫માં સાયન્સ વિભાગ શરૂ થયો અને સમાવવા માટે નવું મકાન બંધાયું. ૧૯૬૦ થી પી.ટી. સાયન્સ સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ તરીકે અસ્તિત્વમાં આવી. ૧૯૩૮માં સર કીકાભાઈ પ્રેમચંદ લાયબ્રેરીનું અલાયદુ મકાન બંધાયું.

કોલેજના સત્રોની તારીખો નકકી હતી. વસીમી જૂનથી દસમી ઓકટોબર અને અગિયારમી નવેમ્બરથી પંદરમી માર્ચ.

કોલેજના ચાર ટેનિસ કોર્ટ હતાં. ખેલકૂદ પ્રવૃત્તિ માટે રમતનું મોટું મેદાન હતું જે હાલ પણ છે.

**સ્થાપક અને દાતા :**

એમ.ટી.બી. કોલેજની સ્થાપના સાર્વજનિક એજયુકેશન સોસાયટી દ્વારા કરવામાં આવી હતી.

દાતાશ્રી શેઠ શ્રી મગનલાલ ઠાકોરદાસ બાલમુકુંદદાસ મોદી દ્વારા આ કોલેજને રૂપિયા બે લાખનું દાન આપવામાં આવ્યું હતું.

# અંબાબા હરિપુરા ગર્લ્સ ઈંગ્લીશ સ્કૂલ





**પ્રસ્તાવના :**

સને ૧૯૨૭ના અંગ્રેજ સમયકાળ દરમ્યાન શિક્ષણ માટે વિદ્યાર્થીઓ તેમજ કુમાર–કન્યાઓ માટેની મિશ્રશાળા પણ ખોલવામાં આવી હતી. કન્યાઓની અંગ્રેજી વિષયમાં અભિરુચિ કેળવાય તેમજ કન્યાઓને તેમના જ વિસ્તારનાં હરિપરા, મહિધરપરા, રાણીતળાવ વગેરે સ્થળોની નજીકની કન્યાઓને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ મળી રહે એવા ઉમદા હેતુથી અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીની કન્યાશાળા સ્થાપવાનું નકકી કર્યું.

**સ્થાપના અને ઈતિહાસ :**

શાળાની સ્થાપના ૧૩ મી જૂન ૧૯૨૭ના રોજ કરવામાં આવી.

કન્યા વિદ્યાલયની શરૂઆત હરિપરા, રૂવાળા ટેકરા પર ભાડાના મકાનમાં માત્ર ૪ કન્યાઓથી શરૂ કરવામાં આવી હતી. આ મહિલા વિદ્યાલય પણ કાળક્રમે વિકાસ પામતી ગઈ. ત્યારબાદ સને ૧૯૩૪માં ઘીકાંટાની વાડીમાં આ શાળા ખસેડવામાં આવી. કુલ ૧૫ શિક્ષક–શિક્ષિકાઓનો સ્ટાફ હતો. અને વિદ્યાર્થીનીઓની સંખ્યા કુલ ૨૧૯ હતી. ત્યારબાદ સને ૧૯૫૫ માં સંસ્થાએ હરિપરા, લીમડા શેરીમાં પોતાની માલિકીનું મકાન બાંધ્યું. આ શાળા અંબાબા હરિપરા ગર્લ્સ ઈંગ્લીશ સ્કુલથી ઓળખાતી થઈ.

આ શાળામાં અંગ્રેજીની સાથે સાથે સહ અભ્યાસિક વિવિધ કલા સાહિત્ય, ભરતગુંથણ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવામાં આવતું હતું. આજે પણ આ શાળા મહિલા વિદ્યાલય મંડળ થકી કેળવણી ક્ષેત્રે ધમધમી રહી છે.

**સ્થાપકો અને દાતાઓ :**

આ શાળાની શરૂઆત ૧૩ મી જૂન ૧૯૨૭નાં રોજ અંગ્રેજ સામાજિક કાર્યકર્તા શ્રીમતી એનીબેસન્ટના હસ્તે કરવામાં આવી હતી.

ઈ.સ.૧૯૫૫માં શેઠ ભાઈદાસ મગનલાલ તરફથી તેમજ પૂજય માસી અંબાબાના સ્મરણાર્થે રૂપિયા ૧૦,૦૦૦/– નું દાન આપવામાં આવ્યું. પૂજય માસીનું નામ શાળા સાથે જોડાય એટલે શાળાનું અંબાબા હરિપરા ગર્લ્સ ઈંગ્લીશ સ્કુલ આપવામાં આવ્યું.

મંડળના ઓનરરી સેક્રેટરી શ્રી સત્વસુખ વીરસુખરામ અને શ્રી ગણપતિભાઈ વકીલ તથા દાતાશ્રી ધનવિદ્યાબેન શ્રોફ દ્વારા શાળા ફર્નીચર, સાહિત્ય, લાયબ્રેરીના વિકાસમાં સિંહ ફાળો રહ્યો હતો.

" અમ ઈતિહાસની ગાથા મહી,
આજ સર્વે ગર્વથી કહે છે.
બંધાવી ઉન્નત ઈમારત,
આપ થકી મેળવી પ્રસિદ્ધિ,
આવો શિક્ષણ ધાત્રીઓ,
રચીએ, રક્ષીએ નવશિક્ષણ થકી,
આપની પ્રેરણા આપની સ્મૃતિ,
આવી મહાન વ્યકિત હોરા સાહેબને શત શત વંદન...."

## કે.જી. પીઠાવાલા વિદ્યાલય

**પ્રસ્તાવના :**

ગામનાં વિદ્યાર્થીઓને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરવા જવું ન પડે. ગામના બાળકો શિક્ષણનું મહત્ત્વ સમજે. તેમજ ગામમાં શિક્ષણો વ્યાપ વધે.

સુલતાનાબાદ અને ભીમપોર ગામનાં બાળકો ઘર આંગણે શિક્ષણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી અહીંના કાંઠા વિસ્તારમાં શાળાઓ સ્થાપવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ શાળાની સ્થાપના સને ૧૯૫૭માં કરવામાં આવી હતી.

દેશને આઝાદી મળ્યા બાદ મિશ્ર શાળા શરૂ કરવામાં આવી હતી. પરંતુ ગામના લોકમાનસને આધીન છોકરીઓને શાળાએ મોકલવામાં માતા–પિતા સંકોચ અનુભવતા હતા. તેથી ભીમપોર ગામમાં દાનવીર શ્રી છોટુભાઈ પીઠાવાલા હસ્તે કન્યા શાળાની સ્થાપના કરવામાં આવી હતી.

ત્યારબાદ સુલતાનાબાદમાં ૨૪ મી નવેમ્બર ૧૯૬૮ના રવિવારના રોજ ભારત સરકારના નાયબ વડાપ્રધાન માનનીય શ્રી મોરારજીભાઈ ૨. દેસાઈના શુભહસ્તે કરવામાં આવી હતી. આ શાળા કે.જી. પીઠાવાલા વિદ્યાલય તરીકે આખા ગામ અને સુરત શહેરમાં પ્રખ્યાત થઈ.

આજે પણ આ બંને શાળાઓ અવિરત કેળવણી ક્ષેત્રે મહત્તમ યોગદાન આપી રહી છે.

**સ્થાપકો અને દાતાઓ :**

સુલતાનાબાદની કે.જી. પીઠાવાલા વિદ્યાલય કેળવણી સંસ્થાને સચીનના નવાબે ભૂમિદાન કર્યું હતું. કાંઠા વિસ્તારના ભીષ્મ પિતામહ તરીકે જાણીતા દાનવીર શ્રી છોટુભાઈ કેશવભાઈ પીઠાવાલા તરફથી દાન મળ્યું હતું તેમજ તેમણે ભીમપોર ગામમાં કન્યા શાળાની સ્થાપના કરી હતી.

## એમ.એમ. પી. હાઈસ્કૂલ, રાંદેર

**પ્રસ્તાવના :**

ઈ.સ.૧૮૬૬ના સમયગાળામાં સમાજમાં ઘર કરી ગયેલ અંધશ્રદ્ધા, વહેમ, અજ્ઞાનતા જેવા દૂષિત પરિબળોને જ્ઞાન પુજન, ઉજાસથી દૂર કરીને, બાળકોના પાયાના જીવન ઘડતરમાં ઉપયોગી થાય એવા શુભ આશયથી સુરત શહેરનાં રાંદેર વિસ્તારના બાળકોમાં કોઈપણ જાતના જ્ઞાતિ, જાતિ, ધર્મના ભેદભાવ રાખ્યા વિના બાળકોને નિઃશુલ્ક શિક્ષણ પ્રાપ્ત થાય એ હેતુથી આ શાળાની સ્થાપના કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ શાળાની સ્થાપના ઈ.સ.૧૮૬૬માં કરવામાં આવી હતી.

બર્મા દેશના મોલમીના બંદરના શાહ સોદાગરો મહૂર્મ (સ્વર્ગસ્થ) શ્રી હાસમ ઈબ્રાહીમ પીપરડીવાલા અને શ્રી ઈસ્માઈલ ઈબ્રાહીમ પીપરડીવાલા બંને ભાઈઓએ રાંદેર વિસ્તારના બાળકોને ધાર્મિક અને વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત કરી શકે એવા શુભ હેતુથી શાળાની

સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ એમ.એમ. પી. ચેરીટેબલ ટ્રસ્ટ ચેરિટી કમિશ્નરમાં ઈ.૧૫૪–૧૯૫૦ હેઠળ આ સંસ્થા રજીસ્ટર્ડ થઈ હતી.

ઈ.સ.૧૯૧૧ થી ગુજરાતી ધોરણ ૧ થી ૭ અને અંગ્રેજી માધ્યમ ધોરણ ૧ થી ૩ સુધીની મીડલ સ્કુલ પ્રારંભ થઈ હતી. ત્યારબાદ ઈ.સ.૧૯૨૧માં મેટ્રિક (ધો.૧ થી ૭) સુધીની શાળા શરૂ કરવામાં આવી હતી.

કન્યાઓ માટે સમયાંતરે ઈ.સ.૧૯૭૦ થી ઈ.સ.૧૯૭૨ દરમિયાન એ.એ.મુલ્લા એન્ડ એમ. એ. નાના ગર્લ્સ શાળાની સ્થાપના કરવામાં આવી એજ રીતે ઈ.સ.૧૯૭૨માં પીપરડીવાલા ઈંગ્લિશ મિડીયમ પ્રાથમિક શાળા અને ત્યારબાદ ઈ.સ.૧૯૮૦માં હાઈસ્કૂલની શરૂઆત થઈ અને ઈ.સ.૧૯૮૯માં હાયર સેકન્ડરી શાળાની સ્થાપના કરવામાં આવી હતી.

અહીં શાળા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના કેળવણી ક્ષેત્રે, રમત–ગમત ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે જેવા વિવિધ ક્ષેત્રે અનેરી સિદ્ધિના દ્વાર ખોલીને અવિરત પ્રગતિનાં પંથે આગવું પ્રદાન કરી રહી છે.

" અહી શિક્ષણની સુવાસ છે,
અહીં દિવ્ય ભવિષ્યનો આભાસ છે,
આ એમ.એમ.પી. બહુ ખાસ છે....
અહીં હંમેશા મળ્યું વિદ્યાનું ધન જ છે,
અહીં જ્ઞાન છે, "વિજ્ઞાન" છે,
અને નાનાઓને મોટાઓ માટે સન્માન છે,
આ એમ.એમ.પી. બહુ–ખાસ છે.
– હર્ષ સોલંકી ( R. J. Radio Mirchhi)


**સ્થાપકો અને દાતાઓ :**

આ શાળાની સ્થાપના ઈ.સ.૧૮૬૬માં કરવામાં આવી હતી.

બર્મા દેશના મોલમીના બંદરના શાહ સોદાગર મર્હૂમ (સ્વર્ગસ્થ) શ્રી હાસમ ઈબ્રાહીમ પીપરડીવાલા અને શ્રી ઈસ્માઈલ ઈબ્રાહીમ પીપરડીવાલાએ રૂપિયા ૫,૦૦,૦૦૦/– નું દાન આપી ટ્રસ્ટ બનાવ્યું હતું.

ઈ.સ.૧૮૯૫ પીપરડીવાલા પરિવારના દોહિત્ર – 'હાજી સાહેબ' શેઠશ્રી અહમદ આજમ ઈસ્માઈલ સાહેબે નવી દિશા આપી, શિક્ષણક્ષેત્ર વિકાસ કૂચ આગળ વધારી હતી.

## બાઈ પીરોજબાઈ માણેક પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ




**પ્રસ્તાવના :**

ઈ.સ.૧૯૧૨ના અંગ્રેજ શાસનકાળ દરમિયાન સ્ત્રીઓની સ્થિતિ કફોડી હતી. સ્ત્રીઓને સતત પડદામાં રહેવું પડતું હતું. બાહ્ય જગત સાથે જોડાવવાનો અવકાશ જ ન હતો. આવા કપરાકાળમાં કન્યા શિક્ષણની તો વાત જ શી કરવી? પરંતુ આવા

ગુલામીકાળના સમયે ૧૦૯ વર્ષ પૂર્વે સ્ત્રી કેળવણીના ઉચ્ચ વિચાર ધરાવતી આ ધન્ય અને દીર્ઘદ્રષ્ટા નારીએ કન્યા કેળવણી માટે આ સંસ્થાની સ્થાપના કરી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ શાળાની સ્થાપના ૧૨મી સપ્ટેમ્બર ૧૯૧૨ના રોજ કરવામાં આવી હતી.

પારસી સમાજની બાળાઓ માટે અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવા પોતાના ફુઈજીનું મકાન બાઈ પીરોજબાઈની સખાવત રૂપે જાહેર કર્યું હતું. સ્ત્રી શિક્ષણના હિમાયતી અને આદર્શને વરેલા સન્નારી મહિલા પીરોજબાઈનું સ્વપ્ન આ રીતે કુલ ૧૨ વિદ્યાર્થીનીઓની સંખ્યા સાથે ચરિતાર્થ થયું હતું. આરંભ કાળે માત્ર પારસી બાળાઓને જ પ્રવેશ મળતો હતો.

સમગ્ર દેશ જયારે સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ચળવળની પરાકાષ્ઠા રૂો "૧૯૪૨ની હિંદ છોડો"ની ચળવળથી ઉત્તેજીત હતો અને દેશની આઝાદી હાથવેંત હતી, ત્યારે આ નાનકડી શાળાના નવોદ્ધારનું કાર્ય ત્યારના પ્રમુખશ્રી બરજોરજી વકીલે સંભાળ્યું. પાંચક વર્ષમાં દેશ આઝાદ થયો. "સ્ત્રી કેળવણી" વિકાસને અગ્રિમતા મળ્યાથી આ શાળાને લઘુમતી શાળા અનુદાન (ગ્રાંટ) મેળવતી સંસ્થા તરીકે માન્યતા પ્રાપ્ત થઈ હતી. પરંતુ એ સાથે જ સંસ્થા દ્વારા અન્ય કોમની બાળાઓને પણ શિક્ષણનો લાભ આપવામાં આવતો થયો.

શાળાનું સંચાલન સને ૧૯૪૮માં "એજયુકેશન બોર્ડ'ના સ્થાને "પારસી પંચાયત બોર્ડ સુરત"ના નેજા હેઠળ સંસ્થા કાર્યરત થઈ હતી.

આ શાળા વિવિધ શૈક્ષણિક ગુણવત્તા સભર શિક્ષણ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે રમત–ગમત, વિજ્ઞાન ક્ષેત્રે, સ્કાઉટ, બેન્ડ પ્રવૃત્તિ વગેરે વિવિધ પ્રવૃત્તિઓ થકી વર્તમાન પરિપેક્ષમાં પણ પ્રગતિના પંથે અવિરત કાર્યરત રહી છે.

પારસી સન્નારી

બાઈ પીરોજબાઈ માણેકજી પટેલ

"જેમણે સુરતની દીકરીઓને

એક વિશાળ આકાશ આપ્યું."

મરહૂમ શેઠ એદલજી કુંવરજી પટેલ

(સિંગણપોરવાલા)

"જેમના પ્રયાસ અને પ્રયત્નોથી

સ્ત્રી કેળવણીની એક નવી દિશા ખૂલવા પામી".

**સ્થાપકો અને દાતાઓ :**

આ સંસ્થાની સ્થાપના ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૧૨ના રોજ કરવામાં આવી હતી. એ સમયે ઓર્કનજના સ્થાપક સિંગણપોર નિવાસી શેઠ એદલજી કુંવરજી પટેલે સુરતમાં પારસી બાળાઓ માટે અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવા પોતાની ફુઈનું મકાન બાઈ પીરોજબાઈએ દાનમાં આપ્યું હતું.

## શ્રી વાંકલ સાર્વજનિક કેળવણી મંડળ, વાંકલ સંચાલિત
## શ્રી એન.ડી. દેસાઈ સાર્વજનિક હાઈસ્કુલ, વાંકલ

**પ્રસ્તાવના :**

સુરત જિલ્લાનાં માંગરોળ તાલુકાનાં અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં આવેલ વાંકલ ગામમાં નાગરિકોની આર્થિક સ્થિતિ અને સામાજિક પરિસ્થિતિ સુધરે એ હેતુથી બાળકોને શિક્ષણ આપી સમાજનાં અન્ય બાળકોની હરોળમાં લાવવા શિક્ષણનાં પ્રચાર અને પ્રસારનાં શુભાશયથી આ સંસ્થા કાર્યરત છે. જાગૃત વાલીનાં સાથ–સહકાર અને પ્રોત્સાહન આ સંસ્થાની ધરોહર છે. સમાજને શિક્ષિત, તંદુરસ્ત અને આગવી છાપ ઉપસાવે છે. એવો બનાવવો હોય શાળાનાં સર્વાંગી વિકાસમાં સમાજે સહભાગી થવું રહ્યું. આદિવાસી વિસ્તારની આ શાળામાં અભ્યાસ કરતાં બાળકોની શૈક્ષણિક ભૂખની સંતોષવા અને સર્વાંગી વિકાસનાં કાર્યરૂપી યજ્ઞમાં મંડળ, સમાજ, વાલીઓનો સહાયારો પ્રયાસ શાળાને વિકાસ અને સફળતા આપે છે. આગવી ઓળખ રાખે છે, શાળા સ્થાપના સમયે ગામની વસતિ ૩૦૦૦ જેટલી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

સને ૧૯૬૦માં શાળાની શરૂઆત થઈ. સને ૨૦૦૪માં શ્રી વાંકલ સાર્વજનિક કેળવણી મંડળ દ્વારા ધો.૯ અને ૧૦ માટે સ્વનિર્ભર શાળા શરૂ કરવામાં આવી. જેમાં ૦૮ વર્ગો છે. ૫૦૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. સને ૨૦૧૫–૧૬માં વાંકલ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ શરૂ કરવામાં આવી. જેમાં ૨૦૮ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. પ્લે ગ્રૃપથી ધો.૬ સુધીનાં વર્ગો ચાલુ છે. જે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે છે. ભારત સરકારનાં નીતિ આયોગ દ્વારા "અટલ ઈનોવેશન મીશન" અંતર્ગ "અટલ ટીકરીંગ લેબ" શાળમાં કાર્યરત છે.

હાલમાં શાળાને સમાજ અને સરકારનાં સહયોગથી ધો.૯ થી ૧૦નાં ૧૨ વર્ગ, ધો.૧૧ થી ૧૨નાં ૧૬ વર્ગ (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ) અને ધોરણ ૧ થી ૮ નાં ૧૫ વર્ગો (પ્રાથમિક વિભાગ) તેમજ ૧૫૦ આદિવાસી કુમાર છાત્રાલયનાં ૧૫૦ આદિવાસી બાળકો અભ્યાસ કરે છે. N.C.V.T. દિલ્હી માન્ય આઈ.ટી.આઈ. કોલેજ સંસ્થાએ ચાલુ કરી છે. જેમાં વાયરમેન અને ફીટરનાં કોર્ષ ચાલુ છે. શિક્ષણની માંગને પહોંચી વળવા કટિબધ્ધ આ મંડળ આદિવાસી વિસ્તારની શૈક્ષણિક મિશાલ છે. જેમાં ગુજરાતી–અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ અપાય છે. છાત્રાલયની વ્યવસ્થા છે. આઈ.ટી.આઈ. કોલેજ છે. જેમાં વ્યવસાયલક્ષી શિક્ષણ આપી પગભર બનાવવા કટિબધ્ધ કરાય છે.

**દાતાશ્રી :**

શ્રી વાંકલ સાર્વજનિક કેળવણી મંડળનાં ટ્રસ્ટીશ્રીઓ અને સરકારશ્રીનું અનુદાન તથા જાગૃત વાલીઓ.

# આદર્શ કેળવણી મંડળ સંચાલિત
# શ્રી વી.એસ. પટેલ હાઈસ્કૂલ, કોસંબા

**પ્રસ્તાવના :**

સુરત જિલ્લામાં આવેલું કોસંબા ગામમાં ૬૮ વર્ષની સુદીર્ઘ મજલ કાપીને આ વિદ્યાધામ વટવૃક્ષ બની વિસ્તરણ પામ્યું છે. નાનકડા બીજમાંથી બનેલું આ વટવૃક્ષનાં છાયામાં અનેક વિદ્યાર્થીઓનાં ભવિષ્યનાં પાયા નંખાયા છે. વણથંભી વિકાસયાત્રાનું સ્વામી બન્યું છે.

**સ્થાપના અને ઈતિહાસ :**

શાળાનો પ્રારંભ સને ૧૯૫૨માં ૨૭ વિદ્યાર્થી સાથે થયો. (માધ્યમિક વિભાગ) સને ૧૯૫૫માં સ્વ.શ્રી વિઠ્ઠલભાઈ શિવાભાઈ પટેલનાં માતબર દાનથી શાળાનું નામ વી.એસ. પટેલ હાઈસ્કૂલ રાખવામાં આવ્યું. સને ૧૯૭૧ માં અલગથી કન્યા વિદ્યાલયનો વિભાગ અસ્તિત્વમાં આવ્યો. ૧૯૮૮માં એમ.એમ. કરીડીયા પ્રાથમિક શાળા, શ્રી વી.એસ. પટેલ હાઈસ્કૂલથી અલગ થઈ ભગિની સંસ્થા બની. ગં.સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ પુણ્ય સ્મૃતિમાં બાલમંદિર બન્યું. ૧૯૭૬માં ઉચ્ચતર માધ્યમિક વિભાગની શરૂઆત થઈ. વર્ષ ૨૦૧૭માં સાયન્સ કોલેજની શરૂઆત ૧૨૦ વિદ્યાર્થીથી કરી. કોમર્સ કોલેજની શરૂઆત ૨૦૧૮માં થઈ. સ્વનિર્ભર કોલેજ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે.

હાલમાં બાલમંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા તથા સાયન્સ અને કોમર્સ કોલેજનાં અલગ અલગ મકાન દાતાશ્રીનાં સહયોગથી ઉપલબ્ધ છે. માત્ર કોલેજ સિવાયનાં તમામ વિભાગોમાં સરકારશ્રીનું અનુદાન પ્રાપ્ત થાય છે. કુલ ૨૭૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. આદર્શ કેળવણી મંડળ કોસંબા Bombay Public Trusts Act, 1950 માં રજીસ્ટર્ડ થયેલ છે. જેનો નં. E-1244 છે. શાળામાં અદ્યતન કોમ્પ્યુટર અને સાયન્સ લેબ છે.

૨૬ મી જાન્યુઆરીનાં ૨૦૦૧ નાં વિનાશક ભૂકંપના કારણે શાળાની ભૌતિક સંપદાને ભારે નુકશાન થયેલું પરંતુ ક્રમશઃ શાળાનાં તમામ મકાનો ઉતારી અદ્યતન સુવિધા સજજ બનાવવામાં આવ્યા. જે મંડળ અને દાતાઓને આભારી છે.

**દાતાશ્રી :**

- ❖ સ્વ. વિઠ્ઠલભાઈ શિવાભાઈ પટેલનું માતબર દાન
- ❖ સ્વ. ગંગાબેન વિઠ્ઠલભાઈ પટેલ – બાલ મંદિર માટીદાન
- ❖ આદર્શ કેળવણી મંડળનાં ટ્રસ્ટીશ્રીઓ
- ❖ સરકારશ્રીનું અનુદાન

## ગ્રામ સેવા સમાજ વાંકલ

**પ્રસ્તાવના :**

સંસ્થા માંગરોળ તાલુકાનાં ઉડાણનાં વિસ્તારમાં આવેલ. જયાં આદિજાતિ સમાજની વસ્તીનાં કારણે શિક્ષણનું પ્રમાણ અને જ્ઞાન નહિવત હોય, ટ્રસ્ટ ગામે ગામ જઈ શિક્ષણની સમજ ઊભી કરવામાં આવી. કન્યા શિક્ષણ માટે સમાજ તૈયાર ન હોય જહેમત ઉઠાવી શિક્ષણની શરૂઆત કરાવવા આ સંસ્થાએ અથાક પ્રયત્ન કર્યા. સ્વ–રોજગારીની તકો પૂરી પાડવી અને કન્યા શિક્ષણ, કન્યા છાત્રાલયનાં સ્પષ્ટ અભિગમ સાથે આ સંસ્થા કાર્યરત છે. પતરાંનાં શેડથી શરૂ કરેલ શાળા હાલમાં અદ્યતન શૈક્ષણિક સાધનો સાથે સુસજજ સંસ્થા બની છે.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ સંસ્થાની વિવિધ ભગિની સંસ્થા છે.

(૧) બોરસદ દેગડીયા આશ્રમ શાળા, તા.માંગરોળ, જિ. સુરત સને ૧૯૬૭માં ધો.૧ થી ૭ નાં ૧૫૦ બાળકો માટેની નિવાસી મિશ્ર આશ્રમશાળા દેગડી ગામે શરૂ કરી. ક્રમિક વર્ગો વધ્યા હાલ ૨૬૦ આદિજાતિનાં છોકરાં છોકરી અભ્યાસ કરે છે.

(૨) આશ્રમશાળા પાતલદેવી, તા.માંગરોળ, જિ.સુરત. સને ૧૯૮૦માં સરકારની માન્યતાથી નિવાસી આશ્રમ શાળા ધો.૧ થી ૭ ૧૨૦ બાળકોથી શરૂ કરી. જેમાં હાલ ધો.૯ સુધીની માન્યતા મળી છે. ૧૯૦ આદિજાતિનાં બાળકો શિક્ષણ મેળવે છે.

(૩) કસ્તુરબા માધ્યમિક કન્યા છાત્રાલય, વાંકલ. ૨૦ વિદ્યાર્થીની સાથે છાત્રાલયની શરૂઆત કરવામાં આવી. હાલ ૧૩૭ કન્યા વિદ્યાર્થીની અભ્યાસ કરે છે.

દાતાઓ તરફથી મળતી આર્થિક મદદથી શાળામાં ભૌતિક સુવિધા ઉભી કરાય છે. અંતરિયાળ વિસ્તારમાં આદિજાતિ સમાજમાં શિક્ષણનાં અભાવે અંધશ્રધ્ધા, વહેમો, કુરિવાજો, રૂઢિઓ, માન્યતાઓ, વ્યસનોની બદી વ્યાપી હતી. જે સંસ્થાના શૈક્ષણિક વાતાવરણની અસરને કારણે આદિવાસી સમાજનાં પરિવારનાં જીવન ધોરણમાં સુધારો થયો. વિચાર, વાણી, વર્તનમાં પરિવર્તન આવ્યું છે.

**દાતાશ્રીઓ :**

- સ્વ. રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી
  આદિજાતિ આગેવાન અને માજી ધારાસભ્ય
- સરકારશ્રીનું અનુદાન

## ગંગાધરા સહકારી કેળવણી મંડળ લિ. સંચાલિત
## ગંગાધરા હાઈસ્કૂલ, ગંગાધરા

**પ્રસ્તાવના :**

ગુલામીની જંજીરોમાં પીડાતી સુરત જિલ્લાની આ વિભાગની પ્રજાની જ્ઞાન અને કેળવણીની ભૂખ હતી. તો સાંપ્રત સમયની તાતી જરૂરિયાત હતી. સ્વતંત્રતાની ચળવળ ચાલુ હતી. પૂરા ભારતનું વાતાવરણ ડામાડોળ હતું. લોકજાર્ગતિની પ્રવૃત્તિઓ પૂરા જોશથી ફેલાયેલી હતી. ત્યારે દેશ વિશાળ હતો પણ ગુલામ પરાધીન હતો. વસતિ ૩૦ કરોડ હતી. નામ હિન્દુસ્તાન હતું. પરાધીન દશામાં પણ ત્યારે આશા–અરમાનોની તાજગી ગૌરવ અને પવિત્રતા હતા. જરૂર હતી માત્ર જ્ઞાન અને કેળવણીની. આઝાદ લોકશાહી તરફ ધીમા છતાં

મકકમ પગલે આગળ વધવા હિન્દુસ્તાનની ધરોહર સમા આ વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનું ભગીરથ કાર્ય કેટલીક વ્યકિત વિશેષનો ઉત્કૃષ્ટ ભાવનાને સાકાર રૂપ આપવામાં અને શિક્ષણને પ્રાધાન્ય આપવાનાં સંનિષ્ઠ પ્રયાસ રૂપે થયો.

**સ્થાપના અને ઈતિહાસ :**

સને ૧૯૨૪માં એપ્રિલ માસમાં સંસ્થાનાં બીજ રોપાય, ગાયકવાડ સરકારને જવાબદારી સોંપાય, જે "ગંગાધરા મીડલ સ્કુલ" તરીકે રહી. જે માટે દેણગી રૂપે ૧,૦૦,૦૦૦/– રૂા. શ્રી સયાજીરાવ ગાયકવાડને ચૂકવ્ય. એપ્રિલ ૧૯૨૫ થી ધો.૧ થી ૫નાં વર્ગો ખોલવામાં આવ્યા. હુન્નર ઉદ્યોગનું શિક્ષણ ચાલુ કરાયું. સને ૧૯૩૩ એપ્રિલમાં ગાયકવાડ સરકારની દેખરેખમાં મેટ્રીક સુધીનાં વર્ગો ચાલુ કરાયા. સને ૧૯૪૦માં સ્વાતંત્ર્ય ચળવળમાં શાળાનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. શિક્ષણ કાર્ય બંધ કરાયું. ઈ.સ.૧૯૪૨માં શાળાનું શિક્ષણ ફરી ચાલુ કરાયું. ગાયકવાડ સરકાર રાજય અખંડ ભારતનાં સંઘ પ્રદેશમાં જોડાતા આ શાળાનો વહીવટ મુંબઈ રાજય સરકાર હસ્તક આવ્યો. મુંબઈ સરકારનું કેળવણી ખાતું, નાણાંની તંગી બતાવી શાળા બંધ કરવાનું ફરમાન કરતી રહી. ત્યારે કેળવણીનાં સંચાલકોએ ૧૭મી એપ્રિલ ૧૯૪૯માં "ગંગાધરા સહકારી કેળવણી મંડળ" ની સ્થાપના કરી. જે ગુજરાતની નહિ પરંતુ આખા ભારતની એકમાત્ર સહકારી ધોરણે ચાલતી સંસ્થા બની. તા.૪/૫/૧૯૫૧ થી કાર્યકરત સંસ્થા એ મકાનનું બાંધકામ કરી નવા વર્ગો ચાલુ કર્યા. જે ૧૯૬૬ સુધી વિસ્તરણ પામ્યાં. જેનો સંપૂર્ણ વહીવટ સંસ્થા સંભળાતી થઈ. અનેક મકાનો અસ્તિત્વમાં આવ્યા અને ગુલામ ભારતમાં નાંખેલા બીજ આઝાદ ભારતમાં ફૂલીફાલી વટવૃક્ષ બની છાંયડો પ્રસરાવતા બન્યા. જે.ડી. પટેલ ટેક્નીકલ સેન્ટરની સ્થાપના થઈ મહિલા પી.ટી.સી. કોલેજની અને કન્યા છાત્રાલયની સ્થાપના થઈ.

**દાતાશ્રી :**

- ❖ સને ૧૯૪૯માં "ગંગાધરા સહકારી કેળવણી મંડળ" ની સ્થાપના કરવામાં આવી.
- ❖ ૧૯૫૭–૫૮માં સ્વ. ઠાકોરભાઈ ખુશાલભાઈ પટેલે શાળા નજીકની ૧" વીઘાં જમીન મંડળને ભેટ આપી.

❖ "પારિતોષિક પ્રદાન મંડળ"ની સ્થાપના થઈ. જેમાં ૪૦,૦૦૦ રૂા. ઈનામો અપાય. જેનું ફંડ એકત્ર થાય છે.

❖ સને ૧૯૬૬ થી ૬૯ સુધી પરદેશથી ફંડ ભેગું કરાયું.

❖ સ્વ. સવિતાબેન નાથુભા પટેલની સ્મૃતિ અદ્યતન કોમ્પ્યુટર લેબનું નિર્માણ કરાયું. જેમાં ૫૦ કોમ્પ્યુટર મળ્યા.

❖ "હરિધ્યાન સ્મૃતિ ભવન" નિર્માણ પામ્યો. જેમાં ૨૦૦૦ પ્રેક્ષકો બેસી શકે છે. દાતાશ્રીનાં અને કેળવણી મંડળનાં સહકારથી બન્યો.

❖ અદ્યતન પુસ્તકાલય, પ્રયોગખંડ, કોમ્પ્યુટર લેબનું દાન સમાજનાં મોવડીઓ દ્વારા મળેલ છે.

## સુરત એજયુકેશન સોસાયટી, સંચાલિત
## આઈ.સી. ગાંધી હાઈસ્કૂલ, સુરત

**પ્રસ્તાવના :**

સુરત શહેર સ્ટેશનની આજુબાજુનાં વિસ્તારમાં શૈક્ષણિક સવલતો નહિવત હતી. વસતિ કુદકે ને ભૂસકે વધતી જતી હતી. શૈક્ષણિક સંસ્થાઓ પ્રમાણમાં ઓછી હોય શાળા પ્રવેશ સમયે વાલીની હાલત કફોડી થતી હતી. આવા કપરા સમયમાં શહેરનાં સેવાભાવી નાગરિક સ્વ. શંભુભાઈ વી. પટેલે તેનો હલ શોધવા મથામણ કરી, શિક્ષણ પ્રેમી અને અનેક વેપારી મિત્રો સાથે મળી શિક્ષણ સંસ્થા સ્થાપવાનો શુભ વિચાર રજુ કર્યો.

"શિક્ષણ હી સબસે અચ્છા મિત્ર હૈ
શિક્ષિત મનુષ્ય હર જગહ આદરણીય હૈ
શિક્ષણ સુંદરતા ઔર યૌવન કો ભી પરાસ્ત કર શકતા હૈ".

"ચાણકય"

ઉપરોકત ઉકિત અનુસાર શિક્ષણનું જ મહત્ત્વ સાંપ્રત સમયમાં હોય, સમાજની માંગને પૂરી કરવા આ સંસ્થાની સ્થાપના થઈ. સમાજનાં કોઈપણ જાતનાં ભેદભાવ વિના શિક્ષણ અને સંશોધન આપતી સંસ્થા બની.

**સ્થાપના અને ઈતિહાસ :**

સને ૧૯૬૫ની ૨૩ મી ફેબ્રુઆરીએ સ્થાપના થઈ. સુમલ ડેરી રોડ (સુરત) ખાતે ભવ્ય ભવનનું નિર્માણ થયું. આર્થિક રીતે જોતાં આ ભગીરથ કાર્ય હતું. શાંતિ નિકેતન કો.ઓ. સોસાયટીનાં હોદ્દેદારો એ ૪૦૦૦ વાર જમીન આપી શિક્ષણ ધામના નિર્માણમાં પાયાની ઈંટ જેવું કાર્ય પૂર્ણ કર્યું.

સને ૧૯૬૬માં ૨૬૬ વિદ્યાર્થી સાથે શરૂ કરેલ શાળાની સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ તથા વિનયન પ્રવાહ સુધીનાં વર્ગો ચાલુ કરી તો સંસ્થાએ કોમર્સ કોલેજનું (સી.ડી. બરફીવાલા) પદાર્પણ કરી શહેરને શિક્ષણ સંસ્થાની ભેટ આપી. જે શહેરમાં અને રાજયમાં ગૌરવવંતી સંસ્થા બની રહી.

**દાતાશ્રી :**

- સ્વ. શંભુભાઈ વી. પટેલે "સુરત એજયુકેશન" સોસાયટીની સ્થાપના કરી.
- આઈ.સી. ગાંધી સિલ્ક મિલનાં માલિક ગમનભાઈ ગાંધીએ સ્વ. પિતાશ્રીનાં સ્મરણાર્થે રૂ.૭૫૦૦૦/–નું માતબર દાન આપી શાળાની સ્થાપનામાં મહત્તમ ફાળો આપ્યો. જેથી શાળાનું નામ આઈ.સી. ગાંધી રાખવામાં આવ્યું.
- શાંતિનિકેતન કો. ઓ. સોસાયટીનાં હોદ્દેદારોએ ૪૦૦૦ ચો. વાર જમીનનું દાન આપ્યું. જેના પર ભવન સ્થિત બન્યું.
- સરદારનગર સોસાયટીએ ૨૫૦૦૦/– નું દાન આપ્યું.
- સુરૂચિ ટ્રસ્ટની સ્થાપના કરી અનેક શૈક્ષણિક સંસ્થા ઊભી કરાય. જેમાં આઈ.સી. ગાંધી સ્કુલ, સી.ડી. બરફીવાલા કોલેજ, એમ.જી. સીંગાપુરી સ્કુલ, સલાબતપુરા હાઈસ્કૂલ, બ્રાઈટ લેન્ડ ઈંગ્લીશ સ્કુલ, મહિધરપુરા અર્બન હાઈસ્કૂલ, એસ.વી. પટેલ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ.
- સરકારશ્રીનું અનુદાન

# લેડી કીકાભાઈ પ્રેમચંદ ગ્રંથાલય

**પ્રસ્તાવના :**

પાષાણ યુગથી અંતરિક્ષયુગ સુધી માનવીએ જે કંઈ પ્રગતિ કરી છે તેમાં જ્ઞાને મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. ૧૮ મી સદીમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિએ સામાન્ય જનતાને પોતાના અધિકારો માટે જાગૃત કર્યા. આ જાગૃતિએ વ્યકિત, સમાજ અને રાષ્ટ્રને માટે જ્ઞાનવાહક ગ્રંથોનો ઉપયોગ જરૂરી બનાવ્યો. ૧૯ મી સદીમાં શૈક્ષણિક ગ્રંથાલયોનો શિક્ષણના એક મુખ્ય સાધન તરીકે ઉદ્દભવ થયો. આ ગ્રંથાલયો જ્ઞાનની પરબ અને સંસ્કૃતિનું સંરક્ષણ કરનાર છે.

ગ્રંથાલય એ જ્ઞાનનો મહાસાગર છે કેમકે તેમાં અનેક પ્રકારની જ્ઞાનરૂપી નદીઓ એકઠી થાય છે. શિક્ષણના ઉદ્દેશોને પાર પાડવામાં આ શૈક્ષણિક ગ્રંથાલયો મહત્ત્વના બની રહે છે. આજે ગ્રંથાલય એ શૈક્ષણિક સંસ્થાના હૃદય સમાન અવિભાજય અંગ છે. ગ્રંથાલયના સહયોગ વિના શૈક્ષણિક સંસ્થાઓ તેના લક્ષ્યાંકો સિદ્ધ કરી શકતી નથી.

**સ્થાપના અને ઈતિહાસ :**

સાર્વજનિક એજયુકેશન સોસાયટી દક્ષિણ ગુજરાતના શૈક્ષણિક ઈતિહાસનું એક સુવર્ણ પૃષ્ઠ છે. સોસાયટીએ તેની વિકાસયાત્રામાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી અને દક્ષિણ ગુજરાતની શૈક્ષણિક આવશ્યકતાઓ સંતોષી છે, જે આજે એક ઘટાદાર વૃક્ષ બની ફૂલ્યું–ફાલ્યું છે. આ સંસ્થાની એમ.ટી.બી. આર્ટ્સ અને સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સનું સહિયારું ગ્રંથાલય એટલે 'લેડી કીકાભાઈ પ્રેમચંદ ગ્રંથાલય'. સોસાયટીની પ્રતિષ્ઠા અનોખી છે. ગુજરાતમાં કોલેજ કક્ષાએ આ ગ્રંથાલય જૂનામાં જૂનું અને સાહિત્ય કે જ્ઞાનસામગ્રીની દ્રષ્ટિએ ભવ્ય છે. આમ તો કોલેજની સ્થાપના સાથે તેનાં ગ્રંથાલયની સ્થાપના થતી હોય છે. તેવી રીતે આ ગ્રંથાલય પ્રથમ એક ઓરડામાં સ્થપાયું હતું.

સાર્વજનિક એજયુકેશન સોસાયટીના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી માટે કે.પી. કોમર્સના મુખ્યદાતા કીકાભાઈ પ્રેમચંદના પત્ની લેડી કીકાભાઈ પ્રેમચંદના નામે લાઈબ્રેરીની અલગ સુવિધા કરવામાં આવી. આ મકાનની કિંમત લગભગ ૬૧,૦૦૦ રૂપિયા હતી. લેડી

કીકાભાઈ પ્રેમચંદનું આ પ્રદાન તેમના કુટુંબમાંથી સૌથી વધુ મહત્ત્વનું ગણાય એવું હતું. તેઓ એક નવૈચારિક વિચાર ધરાવનાર સ્ત્રી હતાં. તેઓ અનેક સ્ત્રીસંસ્થાનોને ફાળો આપી સહાયરૂપ બન્યાં. વિદ્યાર્થીઓને વાંચવા માટે જગ્યા અપૂરતી હતી. સોસાયટીના તે સમયનાં પ્રમુખ શ્રી કીકાભાઈ પ્રેમચંદે આ અનુભવ્યું. કોલેજની જરૂરિયાતને અનુરૂપ ગ્રંથાલય બનાવવા ૧૯૩૭માં રૂા.૬૧,૦૦૦/– નું માતબર દાન ઉદાર હાથે આપ્યું. તે સમયે આ દાનની રકમ ખૂબ જ મોટી હતી. આ રકમથી ગ્રંથાલય માટે નવી ભવ્ય ઈમારત બનાવવામાં આવી. જેને 'લેડી કીકાભાઈ પ્રેમચંદ ગ્રંથાલય' નામ આપવામાં આવ્યું. આ ભવનની ઉદ્દઘાટન વિધિ ૧૨મી ડિસેમ્બર ૧૯૩૮ના રોજ તે સમયના મુંબઈ રાજયના રાજયપાલશ્રી સર રોજર લુમ્લીના વરદ હસ્તે થઈ હતી.

ગ્રંથાલયની સ્થાપના બાદ શ્રી મોતીભાઈ ડાહ્યાભાઈ ઝવેરીએ કોલેજ ગ્રંથાલયને રૂા.૫,૦૦૦/– ની કિંમતના પુસ્તકો આપેલાં અને અમુક વર્ષો સુધી દર વર્ષે રૂા.૫૦૦/–નું અનુદાન આપવાનું વચન આપ્યું. પ્રો. એમ.પી. દવેએ તેમની વાર્ષિક આવકમાંથી રૂા.૧,૨૦૦/–ની રકમનાં સંસ્કૃતનાં પુસ્તકો ગ્રંથાલયને ભેટ આપ્યા. ગ્રંથાલયના વિકાસ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ કરવા આચાર્ય શ્રી ગાડગીલ અને દીવાન બહાદુર ગાંધીએ રૂા.૭,૫૦૦/– ભેગા કર્યા. ધરમપુરના વિદ્યાપ્રેમી મહારાજે રૂા.૬,૦૦૦/– ની સખાવત આપી. આ ઉપરાંત આ ગ્રંથાલયના વિકાસમાં ઉદાર હાથે દાન આપનાર દાતાઓમાં શેઠ વિઠ્ઠલદાસ ચોકસી અને સીએદના તહેર જેવા અનેક દાનવીરોનો સમાવેશ થાય છે. ગ્રંથાલયની સ્થાપના સમયે આ સખાવત, દાન અને ગ્રંથોએ ગ્રંથાલયની સમૃદ્ધિમાં વૃદ્ધિ કરી.

લેડી કીકાભાઈ પ્રેમચંદ ગ્રંથાલયમાં વાચકો સરળતાથી આવતાં–જતાં આમ, સ્થળ અને ભવનની દ્રષ્ટિ એ 'લેડી કીકાભાઈ પ્રેમચંદ ગ્રંથાલય' એક આદર્શ શૈક્ષણિક ગ્રંથાલય છે. જેમાં એક સાથે ૧૫૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ સાથે બેસી પોતાનું અધ્યયન કાર્ય કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી. ગ્રંથાલયનો વાચનખંડ શરૂઆતમાં સવારે ૮.૦૦ વાગ્યાથી રાતના ૧૦.૦૦ વાગ્યા સુધી ખુલ્લો રાખવામાં આવતો. આ વાચનખંડમાં વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી.

લેડી કીકાભાઈ પ્રેમચંદ ગ્રથાલયને આ નવી ટેક્નોલોજીથી સુસજ્જ કરવાનો પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા. ગ્રંથાલયમાં વર્ષ ૨૦૦૨ થી પુસ્તકોનો ડેટાબેઝ તૈયાર કરવાની શરૂઆત થઈ અને ગ્રંથાલયને કોમ્પ્યુટર, સોફટવેર, બારકોડ રીડર, પ્રિન્ટર અને ઈન્ટરનેટથી સજ્જ કરવામાં આવ્યું. ૭મી એપ્રિલ ૨૦૦૪ના રોજ વિધિવત રીતે ગ્રંથાલય સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝડ થયાની ઉજવણી કરવામાં આવી.

**સ્થાપકો અને દાતાઓ :**

- ❖ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીએ આ લાયબ્રેરીની સ્થાપના કરી.
- ❖ કે.પી. કોમર્સ કોલેજના દાતાશ્રી કીકાભાઈ પ્રેમચંદના પત્ની લેડી કીકાભાઈ પ્રેમચંદે ૧૯૫૭ માં રૂા.૬૧,૦૦૦/–નું માતબર દાન આપ્યું હતું.
- ❖ મોતીભાઈ ડાહ્યાભાઈ ઝવેરીએ રૂા.૫,૦૦૦/–ના પુસ્તકો આપ્યા હતાં.

## જી. એન્ડ જી.વી. કડીવાલા એન્ડ એમ.વી. બુનકી સાર્વજનિક હાઈસ્કૂલ

**પ્રસ્તાવના :**

સગરામપુરા, રૂદરપુરા અને રૂસ્તમપુરાના લત્તાઓમાં માધ્યમિક શાળાની ઘણી જ જરૂર હતી. કારણ કે ત્યાંના બાળકોને ઘણે દૂર સુધી શિક્ષણ માટે જવું પડતું હતું. આથી તે લત્તાના રહેવાસીઓની અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને આ લત્તામાં શાળા ખોલવાની ઈચ્છા હતી.

સોસાયટીના સંચાલકો પણ આ લત્તામાં શાળા ખોલવા આતુર હતા. તે માટે યોગ્ય દાન મળે તો જ તે થઈ શકે એમ હતું.

**સ્થાપના અને ઈતિહાસ :**

સને ૧૯૪૪માં દી.બ. ચૂનીલાલ ગાંધીના અથાગ પ્રયત્નો બાદ શ્રી મનહરલાલ ગાવર્ધનદાસ કડીવાલાની શુભ લાગણીથી ગાંડાભાઈ અને ગોવર્ધનભાઈ વિઠ્ઠલદાસ કડીવાલા જે જાણીતા ઉદ્યોગપતિ હતાં. તેમણે રૂા.૧૮,૪૪૦ અને ૨૦૦૦ ચોરસવાર જમીન દાનમાં આપી આથી જૂન ૧૯૪૫માં જી. એન્ડ જી. વી. કડીવાલા સ્કૂલ ખોલવામાં

આવી. શાળાની ઉદ્‌ઘાટન વિધિ શહેરના નગરપતિ શ્રી ચંપકલાલ જે. ઘીઆને હસ્તે થઈ. શાળામાં ધો.૫, ધો.૬ અને ધો.૭ ના એમ ત્રણ વર્ગો ખોલવામાં આવ્યા. શાળામાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૮૯ ની હતી. જેમાં ૨૦ વિદ્યાર્થિનીઓ હતી. આ શાળા કબીર મંદિરના ભાડાના મકાનમાં શરૂ કરવામાં આવી.

સુરત શહેરના સગરામપુરા રૂસ્તમપુરા, રૂદરપુરા વિસ્તારમાં માધ્યમિક શાળા શરૂ કરવા સાર્વજનિક સોસાયટીના અને આ વિસ્તારના લોકોએ વિચાર્યું.

શ્રી કડીવાલાના સંબંધી શ્રી મોહનભાઈ વલ્લભભાઈ બુનકી અને ફુલકોરબેન બુનકી તરફથી ૧૫૦૦૦/– રૂપિયાનું દાન પ્રાપ્ત થયું હતું. અન્ય મિત્રો અને સંબંધીઓ તરફથી પણ ૩,૦૦૦/– રૂપિયાનું દાન પ્રાપ્ત થયું.

ધીમે ધીમે શાળાએ સારી પ્રગતિ કરી. જૂન ૧૯૪૭માં શાળામાં વિદ્યાર્થીની સંખ્યા ૨૩૪ ની થઈ. સને ૧૯૫૯માં વર્ગોની સંખ્યામાં ૧૦ અને વિદ્યાર્થીઓની સંખ્યા ૪૨૧ ની થઈ. આ વર્ષમાં શાળાએ સાંસ્કૃતિક પ્રવૃત્તિ, સ્કાઉટ, એન.સી.સી. અને ડ્રોઈંગ જેવી પરીક્ષાઓમાં પણ ભાગ લીધો.

શાળાનું ભાડાનું મકાન જે કબીર મંદિરમાં હતું તે નાનું તેમજ સંતોષકારક ન હતું. વળી ત્યાં સેનેટરી વ્યવસ્થા અને આજુબાજુનું વાતાવરણ પણ યોગ્ય ન હતું. તેમજ સંખ્યાની દ્રષ્ટિએ આ શાળામાં પૂરતા વર્ગો ન હતાં. આ હકીકત ધ્યાનમાં રાખી સોસાયટીના સંચાલકોએ શ્રી કડીવાલા પાસેથી જે જમીન દાનમાં મળી હતી તેના પર મકાન બાંધવાનું નકકી કર્યું.

થોડા જ સમયમાં શ્રી સી. આર. દેસાઈ અને શ્રી હીરાલાલ નંદલાલ જરીવાલાના પ્રયત્નોથી શ્રી ગાંડાભાઈ ગોવર્ધનદાસ વિઠ્ઠલદાસ કડીવાળાએ બીજી ૧૮૬૬ ચોરસ વાર જમીન દાનમાં આપી. શ્રી મોહનલાલ વલ્લભરામ બુનકીએ તેમના સગાં વહાલાંઓ પાસેથી પણ રૂા.૧૮,૦૦૦/– ઉઘરાવી આપ્યા. શ્રી રાવબહાદુર ભીમભાઈ જાગીરદારે પણ રૂા.૧૫,૦૦૦/– દાનમાં આપ્યા તેમજ લત્તાઓવાસીઓએ પણ દાનની રકમ માટે મદદ કરી અને થોડાક સમયમાં રૂા.૯૫,૦૦૦/– ભેગા થયાં.

આ શાળાનું બાંધકામ શ્રી કડીવાળાએ દાનમાં આપેલી જમીન પર સને ૧૯૫૯માં શરૂ થયું અને તે થોડા સમયમાં સને ૧૯૬૦માં પૂર્ણ થયું. આ શાળાને જી.એન્ડ જી.વી. કડીવાલા એન્ડ એમ.વી. બુનકી સાર્વજનિક હાઈસ્કૂલ નામાભિધાન કરવામાં આવ્યું.

શાળાના નવા મકાનની ઉદ્દઘાટન વિધિ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ચેરમેન શ્રી સી.ડી. દેશમુખના હસ્તે થઈ. શ્રી સી.ડી. દેશમુખે સોસાયટીના ખૂબ વખાણ કર્યા અને તેને શહેરની તથા જિલ્લાની અગ્રગણ્ય સંસ્થા ગણાવી. તેમજ તેની અજોડ સિદ્ધિ વિશે પણ જણાવ્યું.

શાળાના નવા મકાનમાં ધોરણ ૧૧ સુધીના વર્ગો ખોલવામાં આવ્યાં અને શાળા નવેમ્બર ૧૯૬૦માં નવા મકાનમાં કાર્ય કરતી થઈ ગઈ.

સને ૧૯૬૭–૬૮ માં વિદ્યાર્થીઓના ઘસારાને લીધે તેમજ શાળાના નવા બાંધકામને લીધે કામચલાઉ પાળી પ્રથા દાખલ કરવામાં આવી. આ શાળાની આજુબાજુના વિસ્તારના લોકોની જરૂરિયાતને ધ્યાનમાં લઈને શાળામાં ડાઈંગ ટેક્નોલોજી અને ટેક્ષટાઈલ ટેક્નોલોજીના વર્ગો શરૂ થઈ ગયા. આમ શાળામાં વ્યવસાયી શિક્ષણનું માર્ગદર્શન અપાવા લાગ્યું.

**સ્થાપક – દાતાઓ :**

- ❖ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીએ આ શાળાની સ્થાપના કરી.
- ❖ આ શાળાને ગાંડાભાઈ અને ગોવર્ધનભાઈ વિઠ્ઠલદાસ કડીવાલા (ઉદ્યોગપતિ)એ રૂા.૧૮,૪૪૦/– અને ૨૦૦૦ ચો.વાર જમીન દાનમાં આપી તથા મોહનલાલ વલ્લભભાઈ બુનકી અને ફુલકોરબેન બુનકી તરફથી રૂા.૧૫,૦૦૦/–નું દાન પ્રાપ્ત થયું હતું.

# સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ

**પ્રસ્તાવના :**

વાણિજયના ઉચ્ચ શિક્ષણની આ સંસ્થા સર કીકાભાઈ પ્રેમચંદ કોલેજ ઓફ કોમર્સની સ્થાપના સાર્વજનિક એજયુકેશન સોસાયટીના વિકાસનું સીમાચિહન છે. સને ૧૯૪૬માં કોમર્સના ઉચ્ચત્તર અભ્યાસ માટે સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ શરૂ કરેલી આ નવી સંસ્થાના અસ્તિત્વ માટે સર કીકાભાઈ પ્રેમચંદ દ્વારા રૂા.૧,૦૦,૨૨૫/– ના ઉદાર દાન આપતી વેળા શરત કરેલી કે સોસાયટીએ બે વર્ષમાં આ કોલેજ શરૂ કરવી અને તેનું નામ સર કીકાભાઈ પ્રેમચંદ કોલેજ ઓફ કોમર્સ રાખવું.

**સ્થાપના અને ઈતિહાસ :**

સર કે.પી. કોમર્સ કોલેજની સ્થાપના સાર્વજનિક એજયુકેશન સોસાયટીના વૃદ્ધિ અને વિકાસના સીમા ચિહન રૂપ હતી. વાણિજયના ઉચ્ચ શિક્ષણની આ નવી સંસ્થા સર કીકાભાઈ પ્રેમચંદના ૧,૦૦,૨૨૫/– રૂપિયાના ઉદાર દાન અને સોસાયટીના પ્રમુખ અને સમાજના અગ્રણી સભ્યોના અથાગ પ્રયત્નોથી અસ્તિત્વમાં આવી.

સને ૧૯૪૫ના ઓગસ્ટમાં આ કોલેજ શરૂ કરવા મુંબઈ યુનિવર્સિટીને અરજી કરવામાં આવી. મુંબઈ યુનિવર્સિટીએ નીમેલી સ્થાનિક તપાસ સમિતિએ ૨૩ ડિસેમ્બર ૧૯૪૫ના રોજ સ્થળની મુલાકાત લીધી. યુનિવર્સિટીએ સોસાયટીને કોલેજને જોડાણ આપવાની અને બે વર્ષ સુધી વાણિજયનો અભ્યાસ શરૂ કરવાની પરવાનગી આપી.

૨૦ મી જૂન ૧૯૪૬ના રોજથી આ કોલેજ કાર્ય કરતી થઈ ગઈ. આ સમયે વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮૧ ની હતી. શ્રી સી.ડી. કલાર્ક જેઓ સોસાયટીના વાઈસ ચેરમેન હતા તેમણે આ સંસ્થા ખોલવામાં ઘણો જ અગત્યનો ફાળો આપ્યે હતો. સને ૧૯૫૦ના માર્ચમાં તેમનું દુઃખદ અવસાન થવાથી સુરત ડિસ્ટ્રિકટ કો. ઓપરેટિવ બેન્કે રૂા.૧૦,૪૦૦/– ફેલોશીપ માટે આપ્યા. આ કોલેજનું મકાન ટૂંક સમયમાં જ બંધાઈ ગયું. સને ૧૯૪૯–૫૦ ની ઉનાળાની રજામાં કોલેજનાં મકાનનું બાંધકામ શરૂ થયું અને જૂન ૧૯૫૧માં પૂર્ણ થયું. બાંધકામનો કુલ ખર્ચ રૂા.૩,૨૯,૫૯૨–૬૭ થયો. આ મકાનની ઉદ્દઘાટનવિધિ શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના વરદ હસ્તે થઈ.

આ વર્ષમાં ડિસ્ટ્રિકટ કોટન એસોસિએશને સંશોધન માટે રૂા.૮૦,૦૦૦/– આપ્યા. સને ૧૯૫૫માં સર પુરુષોત્તમ ઠાકોરદાસે આ હેતુ માટે રૂા.૨૦,૦૦૦/– દાનમાં આપ્યા અને તેમના નામની 'ચેર' શરૂ થઈ.

આ કોલેજની હોસ્ટેલની સગવડ જે 'ગ્રીન ગેઈટ' બંગલામાં હતી તે ઘણો દૂર હોવાથી વિદ્યાર્થીઓને ઘણી જ મુશ્કેલી હતી. આથી સોસાયટીએ એમ.ટી.બી. કોલેજના મેદાનની પાછળ આવેલી જમીન રૂા.૧૮,૪૭૬/–માં વેચાતી લીધી. વળી હોસ્ટેલના મકાન માટે રૂા.૨૬,૩૫૧/– એકઠા કરવામાં આવ્યા. સને ૧૯૫૩–૫૪માં હોસ્ટેલના મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું. જે સને ૧૯૫૫ જૂનમાં પૂર્ણ થયું. આ મકાનના બાંધકામ માટે રૂા.૧,૯૫,૦૦૦/– ખર્ચ થયો. આ મકાનનું ઉદ્દઘાટન મુંબઈ રાજયના મુખ્ય પ્રધાન શ્રી મોરારજી દેસાઈના હસ્તે થયું. આ કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા દિનપ્રતિદિન વધવા લાગી. સને ૧૯૫૫માં તે સંખ્યા ૬૭૫ ની થઈ.

**સ્થાપક તથા દાતા :**

- ❖ સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ આ કોલેજની સ્થાપના કરી હતી.
- ❖ સર કીકાભાઈ પ્રેમચંદ રૂા.૧,૦૦,૨૨૫/–નું દાન આપ્યું હતું.

## દીવાન બહાદુર ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન

**પ્રસ્તાવના :**

દીવાન બહાદુર ચૂનીલાલ ગાંધી જેઓ સાર્વજનિક એજયુકેશન સોસાયટીના લાંબા સમય સુધી ચેરમેન હતા તેમના સમય દરમ્યાન સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ શિક્ષણ ક્ષેત્રે ઘણી સફળતા મેળવી અને તેમના સમય દરમ્યાન સોસાયટીની નાણાંકીય સ્થિતિ પણ સધ્ધર બની. તેમનું સામાજિક કાર્ય પણ ઘણું જ ઉજજવળ હતું.

શ્રી ચૂનીલાલ ગાંધીની મુખ્ય સેવા કેળવણીના ક્ષેત્રમાં થયેલી છે. સુરત જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ કેળવણીના ઘડતર અને વિકાસમાં એમનો ફાળો ઘણો મહત્ત્વનો છે. આ સેવાની શરૂઆત ઈ.સ. ૧૮૯૩થી કરી હતી. બી.એ.ની ઉપાધિ મેળવ્યા પછી સુરતની સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે એમણે નોકરીની શરૂઆત કરી.

કેળવણીનો વિકાસ કરવાના બીજ આજ સમયથી એમના મનમાં રોપાયા અને ધીરે ધીરે પાંગરતાં ગયાં.

આવા મહાન અને સેવાભાવી કાર્યકરને માટે સને ૧૯૫૨માં શહેરના નાગરિકોએ દીવાન બહાદુર ચૂનીલાલ ગાંધી સ્મારક ફંડ ઊભું કરવા એક સભા બોલાવી. આ સભાએ રૂા.૮૦,૦૦૦/– એકઠા કર્યા અને તેના પ્રથમ ભાગરૂપે શ્રી ચૂનીલાલ ગાંધીનું કાંસાનું પૂતળું રૂા.૨૦,૦૦૦ ના ખર્ચે સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ રૂા.૬૦,૦૦૦/– તેમણે સોસાયટીને ઉચ્ચ અભ્યાસ અને સંશોધન કાર્ય કરે તેવી સંસ્થા ખોલવા માટે આપ્યા. આમ સને ૧૯૫૩ ની ૧૫ મી ઓગસ્ટે ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનની સ્થાપના થઈ. ગોખલે ઈન્સ્ટિટયૂટ ઓફ ઈકોનોમિકસ પૂનાના ડાયરેકટર શ્રી ડી.આર. ગાડગીલના હસ્તે ઉદ્દઘાટન થયું.

આ સંસ્થાના હેતુઓ અને સિદ્ધાંતો અનુસ્નાતકના કોર્સની માહિતીનું સંકલન કરવું. વિનયન, વિજ્ઞાન અને વાણિજયના ઉચ્ચ અભ્યાસમાં સંશોધન કરવું અને તેને વેગ આપવો. ખાસ કરીને સ્થાનિક અને પ્રાદેશિક પ્રશ્નોને ઘ્યાનમાં રાખી સંસ્કૃત, ગુજરાતી, સાહિત્યમાં ખાસ સંશોધન કરવું. આ સંસ્થા પ્રથમ સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ કોલેજના એક ખંડમાં ચાલુ થઈ.

વિદ્યાભવનનો એક હેતુ ગુજરાત યુનિવર્સિટી તરફથી સંશોધન સંસ્થા તરીકે માન્યતા મેળવવાનો હતો. જયાં સુધી આ હેતુ પૂર્ણ થાય ત્યાં સુધી એમ.ટી.બી. આટર્સ કોલેજ અને સર કે. પી. કોલેજ ઓફ કોમર્સમાં અનુસ્નાતક વર્ગના કોર્સમાં સારી મદદ કરવાનો હતો. ઉપરાંત જુદા જુદા વિષયોના કોલેજના શિક્ષકોને પીએચ.ડી. ડિગ્રી માટે તેમના વિષયોમાં સંશોધન માટે પ્રેરણા આપવાનો હતો.

દેશના જુદા જુદા ભાગમાંના સ્કોલરોનું ઘ્યાન આકર્ષવાથી વિદ્યાભવનની સફળતાથી પ્રેરાઈને વિદ્યાભવનેઃ મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાણ કરવા રાજય સરકારને અરજી કરી. રાજય સરકારે સને ૧૯૫૭માં વિદ્યાભવનને સંશોધન સંસ્થા તરીકે માન્યતા આપી. અને તેના ખર્ચ માટે ૨૫ ટકા ગ્રાન્ટ પણ આપી.

વિદ્યાભવનને પોતાનું મકાન ન હોવાને લીધે તેના હસ્તલિખિત પત્રો અને પુસ્તકો 'લેડી કીકાભાઈ પ્રેમચંદ લાઈબ્રેરી'માં મૂકવામાં આવ્યાં.

સને ૧૯૫૯માં મુંબઈ સરકારે મકાન બાંધવા માટે તેમજ જરૂરી સાધન સામગ્રી માટે રૂા.૫૩,૨૦૦/–ની ગ્રાન્ટ આપી સને ૧૯૬૦ માં કેન્દ્ર સરકારના વિજ્ઞાન સંશોધન અને સાંસ્કૃતિક ખાતા તરફથી રૂા.૨૬,૦૦૦/– મકાન માટે મળ્યાં. સને ૧૯૬૨ના સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ગોલ્ડન જયુબિલી વર્ષમાં રૂા.૧,૧૨,૫૨૫/– ના ખર્ચે ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનનું પોતાનું મકાન બંધાયું.

વિદ્યાભવનનો એક હેતુ અનુસ્નાતકના અભ્યાસ માટે યુનિવર્સિટીની મંજૂરી મેળવવાનો હતો. આથી સને ૧૯૬૦માં ગુજરાતી ભાષા અને સાહિત્યમાં એમ.એ. અને પીએચ.ડી. માં અભ્યાસ કરાવવા માટે મંજૂરી મેળવવા અરજી કરી. સને ૧૯૬૧માં ગુજરાતી વિષયમાં એમ.એ. અને પીએચ.ડી.માં અભ્યાસ કરાવવા યુનિવર્સિટીએ મંજૂરી આપી.

ગુજરાતી વિષય અને સંશોધન ક્ષેત્રે ગુજરાતમાં ખૂબ જ સારું કામ કરનાર આ સંસ્થાએ ઘણી કિર્તી પ્રાપ્ત કરી છે.

## વિ. ઠા. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન

**પ્રસ્તાવના :**

દક્ષિણ ગુજરાતમાં શિક્ષક તાલીમ માટે કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ ન હતી તેથી શિક્ષક તરીકેની તાલીમ માટે વ્યકિતએ વડોદરા–મુંબઈ કે અન્ય સ્થળે બી.એડ્.ની તાલીમ લેવા માટે જવું પડતું હતું તેથી બી.એડ્. થયેલાં શિક્ષકોની માંગ પણ વધતી ગઈ.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ જૂન ૧૯૬૧માં વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશનની સ્થાપના કરી. સ્વ. વિઠ્ઠલદાસ ઠાકોરદાસ ચોકસી પરિવાર તરફથી વિશાળ જમીન અને મકાનો સહિતની મિલકત સાર્વજનિક એજયુકેશન સોસાયટીને દાનમાં મળી હતી તેથી આ કોલેજનું નામ વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન પડયું.

કોલેજ ૧૫ મી જૂન ૧૯૬૧ના રોજ શરૂ કરવામાં આવી ત્યારે શ્રી સી.સી. શાહ કે જેઓ સ્વ. શ્રી સી.જી. શાહના પુત્ર હતા તેમને આચાર્ય તરીકે નિયુકત કરવામાં આવ્યા. ૩ જી જુલાઈ ૧૯૬૧ના રોજ શિક્ષણમંત્રી શ્રી કે.એલ.શ્રીમાળીના હસ્તે કોલેજને પ્રથમવાર માન્યતા મળી. કોલેજની શરૂઆત થઈ ત્યારે તેમાં ફકત ૬૦ વિદ્યાર્થીઓ માટે સુવિધા હતી. જે ૧૯૬૨ સુધીમાં ધીમે ધીમે ૧૧૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે એવી વ્યવસ્થા થઈ શકી તે સમયે કોલેજમાં ૮૫ છોકરાઓ અને ૨૫ છોકરીઓ તાલીમ લઈ રહ્યાં હતાં.

સમગ્ર દક્ષિણ ગુજરાતની આ સર્વ પ્રથમ શિક્ષક તાલીમની કોલેજ છે. જે શરૂઆતના વર્ષોમાં ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી. કોલેજમાં બી.એડ્., એમ.એડ્. અને પીએચ.ડી.ની પદવી માટે સુવિધાઓ ઉપલબ્ધ હતી પાછળથી સંજોગો અનુસાર એમ.એડ્.ના વર્ગો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં શરૂ થતા એમ.એડ્.ના વર્ગો બંધ થયા. આ કોલેજના પ્રથમ આચાર્ય શ્રી ચંદ્રવદન ચૂનીલાલ શાહ હતા તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ બન્યા. આ સંસ્થાએ અનેક આચાર્યો, શિક્ષણ શાસ્ત્રીઓ, શિક્ષણ નિયામક, શિક્ષણ અધિકારીઓ અને સમાજ સેવકોની રાષ્ટ્રને ભેટ ધરી છે. કોલેજ તેનું મુખપત્ર 'પરિશીલન' પણ પ્રતિ વર્ષ પ્રગટ કરે છે.

૧૯૮૦માં ગુજરાત રાજય સરકાર તરફથી ગુજરાતની શ્રેષ્ઠ બી.એડ્. કોલેજનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ૧૯૯૬–૯૭માં G.C.E.R.T. ગાંધીનગર દ્વારા કોલેજને અપગ્રેડ કરવામાં આવી અને કોલેજને C.T.E. નું સેન્ટર પ્રાપ્ત થયું. ૨૦૦૪–૨૦૦૫માં માનવ સંશાધન વિકાસ મંત્રાલય સાંસ્કૃતિક વિભાગ ન્યુ દિલ્હી તરફથી કોલેજને C.C.R.T.નું કેન્દ્ર મળ્યું અને ૨૦૦૬–૦૭ માં કોલેજને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું બી.એડ્.નું કેન્દ્ર મળ્યું. ૨૦૦૮–૦૯ માં કોલેજને N.A.A.C. નેક નો B Grade 2.58 CGPA સાથે મળ્યો જે યુનિવર્સિટી સાથે સંલગ્ન અન્ય બી.એડ્. કોલેજને મળેલ ગ્રેડમાં સૌથી વધુ છે.

**સ્થાપક – દાતા :**

- ❖ સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ આ કોલેજ સ્થાપી હતી.

❖ શ્રી વિઠ્ઠલદાસ ઠાકોરદાસ ચોકસીના પુત્રએ તેમના પિતાના નામે આ સંસ્થાને માતબર દાન આપ્યું હતું.

## ૧ લી જુલાઈ ૧૮૫૦ ધી એન્ડ્રુઝ લાયબ્રેરી તેમજ નગીનચંદ ઝવેરી હોલ

૧ લી જુલાઈ ૧૮૫૦માં તત્કાલીન કલેકટર મી. એન્ડ્રુઝ અને શહેરનાં તે સમયનાં નગરશેઠ તેમજ દાતા રાયબહાદુર નગીનચંદ ઝવેરીનાં સહયોગથી ધી એન્ડ્રુઝ લાયબ્રેરીની સ્થાપના થઈ હતી. તેઓના સહિયારા પ્રયાસથી આ ભવ્ય ઈમારતનું નિર્માણ થયું હોવાથી લાયબ્રેરી સાથે કલેકટર મી. એન્ડ્રુઝનું નામ અને ટાઉન હોલ સાથે રાયબહાદુર નગીનચંદ ઝવેરીનું નામ જોડવામાં આવ્યું. જેથી વર્ષો પછી આજે પણ એન્ડ્રુઝ અને નગીનચંદ ઝવેરી માનવ વિકાસ સંસ્થા એમ બન્ને મોભીઓનાં નામથી આ સંસ્થાની આગવી ઓળખ છે. ત્યારબાદ ૧૯૧૪માં શહેરનાં સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે આગવું સ્થાન ધરાવનાર મુરબ્બી સ્વ. ગણપતરામ અનુપરામ ત્રવાડીને તે સમયનાં તત્કાલીન કલેકટર મિ. થિયોડર સી. હોપ દ્વારા ધી એન્ડ્રુઝ લાયબ્રેરીનાં સંચાલન તેમજ ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. શ્રી ગણપતરામ અનુપરામ તે સમયનાં શૈક્ષણિક ક્ષેત્રે તેમજ સામાજિક ક્ષેત્રે આગવું નામ ધરાવતા હતાં. તેઓ તે વખતની સુરત શહેરની અનેક જાહેર સંસ્થાઓ સાથે જોડાયા હતાં. તેમાની સૂર્યપૂર સંસ્કૃત પાઠશાળા, કો.ઓપરેટીવ યુનિયનની મેનેજીંગ કમિટિનાં તેમજ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની પ્રથમ મેનેજીંગ કમિટિનાં સભ્ય હતાં. સ્વ. ગણપતરામ અનુપરામ ત્રવાડીએ સુરત મહાનગર પાલિકાને તે વખતે કન્યા કેળવણીનાં પ્રખર હિયામતી હોવાને નાતે કન્યાશાળા માટે મકાન તેમજ શહેરનાં લોકો માટે વાંચનમાં રૂચિ કેળવે તેવા ઉમદા હેતુસર એક લાયબ્રેરી માટે મકાન દાનમાં આપેલ. શહેરની સંસ્કૃત પાઠશાળા, વનિતા વિશ્રામ, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને સુરતની એમ.ટી.બી. કોલેજનાં લેકચર હોલ માટે, ભાવનગરની દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં તે સમયે દાન આપેલ. હાલમાં આ સંસ્થાનાં પ્રમુખશ્રી પ્રદિપભાઈ જરીવાળાનું નેતૃત્વ, ટ્રસ્ટી મંડળની જાગ્રૃતતા તેમજ ૧૯૯૨થી સંસ્થાનાં મુખ્ય ગ્રંથપાલ / મેનેજર સ્વ. ગણપતરામ અનુપરામ ત્રવાડીનાં પ્રપૌત્ર ભવેન્દુ ત્રિવેદીનાં ત્રિવેણી સંગઠનથી આજે આ સંસ્થા વિકાસનાં પથ પર અવિરત ચાલી રહી છે.

ઐતિહાસિક ધી એન્ડ્રુઝ લાયબ્રેરી સુરતના વિકાસ ગાથાની મહત્ત્વની કડી આજે પણ અકબંધ રીતે અડીખમ છે. આજે ધી એન્ડ્રુઝ લાયબ્રેરી પોતાના ભવ્ય વારસા સાથે

૧૬૨ વર્ષ પૂર્ણ કર્યા છે. એન્ડ્રુઝ અને નગીનચંદ ઝવેરી માનવ વિકાસ સંસ્થા સંચાલિત સુરત તથા ગુજરાતની સૌથી જૂની એન્ડ્રુઝ લાયબ્રેરી સતત સુરતનાં શહેરીજનોની સેવા, વાંચન ભૂખ સંતોષવાનાં ભાગરૂપે કામ કરી રહી છે. હાલ આધુનિક જમાનાને અનુરૂપ અમારા વાંચક સભ્યોને સારી સેવાઓ આપવાના અમારા પ્રયત્નો રૂપે લાયબ્રેરીમાં કોમ્પ્યુટર સીસ્ટમ તથા વાંચક સભ્યોનાં બાળકોને પણ અભ્યાસક્રમ રૂપે સેવાઓ આપવામાં આવી રહી છે. ઉપરાંત શ્રેણી ૧૦, ૧૧, ૧૨ તથા કોલેજનાં સાયન્સ, કોમર્સ, આટર્સ તેમજ ઈજનેર શાખાના ડીપ્લોમાં, ડીગ્રીમાં ગુજરાતી–અંગ્રેજી માધ્યમનાં પાઠય પુસ્તકો જે વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેઓને ખૂબ નજીવી ફીથી વાંચનનો લાભ આપવામાં આવે છે. તેમજ જેઓના ઘરમાં વાંચનની વ્યવસ્થા ન હોય તો તેઓ લાયબ્રેરીના એકેડેમીક સેકશનમાં આવી વાંચનનો લાભ લે છે. હાલ એન્ડ્રુઝ લાયબ્રેરીમાં આશરે ૩૦૦૦ સભ્યો છે. તેમજ આશરે ૨૫૦૦ વિવિધ કક્ષાનાં તેમજ કોલેજની વિવિધ શાખાનાં, ઈજનેરી શાખાનાં કુલ વિદ્યાર્થીઓ અલગ સભ્યપદ એટલે કે શૈક્ષણિક પુસ્તકો માટેનું અલગ સભ્યપદ ધરાવે છે. જયારે ધી એન્ડ્રુઝ લાયબ્રેરીમાં આશરે ૨૦૦૦૦ જેટલા પુસ્તકો છે જેમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી નવલકથાઓ, સાહિત્યના પુસ્તકો, બાળ વાર્તાઓ, ગુજરાતી કાવ્યો–નાટકો, સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો, જીવન ચરિત્રોનાં પુસ્તકો વગેરેનો સમાવેશ થાય છે.

જયારે નગીનચંદ હોલની વાત કરીએ તો સુરત શહેરમાં તે વખતે ફકત આ એક જ હોલ શહેરીજનો માટે ઉપલબ્ધ હતો જેથી તે સમયે નગીનચંદ હોલ ટાઉન હોલ તરીકે પ્રખ્યાત હતો. નગીનચંદ હોલમાં અંગ્રેજોના સમયકાળ દરમ્યાન શહેરીજનો દ્વારા અંગ્રેજ શાસકો સામેનાં નાટકો ભજવાતા હતાં. આ ઐતિહાસિક હોલમાં પારસીઓ દ્વારા રંગભૂમિ પરનું સૌ પ્રથમ નાટક 'નઠારી ફરીંગણ ઠેકાણે આવી'' તા.૫/૧૧/૧૮૬૧ને દિવસ ભજવાયું હતું. હાલનાં સંચાલક મંડળ નગીનચંદ હોલ, એન્ડ્રુઝ લાયબ્રેરી તેમજ નાનપુરા પારસી લાયબ્રેરીને આજના અત્યાધુનિક સમયને અનુરૂપ નવો કલેવર આપવા જઈ રહ્યા છીએ. સંસ્થા સંચાલિત નાનપુરા પારસી લાયબ્રેરી પણ આગવું સ્થાન ધરાવે છે. નાનપુરાની આ લાયબ્રેરીમાં પણ રોજબરોજ ૨૫૦–૩૦૦ વાચકો વર્તમાનપત્રો, સામાયિકોનો વાંચનનો લાભ લઈ રહ્યાં છે. સંસ્થા ભવિષ્યનાં વિકાસલક્ષી આયોજનમાં શહેરનાં પ્રથમ ટાઉન હોલ નગીનચંદ ઝવેરી હોલને નવ નિર્માણ કરવાનાં સંકલ્પ સાથે આગળ વધી રહ્યાં છે. તેમજ શહેરની સૌથી જૂની લાયબ્રેરી ધી એન્ડ્રુઝ લાયબ્રેરીને ઈ–લાયબ્રેરી બનાવવાનાં તરફનાં

ભાવિ પ્રયત્નો થઈ રહ્યાં છે તે હેતુસર દાતાઓ પાસે દાનની અપેક્ષા સાથે દાતાઓનો સંપર્ક કરી આ કાર્યને જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરી શહેરની જનતાને લાભ આપવાનો હેતુ છે.

## બી. એન. બી. હાઈસ્કૂલ, વાવ

**પ્રસ્તાવના :**

૧૫ જેટલા ગામનાં બાળકોને શિક્ષણનો લાભ મળે તે માટે વાવ સર્વોદય સંઘની સ્થાપના કરી અને શાળા સ્થાપવાનો મનસૂબો સેવ્યો. આસપાસનાં ગામોની શૈક્ષણિક જરૂરિયાતને ધ્યાને લઈ શૈક્ષણિક સંસ્થાની શુભ શરૂઆત થઈ.

**સ્થાપના અને ઈતિહાસ :**

૧ લી મે ૧૯૬૦ના દિવસે વાવ સર્વોદય સંઘની સ્થાપના થઈ. ૧૨ જૂન ૧૯૬૧ના દિવસે સર્વોદય માધ્યમિક લોકશાળા નામે આ હાઈસ્કૂલની શરૂઆત થઈ. એ વખતે શાળામાં ૨૧ વિદ્યાર્થી હતાં. સને ૧૯૬૫માં પ્રાથમિક ધોરણો ૫ થી ૭ શરૂ કરવામાં આવ્યાં. ૨૮ નવેમ્બર ૧૯૬૪ના રોજ બી.એન.બી. ટ્રસ્ટની સ્થાપના થઈ. ત્યારથી વાવ સર્વોદય સંઘે સમગ્ર સંસ્થાનું (બી.એન.બી.) સંચાલન બી.એન.બી. ટ્રસ્ટને સોંપ્યું. અને હાઈસ્કૂલને ભકિતભાઈ નારણભાઈ ભકત હાઈસ્કૂલ નામ અપાયું. ૧૫ જેટલા ગામો આ હાઈસ્કૂલનો લાભ લઈ રહ્યાં છે. ૧૯૬૬ થી ધો.૧ થી ૪ અને ૫ થી ૭ નાં વર્ગો ચલાવે છે. તો બાળમંદિર વિભાગ પણ કાર્યરત છે. ૧૯ રૂમોવાળી પાકી આર.સી.સી.ની ઈમારત છે. ૧૯૬૮માં સંસ્થાનું બીજું મકાન બને છે. હાયર સેકન્ડરી શરૂ કરવામાં આવે છે. આમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ૧૯૬૧ થી શરૂ કરવામાં આવ્યો છે. સ્વતંત્ર પ્રયોગશાળા, ડ્રોઈંગ રૂમ અને ગ્રંથાલય છે. સને ૧૯૮૭થી એન.સી.સી. વિંગ કાર્યરત છે.

**દાતાશ્રીઓ :**

- ❖ વાવ સર્વોદય સંઘનાં સભ્યો તથા તેમના પ્રયાસથી એકત્ર ફાળો
- ❖ બીએનબી ટ્રસ્ટ ફંડ ફાડા એકત્ર કરી સંસ્થાનું નવું મકાન બનાવ્યું
- ❖ ભકિતભાઈ નારણભાઈ ભકતનું માતબર દાન

❖ સરકારશ્રીનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

## શ્રી મહાદેવ દેસાઈ શિક્ષણ સમાજ સંચાલિત
## શ્રી ડી.બી. હાઈસ્કૂલ, પલસાણા

**પ્રસ્તાવના :**

મહાદેવ દેસાઈ શિક્ષણ સમાજ પલસાણા શ્રી ડી.બી. હાઈસ્કૂલએ પલસાણા તથા આજુબાજુના વિસ્તારનાં વડીલોએ સેવેલા સ્વપ્નોનું મૂર્તરૂપ છે. મહેનતનું પરિણામ છે. જયારે શિક્ષણની ભૂખ હતી પરંતુ સગવડ ન હતી ત્યારે સ્થાનિક વડીલોએ ઊંચી ભાવના અને દષ્ટિ રાખી ભાવિ પેઢીના શ્રેયાર્થ ભગીરથ પ્રયત્નો કરીને અવતરિત કરેલી આ જ્ઞાનગંગા છે. વડીલો કહેતા...

" આમ છતાં અમારે જાવું જોજનો દૂર અમારી ક્ષિતિજને પેલે પાર હજી કંઈક નવા સ્વપ્ના ડોકાય છે." ઉત્સાહી નાગરિકોના પ્રયત્નો ચાલુ થઈ આ સંસ્થા.

**સ્થાપના અને ઈતિહાસ :**

આશરે ૧૯૪૫માં અંગ્રેજી શિક્ષણ પૂરું પાડવા મીડલ સ્કુલ ચાલુ કરવાનો પ્રયાસ થયો. શરૂઆતમાં ૪ ધોરણ સુધી ચાલતી ઈ.સ.૧૯૪૯ વડોદરા રાજયનું વિલિનીકરણ થતા. માધ્યમિક શાળા ખાનગી શાળાને સોંપાય. શ્રી મહાદેવભાઈ દેસાઈ શિક્ષણ સમાજની સ્થાપના થઈ. ૧૯૫૪ થી શાળાનું સંચાલન હાથમાં લીધું. ઈ.સ.૧૯૫૬માં એસ.એસ.સી.નો વર્ગ શરૂ થયો. ઈ.સ.૧૯૭૮ થી ઉચ્ચતર માધ્યમિક ધો.૧૧નો આર્ટ્સ–કોર્મસ પ્રવાહ શરૂ થયો. સને ૧૯૮૬માં વિજ્ઞાન પ્રવાહનાં વર્ગો શરૂ થયા. સ્વ. આર. જે. દેસાઈ ટ્રસ્ટી સ્વ. રણછોડજી દેસાઈ સ્મારક, વિજ્ઞાન પ્રવાહ બંધાવ્યું.


ટેક્નીકલનાં વર્ગો ચાલુ થયા. આમ શાળામાં ૧ થી ૧૨ અને આઈ.ટી.આઈ. કોલેજ સુધીનો અભ્યાસ થાય છે. સંસ્થાને સેવાભાવી આચાર્યો મળતાં શાળાની ઉત્તરોત્તર પ્રગતિ જણાય છે. ગામ લોકો અને આજુબાજુના વિસ્તારનાં મોવડીઓએ સંસ્થાને પોતિકી સંસ્થા બનાવી વિકાસનો ક્રમ ઉત્તરોત્તર વધાર્યો છે.

**દાતાશ્રીઓ :**

- ❖ શ્રી દુર્લભભાઈ ભીમભાઈ દેસાઈનાં રૂા.૩,૦૦૦/– નાં ફાળામાંથી શાળા અસ્તિત્વમાં આવી.
- ❖ વાર્ષિક રૂા.૧૦ નાં પ્રતિક ભાડાથી ૩૦૦૦૦ ચો.વાર જગ્યા લીઝ પર ગાયકવાડ સરકાર તરફથી મળ્યું.
- ❖ સ્વ. દુર્લભભાઈ મદનજી દેસાઈની બક્ષિસ મળેલી જમીનનાં વેચાણમાંથી ઉપજેલા રૂા.૫૧૦૦/– + સરકારશ્રીની સહાય રૂા.૨૯૩૭ મળી ૮૦૩૭ માં બે ઓરડા બનાવ્યા.
- ❖ શ્રી મહાદેવ દેસાઈ શિક્ષણ સમાજ રાષ્ટ્રીય વિસ્તરણ યોજના તરફથી ૨૫૦૦/– રૂા.
- ❖ શ્રી ચંદ્રવદન ઠાકોરભાઈ દેસાઈ તરફથી ૧૦૦૧
- ❖ શ્રી રણછોડજી ઝી. દેસાઈની સ્મૃતિમાં દાન એકત્ર કરાયું. જે ૭,૦૦,૦૦૦/– (૭ લાખ) મળતાં "સ્વ. રણછોડજી દેસાઈ સ્મારક વિજ્ઞાન પ્રવાહ" બનાવાયું.
- ❖ શ્રી ભરતભાઈ કે. દેસાઈ અને કલ્પેશભાઈ દેસાઈએ પિતાશ્રીની યાદમાં ૨ લાખ ૨૧ હજારનું દાન મળતાં "શિશુ વાટિકા" બાળમંદિર ઊભું કરાયું.
- ❖ અમેરિકા નિવાસી શ્રી ઠાકોરભાઈ છોટુભાઈ દેસાઈએ પિતાની સ્મૃતિમાં ૬,૦૨,૮૦૬/– નું દાન આપ્યું.
- ❖ દોલતભાઈ લલ્લુભાઈ વશીએ ૨,૩૫,૦૦૦/–નું દાન આપ્યું. જેમાંથી સ્વ. છોટુભાઈ દયાળજી દેસાઈ સંસ્કાર ભવન બનાવાયું.
- ❖ સ્પેકટમ ડાઈઝનાં માલિક યોગેશભાઈ ગુપ્તાએ ૨,૫૦,૦૦૦/–નું માતબર દાન સંસ્થાને આપ્યું.

# ધી કડોદ વિભાગ એજયુકેશન સોસાયટી કડોદ

## ધી કડોદ હાઈસ્કૂલ




**પ્રસ્તાવના :**

વગર બંધાણે ફકત સેવાની ભાવનાથી બાળકો માટે હૈયામાં સદાય હિતને રાખનાર મહાનુભાવો ભેગા થયા સને ૧૯૧૧માં આ વડીલોને કેળવણી આપવાના કોડ જાગ્યા, કેળવણી વિનાનું જીવન એ પાયા વગરનાં મકાન જેવું લાગ્યું. એ સૌ ભેગા મળી શાળા સ્થાપવાનો દઢ નિર્ધાર કરી ચૂકયા હતાં. ગામની તમામ કોમમાંથી એક–એક પ્રતિનિધિ લઈને શાળા સ્થાપવાનો મનસૂબો કર્યો. ગામનાં ગરીબ તવંગર સર્વ ભેગા મળી બનતો

સહકાર આપવા લાગ્યા. ગળામાં ઝોળી સ્લેટ લટકાવી દાનની ટહેલ નાંખી ફળિયે ફળિયે ફરી શાળાના મકાન અને સુવિધા માટે ફંડ એકત્ર કરી મંડળ અને શાળાની સ્થાપના થઈ.

**સ્થાપના અને ઈતિહાસ :**

શાળાનો શુભારંભ તા.૫/૪/૧૯૧૧ના દિને ધો.૧ થી કરવામાં આવ્યો. સને ૧૯૧૩ માં કેળવણી ખાતા તરફથી માન્યતા પ્રાપ્ત થઈ. ૧૯૧૮માં ધો.૪ની માન્યતા મળી છેક સને ૧૯૨૭ માં પાંચમું ધોરણ શરૂ કરવાની માન્યતા મળી. સને ૧૯૩૪માં ધો.૬ અને છાત્રાલયની મંજુરી મળી. ધો.૭ મેટ્રીકયુલેશનની માન્યતા ૧૯૩૫માં પૂર્ણ કક્ષાની હાઈસ્કૂલ બની. જેમાં ધો.૧૧ સુધીનું શિક્ષણ આપતી બારડોલી તાલુકાની પ્રથમ શાળા બની. સને ૧૯૩૬–૩૭માં ૨૦૦ જેટલા વિદ્યાર્થી આ શાળામાં અભ્યાસ કરતા થયા. અંતરિયાળ વિસ્તારમાંથી વિદ્યાર્થી ભણવા આવવા માંગતા હતાં. માટે મોટી છાત્રાલય બાંધવાનું નકકી થયું. તેના માટે ફંડ એકત્ર થયું. ભવ્ય મકાન બનાવ્યું અને ભારતનાં પનોતા પુત્ર અને બારડોલી સત્યાગ્રહના સેનાપતિ પ. પૂ. સરદાર વલ્લભભાઈ પટેલનાં વરદ હસ્તે ૧૦/૬/૧૯૩૭ના રોજ ઉદ્ઘાટન થયું. સરદારજીએ મંડળને શુભ સંદેશ આપ્યો.

**દાતાશ્રીઓ :**

❖ શ્રી જેઠાલાલ જગન્નાથ ગાંધી જેમણે તાપી કિનારે આવેલું ધર્મશાળા નામનું મકાન આપ્યું. શાળાની વિધિવત શરૂઆત માટે.

❖ શેઠ ગોપાળદાસ દામોદરદાસે મકાન બંધાવી આપ્યું.

❖ લાલભાઈ ગોકળભાઈ પટેલ તરફથી બાઈ નંદીબેન બ્લોક અને દ્વારકાદાસ મોરારદાસનાં પત્ની મણિબેન તરફથી એક ભાગ બંધાવી આપ્યો.

❖ સરકારનું અનુદાન પ્રાપ્ત થયું.

❖ ધી કડોદ વિભાગ એજયુકેશન સોસાયટીની સ્થાપના થઈ.

❖ કુંવરજીભાઈ બેહરામજી પાલીયાએ પોતાની જમીન છાત્રાલય માટે આપી.

❖ આફ્રિકાથી રૂ.૧૫૦૦૦/–

❖ વિસ્તાર વડીલ, ગામનાં સજજનો, દરેક કોમનાં પ્રતિનિધિનો ફાળો નોંધાયો.

# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**પ્રસ્તાવના :**

ગુજરાતના નંદનવન સમા દક્ષિણ વિભાગના આ હરિયાળા પ્રદેશની પ્રજાની ઉચ્ચ શિક્ષણની માગ અને જરૂરિયાતો વધારે કાર્યક્ષમતાથી સંતોષી શકાય તથા પ્રાદેશિક, ભૌગોલિક, સામાજિક, સાંસ્કારિક તેમજ વ્યાવસાયિક વિકાસને સુસંગત, પ્રેરક ને પોષક અભ્યાસક્રમો પ્રયોજી સુચારુ રીતે ને સાચા અર્થમાં લોકોત્કર્ષ સાધી શકાય એટલા માટે એક અલગ યુનિવર્સિટીની આવશ્યકતા દીર્ઘ કાળથી સ્વીકારાઈ હતી.

**સ્થાપના–ઈતિહાસ :**

સને ૧૯૫૪માં સ્વ. આચાર્ય શ્રી અતિસુખશંકર ત્રિવેદીએ લોકહૃદયની આ મૂક લાગણીને વાચા આપી અને પ્રસંગોપાત વ્યાખ્યાનો તથા સામયિકોમાં તદ્વિષક લેખો દ્વારા એમાં ચેતનાનો સંચાર કર્યા કર્યો. આ સોનેરી  વિચાર અને ઉદાત્ત ધ્યેયને સુરતની સાર્વજનિક એજયુકેશન સોસાયટી જેવી શિક્ષણ અને જનકલ્યાણના ઊંચા ધ્યેયને વરેલી સંસ્થાએ ઉપાડી લીધાં. પ્રસ્તુત મંડળના આશ્રયે તા.૩૧/૭/૧૯૬૦ના રોજ એ પ્રશ્નમાં રસ ધરાવતી વ્યકિતઓ અને કેળવણીકારોની મળેલી સભાએ નિયુકત કરેલી ૩૮ સભ્યોની એક સમિતિએ દક્ષિણ ગુજરાત માટેની આગવી યુનિવર્સિટીની રચના માટે માર્ગદર્શક સિદ્ધાંતો તથા બંધારણ અંગે ઊંડો અભ્યાસ કરી નીતિવિષયક નિવેદન તૈયાર કરીને રાજયના મુખ્ય મંત્રી અને શિક્ષણમંત્રીને સુપરત કર્યું.

ત્યારબાદ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (University Grants Commission)ના અધ્યક્ષ ડો. ચિંતામણ દેશમુખે તા.૩/૧૨/૧૯૬૦ના રોજ સુરતની મુલાકાત લીધી ત્યારે તેમને પણ સમિતિ તરફથી એક નિવેદન આપવામાં આવ્યું. વળી તા.૧૦/૨/૧૯૬૧ના દિવસે "South Gujarat University: A Tentative Phased Programme for its Establishment and Development". આવેદનરૂપે શિક્ષણ મંત્રીને સુપરત કરવામાં આવ્યું. ઉપરાંત એ સમિતિની તા.૨૬/૮/૧૯૬૨ની સભામાં

નિમાયેલ એક પ્રતિનિધિમંડળે શિક્ષણ મંત્રીને મળીને આ વિસ્તારમાં અલગ યુનિવર્સિટીની જરૂરિયાત, શકયતા અને અગત્યતા સમજાવી.

**સમિતિની નિમણૂંક :**

આ સર્વ પ્રયાસોના ફળસ્વરૂપે ત્રીજી પંચવર્ષીય યોજનામાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર એમ બે અલગ યુનિવર્સિટીઓની સ્થાપનાનો સૈદ્ધાંતિક સ્વીકાર ગુજરાત રાજય સરકારે કર્યો ને તદર્થે પ્રતીક નાણાકીય જોગવાઈ પણ કરવામાં આવી. આ સમગ્ર પ્રશ્નનો તલસ્પર્શી ને સર્વાંગી અભ્યાસ કરી, મુખ્યત્વે નિમ્નલિખિત મુદ્દાઓ પર યોગ્ય તે ભલામણો કરવા શિક્ષણ અને મજૂર ખાતાના તા.૨/૧/૧૯૬૪ના ઠરાવ નં. યુ.એસ.જી. ૪૨૬૩ અન્વયે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી લાલભાઈ ર. દેસાઈના અધ્યક્ષપદે દસ સભ્યોની એક તપાસ સમિતિ નિયુકત કરવામાં આવી.

ઉચ્ચ શિક્ષણના ભાવિ વિકાસની શકયતાઓ પરત્વે સમિતિએ નીચેનાં સૂચનો કર્યા છે :

૧. ગ્રામીણ વિદ્યાઓના અભ્યાસ માટે અલગ વિદ્યાશાખા ખોલવી.

૨. વિજ્ઞાનના વિષયમાં માઈક્રોબાયોલોજીનો અભ્યાસક્રમ ઉમેરવો.

૩. જંગલવિદ્યા–ફોરેસ્ટ્રીનો અભ્યાસક્રમ પણ રાખવો.

૪. ટેકસ્ટાઈલ એન્ડ મેન મેઈડ ફાઈબર ટેક્નોલોજીનો નવો અભ્યાસક્રમ દાખલ કરવા વિચારવું.

૫. પેટ્રોલ ટેક્નોલોજી અને પેટ્રોકેમિકલ્સને લગતો અભ્યાસક્રમ રાખવાની શકયતા તપાસવી.

સમિતિની ભલામણો અને સૂચનાઓની પૂરી વિગતો પરિશિષ્ટ–કમાં આપી છે.

**ઉપકુલપતિની નિયુક્તિ :**

શિક્ષણ અને મજૂર ખાતાના તા.૩/૮/૧૯૬૬ના ઠરાવ નં. યુ.એસ.જી. ૪૯૬૬–ખ હેઠળ પ્રથમ ઉપકુલપતિ તરીકે શ્રી ચંદ્રવદન ચૂનીલાલ શાહની નિયુકિત થઈ.

**મહામાત્રની નિમણૂંક :**

શિક્ષણ અને મજૂર ખાતાના તા.૨૬/૮/૧૯૬૬ના ઠરાવ નં.યુ.એસ.જી. ૪૯૬૬–ખ હેઠળ પ્રથમ મહામાત્ર તરીકે શ્રી પ્રિયદત્ત મોતીરામ જોષીની નિમણૂંક થઈ.

પ્રથમ ઉપકુલપતિની નિમણૂંક થતાં યુનિવર્સિટીનું કામચલાઉ કાર્યાલય સાર્વજનિક અધ્યાપન વિદ્યાલયમાં તા.૧૮/૮/૧૯૬૬થી શરૂ કરવામાં આવ્યું, જે પાછળથી તા.૧૩/૧૨/૧૯૬૬ થી સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના નોન–રેસિડેન્ટ સ્ટુડન્ટસ રીક્રીએશન હોલમાં લઈ જવામાં આવ્યું. તા.૮/૧૨/૧૯૬૬ના રોજ કાર્યાલય માટે ૧ ઓફિસ સુપ્રરિશન્ટેન્ડન્ટ, ૧ મદદનીશ હિસાબનીશ તથા ૧ જુનિયર સ્ટેનોગ્રાફરની નિમણૂંક થતાં વ્યવસ્થિત કામકાજની શરૂઆત થઈ. ટેલિફોનની સગવડ પણ ઉપલબ્ધ થઈ છે. જગાની તંગીને કારણે અને અન્ય જગા સુલભ બનતાં તા.૧/૭/૧૯૬૭ થી કાર્યાલય હાલના સ્થળે, શ્રી રંગીલદાસ ખાંડવાળાના બંગલામાં ખસેડવામાં આવ્યું.

**સંલગ્ન કોલેજો :**

તા.૨૩/૫/૧૯૬૭ને દિવસે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી ૨૧ કોલેજોને એની હકુમત હેઠળ મૂકવામાં આવી, જે પૈકી સુરત શહેરમાં ૮, સુરત જિલ્લામાં ૩, ભરૂચ જિલ્લામાં ૩, ને વલસાડ જિલ્લામાં ૬ કોલેજો આવેલી છે. આમાં વિનયનની ૨, વિજ્ઞાનની ૩, વાણિજયની ૧, વિનયન–વિનીજ્ઞાન ૬, વિનયન–વાણિજયની ૩, તબીબી ૧, કાનૂનની ૧, કૃષિની ૧, ઈજનેરી ૧ તથા શિક્ષણની ૧ કોલેજ સમાઈ જાય છે. આ કોલેજોનાં સંચાલક મંડળો અલગ અલગ છે. સુરત, વલસાડને નવસારીનાં ત્રણ મંડળોને હસ્તક અનુક્રમે ૫ કોલેજો + ૧ માન્ય સંસ્થા, ૨ ને ૨ સંસ્થાઓ છે જયારે સરકાર હસ્તક ૩ કોલેજો છે. સને ૧૯૬૬–૬૭માં આ કોલેજોમાં કુલ આશરે ૧૧૭૩૮ પૂર્વ સ્નાતક ને ૧૧૫૪ અનુસ્નાતક વિદ્યાર્થીઓ ૫૯૦ શિક્ષકોની દેખરેખ નીચે અભ્યાસ કરતા હતાં. આ કોલેજો અંગે તે વર્ષની વિગતવાર માહિતી પરિશિષ્ટ 'ઘ' અને 'ચ' માં જોવા મળશે. એ જ વર્ષમાં વિદ્યાશાખાવાર શિક્ષકોની સંખ્યા નીચે પ્રમાણે હતી.

| | | | |
|---|---|---|---|
| વિનયન | ૨૧૨ | ઈજનેરી | ૫૦ |
| વિજ્ઞાન | ૨૧૫ | તબીબી | ૨૯ |
| વાણિજય | ૪૭ | શિક્ષણ | ૧૩ |
| કૃષિ | ૧૪ | કાનૂન | ૯ |

## દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો/માન્ય સંસ્થા અંગેની માહિતી (તા.૩૧/૩/૬૭ના રોજ)

| ક્રમ | કોલેજ/સંસ્થાનું નામ | સંચાલક મંડળનું નામ |
|---|---|---|
| ૧. | એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત | સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત |
| ૨. | વિદ્યામંદિર કોલેજ ફોર વિમેન, સુરત | વિદ્યામંદિર સોસાયટી, સુરત |
| ૩. | શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ | શ્રી સદ્‌વિદ્યા મંડળ, ભરૂચ |
| ૪. | શ્રી વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા | બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા |
| ૫. | શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા | ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કેળવણી મંડળ, રાજપીપળા |
| ૬. | આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બારડોલી | બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, બારડોલી |
| ૭. | શ્રી જે.એસ. ભકત સાયન્સ એન્ડ કે. એમ. ભકત આટર્સ કોલેજ, ખોલવડ | શ્રી ભારતીય વિદ્યામંડળ, ખોલવડ |
| ૮. | નવયુગ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, સુરત | શ્રી નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ |
| ૯. | એસ.બી.ગાર્ડા (આર્ટ્સ) એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી | ગવર્નિંગ બોડી, એસ.બી. ગાર્ડા કોલેજ (આર્ટ્સ) એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી |
| ૧૦. | એન.એચ.શાહ કોમર્સ અને જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ | શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ |

| | | |
|---|---|---|
| ૧૧. | જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર | જનતા કેળવણી મંડળ, જંબુસર |
| ૧૨. | સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત | સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત |
| ૧૩. | સાર્વજનિક અધ્યાપન વિદ્યાલય, સુરત | સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત |
| ૧૪. | પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત | સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત |
| ૧૫. | બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારી | ગવર્નિંગ બોડી, બી. પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારી |
| ૧૬. | શ્રી એન.કે. એમ. સાયન્સ કોલેજ, વલસાડ | શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ |
| ૧૭. | વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત | વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત |
| ૧૮. | એસ.વી. રીજયનલ કોલેજ ઓફ એન્જિનિયરીગ એન્ડ ટેક્નોલોજી, સુરત | એસ.વી. રીજયનલ કોલેજ ઓફ એન્જિનિયરીગ એન્ડ ટેક્નોલોજી, સુરત |
| ૧૯. | ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, સુરત | સંચાલકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ : ગુજરાત રાજય, અમદાવાદ–૧૬ |
| ૨૦. | ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત | સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત |
| ૨૧. | એન.એમ. કોલેજ ઓફ એગ્રિકલ્ચર, નવસારી | – |

# આઈ.પી. મિશન હાઈસ્કૂલ, સુરત

**પ્રસ્તાવના :**

પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં પ્યારા પવિત્ર આત્માનાં માનનારા આદર્શ અને શુધ્ધ વિચારસરણી ધરાવનારા વ્યકિતઓ દ્વારા લંડન મિશન અને ઈંગ્લેન્ડ મિશન હોસ્ટેલ પ્રેરિત આ શાળાની સ્થાપના તે સમયમાં શિક્ષણની તાતી જરૂરિયાત હોય કરવામાં આવી હતી. આ સંસ્થામાં ધર્મ જાતિ કે રંગભેદ વગર શિક્ષણ આપવાનું નકકી કરી શિક્ષણકાર્ય શરૂ કરાવ્યું. આ મિશનરી સંસ્થાએ લોકો અને સમાજનાં કલ્યાણ માટે આઈ.પી. મિશન હાઈસ્કૂલની સ્થાપના કરી.

**સ્થાપના અને ઈતિહાસ :**

ઈ.સ.૨/૨/૧૮૪૦માં આ શાળાની સ્થાપના થઈ. જે ગુજરાતની સૌથી જૂની શાળા છે. બ્રિટિશોનાં રાજમાં સ્થાપેલી સંસ્થામાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં આખા સુરતમાંથી બાળકો ભણવા આવતાં હતાં. ક્રમશઃ શાળાનાં બિલ્ડિંગ જરૂરિયાત મુજબ વિસ્તરતા ગયા. માનનીય વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ ઉદ્દઘાટન ઉપરનો માળ બન્યો ત્યારે કર્યું હતું. શાળાની ભૌતિક સુવિધા મિશનરી પૂરી પાડે છે. શાળાની અદ્યતન લેબોરેટરીનું ઉદ્દઘાટન પદમશ્રી વિભૂષિત ડો. હોમી જે. તાલ્યાખાને કરી હતી.

**દાતાશ્રી :**

- ❖ લંડન મિશન સોસાયટી
- ❖ ઈંગ્લેન્ડ મિશન હોસ્ટેલનાં વિદ્યાર્થી એક ટાઈમ ખાવાનું છોડી બચતનાં પૈસા આ સંસ્થાના શિક્ષણ માટે મોકલતાં.
- ❖ સી.એસ.દંતાલીયા– મિલેનીયમ બ્લોકનું બાંધકામ કરાવ્યું.

## સર જે.જે. મિશ્ર શાળા અને સર જે. જે. માધ્યમિક શાળા

**પ્રસ્તાવના :**

સુરત શહેરના કોટ વિસ્તારમાં આવેલ આ શાળા પારસી બેનેવોલન્ટ ઈન્સ્ટીટયુશનની દેન છે. દરેક ધર્મ અને જાતિના બાળકો શિક્ષણ મેળવે છે. ત્રણ ધર્મનાં ત્રિવેદી સંગમ સમી આ શાળાની સ્થાપના શિક્ષણનાં પ્રચાર–પસાર માટે જ કરવામાં આવી.

**સ્થાપના અને ઈતિહાસ :**

સને ૧૮૪૯માં સર જે. જે. પારસી બેનેવોલન્ટ ઈન્સ્ટીટયુશન મુંબઈ દ્વારા કરવામાં આવે. સંચાલન માટે લોકલ કમિટિની રચના કરાય "સર–જમશેદજી જીજીભોય" સુરતનાં સંચાલક અને સ્થાપક હતા. જયાં બાળમંદિરથી ધો.૧૨ સુધીનાં અભ્યાસ ચાલે છે. ગરીબ વિદ્યાર્થીને ફી માફી આપી શિક્ષણ આપવાનું ગૌરવવંતુ કાર્ય આ સંસ્થા કરે છે. શિક્ષકોને સંસ્થામાં ૧૫ વર્ષ પૂરા કરે તેને સિલ્વર મેડલ ૨૫ વર્ષ પૂરા કરે તેને ગોલ્ડ મેડલ આપી સન્માનિત કરે છે. વિદ્યાર્થીઓને પણ વધુ માર્કસ મેળવતા શિલ્ડ અને રોકડ રકમથી નવાજે છે.

આ ટ્રસ્ટની મહારાષ્ટ્ર અને ગુજરાતમાં અનેક સંસ્થાઓ આવેલી છે.

**દાતાશ્રી :**

❖ સર જે.જે. પારસી બેનેવોલન્ટ ઈન્સ્ટીટયુશન મુંબઈ

## ધી સુરત ડિસ્ટ્રિકટ મુસ્લિમ એજયુકેશન સોસાયટી
## એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલ કમ્પાઉન્ડ, સોદાગરવાડ, સુરત

**પ્રસ્તાવના :**

સુરત શહેર અને જિલ્લાના મુસ્લિમ સ્ત્રી અને પુરુષો માટે પ્રાથમિક–માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સુવિધા માટે તથા સુરત જિલ્લામાં સામુહિક શિક્ષણની લોકપ્રિય બનાવી પ્રચાર–પ્રસાર કરવા તથા કોમમાં પ્રોત્સાહન અને વિકાસ માટે શિક્ષણની તાતી જરૂરિયાત હોય શાળાની સ્થાપના કરવામાં આવી.

**સ્થાપના અને ઈતિહાસ :**

ધી સુરત ડિસ્ટ્રિકટ મુસ્લિમ એજયુકેશન સોસાયટીની સ્થાપના તા.૨૩/૬/૧૯૩૬માં થઈ. માત્ર ૮ વિદ્યાર્થીવાળી શાળા 'અલ્વી બિલ્ડિંગ બરહાનપુરી ભાગળમાં ચાલુ કરવામાં આવી. જે ૧૯૪૩માં એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલના નામે ઓળખાય. સુરત શહેરમાં માત્ર ૧૦ જ હાઈસ્કૂલ હતી. શાળામાં સંખ્યા ૨૨૫ની થઈ. સરકારશ્રીનું અનુદાન પ્રાપ્ત થતાં ૧૦૦રૂા. ભાડાવાળી બિલ્ડિંગમાં તબદીલ કરાય. "નાખુદાવાડી" તરીકે ઓળખાતી જમીન ખરીદવામાં આવી. જયાં શાળાની મોટી બિલ્ડિંગ બનાવવામાં આવી. સને ૧૯૫૩ થી શાળાને ત્યાં ખસેડાય. જેમાં છોકરા છોકરી માટે અલગ શિક્ષણની વ્યવસ્થા કરાય. પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધીનાં શિક્ષણ અપાય છે. તમામ શાળા થઈ ૬૫૦૦ થી વધુ વિદ્યાર્થી અભ્યાસ કરે છે સોસાયટીની ભગિની સંસ્થાઓ નીચે મુજબ છે.

- ❖ એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલ (ગુજરાતી મિડીયમ)
- ❖ ફૈઝ એ.એ. ચકકીવાલા ગર્લ્સ હાઈસ્કૂલ
- ❖ W.M.O. એંગ્લો ઉર્દુ મિડીયમ હાઈસ્કૂલ
- ❖ જનાબ કુતબુદ્દીન મોઅલ્લિમ બોઈઝ પ્રાયમરી સ્કુલ
- ❖ જનાબ બાબુભાઈ સોપારીવાલા ગર્લ્સ પ્રાયમરી સ્કુલ
- ❖ એસ.ડી.એમ.ઈ.એસ. બોયઝ ઈંગ્લિશ મિડિયમ
- ❖ બસીરભાઈ હાજી યુનુશ અઘાડી પ્રિ. પ્રાયમરી સ્કૂલ
- ❖ સુરૈયાબેન યુસુફભાઈ ઝવેરી બાલવાડી

કોલેજ ચાલુ કરવા સંસ્થાએ ઊન સુરત ખાતે ૫૧૬૦ વાર જમીન ખરીદી છે.

**દાતાશ્રી :**

- ❖ જનાબ સ્વ. શેઠ હાજી એહમદ હાજી અબ્દુલ કાદિર મુસા બ્રધર્સ સા. રૂા.૬૦૦૦/–
- ❖ જનાબ સ્વ. મોહસીનભાઈ હાજી સિદ્દિકભાઈ ૬૦૦૦/–
- ❖ જનાબ સ્વ. અબ્દુલ્લા નૂરમોહમદ ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈ ૧૫૦૦૦/–
- ❖ ૫ટની કો.ઓ. સોસાયટી રૂા.૬૦૦૦/–
- ❖ જનાબ સ્વ. શેઠ ગુલામ હુશેન દાવજી દાદાભાઈ અને તેમનાં કુટુંબજનો ૬૦૦૦/–

❖ જનાબ સૈયદ મોહંમદ હકીઝુદ્દીન વકફ સુરત ૬૦૦૦/–

❖ સાઉદી અરબનાં રાજા શાહ સઉદ સાહેબ ૨૫૦૦૦/– રૂ.નાં દાન પેટે મળ્યા

❖ મેહબુબઅલી અમરઅલી ચાંદીવાલાએ યુ.કે. જઈ ૨૦ લાખનું દાન એકત્ર કર્યુ.

## લક્ષ્મીબેન ડાહ્યાભાઈ હાઈસ્કૂલ, સચીન
## શાંતાબેન છગનભાઈ મોદી ઉ.મા. વિભાગ (સામાન્ય પ્રવાહ)
## ગજરાબેન રણછોડજી નાયક ઉ.મા. વિભાગ (વિજ્ઞાન પ્રવાહ)

**પ્રસ્તાવના :**

અઢારમી અને ઓગણીસમી સદીમાં માં સચીન નવાબી રાજય હતું. અને નબળી આર્થિક પરિસ્થિતિને કારણે નવાબી રાજયનો વહીવટ અંગ્રેજો હસ્તક હતો. આથી આ વિસ્તારનો શૈક્ષણિક વિકાસ નહીવત હતો.

તે સમયમાં સચીન અને તેની આજુબાજુના સમગ્ર વિસ્તારના લોકોની આર્થિક પરિસ્થિતિ સાધારણ અને વસ્તી માંડ પાંચ હજાર જેટલી હતી. બાળકોને અભ્યાસ માટે સુરત અથવા નવસારી જેટલું અંતર કાપીને મોકલવા એ સ્થાનિક નિવાસીઓ માટે કઠીન અને અસહ્ય હતું. પરંતુ આવી કપરી પરિસ્થિતિમાંથી ઉકેલ મેળવવા સ્વાતંત્ર્ય સેનાની અને સામાજિક કાર્યકરશ્રીઓના અથાક પ્રયત્નોથી અત્રેના વિસ્તારમાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ શાળાની સ્થાપના ઈ.સ.૧૯૫૪માં કરવામાં આવી હતી.

આ શાળા ધી સચીન વિભાગ કેળવણી મંડળ થકી સચીન ગામના નવાબ સાહેબના સેક્રેટરીની 'હવેલી' માં હાઈસ્કૂલ ફકત ૯ વિદ્યાર્થીઓથી શરૂ કરવામાં આવી હતી. અને તા.૧૪/૬/૧૯૫૪ માં વાંસીયા બંધુઓના મકાનમાં કુલ ૬૩ વિદ્યાર્થીઓથી શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ તા.૨૦/૭/૧૯૫૪માં સ્ટેશન ઉપર સહકારી મકાનમાં ત્યારપછી તા.૨૫/૩/૧૯૫૫ માં નવાબ સાહેબના મહેલમાં સ્થળાંતર કરવામાં આવી હતી. અંતે તા.૨૯/૫/૧૯૬૫ સંસ્થાના પોતાના સ્વતંત્ર ભવનનું નિમાર્ણ થતા ક્રમશઃ માધ્યમિક,

ઉચ્ચતર માધ્યમિકમાં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ જેવી શાખાઓ થકી વિરાટ વટવૃક્ષ સમી અવિરત શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિના પંથે હરણફાળ ભરી રહી છે.

આ શાળામાં શૈક્ષણિક કાર્યની સાથે સાથે વિવિધ સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓમાં રમત–ગમત ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે, વિજ્ઞાન ક્ષેત્રે તેમજ ચિત્રકલા, ગરબા નૃત્ય, વકૃતત્વ, નિબંધ લેખી જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી છે.

**સ્થાપકો અને દાતાઓ :**

ગુજરાત રાજયના પ્રથમ વિધાનસભાના પ્રથમ સ્પીકર, સ્વાતંત્ર્ય સેનાની, પ્રાથમિક શિક્ષક અને બારડોલી સત્યાગ્રહના એક સ્થંભે ઈ.સ.૧૯૫૪માં શ્રીમતી લક્ષ્મીબેન ડાહ્યાભાઈ હાઈસ્કૂલ સ્થપાઈ હતી.

સ્વાતંત્ર્ય સેનાની અને સહકારી આગેવાન સફળ સામાજિક કાર્યકર મુ.શ્રી કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા અને સ્વ. મુ. શ્રી દલપતભાઈ ડાહ્યાભાઈ ફીલ્મ ડીસ્ટીબ્યુટરે શાળા નિર્માણ કાર્યમાં મહત્તમ યોગદાન આપ્યું હતું.

ઈ.સ.૧૯૫૪માં સચીન ગામના નવાબ સાહેબના સેક્રેટરીની 'હવેલી'માં શાળા સ્થાપવામાં મહત્ત્વનો ફાળો આપ્યે હતો.

તા.૨૯/૫/૧૯૬૫માં ભારતના માજી વડાપ્રધાન માનનીય શ્રી મોરારજી દેસાઈના વરદ હસ્તે શાળાના નવા મકાનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. તા.૨૪/૪/૧૯૫૬માં શ્રી લાલભાઈ ડાહ્યાભાઈ દેસાઈના ભાઈઓ તરફથી રૂા.૨૫૦૦૦/–નું દાન આપવામાં આવ્યું હતું.

તા.૨૦/૧૧/૧૯૫૬માં શ્રી ડાહ્યાભાઈ મો. પટેલ તરફથી ૪.૨૦ એકર ભૂમિદાન આપવામાં આવી હતી.

તા.૨૩/૧૧/૧૯૬૩માં નવા મકાન સ્વ. શ્રી લાલભાઈ દેસાઈ સ્મારક ભવન માટે મુખ્ય દાતાશ્રીએ રૂા.૨૫૦૦૦/–નું દાન આપ્યું હતું.

ઈ.સ. ૧૯૮૨માં સ્વ. છોટુભાઈ નાયક (કનસાડ)ના પરિવારે વારિગૃહ માટે રૂા.૧૧,૧૧૧/–નું શ્રી દિનકરભાઈ નાયકે દાન કર્યું હતું.

ઈ.સ.૧૯૮૫માં ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે શ્રી છગનલાલ ફકીરભાઈ તરફથી રૂા.૭૫૦૦૦/–નું દાન કર્યું હતું.

નામી અનામી અનેક દાતાશ્રીઓએ સ્વેચ્છાએ શાળા બાંધકામ તેમજ શૈક્ષણિક સજ્જતા માટે સંસ્થાને દાન આપવામાં આવ્યું હતું.

## સરદાર પટેલ વિદ્યાલય, એના

**પ્રસ્તાવના :**

એના, ધામડોદ, ઘલુડા, વિંઝોળીયા, ગોટીયા જેવા ગામોના બાળકોને શિક્ષણ સુલભ બને એ માટે શાળાની આવશ્યકતા જણાઈ હતી. તે પહેલા પલસાણા, ગંગાધરા કે બારડોલી સુધી શિક્ષણ માટે જવું પડતું હતું. પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે દૂર જવામાં બાળકોને અનેક મુશ્કેલી પડતી હતી.

ઘલુડા ગામના સમાજ સેવકો અને એના ગામના આગેવાનોના સહકારથી એના ગામમાં શાળાની સ્થાપના કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ શાળાની સ્થાપના સને ૧૯૪૭માં કરવામાં આવી હતી.

આપણો દેશ આઝાદ થયો તે પહેલાંની આ ઘટના હતી. તે સમયે આ ગામ વડોદરાના મહારાજાના તાબામાં આવતું હતું. તેથી શાળાની પરવાનગી વડોદરા સ્ટેટના શ્રીમંત ગાયકવાડની હકૂમત હેઠળ આવતું હોય, તેમની પરવાનગીથી આ શાળા ૧૬ વિદ્યાર્થીઓથી ખાનગી પ્રાથમિક શાળા 'એના ઈંગ્લીશ સ્કૂલ' તરીકે સ્થાપવામાં આવી હતી.ત્યારબાદ બારડોલી સત્યાગ્રહના વિજય શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના નામ સાથે જોડી 'સરદારશ્રી' રાખ્યું હતું. અને ત્યારબાદ સરદાર પટેલ વિદ્યાલય એના તરીકે જાણીતું થયું હતું.

આ ગામના લોકોની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે ધો.૧માં માત્ર ૧/– રૂપિયો ફી રાખવામાં આવી હતી. આમ વિદ્યાર્થીઓની સંખ્યા ક્રમશઃ વધતી ગઈ અને માત્ર દશ જ વર્ષના સમયગાળામાં ગામના ચોરા પાસે આવેલ તળાવ પૂરી શાળાનું નવું મકાન બનાવવામાં આવ્યું. જે પલસાણા બારડોલી મુખ્ય માર્ગ પર આવેલું છે. આ શાળા શૈક્ષણિક ક્ષેત્રની સાથે સાથે ઔષધિય બાગ, તુલસીવન તેમજ ચિત્ર, નિબંધ, વકતૃત્વ, સ્લોગન વગેરે સ્પર્ધાઓ, યૌગિક ક્રિયાઓ, સાંસ્કૃતિક ક્ષેત્રે ગરબા–રાસ, નૃત્ય–નાટીકા,

રમતોત્સવ, વિજ્ઞાન ક્ષેત્રે તથા પ્રવાસ પર્યટન જેવી વિવિધ પ્રવૃત્તિઓ થઈ ગામની શ્રેષ્ઠ શાળા તરીકે પ્રષ્ઠાપિત થઈ. આજે પણ વિરાટ વટવૃક્ષ સમી અવિરત શૈક્ષણિક કાર્યથી ધમધમી રહી છે.

**સ્થાપકો અને દાતાઓ :**

ઈ.સ. ૧૯૪૭માં શાળાની સ્થાપનામાં ઘલુડા ગામના સમાજ સેવક અને વિદ્યાપ્રેમી સજ્જન શ્રી રણછોડભાઈ હરિભાઈ ભકત તેમજ એના ગામના આગેવાનોમાં સર્વશ્રી ઝીણાભાઈ લલ્લુભાઈ પટેલ, શ્રી છીતુભાઈ ગોંસાઈભાઈ પટેલ, શ્રી દુર્લભભાઈ લખાભાઈ પટેલ વગેરેના સહકાર અને મહત્તમ યોગદાન રહ્યું હતું.

એના કેળવણી સમિતિ, સમાજના – ગ્રામજનો, શિક્ષણ પ્રેમીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ ઝામ્બિયા, ફીજી, આફ્રિકા જેવા દેશોમાં વસતા ગામ લોકોએ શાળા નિર્માણ અને શૈક્ષણિક સાધનો અંતર્ગત ઉદાર હાથે ફાળો આપ્યો હતો.

## એસ. પી. ઝવેરી ગર્લ્સ હાઈસ્કૂલ

**પ્રસ્તાવના :**

આથી સો વર્ષ પહેલા કે જયારે કન્યાઓ કે જેને ઘરનો ઉંબર ઓળંગવાની મનાઈ હતી, તો શિક્ષણ લેવા જેવું છે. એવો વિચાર તો આવે જ કયાંથી? કેળવણીના એક આધાર સ્તંભ સમી શાળા વનિતા વિશ્રામ અઠવાલાઈન્સમાં ચાલી ગઈ હતી. તેને પરિણામે ગોપીપુરામાં કન્યા કેળવણી ક્ષેત્ર મુશ્કેલી ઉપસ્થિત થઈ હતી. આવી કપરી પરિસ્થિતિમાં પણ કેળવણીનાં કર્ણધરોના પ્રયત્નોથી અત્રેના વિસ્તાર ગોપીપુરામાં કન્યા કેળવણી માટે શિક્ષણ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ શાળાની સ્થાપના ઈ.સ.૧૯૧૬માં કરવામાં આવી હતી.

ઈ.સ.૧૯૧૬માં શરૂઆતમાં કેળવણીનાં કર્ણધરોના ઘરમાં અને ઉપાશ્રયમાં શાળા ચાલુ કરવામાં આવી હતી. ત્યારબાદ ભાડાનું મકાન લઈને પણ કામ આગળ વધારાયું.

તા.૨૩ મી માર્ચ ૧૯૨૧ના રોજ આ સરસ્વતી મંદિર ખુલ્લું મૂકવામાં આવ્યું. આ શાળા પાસેથી ઈ.સ.૧૯૩૦માં દાંડીકૂચ કરતાં ગાંધીજી પસાર થયા હતા અને હરિપુરા અધિવેશનમાં પધારેલા આઝાદ હિંદ ફોજનાં સેનાની સુભાષચંદ્ર બોઝ પણ અહીંથી જ સુભાષ ચોક તરફ ગયેલાં, એની સાક્ષી આ શાળા છે.

સમગ્ર ગુજરાતમાં એક પણ કન્યા શાળાનું અસ્તિત્વ ન હતું ત્યારે સંસ્કારી નગરી સુરતમાં દુર્ગારામ મહેતાજીએ ઈ.સ.૧૮૫૨માં સૌ પ્રથમ કન્યા શાળાની સ્થાપના ખપાટિયા ચકલા ગોપીપુરા મેઈન રોડ પર કરવામાં આવી હતી.

શાળાના પોતાના મકાન માટે શાહ સોદાગર શેઠશ્રી પ્રેમચંદ રાયચંદે મોટી સખાવત કરી હતી. જેથી શાળાની સાથે તેમના પિતાનું નામ સાંકળીને શાળાનું નામ રાયચંદ દીપચંદ કન્યાશાળા રાખવામાં આવ્યું હતું. ઈ.સ.૧૯૪૬માં રાયચંદ દીપચંદ કન્યા શાળાનો વહીવટ શ્રી ચંદાગૌરી ગોરધનદાસ સોનાવાલા મહિલા વિદ્યાલયને સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રી ચંદાગૌરી ગોરધનદાસ સોનાવાલા મહિલા વિદ્યાલયને પણ જૈન શ્રેષ્ઠીના માતબર દાનથી ઈ.સ. ૧૯૯૫ થી શ્રી સુરચંદ પાનાચંદ ઝવેરી ગર્લ્સ હાઈસ્કૂલ સાથે સાંકળી લેવામાં આવી હતી. જે સંસ્થા આજે એસ.પી. ઝવેરી ગર્લ્સ હાઈસ્કૂલના નામે ગુંજતી થઈ છે.

આ શાળા કેળવણીની સાથે સાથે સાંસ્કૃતિક ક્ષેત્રે, વિજ્ઞાન ક્ષેત્રે, રમત–ગમત ક્ષેત્રે, વિવિધ સ્પર્ધાઓ જેવી કે રાસ–ગરબા, નૃત્ય–નાટિકા, નિબંધ, વકતૃત્વ, ચિત્રકલા વગેરે ક્ષેત્રે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી આજે પણ વિશાળ વટવૃક્ષ સમી અવિરત શૈક્ષણિક કારકીર્દી અને અદ્યતન ટેક્નોલોજીના માધ્યમ થકી પોતાનું મહત્તમ યોગદાન આપી આખા શહેરમાં ધમધમી રહી છે.

**સ્થાપકો અને દાતાઓ :**

ઈ.સ.૧૯૧૬માં સ્વ.શ્રી અનસુયાબેન, સ્વ.શ્રી વીરસુખરાય વ્હોરા, સ્વ.શ્રી છગનલાલ, સ્વ.શ્રી સુલોચનાબેન દેસાઈના ઘરોમાં અને ઉપાશ્રયમાં શાળા શરૂ કરવામાં એમણે મહત્તમ યોગદાન આપ્યું હતું.

તા.૨૩ માર્ચ ૧૯૨૧ના રોજ અંગ્રેજો સામે હોમરૂલની ચળવળ ચલાવનાર 'હિંદના શુભચિંતક મીસીસ એનીબેસન્ટ'ના હસ્તે શાળાની સ્થાપના કરવામાં આવી હતી.

દાનવીર શેઠશ્રી ગોરધનદાસ પરસોતમદાસ સોનાવાલા અને શ્રીમતી ચંદાગૌરી ગોરધનદાસ સોનાવાલાએ સંસ્થાને રૂા.૫૧,૦૦૦/– નું માતબર દાન કર્યું હતું.

એક સખી ભાટીયા સદ્‌ગૃહસ્થે પોતાની માતૃશ્રી જમનાબાઈની સ્મૃતિમાં રૂા.૨૫,૦૦૦/– તથા સ્વ.શ્રી નાનીગૌરી આત્મારામે મીસીસ ચુનીલાલ સરૈયાના નામે રૂા.૧૦,૦૦૦/– નું દાન કર્યું હતું.

ઈ.સ. ૧૯૯૫માં જૈન અગ્રણી સેવાભાવી શ્રી સુરચંદભાઈ પાનાચંદ ઝવેરીના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રીમતી ભારતીબેન ઝવેરીએ સંસ્થાને માતબર દાન કર્યું હતું.

ટ્રસ્ટીઓનો એક જ મંત્ર હતો કે .....

'Education is the most powerful weapon
which you can use to change the society.'

## બૌધાન સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત
## એચ.એમ. કોટવાલ સાર્વજનિક હાઈસ્કૂલ, બૌધાન

**પ્રસ્તાવના :**

ઈ.સ.૧૯૦૩ના સમયગાળામાં અંગ્રેજોનું શાસન હતું. એ સમયે શિક્ષણ મેળવવું અતિ દુર્લભ હતું. અહીં ગામમાં વિવિધ ધર્મના લોકો રહેતા હતાં. ગામના બુદ્ધિજીવી લોકોએ વિચાર્યુ કે આપણા ગામના બાળકોને ગામમાં જ કેળવણી મળી રહે એ હેતુથી ગામના પ્રતિષ્ઠિત આગેવાનોની મદદથી શિક્ષણ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ શાળાની સ્થાપના ઈ.સ.૧૯૦૩માં કરવામાં આવી હતી.

બૌધાનના દીર્ઘદષ્ટિવાળા હિંદુ, મુસ્લિમ અને પારસી આગેવાનોએ ઈ.સ.૧૯૦૩માં એંગ્લો વર્નાકયુલર સ્કૂલની સ્થાપના કરી હતી. એનો ઉદ્દેશ્ય એ હતો કે

બાળકોને અંગ્રેજીનું જરૂરી શિક્ષણ મળી રહે. આ શાળામાં ત્રણ ધોરણો હતા. ધો–૫, ૬ અને ૭ તે સમયે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ કહેવાતા હતાં.

ઈ.સ.૧૯૦૩ થી ઈ.સ.૧૯૩૭ સુધીમાં ૫ થી ૭ ધોરણ હતાં. ત્યારબાદ ઈ.સ.૧૯૩૮માં ધોરણ–૮ ઈ.સ. ૧૯૪૩માં ધોરણ–૯ શરૂ કરવામાં આવ્યું હતું. ધીમે ધીમે ઈ.સ.૧૯૫૦માં ધોરણ–૧૦ અને ઈ.સ.૧૯૫૧ માં ધોરણ–૧૧ શરૂ થયા હતાં.

શાળાને પોતાના મકાનની આવશ્યકતા હતી એક મુસ્લિમ સદ્‌ગૃહસ્થના માતબર દાનને કારણે તેમની શરત અનુસાર શાળા હાજી મોહમદ યુસફ કોટવાલ સાર્વજનિક હાઈસ્કૂલના નામે નામકરણ થયું હતું.

આજે આ શાળા એચ.એમ. કોટવાલ સાર્વજનિક હાઈસ્કૂલના નામે બૌધાન અને આજુબાજુના ગામમાં શિક્ષણક્ષેત્ર હરણફાળ ભરી પ્રસિદ્ધિ મેળવી ધમધમી રહી છે. અહીં અરેઠ, ઘલા, વરેણ, પાતળ, ફળી, ઉટેવા, અંત્રોલી, કોલાકૂલ, નોગામ, વદેશિયા, ઉશ્કેર, ધરમપોરવેગી, કેવડીયા, પાટણા અને વરેલીના વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે આવતા હતાં.

ઈ.સ.૧૯૪૭ થી ઈ.સ.૧૯૫૭ દરમ્યાન શાળા સાથે સંલગ્ન ત્રણ છાત્રાલયો પણ હતાં. પરંતુ પોતાના ગામની આજુબાજુ હાઈસ્કૂલ શરૂ થતા ત્રણે છાત્રાલયો બંધ કરવામાં આવી હતી.

આ શાળામાં સેવા આપી ગયેલા ત્રણ શિક્ષકો લેખક તરીકે પ્રખ્યાત થયા છે. સ્વ. મહેશભાઈ પી. પટેલ અને સ્વ. સુરેશભાઈ બારિયાએ પણ નાટકો અને નવલકથાઓ લખી હતી. તેમાં સ્વ. મહેશભાઈ પટેલનું નાટક પુસ્તક 'એક મૂરખ એક પંડિત' ખૂબ જ પ્રખ્યાત હતું. સ્વ. શશીકાંતભાઈ શાહે શિક્ષણ, મનોવિજ્ઞાન અને યુવાનોને માર્ગદર્શન આપતા પુસ્તકો આપ્યા હતાં. તેઓ ગુજરાત મિત્ર અને સંદેશ વર્તમાન પત્રોના કટાર લેખક પણ હતાં.

આ સંસ્થા કેળવણીની સાથે સાથે સહઅભ્યાસિક વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે કલા–સાહિત્ય, વિજ્ઞાન, રમત–ગમત, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રે ખૂબ જ ઉત્કૃષ્ઠ કાર્યની જયોત આજે પણ વિરાટ વટવૃક્ષ સમી ઝળહળી રહી છે.

**સ્થાપકો અને દાતાઓ :**

આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૯૦૩માં થઈ પરંતુ બૌધાનના આગેવાન મુસ્લિમ સદ્‌ગૃહસ્થ હાજી મોહમદ યુસુફ કોટવાલ સાહેબે રૂા.૨૭૦૦૦/– નું માતબર દાન આપ્યું હતું.

બૌધાન સાર્વજનિક કેળવણી મંડળ સર્વ અગ્રગણ્ય તમામ સક્રિય સભ્યોનું મહત્તમ યોગદાન રહ્યું હતું.

આ ઉપરાંત વિદેશ નિવાસી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શાળાના શૈક્ષણિક કાર્ય અંતર્ગત સહયોગ અને ઉદાર દિલે દાન પણ આપ્યું હતું.

## શ્રી કઠોર કેળવણી મંડળ સંચાલિત
## વ.દે. ગલિયારા વિદ્યાલય, કઠોર

**પ્રસ્તાવના :**

ઈ.સ. ૧૯૦૫માં વડોદરા રાજયના મહારાજા સયાજીરાવ ગાયકવાડ સરકારનું શાસન હતું. તેમના સમયકાળમાં રાજયના ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના થઈ હતી. આ સમય દરમ્યાન કઠોર ગામના બાળકોને દૂરની શાળામાં જવું ન પડે. તેમજ બાળકોને ગામમાં જ શિક્ષણ સુલભ બને એ માટે ગામના શિક્ષણ પ્રેમી અને બુદ્ધિજીવીઓના પ્રયત્નોથી ગામમાં જ શિક્ષણ સંસ્થાની કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૯૦૯માં કરવામાં આવી હતી.

પહેલાના સમયમાં વડોદરા રાજયના ગાયકવાડ સરકારથી શરૂ થયેલ સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલ સૌથી જૂની અને પ્રથમ સ્થપાયેલ એક માત્ર સંસ્થા છે.

ઈ.સ.૧૯૦૫નાં અરસામાં દશાડીયા શેઠના મકાનમાં શરૂઆત થઈ હતી. ત્યારબાદ ઈ.સ.૧૯૦૯માં એ.વી. સ્કૂલની સ્થાપના થઈ હતી.

ઈ.સ.૧૯૧૦માં ગલિયારા વાડી મકાનમાં કઠોર અને તેની આજુબાજુનાં વિદ્યાર્થીઓ અહી રહીને અભ્યાસ કરી શકે એ હેતુથી છાત્રાલયની સ્થાપના કરવામાં આવી

હતી. ઈ.સ.૧૯૧૯ સુધી તો પાંચ ધોરણ સુધીનો પ્રબંધ એ.વી. હાઈસ્કૂલમાં થયો. સાથે ૩૦ વિદ્યાર્થીઓનું છાત્રાલય સંચાલન ચાલુ રહ્યું હતું. ઈ.સ.૧૯૨૬માં શિક્ષણપ્રેમી ગલિયારા શેઠની માતબર સખાવત અને ગાયકવાડ સરકારના સહયોગથી વ.દે. ગલિયારા હાઈસ્કૂલનું ઉદઘાટન દીવાન બહાદુર વી.ટી. કૃષ્ણામાચારીના હસ્તે થયું હતું.

ઈ.સ.૧૯૪૭માં ગાયકવાડ સરકારનું ભારત સરકારમાં વિલીનીકરણ થતા સરકારી નીતિ મુજબ શાળાનું સંચાલન કેળવણી મંડળ કઠોરને તા.૧/૫/૧૯૬૫ ના રોજ સોપાયું. તે સમયે ૨૫૦ જેટલી છાત્ર સંખ્યા હતી. ઈ.સ.૧૯૬૪માં વાણિજય વિભાગ શરૂ કર્યો.

ઈ.સ.૧૯૭૬માં સરકારશ્રીની નવી તરાહ (૧૦+૨ +૩) ની શિક્ષણ નીતિના સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગની વિનયન અને વાણિજય પ્રવાહની શિક્ષણ શાળાઓ અને ત્યાર પછીના વર્ષમાં તો ઉચ્ચતર વિજ્ઞાન શાળા પણ શરૂ કરવામાં આવી હતી. ઈ.સ.૧૯૭૮માં શિક્ષણપ્રેમી ડો. જનાબ હાજી એ. એ.મ મુલ્લા સાહેબના પ્રધાન ફાળાથી ડો. હાજી આમોદ અને અમીના ઉચ્ચતર માધ્યમિક વિભાગ નામકરણવાળું મકાન નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ શાળા શિક્ષણક્ષેત્રેની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે વકતૃત્વ, શૌર્યગીત, ગરબા–રાસ, નિબંધ, ચિત્રકલા, સુલેખન વગેરે વિવિધ સ્પર્ધાઓ ઉપરાંત સાંસ્કૃતિક ક્ષેત્રે , વિજ્ઞાન ક્ષેત્રે, ઈત્તર પ્રવૃત્તિઓ અને રમત–ગમત ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિના શિખર સર કરતાં કરતાં અદ્યતન ટેક્નોલોજીના માધ્યમના ઉપયોગ થકી આજપર્યંત વિરાટ વટવૃક્ષ સમી અવિરત પ્રગતિના પંથે ધમધમી રહી છે.

**સ્થાપકો અને દાતાઓ :**

આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૯૦૯માં ભૂતપૂર્વ વડોદરા રાજયના અમાત્ય સદ્‌ગત સી.એન. રોડન સાહેબના વરદ હસ્તે થઈ હતી.

ઈ.સ.૧૯૧૦માં તાલુકા સેવાભાવી વહીવટદાર સદગત જનાર્દન પ્રધાન સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ એક છાત્રાલય શરૂ કરવામાં આવી હતી.

કઠોરના શ્રીમંત પ્રતિષ્ઠિત ગલિયારા પરિવારના ભાઈઓએ એમના સદ્‌ગત પિતાશ્રી વમળચંદ દેવચંદ ગલિયારાનું નામ સંસ્થા સાથે જોડવાની ભલામણ સહ

રૂા.૨૦,૦૦૦/– નું માતબર દાન આપ્યું હતું. સરકારે આ દાનની રકમ સ્વીકારી પરંતુ સરકારી અનુદાનની માંગણી કરતા એ દરખાસ્ત પડતી મૂકાઈ.

ઈ.સ.૧૯૨૦માં ગણદેવીના દેસાઈ પરિવારના નબીરા મનમોહન દેસાઈએ આ સુકત્યને વધાવી ગલિયારા પરિવારની રૂા.૨૦,૦૦૦/– ની દરખાસ્ત સ્વીકારી દિવાન સર મનુભાઈ નંદશંકર મહેતાના હસ્તે હાઈસ્કૂલની સ્થાપના થઈ. આજ સમયે ગલિયારા બંધુઓએ જયચંદ છાત્રાલય માટે પણ રૂા.૧૫૦૦૦/– નું દાન આપવાનું જાહેર કર્યું.

ઈ.સ. ૧૦૨૫ સુધીમાં ઓલપાડ, કામરેજ, માંગરોળ, પલસાણા ગામના લોકોએ રૂા.૩૦૦૦૦/– જેવી માતબર રકમના દાનથી ઈ.સ.૧૯૨૬માં વિશાળ છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

ઈ.સ.૧૯૨૬માં કઠોરના શિક્ષણપ્રેમી આત્મા સદગત ગલિયારા શેઠની રૂા.૧૩૦૦૦/– ની શાનદાર સખાવત સાથે ગાયકવાડ સરકારના રૂા. ૫૦૦૦૦/– મળી કુલ રૂા. ૬૩૦૦૦/–ના ખર્ચે સંસ્થાનું મકાન બનાવવામાં આવ્યું હતું.

ઈ.સ.૧૯૬૬માં માતૃશ્રી પાર્વતી વનેચંદ શાહના સ્મરણાર્થે તેમના પરિવારે રૂા.૫૦૦૦/–નું દાન કર્યું હતું.

ઈ.સ.૧૯૭૩–૭૪ માં સ્વ. છોટુભાઈ વનમાળીદાસ પટેલના સ્વજનોએ રૂા.૧૧૦૦૦/–નું દાન કર્યું હતું.

માજી વિદ્યાર્થીઓમાં અમેરીકન સ્પીગ એન્ડ પ્રેસિંગ વર્કસ પ્રા. લિ. ના શ્રી લલ્લુભાઈ મકનજીભાઈ પટેલે રૂા.૫૧૦૦૦/– નું માતબર દાન, શ્રી ઠાકોરભાઈ દેસાઈ મુખ્ય ન્યાયાધીશ સ્મોલકોઝ કોર્ટ, રાજકોટ તરફથી રૂા.૨૫૦૦૦/–નું દાન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શાળાના શૈક્ષણિક અને ભૌતિક વિકાસ અર્થે બાળાબેને રૂા.૨૦૦૦/– અને ગજ્જર પરિવારના નબીરાઓ તરફથી રૂા.૧૧૦૦/–નું દાન, શ્રી વિષ્ણુપ્રસાદે રૂા.૧૦૦૦૦/– નું દાન અને રતનલાલ અંબાલાલ શાહે રૂા.૧૦૦૦૦/– નું દાન, લાયન્સ કલબ કઠોરના રૂા.૧૦૦૦૦/–નું દાન, સવિતાબેન સૂર્યકાન્ત ભકત (નનસાડવાળા) તરફથી રૂા.૨,૫૦,૦૦૦/–નું માતબર દાન કર્યું હતું.

રાજય સભાના સભ્ય શ્રીમતિ સવિતાબેન શારદાની ભલામણથી અને જિલ્લા આયોજન મંડળ તરફથી રૂા.૨,૬૬,૦૦૦/– દાનમાં મળ્યા હતાં.

તાલુકા અને તાલુકાઓની સહકારી સંસ્થાઓ, કામરેજ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી, સાયણ સુગર ફેકટરી, ચલથાણ સુગર ફેકટરી, કામરેજ કેળા મંડળી, ઓ.એન.જી.સી. જેવી નામી–અનામી સંસ્થાઓએ મહત્તમ યોગદાન આપ્યું.

શ્રી કઠોર કેળવણી મંડળના પ્રમુખ શ્રી અને ઉપપ્રમુખશ્રી તમામ કારોબારી સભ્યોનો શાળા વિકાસ કાર્યમાં અમૂલ ફાળો રહ્યો તેમજ વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ સરકારનું મહત્તમ યોગદાન રહ્યું હતું. તમામ નાની–અનામી દાતાઓએ સ્વેચ્છાએ યથાયોગ્ય દાન આપ્યું.

## શ્રી સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા મંડળ

**પ્રસ્તાવના :**

ઈ.સ.૧૯૦૧માં અંગ્રેજ સરકારનું રાજ હતું. એ સમય દરમ્યાન બાળકોને શિક્ષણ મેળવવા દૂર સુધી જવું પડતું હતું. તેમાંય ગરીબી અને આર્થિક પરિસ્થિતિ પણ ખૂબ જ અવરોધ રૂપ હતી. તેવામાં કેળવણી મેળવવા તો દૂરની વાત રહી. પરંતુ એવા સંજોગોમાં કર્મકાંડ, જયોતિષ, પુરાણની તો કોઈ ગુંજાઈશ જ ન હતી. ત્યારે શહેરના ટ્રસ્ટીશ્રીઓ અને શાસ્ત્રપ્રેમી શહેરીજનોના સહકારથી ઘર આંગણે બાળકોને વેદ–પુરાણોનું જ્ઞાન સહજતાથી પ્રાપ્ત થઈ શકે એ હેતુથી સુરતના આમલીરાન વિસ્તારમાં સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસઃ**

આ સંસ્થાની સ્થાપના ૧૬ મી જાન્યુઆરી ૧૯૦૧માં શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં બહુ ઓછા બાળકો હતાં.

ઈ.સ.૧૯૬૦ સુધી આ સંસ્કૃત પાઠશાળા એક સ્વતંત્ર ઘટક તરીકે કાર્ય કરતી હતી. પરંતુ ટ્રસ્ટીશ્રીઓ અને દાનવીરોના સહકારથી પાઠશાળાને વધુ સમૃદ્ધ બનાવવા શ્રી સૂર્યપુર

સંસ્કૃત પાઠશાળા–મંડળની રચના અને પ્રયત્નો થકી આ સંસ્થાને ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ૧૦૦ ટકા અનુદાનીત (ગ્રાન્ટ ઈન) માન્યતા પ્રાપ્ત થઈ હતી.

સંસ્થાનો મૂળ ધ્યેય વેદ, વ્યાકરણ, કર્મકાંડ, જયોતિષ, સાહિત્ય, પુરાણ, સાંખ્ય, મિમાંશા, ન્યાય વિગેરે પ્રાચીન શાસ્ત્રોના અધ્યયન–અધ્યાપનનો અને ભારતીય સંસ્કૃતિના રક્ષણ અને સંવર્ધનનો છે. પરંતુ સમયના પ્રવાહ જોડે દષ્ટિકોણ પણ બદલાયો અને તે મુજબ અંગ્રેજી, કમ્પ્યુટર જેવા વિષયો શીખવવાની સગવડ પણ ઊભી કરાવી, પરંતુ મૂળ ધ્યેય ન બદલાય તે માટે ઉપરોકત પ્રાચીન શાસ્ત્રો શીખવવાનો ચાલુ રહ્યો હતો.

ઈ.સ. ૨૦૦૯ થી આ સંસ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ગુજરાતની પ્રથમ યુનિવર્સિટી સંલગ્ન શ્રી વિ. ઠા. ચોકસી સૂર્યપુર સંસ્કૃત મહાવિદ્યાલય બની.

ઈ.સ.૨૦૦૬–૦૭માં ગુજરાતની તમામ સંસ્કૃત મહાવિદ્યાલય સંલગ્નતા આપી.

આ સંસ્થાના પુસ્તકાલયમાં સંસ્કૃત તેમજ અર્ધમાબ્ધી ભાષામાં લખાયેલ હસ્તલિખિત પ્રતો આશરે ૫૫૦ તેમજ સંસ્કૃત સાહિત્ય, પુરાણ, જયોતિષ, વેદ અને જૈન સાહિત્ય વિગેરેના અને અલભ્ય ગ્રંથો તેમજ પુસ્તકો સચવાયેલા છે. પાઠશાળામાં અભ્યાસ કરતા ઋષિકુમારોને નિઃશુલ્ક ભોજન અને આવાસની સુવિધા અતંર્ગત છાત્રાલય અને ભોજનાલય પણ ચલાવવામાં આવે છે.

સંસ્કૃત કક્ષા પ્રથમાં ૧–૨ વર્ષ ધો–૯–૧૦ માટે તેમજ સંસ્કૃત કક્ષા મધ્યમાં ૧–૨ વર્ષ ધો.૧૧–૧૨ માટે ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ વડોદરા અને ગાંધીનગર દ્વારા સંસ્કૃત માધ્યમથી ચાલે છે. આ સંસ્થા આજે પણ અવિરત વેદ–પુરાણો અને સંસ્કૃતના માધ્યમ થકી ભારતીય સંસ્કૃતિના રક્ષણ અને સંવર્ધનમાં અમૂલ્ય યોગદાન આપી ગુજરાત ભરમાં ધમધમી રહી છે.

**સ્થાપકો અને દાતાઓ :**

આ સંસ્થાની સ્થાપના ૧૬ મી જાન્યુઆરી ૧૯૦૧ના રોજ કરવામાં આવી હતી.

આ સંસ્થાના આદ્ય સ્થાપક શ્રી ચંદ્રશંકર ભીમાનંદ શુકલે ઈ.સ.૧૮૪૪ થી ઈ.સ.૧૯૧૨ ના દીર્ઘકાળ સુધી સંચાલન અને સંવર્ધન કર્યું હતું.

ઈ.સ.૧૯૬૦ સુધી સ્વતંત્ર ઘટક તરીકે કાર્યરત હતી. પરંતુ શ્રી સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા મંડળની રચના થકી સંસ્થા ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપકો અને દાનવીરોના સહકાર અને પ્રયત્નોથી તેમજ ગુજરાત રાજયના શિક્ષણ વિભાગના સયોગથી ૧૦૦ ટકા અનુદાનિત (ગ્રાન્ટ ઈન) થઈ તેમજ આ ઉપરાંત અનેક નામી–અનામી પ્રધાનાચાર્ય, અઘ્યાપશ્રીઓ અને વિદ્યાર્થીઓના સાથ સહયોગ મળતો રહ્યો હતો.

## કન્યા વિદ્યાલય અસ્તાન, બારડોલી

**પ્રસ્તાવના :**

ઈ.સ.૧૯૬૦માં આપણા રાજયમાં ઘણા ગામડાઓમાં શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત થઈ હતી. જેથી બાળકોને તેમના નજીકના ગામમાં શિક્ષણ પ્રાપ્ત કરવું સુલભ બન્યું હતું. તેમાં કુમાર શાળા અને મિશ્ર શાળાઓ પણ વિકાસ પામી હતી. પરંતુ ફકત કન્યાઓ માટેની શાળાઓ નહિવત હતી. તેમાં અસ્તાન અને તેની આજુબાજુના ગામમાં તે સમયે એકપણ કન્યાશાળા ન હતી. આથી દિકરીઓને ગામમાં જ શિક્ષણ મળી રહે એ હેતુથી ગામના પ્રતિષ્ઠિત આગેવાનો, ગ્રામજનો અને શિક્ષણ પ્રેમીઓના સહયોગ થકી એક ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ ઈ.સ.૧૯૬૨માં કન્યા કેળવણી માટેની સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૯૬૨માં કરવામાં આવી હતી.

સૌ પ્રથમ શ્રી સાર્વજનિક વિદ્યામંડળ અસ્તાન ટ્રસ્ટની સ્થાપના ૧૭ મી ફેબ્રુઆરી ૧૯૬૦ના દિવસે કરવામાં આવી હતી. દિકરીઓને અભ્યાસ માટે કન્યા વિદ્યાલય અસ્તાન અને કન્યા છાત્રાલય અસ્તાન સ્થાપના કરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

ઈ.સ.૧૯૬૨થી કન્યા વિદ્યાલય અસ્તાન અને કન્યા છાત્રાલય અસ્તાનની શરૂઆત થઈ. પ્રથમ વર્ષે ૧૭૯ દિકરીઓએ પ્રવેશ લીધો હતો. તેમાંથી ૮૬ દિકરીઓએ કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કર્યો હતો.

બાળવર્ગ, શીશુવર્ગ થી ધો.૧૨ સામાન્ય પ્રવાહ, આર્ટસ, કોમર્સ, કોમ્પ્યુટર ટેક્નોલોજી (યાંત્રીક જૂથ), ફૂડ પ્રિઝવ્રેશન (ગૃહ વિજ્ઞાન) અને વિજ્ઞાન પ્રવાહના વિષયોના શિક્ષણની સાથે સાથે રમત–ગમત ક્ષેત્રે, રાષ્ટ્રકક્ષાએ, નવરાત્રી ગરબા મહોત્સવ અને યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં રાજય કક્ષાએ તેમજ સહ અભ્યાસ પ્રવૃત્તિઓ જેવી કે ગરબા–રાસ, ચિત્રકલા, નિબંધ, વકતૃત્વ, સુલેખન વગેરે સ્પર્ધાઓ સાંસ્કૃતિક્ષેત્રે, ઈકોકલબ ક્ષેત્રે જેવા વિવિધ ક્ષેત્રે આજે પણ વિરાટ વટવૃક્ષ સમી પ્રગતિના સોપાન સર કરતી કરતી અવિરત ધમધમી રહી છે.

**સ્થાપક અને દાતાઓ :**

શ્રી સાર્વજનિક વિદ્યામંડળ અસ્તાન સ્થાપના તા.૧૭/૨/૧૯૬૦ના દિને થઈ. ત્યારબાદ ઈ.સ.૧૯૬૨માં કન્યા વિદ્યાલય અસ્તાનની સ્થાપનાના પાયાના પથદર્શકોમાં સ્વ.શ્રી ગોપાળભાઈ રણછોડજી પટેલ, બારાસડી, સ્વ.શ્રી નારણજીભાઈ લાલભાઈ પટેલ, ઉમરાવ, સ્વ. શ્રી ખુશાલભાઈ મોરાજીભાઈ પટેલ, રામવાડી, બારડોલી, સ્વ. શ્રી દયારામભાઈ કુંવરજીભાઈ પટેલ, વણેસા, સ્વ.શ્રી મોતીભાઈ ભીખાભાઈ પટેલ, રામપુરા વગેરે ટ્રસ્ટીઓનો ખૂબ જ સહયોગ અને યોગદાન આપ્યું હતું.

આ સંસ્થાના શૈક્ષણિક તેમજ ભૌતિક વિકાસ માટે દાતાઓએ સ્વેચ્છાએ ફાળો આપી પોતાનું યોગદાન આપ્યું હતું. દાતાઓમાં શ્રી રમેશભાઈ પટેલ, વાપી, શ્રી બાબુભાઈ ગજેરા અને શ્રી સુરેશભાઈ કોટડિયા, શ્રી હરીશભાઈ તળાવીયા અને શ્રી મયુરભાઈ, શ્રી સંજયભાઈ જે. પટેલ તેમજ રોટરી કલબ વગેરે તેમજ નામી–અનામી દાતાઓ આ ઉપરાંત ઉકા તરસાડિયા યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી અને સુરૂચિ વસાહત કૃષિ ટેકનોલોજીનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

# બી.એ.બી.એસ. હાઈસ્કૂલ, બારડોલી

**પ્રસ્તાવના :**

ઈ.સ.૧૯૦૫ના સમયગાળા દરમ્યાન ૧ થી ૪ ધોરણ ધરાવતી શાળા પ્રાથમિક શાળા ગણાતી હતી. ધોરણ–૫ થી ૧૧ સુધીનું શિક્ષણ આપનારી શાળા માધ્યમિક શાળા કહેવાતી હતી. બારડોલીમાં પ્રાથમિક શાળાઓ હતી. પરંતુ માધ્યમિક શાળાઓનો વિકાસ થયો ન હતો. આ પ્રદેશની પ્રજામાં શિક્ષણના વ્યાપક પ્રચાર અને પ્રસારના હેતુથી બારડોલીના પ્રતિષ્ઠિત વડીલો અને સેવાભાવી નાગરિકોના સહકારથી બારડોલીમાં સૌ પ્રથમ માધ્યમિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી.

**સ્થાપના અને ઈતિહાસ :**

આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૯૦૫માં કરવામાં આવી હતી.

ઈ.સ.૧૯૦૫માં શરૂ થયેલ 'હરિનારાયણ એંગ્લો વર્નાકયુલર સ્કૂલ' બારડોલી ગામની કહો કે બારડોલી પરગણાની સૌથી પહેલી માધ્યમિક શાળા હતી. તેમાં ધોરણ–૫, ૬, ૭ માં માત્ર ૪૦ વિદ્યાર્થીઓ હતાં.

ઈ.સ.૧૯૦૫ થી ઈ.સ.૧૯૧૭ સુધી શાળાને સ્વ.શ્રી માધવરામ હરિનારાયણ વ્યાસે પોતાના અંગત ખર્ચે નિભાવી તથા દાનમાં મળેલ જમીનમાં પોતાના ખર્ચે એક મકાન બનાવડાવ્યું. તા.૧/૮/૧૯૧૭માં બારડોલી એજયુકેશન સોસાયટીની વિધિસર સ્થાપના થઈ તે જ દિવસે 'હરિનારાયણ એંગ્લો વર્નાકયુલર સ્કૂલ, બારડોલી'ની તમામ સ્થાવર જંગમ મિલકત એમણે બારડોલી એજયુકેશન સોસાયટીને અર્પણ કરી દીધી.

ઈ.સ.૧૯૧૭ થી ઈ.સ.૧૯૨૬ સુધી પ્રથમ પ્રમુખશ્રી શાહ જીવણજી દેવાજીએ સંસ્થાના વિકાસનો પાયો મજબૂત કર્યો હતો.

ઈ.સ.૧૯૪૨માં માતબર દાન મળતાં " બારડોલી એજયુકેશન સોસયાટીના ઉપક્રમે બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક સ્કૂલ"ની સ્થાપના થઈ જે બી.એ.બી.એસ.નામે આજે રાજયભરમાં પ્રખ્યાત છે.

હિંદના સ્વાતંત્ર્યની લડતના લોકલાડીલા નેતા સ્વ. પૂજય સરદાર વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે તા.૪/૧/૧૯૪૨ના રોજ બી.એ.બી.એસ. હાઈસ્કૂલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

ઈ.સ.૧૯૭૬માં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કોમર્સ તથા વિનયન પ્રવાહ અને ઈ.સ.૧૯૮૪માં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવામાં આવ્યો હતો.

ઈ.સ.૧૯૮૭ થી પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિકના વર્ગોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ગુજરાત અને મહારાષ્ટ્ર જયારે મુંબઈ રાજય તરીકે સંયુકત હતું. ત્યારે મુંબઈથી અમદાવાદ સુધીના અનેક કલાકારો અને કલાસંસ્થાઓએ વર્ષો સુધી બારડોલીની જનતાને સંસ્કારી મનોરંજન પૂરું પાડયું હતું. એ સમયે નાટય સ્પર્ધા, ગરબા સ્પર્ધા, નૃત્યો, ડાયરાઓ, કવિસંમેલનો, વિદ્વાન સંતોના પ્રવચનો વગેરેથી ભૂતકાળ ભવ્ય રહ્યો હતો.

આ સંસ્થા શિક્ષણ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં રમત–ગમત ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે, કલાક્ષેત્રે, નૃત્ય–નાટીકા, એમ.સી.સી. પ્રવૃત્તિ તેમજ વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધ, વકતૃત્વ, ચિત્રકલા, ગરબા–રાસ વગેરે તેમજ આધુનિક ટેકનોલોજી ક્ષેત્રે આજે પણ 'BABS' નું નામ ગુજરાત ભરમાં મોખરે છે અને એ વિરાટ વટવૃક્ષ સમુ અવિરત પણે ગુંજી રહ્યું છે.

**સ્થાપક અને દાતાઓ :**

ઈ.સ.૧૯૦૫ થી શરૂ થયેલી 'હરિનારાયણ એંગ્લો વર્નાકયુલર સ્કૂલ' ના સ્થાપક સ્વ.શ્રી માધવરામ હરિનારાયણ વ્યાસે કરી હતી.

ઈ.સ.૧૯૦૫ થી ઈ.સ.૧૯૧૭ સુધી આ શાળાને એમણે પોતાના અંગત ખર્ચે નિભાવી અને બારડોલી બ્રાહ્મણ સમાજ તરફથી મળેલી જમીનમાં પોતાના જ ખર્ચે એક મકાન બનાવડાવ્યું. તેમણે તન, મન અને ધનથી સંસ્થાને સહયોગ અને મહત્તમ યોગદાન પ્રદાન કર્યું હતું.

ઈ.સ. ૧૯૪૨માં બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણના (અશેષ) મંડળ તરફથી માતબર દાન મળતા બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલની સ્થાપના થઈ. જે બી.એ.બી.એસ. હાઈસ્કૂલના નામે આજે રાજયભરમાં પ્રખ્યાત છે.

સ્વ. શ્રી પ્રાણશંકર પાઠકજી, સ્વ. શ્રી લાભશંકર ત્રિવેદી, સ્વ. શ્રી કસ્તુરચંદ શાહ, સ્વ. શ્રી મગનલાલ હરજીવનદાસ શાહ, સ્વ. શ્રી નસરવાનજી મોટા, સ્વ. શ્રી હિરાચંદ શાહ, સ્વ. શ્રી વનમાળીભાઈ પારેખ, સ્વ. શ્રી કપિલરામ વ્યાસ, માનનીય મુરબ્બી આચાર્યશ્રી ભીમભાઈ મોરારજીભાઈ દેસાઈ તેમજ સંસ્થાના પ્રમુખશ્રીઓ, સેક્રેટરીશ્રીઓ, ટ્રસ્ટ મંડળ, કારોબારી સભ્યશ્રીઓ, બારડોલી એજયુકેશન સોસાયટી, જૈન સમાજ તથા પ્રદેશના પટેલ સમાજ આ ઉપરાંત નામી–અનામી દાતાઓ અને નગરજનો તથા શ્રેષ્ઠીશ્રીઓએ બહુમૂલય યોગદાન આપ્યું હતું.

# પ્રકરણ–૩

# સુરત જિલ્લો અને કેળવણી વ્યવસ્થાપન

૩.૧ પ્રસ્તાવના

૩.૨ સાક્ષરતા

૩.૩ પૂર્વ પ્રાથમિક શિક્ષણ

૩.૪ પ્રાથમિક શિક્ષણ

૩.૫ માધ્યમિક શિક્ષણ

૩.૬ વિવિધ શાળાઓ

- બુનિયાદી શાળા
- આશ્રમ શાળા
- ઉ.બુ. શાળા
- આદિવાસી આદર્શ નિવાસી શાળા
- સંસ્કૃત પાઠશાળા
- અન્ય સંસ્થાઓ

૩.૭ ઉચ્ચ શિક્ષણ – ટેક્નિકલ શિક્ષણ

## ૩.૧ પ્રસ્તાવના :

શિક્ષણનું શુદ્ધ સ્વરૂપને 'સા વિદ્યા યા વિમુકતયે'. શિક્ષણ એટલે જે જ્ઞાન આજીવિકા પ્રાપ્ત કરવામાં મદદ કરે અને શકિત હોય તો ઊંચે દરજજે ચડવાની યોગ્યતા આપે, તેમજ નીતિ, સદાચાર અને સંસ્કાર જેવા ઉદ્દાત સદગુણો ખીલવે. પ્રાચીન સમયમાં શિક્ષણ 'ગુરુમુખી' હતું. ગુરુ ઉચ્ચારણ, ગેયતા અને શબ્દભાર ઉપર વજન આપી, મંત્રો અને શ્લોકો શીખવતા. શિષ્યો તે જ્ઞાનને સ્મરણશકિતથી મુખપાઠ કરીને પચાવતા. અભ્યાસક્રમના વિભાગ હતાં. 'ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે' એ સૂત્ર વિદ્યાજીવનમાં ધબકતું હતું. શિક્ષણ પદ્ધતિ અને શિક્ષણ પ્રાપ્ત કરવાની દ્રષ્ટિ સમય જતાં બદલાયા. આજે તો કેળવણીના અર્થમાં શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. કેળવણી એટલે વ્યકિતત્વનો વિકાસ, નાગરિકત્વનું ઉપાદાન, સામાજિક સંસ્કારનું દર્શન, સ્વકર્તવ્યનું અભિસ્થાપન, ચારિત્ર્યનું ઘડતર, રાષ્ટ્રીયત્વનું સંરક્ષણ અને નવસર્જન, ધાર્મિક કેળવણીનું માતૃત્વ, સદાચારનું પદાર્પણ અને જીવનનું અભિનવ દર્શન ગણી શકાય.

સુરત જિલ્લામાં પ્રાચીન સમયથી શિક્ષણની પરંપરા ભારતીય રહી છે. જો કે તેમાં યુગ યુગ અનુસાર ફેરફારો થયા છે. મૌર્યકાળમાં ગુજરાતની પ્રાથમિક કેળવણી પર બૌદ્ધકાલીન શાસનની જબ્બર અસર હતી. ક્ષત્રપોના ગુજરાતમાં સંસ્કૃત ભાષાને ઉત્તેજન મળ્યું હતું. અર્થશાસ્ત્ર, વ્યાકરણ, ન્યાય, વિજ્ઞાન વગેરેનું શિક્ષણ અપાતું હતું. ગુપ્તકાલીન ગુજરાતમાં સંસ્કૃત સાહિત્યનો વિકાસ થયો છે. મુસ્લિમ યુગ, કે જે ૧૨૯૯ થી શરૂ થયો હતો તેમાં શિક્ષણમાં ફેરફારો થયા. મુસ્લિમ બાળકોને શિક્ષણ આપવા માટે બે પ્રકારની વ્યવસ્થા થઈ હતી, (૧) મકતબા અને (૨) મદ્રેસા. પ્રાથમિક શિક્ષણ મકતબામાં આપવામાં આવતું અને ઉચ્ચ શિક્ષણ મદ્રેસામાં આપવામાં આવતું. કેળવણી રાજયાશ્રયી બની. મરાઠાયુગમાં કેળવણી આખા જિલ્લામાં પ્રસરી, તેમાં સયાજીરાવ ત્રીજાનો ફાળો ગણી શકાય. સંસ્કૃત પાઠશાળા પણ પ્રચલિત થઈ.

અંગ્રેજ શાસનની શરૂઆત થતાં ગુજરાતની તથા જિલ્લાની કેળવણીમાં ફેરફારો થયા. અંગ્રેજોને રાજય વહીવટ ચલાવવા મોભાદાર અને વગદાર શિક્ષિત ભારતવાસીઓની જરૂર હતી. સુરતમાં અંગ્રેજી કેળવણી પર મિશનરીઓની પકડ હતી. પણ તેમાં ફેરફારો

લોર્ડ મેકોલેના આગમન બાદ થયા. મેકોલે પાશ્ચાત્યવાદી હતો, તેથી તેની અંગ્રેજી તરફની નીતિ હતી અને પરિણામે અંગ્રેજી શિક્ષણની પરંપરા શરૂ થઈ.

સુરત જિલ્લામાં ૧૮૫૨ થી ૧૮૮૧ સુધી પ્રાથમિક કેળવણીનું સંચાલન સરકારે પોતાના હસ્તક રાખ્યું હતું. સુધરાઈ નિર્ણિત ફાળો આપતી અને વિદ્યાર્થી દીઠ ત્રણ પાઈ લેખે ફી લેવાતી અને બાકીનો ખર્ચ સરકાર ભોગવતી. કેટલીક ખાનગી શાળાઓ હતી, જેને સરકાર દેણગી આપતી. એ શાળાઓમાં બાલમંદિરથી માંડીને ધોરણ–૬ સુધીના વર્ગો હતા અને તેમાં ૧૮૮૦ થી ખેતીવાડીના શિક્ષણ માટે એક ખાસ વર્ગ ફાળવવામાં આવ્યો. ૧૮૮૫માં સરકારે પ્રાથમિક કેળવણીનો વહીવટ સુરત સુધરાઈને સોંપ્યો. પ્રાથમિક કેળવણીના ક્ષેત્રે સુધારક શિક્ષક દુર્ગારામ મહેતાજીનો ફાળો સુરતમાં નોંધપાત્ર છે. તેમના સમયમાં સુરતમાં બે શાળાઓ હતી. એકમાં દુર્ગારામ મહેતાજી અને બીજી શાળામાં પ્રાણશંકર મહેતાજી હતાં. બંને શાળાઓ વચ્ચે કેળવણીની ઊંચી ભૂમિકા સર્જવાની હરીફાઈ હતી. દુર્ગારામ મહેતાજી ૩૦૦ રૂપિયાનું ઈનામ મેળવી યશસ્વી બન્યા હતાં. આમ સુરત શહેર આવા પ્રાથમિક કેળવણીના દાતા શિક્ષકોથી ગૌરવભીનું હતું.

સુરતમાં પ્રાથમિક શિક્ષણ સાથે કન્યાશાળાઓ તથા અંગ્રેજી શાળાનો વિકાસ થયો. ૧૮૫૨માં દુર્ગારામે કેટલાક મિત્રોની મદદથી કન્યાઓ માટે સ્વતંત્ર શાળા ખોલી. એમાં ૨૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ. આ કન્યાશાળા ઝાઝું ટકી નહિ. પરંતુ તે પછી ૧૦ વર્ષ બાદ ૧૮૬૨માં રાયચંદ દીપચંદ કન્યાશાળા ખોલવામાં આવી. ૨૮ વર્ષ પછી એટલે કે ૧૮૯૦માં એમાં એક અંગ્રેજી ભાષાનો વર્ગ પણ શરૂ થયો. આમ તો શરૂઆતમાં ૧૮૮૮ના જૂન માસની ૭મી તારીખે ચૂનીલાલ ઘેલાભાઈ શાહ અને જેકીશનદાસ અઠ્ઠાવાળાએ બીજા બે સજ્જનોના સાથમાં ૧૧ વિદ્યાર્થીઓથી અંગ્રેજી શાળાની સ્થાપના કરી. આ અંગ્રેજી શાળામાંથી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનું નિર્માણ થયું.

સુરતમાં સરકારી હાઈસ્કૂલ ઈ.સ.૧૮૪૨માં સ્થપાઈ હતી. એક પારસી ગૃહસ્થે ૧૮૭૨માં તેના મકાન માટે બનાવ્યું, તેથી તેના નામ ઉપરથી તેને સોરાબજી જમશેદજી જીજીબાઈ હાઈસ્કૂલ તરીકે ઓળખવામાં આવી. હાઈસ્કૂલ જતી રહી અને ટ્રેનિંગ કોલેજ શરૂ થઈ. સુરતના ચાર પ્રખ્યાત શહેરીઓ હતા તેઓએ કેળવણીના ક્ષેત્રમાં ઘણો ફાળો આપ્યો હતો. ૧. સુપ્રસિદ્ધ નર્મદ કવિ ૨. સ્વ. ચુનીલાલ ઘેલાભાઈ શાહ ૩. સ્વ. રાવબહાદુર

ત્રિવેદી, સંસ્કૃતના પંડિત અને સાતમી સાહિત્ય પરિષદના પ્રમુખ અને ૪. પારસી ગૃહસ્થ બરજોરજી વકીલ.

સુરત શહેરની જાહેર પ્રવૃત્તિમાં પારસીઓ સૌથી મોખરે હતાં. અગાઉ જોઈ ગયા તેમ અંગ્રેજી સ્કૂલ એ સેવાભાવી સેવકોએ સ્થાપી હતી. તેને શરૂઆતમાં કેટલાક લોકો મશ્કરીમાં 'ઢીંગલી સ્કૂલ' કહેતા. ૧૯૦૭માં આ શાળાનું નામ બદલી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરવામાં આવી અને તેને આ શાળા આપવામાં આવી. ૧૯૧૭–૧૮માં શેઠ તાપીદાસ તથા શેઠ તુલસીદાસના ફંડમાંથી મોટી રકમ શાળાને મળી, એટલે તે મુજબ શાળાના નામમાં ફેરફાર થયો.

સુરત શહેરમાં શિક્ષણનો વ્યાપ વધે એ હેતુથી આગળ જોયું તેમ સાર્વજનિક સોસાયટી ૧૯૧૨માં સ્થપાઈ હતી. આ સંસ્થાએ ઉચ્ચ શિક્ષણની જવાબદારી પણ લીધી. પરિણામે એના આશ્રયે એમ.ટી.બી. કોલેજ સ્થપાઈ અને તેનું આજનું નામ સુરતના શ્રેષ્ઠી સ્વ. મગનલાલ ઠાકોરદાસ બાલમુકુન્દદાસ મોદીની સ્મૃતિમાં આપવામાં આવ્યું. ૧૯૧૭–૧૮માં સંસ્થા તરફથી આર્ટ્સ કોલેજ શરૂ કરવામાં આવી. સુરતમાં વનિતા વિશ્રામ (વર્ષ ૧૯૦૭) આ સમયની આસપાસ શરૂ થઈ. આ સંસ્થાના મૂળ સ્થાપનાર બાજી ગૌરી તથા નાની બહેન બંને સુરતના હતાં. એનું મૂળ મકાન પાણીની ભીંત પાસે શહેરમાં હતું. સુરતમાં પરંપરાને સ્થાપવામાં અને દ્રઢ કરવામાં આચાર્યો અને શિક્ષકોના નામ વિદ્યાજગતમાં જાણીતા બન્યા છે, જેમાં આચાર્ય શ્રી ધનંજય ગાડગીલ તથા સર્વશ્રી એન.એમ.શાહ, કે.એલ. દેસાઈ, જે.ટી. પરીખ જેવા પોતોપોતાના ક્ષેત્રના મોટા વિદ્વાનો તરીકે પંકાયેલા હતાં.

## ૩.૨ સાક્ષરતા:

ગુજરાતના સર્વ જિલ્લાઓની જેમ આ સદીની શરૂઆતમાં કેળવણી અથવા અક્ષરજ્ઞાનનો વિકાસ સુરત જિલ્લામાં સંતોષકારક થયો ન હતો. મુંબઈની નજીક હોવાથી અને જિલ્લામાં પારસીઓની વસતિ ઠીક ઠીક પ્રમાણમાં હોવાથી અક્ષરજ્ઞાનનું પ્રમાણ વર્ષો વર્ષ વધતું જતું હતું. ભારતમાં અંગ્રેજો સૌ પ્રથમ સુરત જિલ્લામાં આવ્યા હતાં તેથી તેમના સંપર્કથી સ્થાનિક પ્રજાને પાશ્ચાત્ય શિક્ષણનો લાભ મળ્યો હતો. અંગ્રેજી મિશનરીઓએ પણ

સ્થાનિક પ્રજાને શિક્ષિત કરી હતી. આમ શાળાઓ તથા એલોપેથીના દવાખાના ખોલવાનો યશ આ મિશનરીઓને જ મળે છે.

અક્ષરજ્ઞાનમાં શિક્ષિત થવાનો પાયો સમાયેલો છે. ૧૯૬૧ની વસતિ ગણતરીની વ્યાખ્યા પ્રમાણે 'વ્યકિત કોઈપણ ભાષામાં સમજપૂર્વક વાંચી અને લખી શકે તે શિક્ષિત ગણાય'. આથી જે વ્યકિત ફકત વાંચી શકે છે, પરંતુ લખી શકતી નથી, તે શિક્ષિત ન ગણાય. જે વ્યકિત શિક્ષિત છે, તેણે કોઈપણ ઔપચારિક શિક્ષણ લીધેલું હોવું જરૂરી નથી. તેમજ તેને માટે શૈક્ષણિક ધોરણની ઓછામાં ઓછી કોઈપણ પરીક્ષા પસાર કરી હોવી જોઈએ, તે પણ જરૂરી નથી.

૧૯૪૭ પહેલાં આ જિલ્લાના કેટલાક ભાગો એટલે કે કામરેજ, માંગરોળ, સોનગઢ, વ્યારા, મહુવા અને પલસાણા તાલુકાઓના ગામો ભૂતપૂર્વ વડોદરા રાજયની હકૂમત હેઠળ હતાં. શિક્ષણની બાબતમાં વડોદરા રાજય સજાગ હતું. ૧૯૩૧ની વસતિ ગણતરી મુજબ નવસારી પ્રાંતમાં દર ૬ પુરુષે ૧ પુરુષ ભણેલો હતો અને ૪૦ સ્ત્રીમાં ૧ સ્ત્રી ભણેલી હતી. મુંબઈ પ્રાંતમાં જયારે દર હજારે ૧૫૩ સ્ત્રીઓ ભણેલી હતી, ત્યારે વડોદરા રાજયમાં દર હજારે ૧૮૪ સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવતી હતી. આમ વડોદરા રાજય મુંબઈ પ્રાંતથી પણ આગળ હતું.

**સારણી–૧**

**વર્ષવાર અક્ષરજ્ઞાન ધરાવતી વસતિની ટકાવારી**

| વર્ષ | અક્ષરજ્ઞાન ધરાવતી | | |
|---|---|---|---|
| | વસતિ | પુરુષ | સ્ત્રી |
| ૧૯૫૧ | ૨૯.૦૧% | ૩૯.૦% | ૧૯.૧% |
| ૧૯૬૧ | ૩૪.૩૫% | ૪૪.૩૬% | ૨૪.૩૬% |
| ૧૯૭૧ | ૩૯.૩૯% | ૪૭.૯૯% | ૩૦.૧% |
| ૧૯૮૧ | ૪૬.૭૩% | ૫૪.૯૯% | ૩૭.૭૯% |
| ૧૯૯૧ | ૪૯.૭૬% | ૫૬.૧૫% | ૪૨.૬૬% |

## ૩.૩ પૂર્વ પ્રાથમિક શિક્ષણ :

પૂર્વ પ્રાથમિક શિક્ષણ ત્રણ થી છ વર્ષની ઉંમરનાં બાળકોને અપાતું શિક્ષણ છે. તે આપતી શાળાઓ બાલમંદિર, શિશુશાળા, બાલવાડી કે કિન્ડરગાર્ટન તરીકે ઓળખાય છે. મુંબઈ રાજયે ૧૮૮૭માં બાળવર્ગ શરૂ કરીને પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરી હતી. ચાર કે પાંચ વરસના બાળકને દાખલ કરીને તેના વય પ્રમાણે 'એ' અને 'બી' વિભાગો પડાતા હતા. તેમાં કિન્ડરગાર્ટન પદ્ધતિથી શિક્ષણ આપવા પ્રયાસો થતા હતાં. તેમાં અભ્યાસક્રમમાં વાચન, સો સુધીની ગણતરી અને દાણ સુધીના આંક હતાં. પદાર્થપાઠ, વાર્તાકથન, સમૂહગાન અને રમતો તરફ મુખ્યત્વે લક્ષ અપાતું હતું. અધ્યાપન મંદિરમાં કિન્ડરગાર્ટન પદ્ધતિનું જ્ઞાન અપાતું હતું પણ બિનતાલીમી શિક્ષકોનું પ્રમાણ વધારે હોવાથી થોડાક બાળકોને સાચા બાલશિક્ષણનો લાભ મળતો હતો. સામાન્ય શાળાઓમાં કિન્ડરગાર્ટનના સાધનોનો પણ અભાવ હતો. સુરતમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા કિન્ડરગાર્ટનના શિક્ષકો માટેનું અધ્યાપન મંદિર ખોલાયું હતું. ૧૯૦૧, ૧૯૦૬ અને ૧૯૧૭ માં આ પદ્ધતિ વિષયક પુસ્તકો પણ ગુજરાતી ભાષામાં લખાયા હતાં. વડોદરા રાજયમાં ૧૯૪૦–૪૧ માં ૨૯ કિન્ડરગાર્ટન પદ્ધતિનાં બાલમંદિરોમાં ૧,૬૩૮ વિદ્યાર્થીઓ હતાં. હાલના સુરત જિલ્લાનો કેટલાક વિભાગ ભૂતપૂર્વ વડોદરા રાજયમાં હતા તેથી કેટલાંક બાલમંદિરો ત્યાં પણ હશે.

**સારણી–૨**

**પૂર્વ પ્રાથમિક શિક્ષણ**

| વર્ષ | સ્થળ | વિગત |
|---|---|---|
| ૧૯૧૪ | વસો, જિ. ખેડા | મોન્ટેસોરી પદ્ધતિનું પ્રથમ બાલમંદિર |
| ૧૯૨૦ | દક્ષિણામૂર્તિ, ભાવનગર | શ્રી ગિજુભાઈએ બાલમંદિર શરૂ કર્યું |
| ૧૯૪૦–૪૧ | સુરત ખાતે પ્રથમ બાલમંદિર | કુલ બાળકો ૧૮ |
| ૧૯૪૨ | સુરત ખાતે બીજુ બાલમંદિર | કુલ બાળકો ૨૯ |
| ૧૯૪૪ | બોરડી | તારાબેન મોડકે ગ્રામ બાળ શિક્ષણ કેન્દ્ર |
| ૧૯૫૨–૫૩ | સુરત ખાતે કુલ છ બાળમંદિર | બાળકોની સંખ્યા ૨૬૦ |
| ૧૯૮૨–૮૩ | સુરત ગ્રામ્ય કક્ષાએ | કુલ બાલમંદિર ૬૩ (૫૩૨૮ બાળકો) |

| | | |
|---|---|---|
| ૧૯૮૪–૮૫ | સુરત ગ્રામ્ય કક્ષાએ | કુલ બાલમંદિર ૬૧ (૬૩૭૦ બાળકો) |
| ૧૯૯૦–૯૧ | સુરત જિલ્લામાં | કુલ બાલમંદિર–૬૪<br>વિદ્યાર્થીઓ – ૭૫૧૯<br>શિક્ષકો – ૧૫૬ |
| ૧૯૮૦–૮૧ | સુરત જિલ્લો | બાલવાડીની સંખ્યા– ૭૪ |
| ૧૯૮૩–૮૪ | સુરત જિલ્લો | બાલવાડીની સંખ્યા – ૯૦ |
| ૧૯૮૪–૮૫ | સુરત જિલ્લો | બાલવાડીની સંખ્યા–૫૬ |
| ૧૯૯૦–૯૧ | સુરત જિલ્લો | બાલવાડીની સંખ્યા–૮૮ |

### ૩.૪ પ્રાથમિક શિક્ષણ :

સુરત જિલ્લામાં થોમસ કારે ૧૮૧૭માં ૧૯ વિદ્યાર્થીઓ સાથે સૌ પ્રથમ પ્રાથમિક શાળા શરૂ કરી હતી. ૧૮૧૯માં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૬ થઈ હતી. ૨૧/૮/૧૮૨૨ થી ધી બોમ્બે નેટિવ એજયુકેશન સોસાયટીએ સુરતમાં ત્રણ નવી શાળાઓ શરૂ કરી હતી. ૧૮૩૭ અને ૧૮૪૦ માં વધુ પ્રાથમિક શાળાઓ શરૂ કરાઈ હતી. ૧૮૩૨માં કલેકટર હસ્તક શાળાઓ મૂકાતાં સંખ્યા ઘટી હતી. ૧૮૪૦ થી બોર્ડ ઓફ એજયુકેશને કારોબાર હસ્તક લેતાં, છપાયેલ પાઠયપુસ્તકો, અભ્યાસક્રમ અને વર્ગવ્યવસ્થા અસ્તિત્વમાં આવ્યાં હતાં. ૧૮૫૦–૫૧માં ૧૭ પ્રાથમિક શાળાઓ હતી અને વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૨૨૫ હતી. ૧૮૫૫–૫૬માં ૧૯ શાળાઓ હતી અને તેમાં ૧,૨૩૨ વિદ્યાર્થીઓ હતા. ૧૮૬૫–૬૬માં ૯૩ શાળાઓ હતી, જે પૈકી ૬૭ સરકારી અને ૨૬ મદદ લેતી પ્રાથમિક શાળાઓ હતી. તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬,૩૮૭ હતી. સરકારી અને મિશનરી શાળાઓ ઉપરાંત કેટલીક ગામઠી શાળાઓ પણ હતી. તેમાં બે વર્ષમાં લેખન, વાંચન અને હિસાબીકામ શીખવાતું હતું. બોડિયા લિપિમાં લખવાની પદ્ધતિ હતી. નવી શાળાઓમાં ત્રણેક વરસનો અભ્યાસક્રમ હતો, ૧૮૪૦ પછી બોર્ડ ઓફ એજયુકેશને સાક્ષરો અને શાસ્ત્રીઓ પાસે વાચનમાળા, લિપિધારા, બોધવાચન, ડોડસ્લીની વાર્તાઓ, ઈસપ નીતિ, બાળમિત્ર, ખગોળ, ગણિત વગેરેના પુસ્તકો તૈયાર કરાવ્યા હતાં. અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષાના પુસ્તકોમાંથી મરાઠી અને પછી ગુજરાતીમાં ભાષાંતર કરાયું હતું. મરાઠી વ્યાકરણનો ગુજરાતી અનુવાદમાં ઉપયોગ

લેવાતો હતો. શાળાઓમાં જાહેર પરીક્ષાઓ લેવાતી હતી. ૧૮૬૫માં પ્રાથમિક શિક્ષણનો ફેલાવો વધે તે માટે લોકલ સેસ ફંડ કર લેવાવો શરૂ થયો હતો. ઉઘરાવેલ કર પૈકીનો ૧/૨ ભાગ પ્રાથમિક કેળવણી પાછળ ખર્ચાતો હતો. ૧૮૬૩થી ખાનગી શાળાઓને વ્યવસ્થિત ગ્રાંટ અપાવવી શરૂ થઈ હતી. ૧૮૮૨માં લોર્ડ રીપને સ્થાનિક સ્વરાજયની ભેટ આપતાં લોકલ બોર્ડની સ્થાપના થઈ હતી અને પ્રાથમિક શિક્ષણની જવાબદારી તેમને શિરે નાખી હતી. આવકનાસાધનો મર્યાદિત હોવા છતાં સર્વશ્રી દુર્ગારામ દલપતરામ, નદશંકર, નર્મદાશંકર, નવલરામ, વગેરેના પ્રયાસોને કારણે પ્રાથમિક શિક્ષણ વધ્યું હતું. દુગારામ મહેતાજીએ ૧૮૫૨માં એક કન્યાશાળા સુરતમાં શરૂ કરી હતી. ૧૮૬૫માં ૧૫ કન્યાશાળાઓમાં ૮૩૭ અને ૧૮૭૩–૭૪ માં ૨૫ કન્યાશાળાઓમાં ૧૨૭૦ કન્યાઓ ભણતી હતી. તે પૈકી ૭૪૬ પારસી, ૪૮૯ હિન્દુ અને ૩૫ મુસ્લિમ કન્યાઓ હતો. ૧૮૭૩–૭૪માં ૨૫૩ સરકારી અને ૨૧ ખાનગી પ્રાથમિક શાળાઓ હતી અને વિદ્યાર્થીઓની સંખ્યા ૧૪,૧૮૬ હતી.

**સારણી–૩**

**પ્રાથમિક શિક્ષણ**

| **વર્ષ** | **સ્થળ** | **વિદ્યાર્થીની સંખ્યા** | **વિગત** |
|---|---|---|---|
| ૧૮૧૭ | સુરત જિલ્લામાં | ૧૯ (બે વર્ષમાં વધીને સંખ્યા ૬૬ થઈ) | પ્રથમ પ્રાથમિક શાળા થોમસ કાટે સુરત જિલ્લામાં શરૂ કરી |
| ૧૮૨૨ | સુરત | ૩ શાળાઓ | ધી બોમ્બે નેટિવ એજયુકેશન સોસાયટી, સુરત |
| ૧૮૩૨ | સુરત | – | કલેકટર હસ્તક શાળાઓ |
| ૧૮૪૦ | સુરત | – | બોર્ડ ઓફ એજયુકેશન હસ્તક |
| ૧૮૫૦–૫૧ | સુરત | ૧૭ શાળા (વિદ્યાર્થી–૧૨૨૫) | |
| ૧૮૫૫–૫૬ | સુરત | ૧૯ શાળાઓ (વિદ્યાર્થી–૧૨૩૨) | |
| ૧૮૬૫–૬૬ | સુરત | ૯૩ શાળાઓ (વિદ્યાર્થી–૬૩૮૭) (૬૭–સરરકારી, ૨૬ – મદદ લેતી પ્રા. શાળા) | |

| | | | |
|---|---|---|---|
| ૧૮૭૩–૭૪ | સુરત | ૨૫૩ સરકારી શાળા, ૨૧ ખાનગી શાળા, ૧૪૧૮૬–વિદ્યાર્થીઓ | |
| ૧૮૭૫–૭૬ | સુરત | શાળા–૩૦૯ વિદ્યાર્થી–૧૫૮૩૩ | |

**સારણી–૪**

**સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓ– વિદ્યાર્થીઓ**

| વર્ષ | કુલ શાળા | કુમારની સંખ્યા | કન્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧૮૯૩ | ૩૩૦ | ૨૦૯૪૭ | ૨૮૨૫ |
| ૧૮૯૭–૯૮ | ૩૨૭ | ૨૪૫૦૫ | ૩૨૦૧ |
| ૧૯૦૦ | ૩૩૨ | ૨૪૦૫૦ | ૩૧૧૭ |
| ૧૯૦૫–૦૬ | ૩૯૨ | ૨૧૯૦૮ | ૫૭૪૧ |
| ૧૯૧૦–૧૧ | ૪૫૩ | ૨૬૭૫૭ | ૬૭૭૦ |
| ૧૯૧૫–૧૬ | ૪૮૪ | ૩૪૬૩૩ | ૫૪૯૬ |
| ૧૯૨૦–૨૧ | ૫૬૨ | ૩૪૩૦૧ | ૧૨૯૮૩ |
| ૧૯૨૯–૩૦ | ૪૬૦ | ૩૯૮૭૮ | ૩૯૯૧ |
| ૧૯૪૧–૪૨ | ૬૧૭ | ૫૯૭૯૬ કુલ | |
| ૧૯૪૬–૪૭ | ૬૬૫ | ૬૪૧૩૯ કુલ | |
| ૧૯૪૮–૪૯ | ૭૫૦ | ૧૦૫૮૬૯ કુલ | |
| ૧૯૫૧–૫૨ | ૧૩૦૫ | ૧૬૯૫૯૬ કુલ | |
| ૧૯૫૮ | ૧૭૨૯ | ૨૩૪૩૫૧ કુલ | |
| ૧૯૫૯ | ૧૭૬૧ | ૨૩૭૫૩૨ કુલ | |
| ૧૯૬૦–૬૧ | ૨૦૮૩ | ૨૭૨૩૭૪ કુલ | |
| ૧૯૬૩–૬૪ | ૨૧૪૯ | ૩૧૦૬૧૫ કુલ | |
| ૧૯૬૪–૬૫ | ૧૧૫૧ | ૧૪૨૫૮૯ | (વલસાડ જિલ્લો નવો થતા સંખ્યા ઘટી) |

| | | | |
|---|---|---|---|
| ૧૯૬૭–૬૮ | ૧૨૧૨ | | |
| ૧૯૬૮–૬૯ | ૧૧૮૯ (૮૦૧ સામાન્ય, ૩૮૮ બુનિયાદી) | | |
| ૧૯૭૦–૭૧ | ૧૩૬૫ | ૧૧૮૨૪૬ | ૯૦૯૪૨ |

**૩.૫ માધ્યમિક શિક્ષણ :**

ગુજરાતમાં સૌ પ્રથમ અંગ્રેજી શાળા સુરતમાં શાહપુર મુસાફરખાના પાસે શ્રી દલપતરામ ભગુભાઈએ શરૂ કરી હતી. મૂળ આ શાળા લંડન મિશનરી સોસાયટીએ ચોક બજારમાં શરૂ કરી હતી. ૧૮૩૪માં આ શાળામાં ૩૪ વિદ્યાર્થીઓ હતા. ૧૮૪૦માં આઈ.પી. મિશને અંગ્રેજી શાળા શરૂ કરી હતી. ૧૮૩૦ પૂર્વે થોડાક પારસીઓ વ્યકિતગત રીતે મિશનરીઓ પાસે ફી આપીને અંગ્રેજી શીખતા હતાં. આઈ.પી. મિશન સ્કૂલમાં જોડણી, લેખન, અંકગણિત, બીજ ગણિત, ભૂમિતિ, ઈતિહાસ, પ્રાકૃતિક ભૂગોળ અને બૌદ્ધિક તત્વજ્ઞાન, બાઈબલ અને અંગ્રેજી સાહિત્યનું શિક્ષણ અપાતું હતું. એક પારસી વિદ્યાર્થીના ધર્માતરને કારણે અંગ્રેજી શાળામાં બાળકોને મોકલતાં લોકો ડરતા હતા. આથી ૧૮૪૦–૪૧માં પારસી ગૃહસ્થોએ અંગ્રેજી શાળા સરકાર ખોલે તે માટે અરજી કરી હતી. ૧૮૪૧–૪૨માં દાદોબા પાંડુરંગના આચાર્યપણા નીચે તે શરૂ કરાઈ હતી. તેમાં ૩૫ વિદ્યાર્થીઓ હતાં. શાળામાં અંગ્રેજી ઉપરાંત સંસ્કૃત, ફારસી અને લેટિન શીખવાતાં હતાં.

| **વર્ષ** | **શરૂઆતમાં માધ્યમિક શાળાની સંખ્યા** | **નવી માધ્યમિક શાળાની સંખ્યા** | **કુલ માધ્યમિક શાળાની સંખ્યા** |
|---|---|---|---|
| ૧૯૫૧–૬૦ | ૩૯ | ૩૦ | ૬૯ |
| ૧૯૬૧–૭૦ | ૬૯ | ૬૨ | ૧૩૧ |
| ૧૯૭૧–૮૦ | ૧૩૧ | ૨૪ | ૧૫૫ |
| ૧૯૮૧–૮૮ | ૧૫૫ | ૮૩ | ૨૩૮ |
| ૧૯૮૯–૯૧ | ૨૩૮ | ૨૯ | ૨૬૭ |

નીચેના કોઠામાં શાળાઓ, વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની સંખ્યામાં ઉત્તરોત્તર થયેલ વધારો દર્શાવેલ છે.

| વર્ષ | શાળાની સંખ્યા | | | વિદ્યાર્થીઓની સંખ્યા | | | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | |
| ૧૯૬૦–૬૧ | ૭૦ | ૩૭ | ૧૦૭ | ૨૯૨૦૩ | ૧૧૯૯૭ | ૪૧૨૦૦ | –– |
| ૧૯૬૫–૬૬ | ૮૩ | ૧૩ | ૯૩ | ૨૦૨૧૬ | ૧૪૧૭૧ | ૩૪૩૦૭ | –– |
| ૧૯૭૦–૭૧ | ૧૧૦ | ૨૦ | ૧૩૦ | ૨૬૧%, | ૧૬૪૧૯ | ૪૩૦૫૪ | –– |
| ૧૯૭૪–૭૫ | ૧૧૮ | ૨૪ | ૧૪૨ | ૩૨૮૪૪ | ૨૪૫૨૧ | ૫૭૩૬૫ | –– |
| ૧૯૭૭–૭૮ | ૧૨૪ | ૨૪ | ૧૪૮ | ૩૩૦૮૯ | ૨૪૫૪૧ | ૫૭૬૩૦ | –– |
| ૧૯૮૧–૮૨ | ૧૪૧ | ૨૪ | ૧૬૫ | –– | –– | ૭૧૫૭૪ | ૨૫૪૨ |
| ૧૯૮૨–૮૩ | –– | –– | ૧૭૬ | ૪૨૫૧૯ | ૩૨૬૧૩ | ૭૫૧૭૨ | ૨૬૭૯ |
| ૧૯૮૩–૮૪ | –– | –– | ૧૯૦ | ૪૪૮૩૮ | ૩૫૩૮૫ | ૮૦૨૨૩ | ૨૯૧૫ |
| ૧૯૮૪–૮૫ | –– | –– | ૧૯૬ | –– | –– | ૮૪૭૦૫ | ૨૯૩૦ |
| ૧૯૮૫–૮૬ | –– | –– | ૨૦૯ | –– | –– | ૮૫૧૧૨ | ૩૦૬૭ |
| ૧૯૮૬–૮૭ | –– | –– | ૨૩૯ | –– | –– | –– | –– |
| ૧૯૮૭–૮૮ | –– | –– | ૨૩૯ | –– | –– | ૯૯૩૭૧ | ૩૨૫૦ |
| ૧૯૮૮–૮૯ | –– | –– | ૨૪૨ | ૫૯૦૨૨ | ૪૮૩૬૪ | ૧૦૭૩૭૬ | ૩૩૩૨ |
| ૧૯૮૯–૯૦ | –– | –– | ૨૪૬ | ૬૪૧૫૮ | ૫૩૮૧૯ | ૧૧૭૯૭૭ | ૩૭૮૮ |
| ૧૯૯૦–૯૧ | ૨૩૩ | ૩૪ | ૨૬૭ | ૬૮૦૧૪ | ૫૭૯૭૪ | ૧૨૫૯૮૮ | ૩૯૬૧ |

ગુજરાત રાજયની રચના પછી ૧૯૬૧–૭૦ અને ૧૯૮૧–૯૦ ગાળામાં શાળાની સંખ્યામાં ખૂબ વધારો થયો છે. માધ્યમિક શિક્ષણમાંથી ફી નાબૂદી તથા ૧૦૦ ટકા અનુદાનને કારણે આ નવી શાળા ગ્રામ વિસ્તારમાં સારા પ્રમાણમાં ખોલવામાં આવી છે.

## ૩.૬ વિવિધ શાળાઓ:

- **બુનિયાદી શાળાઓ :**

સુરત જિલ્લામાં ૧૯૩૭–૩૯ ના ગાળામાં ૧૯ જેટલી બુનિયાદી શાળાઓ પ્રયોગ રૂપે શરૂ કરાઈ હતી. તેમાં ઉત્તરોત્તર આઝાદી પછી વધારો થયો હતો. ૧૯૬૮–૬૯ માં ૮૦૧ સામાન્ય શાળાઓ હતી અને ૩૮૮ બુનિયાદી શાળાઓ હતી. આ શાળાઓમાં કાંતણ–વણાટને મુખ્ય સ્થાન અપાયું હતું. થોડીક શાળાઓમાં ખેતીવાડીને ઉદ્યોગ તરીકે

સ્થાન અપાયેલ, જયારે એકાદ શાળામાં સુથારી કામને સ્થાન મળ્યું હતું. વનવિદ્યાને સ્થાન પાછળથી અપાયું હતું અને તે અંગે અભ્યાસક્રમ જુગરામભાઈ વગેરેએ તૈયાર કરેલ. ૧૯૬૪–૬૫માં કુલ ૧,૪૨,૫૮૯ વિદ્યાર્થીઓ પૈકી ૫૭ ટકા એટલે ૮૨,૦૮૨ બુનિયાદી શાળાઓમાં ભણતા હતાં. ૧૯૬૮–૬૯ માં કુલ ૧,૭૫,૬૩૦ વિદ્યાર્થીઓ પૈકી ૫૫ ટકા એટલે ૯૭,૮૬૩ બુનિયાદી શાળામાં ભણતા હતા. આમ પાંચ વરસમાં ૧૦ ટકા વધુ બાળકો બુનિયાદી શાળામાં દાખલ થયા હતાં. સામાજિક વર્ગવાર ૧૯૬૪–૬૫ અને ૧૯૬૮–૬૯ ની વિગત પ્રકરણને અંતે આપેલા પત્રકમાં આપેલ છે.

બુનિયાદી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પૈકી ૫૮.૧ ટકા બિન પછાત વિદ્યાર્થીઓ હતાં. જયારે અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિના બાળકોની ટકાવારી અનુક્રમે ૩૦.૯ ટકા અને ૭.૭ ટકા હતી. ઈતર પછાતની સંખ્યા ફકત ૩.૨ હતી. આ આંકડા સૂચવે છે કે બુનિયાદી શિક્ષણ લેનારા માત્ર આદિવાસીઓ નથી પણ બિન પછાત વર્ગનો મોટો ભાગ પણ આવી શાળાઓમાં ભણે છે. બુનિયાદી અને બિન બુનિયાદી શાળાઓમાં ભણતા બાળકોનું પ્રમાણ સામાજિક વર્ગો પ્રમાણે નીચે પ્રમાણે હતું.

| **વિદ્યાર્થીઓનો વર્ગ** | **૧૯૬૮–૬૯માં બધી શાળાઓ** | **શાળાના વિદ્યાર્થીઓની ટકાવારી બુનિયાદી શાળા** |
|---|---|---|
| ૧. બિન પછાત | ૪૬.૪ | ૫૮.૨ |
| ૨. અનુસૂચિત જાતિ | ૮.૫ | ૭.૭ |
| ૩. અનુસૂચિત જનજાતિ | ૩૯.૩ | ૩૦.૯ |
| ૪. અન્ય પછાત | ૫.૨ | ૩.૨ |
| કુલ | ૧૦૦ | ૧૦૦ |

૧૯૬૮–૬૯ દરમ્યાન કુલ વસતિ પૈકી પ્રાથમિક શાળાઓમાં ભણતા કુલ વિદ્યાર્થીઓ પૈકી બુનિયાદી શાળામાં ભણતા કુલ વિદ્યાર્થીઓની સામાજિક વર્ગવાર ટકાવારી નીચે મુજબ હતી.

| વિદ્યાર્થીઓ | ટકાવારી |
|---|---|
| ૧. બિન પછાત | ૬૯.૭ |
| ૨. અનુસૂચિત જાતિ | ૫૦.૫ |
| ૩. અનુસૂચિત જનજાતિ | ૪૩.૦ |
| ૪. ઈતર પછાત | ૩૫.૭ |
| ૫. બધા વર્ગો | ૫૫.૭ |

- **આશ્રમશાળા :**

આશ્રમશાળા એ રહેણાંક (છાત્રાલય) સાથેની ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળા છે અને મોટેભાગે તે ડુંગરાળ પ્રદેશમાં અથવા વન વિસ્તારમાં આવેલી હોય છે. આ શાળાઓ ખેતીવાડીના મુખ્ય ઉદ્યોગ સાથે બુનિયાદી શાળાઓના ધોરણે ચાલે છે. પાછતવર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણની સગવડ આપવા માટે તે ખૂબ ઉપયોગી સાબિત થઈ છે. આદિજાતિની વસતિમાં અક્ષરજ્ઞાનનો દર ખૂબ નીચો છે. ગરીબીના કારણે તેઓ પોતાના બાળકોને શાળાએ મોકલવામાં આનાકાની કરે છે. એટલા માટે જે લોકો પોતાના બાળકોને શાળામાં ભણવા માટે મોકલે છે તેમને પ્રોત્સાહન આપવા માટે આ શાળાઓમાં દરેક વિદ્યાર્થીને રહેઠાણ, કપડાં, ભોજન, પુસ્તકો તથા તબીબી સવલતો વિના મૂલ્યે પૂરા પાડવામાં આવે છે. આ માટે સંચાલકોને સરકાર વિદ્યાર્થી દીઠ માસિક રૂા.૧૦૦/– નું અનુદાન આપે છે.

આશ્રમશાળાઓમાં ૭ ધોરણ સુધીનું શિક્ષણ પૂરું કરીને વિદ્યાર્થીઓ પોતાનું માધ્યમિક શિક્ષણ આગળ ધપાવી શકે તે હેતુથી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ પણ શરૂ કરવામાં આવેલી છે. આ સંસ્થાઓમાં ઉદ્યોગ તરીકે કૃષિ અને ગોપાલન શીખવવામાં આવે છે. સને ૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ જિલ્લામાં આદિવાસીની વસતિ ૧૦૩૮૨૦૦ જેટલી હતી. સને ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ આદિવાસીની વસતિ ૧૨૨૫૧૦૦ હતી. આમ આ જિલ્લામાં આદિવાસી પ્રજાની વસતિ ૧૯૯૧માં ૩૬.૦૫ ટકા જેટલી છે. તેથી તેમની શાળાઓની સંખ્યા પણ સારા પ્રમાણમાં જોવા મળે છે.

૧૯૮૭–૮૮માં આદિવાસી આશ્રમશાળાઓની સંખ્યા ૭૪ જેટલી હતી. આ શાળાઓ પ્રાથમિક શિક્ષણ આપે છે. આ ઉપરાંત માધ્યમિક શિક્ષણ આપતી કુલ ૨૨ જેટલી ઉત્તર બુનિયાદી શાળાઓ હતી. આ સંખ્યા વધીને ૧૯૯૦–૯૧માં ૭૫ આશ્રમશાળાઓ અને ૪૨ ઉત્તર બુનિયાદી શાળાઓ થઈ હતી.

આ તમામ શાળાઓમાં સરકાર તરફથી છાત્રોને દરરોજ બે વખત જમવાનું તેમજ એક સમય નાસ્તો આપવામાં આવે છે. વર્ષમાં બે જોડ ગણવેશ આપવામાં આવે છે અને એકાદ નાનો મોટો પ્રવાસ યોજવામાં આવે છે. અભ્યાસ માટે વિદ્યાર્થીઓને કોઈપણ જાતની ફી ભરવી પડતી નથી. અભ્યાસ અંગેના તમામ પુસ્તકો વિના મૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત સમાજ કલ્યાણ ખાતા તરફથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન મળે તે માટે નિયામનુસાર શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે.

- **ઉત્તર બુનિયાદી શાળાઓ :**

શ્રી નાનાભાઈ ભટ્ટે ડેનમાર્કની લોકશાળાઓ જોયા બાદ ગુજરાતમાં આવો પ્રયોગ સૌ પ્રથમવાર ભાવનગર જિલ્લામાં કર્યો હતો. ત્યારબાદ આવી શાળાઓ ગુજરાતમાં સ્થાપવા માંડી હતી. આ શાળાઓમાં અંગ્રેજી ભાષાનું મહત્ત્વ ન હોવાથી ૮–૧૦ ધોરણે દરમિયાન બાળકોને અંગ્રેજી સિવાયના વિષયોનું શિક્ષણ આપવાનો આ પ્રયોગનો હેતુ છે. તાંત્રિક વિષયો જેવા કે ખેતીવાડી, પશુપાલન અને કાંતણ–વણાટના વિષયોને અભ્યાસક્રમ ઉપરાંત સ્થાન અપાય છે. આ શાળાના બે પ્રકાર છે : (૧) પ્રાથમિક કક્ષાએ નિમ્ન બુનિયાદી શાળા અને (૨) માધ્યમિક કક્ષાએ ઉત્તર બુનિયાદી શાળા.

શિક્ષણ ખાતાએ મંજુર કરેલ નવા અભ્યસક્રમ પ્રમાણે પ્રાથમિક શાળામાં પાયાના (બેઝિક) ઉદ્યોગની જગ્યાએ સમાજ ઉપયોગી ઉત્પાદન કાર્યનો વિષય દરેક શાળામાં ૧૯૬૮ થી ફરજિયાત દાખલ થયેલ હોઈ પ્રાથમિક બુનિયાદી (બેઝિક) શાળા હવે રહેવા પામી નથી. જેથી જિલ્લાની બધી જ પ્રાથમિક શાળાઓ સામાન્ય શાળાઓ ગણાય છે. જિલ્લામાં ૧૯૮૭–૮૮માં ઉત્તર બુનિયાદી શાળાઓની સંખ્યા ૪૨ હતી, જે ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી હતી. ૧૯૮૭–૮૮ના વર્ષમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા

૮,૩૨૫ હતી જેમાં ૪,૨૧૭ વિદ્યાર્થીઓ હતા અને ૪,૧૦૮ વિદ્યાર્થિનીઓ હતી. જિલ્લાની ઉત્તર બુનિયાદી શાળાઓની વિગત પત્રક ૧૪.૬ માં પ્રકરણને અંતે આપવામાં આવી છે.

સાતમી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં અનુસૂચિત જનજાતિ (આદિવાસી) પેટા વિસ્તારની જાતિઓ માટે આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી છે. આ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓને ભણવાની, રહેવાની અને જમવાની સગવડ મફત આપવામાં આવે છે. આ ઉપરાંત બે જોડી કપડાં, તેલ, સાબુ વગેરે સગવડો પણ વિના મૂલ્યે આપવામાં આવે છે. નિવાસી શાળામાં ધોરણ–૮ થી ૧૨ સુધી અભ્યાસ કરાવવામાં આવે છે. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન પ્રવાહ માટે પ્રવેશ આપવામાં આવે છે. પ્રાથમિક શાળાના ધોરણ–૭ ની પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવી પ્રવેશ પરીક્ષામાં સફળ થાય તેવા તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને ગુણવત્તાને ધોરણે આ શાળામાં પ્રવેશ આપવામાં આવે છે.

રાજયમાં કુલ ૧૯ આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી છે. તેમાં ૧૧ કુમારો માટે અને ૮ કન્યાઓ માટેની છે. સુરત  જિલ્લામાં તરસાડી મુકામે (માંગરોળ તાલુકા) તથા ઉકાઈ મુકામે કુમારો માટેની આદર્શ વિદ્યાલય નામની શાળા શરૂ કરવામાં આવેલી છે. આવા જ પ્રકારની કન્યાઓ માટેની આદર્શ નિવાસી શાળા સુરત જિલ્લામાં બે જગ્યાએ (૧) આદર્શ નિવાસી શાળા, વ્યારા અને (૨) આદર્શ નિવાસી શાળા, સોનારપાડા (તાલુકો સોનગઢ) શરૂ કરવામાં આવી છે.

આદર્શ નિવાસીશાળા તરસાડીમાં ૧૯૯૦–૯૧માં ધોરણ–૮ થી ૧૦ માં કુલ ૮૭ કુમારો અભ્યાસ કરતા હતાં. જયારે આદર્શ નિવાસી શાળા ઉકાઈમાં કુલ ૩૯ કુમારો અભ્યાસ કરતા હતાં. આદર્શ નિવાસી શાળા સોનારપાડા (તાલુકો સોનગઢ) અને વ્યારામાં અનુક્રમે ૧૧૪ અને ૧૫૪ કન્યાઓ અભ્યાસ કરતી હતી.

**વાણિજય વિષયક અભ્યાસક્રમો :**

વ્યવસાય મેળવવામાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તે માટે શાળાઓમાં વાણિજય વિષયક અભ્યાસક્રમો શીખવવામાં આવે છે. સુરત જિલ્લામાં આવી ચાર શાળાઓ કાર્યરત છે. જેની વિગતવાર માહિતી નીચેની કોઠામાં દર્શાવવામાં આવી છે.

| ક્રમાંક | શાળાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૧૯૭૫–૭૬ | ૧૯૮૦–૮૧ | ૧૯૮૮–૮૯ |
| ૧. | વી.ટી.સી. હરિપરા હાઈસ્કૂલ, સુરત | ૧,૯૭૪ | ૧,૫૪૪ | ૧,૮૨૬ |
| ૨. | વી.ડી.જી. ગલિયારા કઠોર હાઈસ્કૂલ, કામરેજ | ૬૫૪ | ૮૬૨ | ૧,૧૧૪ |
| ૩. | પટેલ આર. એચ. ઓરણા હાઈસ્કૂલ, કામરેજ | ૪૧૧ | ૩૩૭ | ૬૧૦ |
| ૪. | એસ.પી.મદ્રેસા હાઈસ્કૂલ મોટામિયાં, માંગરોળ | ૪૧૧ | ૪૧૭ | ૪૯૯ |

- **આદિવાસી આદર્શ નિવાસી શાળાઓ, સુરત :**

પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા માટે, તેઓ શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે તે માટે રાજય સરકારશ્રી તરફથી આદિવાસી આદર્શ નિવાસી શાળાની સ્થાપના કરેલ છે.

**સારણી–૫**

**માધ્યમિક શાળા**

**૧૦૦ વર્ષ જૂની શાળાઓ**

| વર્ષ | શાળા | વિગત |
|---|---|---|
| ૧૮૭૩–૭૪ | આઈ. પી. મિશન સુરત | સરકારી સહાય મળતી (૧૨૩ વિદ્યાર્થી) હતા. |
| ૧૮૭૬ | મિસ સુસાબ્રાઉન આઈ.પી. મિશન ગર્લ્સ હાઈસ્કૂલ | |
| ૧૮૯૦ | નાનપુરામાં અંગ્રેજી શાળા | ૧૦૨ વિદ્યાર્થી |
| ૧૮૯૭ | નાનપુરામાં અંગ્રેજી શાળા | ૩૮૦ વિદ્યાર્થી |
| ૧૮૮૮ | મીડલ સ્કૂલ, ગોપીપુરા<br>વાલોડ | ૦૧<br>૦૧ |
| ૧૮૯૮ | એન.એમ. ઝવેરી હાઈસ્કૂલ | ૦૧ |

| | | |
|---|---|---|
| ૧૯૦૧ | સુરતની રત્નાસગાર<br>રાંદેરની મા. શાળા | ૦૧<br>૦૧ |
| ૧૯૦૩ | બોધાન | ૦૧ |
| ૧૯૦૫ | બારડોલી | ૦૧ |
| ૧૯૦૭ | માંગરોળ | ૦૧ |
| ૧૯૦૯ | કઠોર | ૦૧ |

**સારણી–૬**

**માધ્યમિક શિક્ષણ**

**અ. ૧૦૦ વર્ષ જૂની શાળાઓ**

| વર્ષ | સ્થળ | સંખ્યા | વિગત |
|---|---|---|---|
| ૧૮૫૫–૫૬ | સુરત | ૦૧ શાળા | ૪૧૮ |
| ૧૮૬૫–૬૬ | સુરત | ૦૭ શાળા | ૨૧૮ + ૭૬૩ |
| ૧૮૭૩–૭૪ | સુરત | ૦૪ શાળા | ૨૨૪ + ૨૪૫ |
| ૧૯૦૦ | સુરત જિલ્લો | ૦૬ શાળા | |
| ૧૯૦૧–૦૨ | સુરત જિલ્લો | ૦૬ શાળા | ૧૬૫૮ + ૫૨ |
| ૧૯૦૬–૦૭ | સુરત જિલ્લો | ૦૬ શાળા | ૧૩૦૦ + ૫૫ |
| ૧૯૧૦–૧૧ | સુરત જિલ્લો | ૦૬ શાળા | ૧૬૦૦ + ૭૨ |

**બ. નવી શાળાઓ**

| વર્ષ | સ્થળ | સંખ્યા | વિગત |
|---|---|---|---|
| ૧૯૪૦–૪૧ | સુરત જિલ્લો | ૨૦ મા. શાળા<br>૧૮ મદદ લેતી મીડલ સ્કૂલ<br>૦૧ મદદ ન લેતી શાળા | ૯૯૫૮<br>૧૫૪૫<br>૧૦૭ |
| ૧૯૪૬–૪૭ | સુરત જિલ્લો | ૩૬ | |
| ૧૯૪૮–૫૦ | સુરત જિલ્લો | ૩૯ | |

| | | | |
|---|---|---|---|
| ૧૯૫૧–૬૦ | સુરત જિલ્લો | ૬૯ | ૧૯૦૪૭ + ૪૬૧૪ |
| ૧૯૮૧ | સુરત જિલ્લો | ૨૬૭ | ૬૮૯૧૪ + ૫૭૯૭૪ |

**માધ્યમિક શાળાઓ :**

વર્ષ : ૧૯૯૦–૯૧ કુલ શાળા : ૨૬૭

| | |
|---|---|
| સ્ત્રી શિક્ષક | ૧૪૦૧ |
| પુરુષ શિક્ષક | ૨૫૬૦ |
| કુલ શિક્ષક | ૩૯૬૧ |

જે પૈકી

| | |
|---|---|
| અનુજાતિના શિક્ષકો | ૨૪૮ |
| અનુ. જન જાતિના શિક્ષકો | ૬૮૩ |
| બક્ષીપંચના શિક્ષકો | ૫૩૬ |
| અન્ય શિક્ષકો | ૨૪૯૪ |
| કુલ શિક્ષકો | ૩૯૬૧ |

આ પૈકી માધ્યમ :

| | |
|---|---|
| ગુજરાતી મા. શાળા | ૨૪૭ |
| અંગ્રેજી મા. શાળા | ૧૪ |
| મરાઠી મા. શાળા | ૦૩ |
| હિન્દી મા. શાળા | ૦૨ |
| ઉર્દૂ મા. શાળા | ૦૧ |
| કુલ | ૨૬૭ |

વર્ષ ૧૯૮૧માં કુલ શાળા ૨૬૭ હતી. જેમાં ૮ થી ૧૦ની ૧૬૦ અને ૮ થી ૧૨ ની ૧૦૭ શાળા હતી.

| | એસ.સી. | એસ.ટી. | બક્ષી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| કુમાર | ૩૬૨૫ | ૧૬૨૨૬ | ૧૫૪૫૭ | ૬૧૬૫૫ | ૬૮૦૧૪ |
| કન્યા | ૩૧૩૯ | ૧૧૩૧૫ | ૧૪૨૮૭ | ૨૦૨૯૪ | ૫૭૯૭૪ |
| કુલ | ૬૭૬૪ | ૨૭૫૩૧ | ૨૯૭૪૪ | ૬૧૯૪૯ | ૧૨૫૯૮૮ |

- **સંસ્કૃત પાઠશાળાઓ :**

શ્રી વિ. ઠા. ચોકસી સૂર્યપૂર સંસ્કૃત પાઠશાળા, આમલીરાન, સુરત

પરાપૂર્વથી સંસ્કૃત ભાષાનું પઠન આ જિલ્લામાં થાય છે. આ કાર્ય માટે સુરત જિલ્લાની જૂનામાં જૂની આ પાઠશાળા તા.૧૬/૧/૧૯૦૧ ના રોજ સ્થાપવામાં આવી હતી. કેળવણી અને શિક્ષણના પ્રચાર માટે, એમાંયે ખાસ કરીને સંસ્કૃત ભાષા અને સાહિત્યના ફેલાવા અને પ્રચાર માટે સૂર્યપૂર પાઠશાળા મંડળની સ્થાપના કરવામાં આવી હતી. એ સમયે પાઠશાળા દ્વારા ફકત બ્રાહ્મણ બાળકોને સંધ્યાવંદન તથા આવશ્યક કર્મકાંડ અને સંસ્કૃતનો અભ્યાસ કરાવવામાં આવતો હતો. સંસ્કૃત ભાષાના સુરતના વિદ્વાનો પૈકી મોટાભાગના આ પાઠશાળાના જ વિદ્યાર્થીઓ છે. આ વિદ્વાનોમાં શ્રી મનસુખરામ શાસ્ત્રી તથા શ્રી ચંદ્રશંકર શાસ્ત્રીનો સમાવેશ થાય છે. જેઓ અગાઉ આ પાઠશાળામાં અધ્યાપન કાર્ય કરતા હતાં. આ પાઠશાળામાં સંસ્કૃતની જુદી જુદી પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને વ્યાકરણ, સાહિત્ય, વેદાંત, જયોતિષ વગેરે વિષયોનો આચાર્યની કક્ષા સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. બહાર ગામના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓ પાસે રહેવા, જમવા તથા અભ્યાસ અંગે કોઈપણ જાતની ફી કે રકમ લેવામાં આવતી નથી. પુસ્તકો વગેરે પણ પાઠશાળા પૂરા પાડે છે, એટલું જ નહિ પણ પરીક્ષા કેન્દ્ર સુધી જવા–આવવાનો મુસાફરી ખર્ચ પણ પાઠશાળા તરફથી આપવામાં આવે છે. તેના પુસ્તકાલયમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણ, સાહિત્ય, વેદ–વેદાંત, ન્યાય, દર્શનો, પુરાણ, કર્મકાંડ, જયોતિષ વગેરેના અપ્રાપ્ય કે અલભ્ય પુસ્તકો છે. સંસ્થાના અધ્યાપકો અલ્પવેતનથી સેવાભાવે અધ્યાપન કાર્ય કરે છે. આ પાઠશાળાને અનેક લોકો તરફથી દાન મળે છે, જેમાં સૌથી વધુ ફાળો શ્રી વિઠ્ઠલદાસ ઠાકોરદાસ ચેરિટિ ટ્રસ્ટ તરફથી દર વર્ષે આપવામાં આવે છે, તેથી તેઓશ્રીના નામ સાથે પાઠશાળાનું નામ જોડવામાં આવેલું છે.

પાઠશાળામાં સંસ્કૃતના વિષય સાથે અંગ્રેજી, ગણિત, હિન્દી વગેરેનું જ્ઞાન પણ આપવામાં આવે છે. અહીં બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદની પરીક્ષાઓ જેવી કે પ્રથમા (લોઅર સેકંડરી), મધ્યમા (હાયર સેકંડરી), શાસ્ત્રી (બી.એ.), શિક્ષાશાસ્ત્રી (બી.એડ.), આચાર્ય (એમ.એ.), મહોપાધ્યાય (પીએચ.ડી.) સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. જયોતિષ વિભાગમાં પાંચ વર્ષનો ડિગ્રી કોર્સ છે અને 'જયોતિભૂષણ" અને "જયોતિર્વિભૂષણ" નો અભ્યાસ કરાવવામાં આવે છે. આ ઉપરાંત આયુર્વેદના વર્ગો પણ ચલાવવામાં આવે છે.

હાલમાં આ પાઠશાળામાં જાતિ અને જ્ઞાતિના ભેદભાવ સિવાય સંસ્કૃત ભાષાની ભૂખવાળા ભારતના કોઈપણ પ્રાંતના કે વિદેશી હોય તો તેને પણ શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. કર્મકાંડ વિભાગમાં હિન્દુ રિવાજો મુજબ કથા, લગ્ન, ખાતમૂહુર્ત, હોમ–હવન, યજ્ઞ, શ્રાદ્ધકર્મ, પાઠવિધિ વગેરે શીખવવામાં આવે છે.

સને ૧૯૮૭–૮૮માં આ પાઠશાળામાં ૧૪૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતાં. ૧૯૮૮–૮૯ માં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને ૮૭ થઈ હતી. સને ૧૯૯૦–૯૧માં આ સંખ્યા વધીને ૯૩ થઈ હતી. શિક્ષકોની સંખ્યા ૯ હતી, તેમાં વધારો ઘટાડો થયો ન હતો.

- **અન્ય સંસ્થાઓ:**

**શ્રમિક વિદ્યાપીઠ:**

ભારત સરકારના માનવ સંશોધન અને વિકાસ મંત્રાલય તરફથી એક નવી યોજના વિચારાઈ છે, જે "શ્રમિક વિદ્યાપીઠ" તરીકે ઓળખાય છે. આ યોજનાનો સંપૂર્ણ ખર્ચ ભારત સરકાર ભોગવે છે. ગ્રામ વિસ્તાર કે પરપ્રાંતમાંથી રોજીરોટી મેળવવા આવતા લોકોને શહેરને અનુરૂપ તાલીમ આપી તેમને શહેરના વાતાવરણ સાથે પરિચિત કરાવવાનું કામ "શ્રમિક વિદ્યાપીઠ" કરે છે. આ ઉપરાંત તેમનો રોજબરોજની શિક્ષણની જરૂરિયાત તેમના કામને સુસંગત રીતે આપી સર્વાંગી વિકાસ કરવાનો છે. આ સાથે ઘર–શહેર અને દેશ તરફથી લાગણીનો વિકાસ કરવાની તક પણ શ્રમિક વિદ્યાપીઠ ઝડપી લે છે. આવા પ્રકારની દેશમાં ૩૬ જેટલી શ્રમિક વિદ્યાપીઠો કામ કરે છે.

આવી એક શ્રમિક વિદ્યાપીઠ સુરતમાં શ્રી કાનજીભાઈ દેસાઈ સમાજ શિક્ષણ ભવન ટ્રસ્ટ સંચાલિત છે. આ શ્રમિક વિદ્યાપીઠ છેલ્લાં દેસક વર્ષથી સુરત શહેરમાં ઝુંપડપટ્ટીને ધ્યાનમાં રાખીને કામ કરે છે. આ ઉપરાંત શહેરના રહીશો તેમજ ઉદ્યોગોનો પણ સમાવેશ કાર્યક્ષેત્રમાં કરે છે. શૈક્ષણિક, ધંધાકીય, ટેકનિકલ તથા સામાન્ય જ્ઞાન અંગે પણ વિવિધ કાર્યક્રમો શહેરના જુદા જુદા ભાગોમાં કામ કરે છે. આમ શ્રમિક વિદ્યાપીઠ એ શ્રમિકો માટેની સંસ્થા છે. પરસેવો પાડનારા શ્રમજીવી સમાજના વિકાસની ચિંતા કરનારી સંસ્થા છે. આરોગ્ય, શ્રમ, આર્થિક અને સામાજિક ચેતનાને કેન્દ્રમાં રાખીને તે પોતાના વિવિધ કાર્યક્રમો શ્રમજીવી સમાજ માટે યોજે છે. શ્રમિકોને ધંધો ચલાવવા માટે વહીવટી સમજ, વેપારની સૂઝ, હિસાબ અને વ્યવસ્થાતંત્રની આંટીઘૂંટીઓ સમજાવવામાં શ્રમિક વિદ્યાપીઠ સહાયક બને છે. તે તાલીમ આપે છે અને અવૈધિક શિક્ષણ પણ આપે છે. ચીલાચાલુ શિક્ષણ પધ્ધતિના દાખલ થવાના કોઈ નિયમ આ વિદ્યાપીઠને લાગુ પડતા નથી. ભણેલા અભણ સૌ કોઈ આ શિક્ષણમાં જોડાઈ શકે છે. અને પોતાની ઈચ્છા મુજબ જરૂર હોય ત્યાં સુધી જ્ઞાન મેળવે છે. ગરીબ, પછાત તથા ઝુપડપટ્ટીના આવાસો તરફ આરોગ્ય અંગે વિચારતા કરવાનું કામ પણ શ્રમિક વિદ્યાપીઠે ઉપાડેલું છે. આ માટે શ્રમિક વિદ્યાપીઠ એક માનવયંત્ર બનાવ્યું છે. આ યંત્ર લાક્ષણિક સંકેતોને વ્યવસ્થિત ગોઠવી પાચનતંત્ર, રુધિરાભિષણ તંત્ર તથા શ્વસનતંત્રને આવરી લીધાં છે. આ સંકેતો હલનચલન કરી શકે છે. મગજના વિવિધ ભાગો કેવા પ્રકારનું કાર્ય કરે છે તથા કઈ જગ્યાએ તે કાર્ય કરે છે તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. લાક્ષણિક પ્રતિકોનું યોગ્ય આયોજન કરેલું છે. જેમકે આંખ કેમેરાનું કામ કરે છે. તો તેમાં કેમેરાની ધમણ મૂકી છે. કાનના પ્રતિક રૂપે એરિયલનો ઉપયોગ કર્યો છે. શ્વસન ક્રિયા માટે અત્તરની શીશીનો ઉપયોગ કરેલો છે. નાકના વાળના પ્રતિક રૂપે ઝીણી નાયલોનની જાળી મૂકી છે. આંતરડાંના પ્રતિક રૂપે એલ્યુમિનિયમનો પાઈપ, બાઉમેન કેપ્શુલના પ્રતિકરૂપે ડ્રેસીંગ ટ્રે, જઠર ખોરાકને વલોવવાનું કામ કરે છે. તેના પ્રતિક રૂપે મોટરનો ઉપયોગ કરી પ્લાસ્ટિકની ડબ્બી ગોળ ગોળ ફરે તેવી વ્યવસ્થા કરેલી છે. જઠરમાં ત્રણ રસ ઝરે છે. તો તેના પ્રતિક રૂપે ડબ્બી ઉપર ત્રણ કેપ્શુલ લગાડી છે. લંબમજ્જા તાર ઓફિસનું કામ કરતી હોવાથી જુદા જુદા સ્થળેથી નીકળતી ચેતના લંબમજ્જામાં ભેગી થાય તેવો પ્રયત્ન પણ કરેલો છે.

આ માનવયંત્ર સુરતના શ્રી પ્રકાશ ભટ્ટે તૈયાર કરેલું છે. આ યંત્રના નિદર્શન બાદ કેવો ખોરાક ખાવો, કયાં સુધી ચાવવો, કયું યંત્ર બગડે તો તેવા પ્રકારના રોગ થાય તેને નિવારવા શું કરવું જોઈએ વગેરેની ચર્ચા કરવામાં આવે છે. આ ગ્ર દ્વારા આજ સુધી અનેક કાર્યક્રમો થયા છે ને ૧૧,૦૦૦ ઉપરાંત તાલીમાર્થીઓએ ભાગ લીધેલ છે. શ્રમિક વિદ્યાપીઠની શરૂઆતથી તા.૩૧/૩/૧૯૯૨ સુધીની કાર્યવાહી પ્રકરણને અંતે આવેલા પત્રક ૧૪.૭માં આપેલી છે.

**અલ–જામેઆ–નુસ–સૈફિયાહ, સુરત :**

આ એક વિશિષ્ટ પ્રકારની શૈક્ષણિક સંસ્થા છે. તેનો સંબંધ ફાતેમી ઈમામ મોઈજીએ સાથે છે. દાઉદી વહોરા ધર્મના ફાતેમી ઈમામોએ મધ્ય પૂર્વના દેશો ઉત્તર આફ્રિકા અને સિરિયા, ઈરાક, જોર્ડન, સાઉદી અરેબિયા અને ઈજીપ્ત વગેરેમાં ફાતેમી શિક્ષણ અને સંસ્કૃતિનો ફેલાવો કર્યો હતો, તેનું પ્રતિક આ જામેઆ સૈફિયાહ છે. સંસ્થાએ પોતાના હેતુઓનું રક્ષણ કરી અને કુરાનના રહસ્ય પામવાના ધ્યેયને જાળવી રાખ્યું છે. કુરાનનું તથા ઈસ્લામનું શિક્ષણ આપી, અરબી ભાષાની તાલીમ આપવી એ આ સંસ્થાનો મુખ્ય હેતુ છે. આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૭૯૯માં થઈ હતી અને તેનું નામ 'દરસે સૈફી' આપ્યું હતું. સને ૧૯૬૧માં આ નામ બદલીને સમયને અનુરૂપ અલ જામેઆ તુસ સૈફિયાહ કરવામાં આવ્યું.

આ સંસ્થાની સ્થાપના પહેલાં ફાતેમી ઈમામો અને ફાતેમી દીઆતના અનુયાયીઓ દાઉદી વહોરા કોમના વિદ્યાર્થીઓ ભારતથી અરબી ભાષાનું શિક્ષણ લેવા મધ્યપૂર્વના આરબ દેશોમાં જતા હતાં. હવે આ સંસ્થાનો ઉદ્દભવ થતાં યમન અને સાઉદી અરબિયા, શ્રીલંકા, માડાગાસ્કર, યુનાઈટેડ કિંગ્ડમ, અમેરિકા, કેન્યા, ટાંઝાનિયા વગેરે દેશોના વિદ્યાર્થીઓ તાલીમ અર્થે સુરતમાં આવે છે.

મીસરમાં ફાતેમી ઈમામોની હકુમત બે સૈકા સુધી રહી, ત્યારપછી તેઓએ યમનને શિક્ષણ અને સંસ્કૃતિનું કેન્દ્ર બનાવ્યું. ઈ.સ.૧૫૩૯માં શિક્ષણની સાથે સાથે પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો, પુસ્તકો, કળાનો વારસો પણ હીજરત કરીને ફાતેમી દોઆતો ભારત આવ્યા. આજે પણ આ સંસ્થામાં એ કિંમતી વારસો સુરક્ષિત રીતે સચવાયેલો છે. આ

ગ્રંથોમાં રહેલા ઉપદેશોથી માનવ જીવન કેટલું ઊંચું આવી શકે તે માટેના સતત પ્રયત્નો થઈ રહ્યાં છે.

સંસ્થામાં ફકત ધાર્મિક શિક્ષણ આપવાને બદલે યુગની માંગ મુજબ શાળા–કોલેજના વિષયોનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવે છે. અરબી ભાષાની સાથે માતૃભાષા અને અંગ્રેજીનું પણ શિક્ષણ આપવામાં આવે છે. કન્યાઓના અભ્યાસ માટે ખાસ અશાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

વિદ્યાથી/વિદ્યાર્થિનીઓ માટે આધુનિક છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવેલી છે. તેમાં સ્વચ્છ, સુઘડ અને આધુનિક રસોડું અને વિશાળ ભોજનકક્ષની સગવડ છે. વિદ્યાર્થી પાસેથી ભણવા તથા રહેવા–જમવાની કોઈ ફી લેવાતી નથી. આ સંસ્થા એક માત્ર સૈયદના સાહેબની દેખરેખ નીચે જ ચાલે છે તેથી વિશ્વમાં એક અને અજોડ છે.

અહીંનો વિદ્યાર્થી પોતે લીધેલા શિક્ષણને આચરણમાં મૂકી શકે તે માટે તેને રમઝાન અને મોહરમ માસમાં દેશ–વિદેશના નાના– મોટા ગામમાં મોકલવામાં આવે છે. આથી લોકસંપર્ક દ્વારા વિદ્યાર્થીમાં જવાબદારીનું ભાન આવે છે અને તે બીજાને મદદરૂપ થાય છે.

છેલ્લા સાત વર્ષથી જામેઆ સૈફિયાહ આંતરરાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા International Baccalaureate Diploma Examination, H.Q. Geneva, ની પરીક્ષાનું કેન્દ્ર બનેલ છે અને તેની આંતરરાષ્ટ્રીય મંત્રણા બેઠકોમાં અહીંના પ્રાધ્યાપકોને ભાગ લેવા માટે આમંત્રે છે.

આ સંસ્થામાં ૧૧ વર્ષનો અભ્યાસક્રમ છે, જેને ત્રણ તબકકામાં વહેંચેલો છે.

(૧) પ્રથમ તબકકામાં ચાર વર્ષમાં ૫૫ જુદા જુદા વિષયો શિખવવામાં આવે છે.

(૨) બીજા તબકકામાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ હોય છે. તેમાં પ્રથમ ભાગના ત્રણ વર્ષમાં ૭૫ વિષયોનું જ્ઞાન આપવામાં આવે છે અને બીજા ભાગમાં બાકીનાં બે વર્ષમાં ૯૦ જેટલા વિવિધ વિષયો શિખવાય છે.

(૩) ત્રીજા તબકકામાં બે વર્ષનો અભ્યાસક્રમમાં ઈસ્લામિક અને એરેબિક વિજ્ઞાનનો ઉચ્ચ કક્ષાનો વિશિષ્ટ અભ્યાસક્રમ શિખવવામાં આવે છે અને અગિયાર વર્ષને અંતે વિદ્યાર્થીને "AL FAQITH-AL-JAYYED " ની પદવી આપવામાં આવે છે.

જામેઆની પરીક્ષા પધ્ધતિ અનોખી છે. લેખિત પરીક્ષાની સાથોસાથ મૌખિક પરીક્ષા લેવાય છે. આ પરીક્ષામાં દ્રશ્ય જોવા માટે દેશ–વિદેશના લોકો સુરતની મુલાકાતે આવે છે. હજારોની મેદની વચ્ચે પૂછાયેલા મૌખિક પ્રશ્નના જવાબો નીડરતાથી આપનાર વિદ્યાર્થીને જોવો એ એક લહાવો છે. લગભગ અડધા ભાગના પ્રશ્નો સામાન્ય જ્ઞાન અને વર્તમાન પરિસ્થિતિના પ્રશ્નો અંગેના હોય છે. આ પરીક્ષા વખતે સૈયદના સાહેબ અચૂક હાજર હોય છે.

**કુરાનના અભ્યાસ અંગેની શિક્ષણ સંસ્થા :**

જામેઆમાં મુરાનની તાલીમ આપવાનો વિભાગ અગત્યનો ભાગ ભજવે છે. કુરા એ ઈસ્લામી તાલીમનો પાયો છે. આમાં કુરાન વાંચવા તથા સાચી રીતે સમજવાનું શીખવાય છે. આ વિભાગમાં ખૂબ આધુનિક વીજળીક ઉપકરણોથી કુરાનની તાલીમ આપવામાં આવે છે. આ સાધનોના કારણે એકી સાથે અનેક વિદ્યાર્થીઓનું પઠન સાંભળવું શીખનાર માટે શકય બને છે, જે સામાન્ય સંજોગોમાં શકય હોતું નથી. આ વિભાગ અરબી ભાષા શીખવા માટે પણ આદર્શરૂપ છે અને અરબી શબ્દોનું ઉચ્ચારણ સાચી રીતે કરાય છે. તેમાં ચાર વર્ષના સર્ટિફીકેટ પ્રકારના અભ્યાસક્રમનું આયોજન છે. અભ્યાસક્રમ સફળતાથી પૂરો કરનારને પ્રમાણપત્ર અપાય છે. અરબી ભાષાના પ્રખર આંતરરાષ્ટ્રીય વિદ્વાન ડો. ઉસ્માન યાહયા પણ આ સંસ્થા સાથે સંકળાયેલા છે. તેઓ ઈસ્લામી તાલીમની સંસ્થા તથા અરબી ભાષાના મુખ્ય આંતરરાષ્ટ્રીય સલાહકાર છે.

**૩.૭ ઉચ્ચ શિક્ષણ :**

**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું મુખ્ય કાર્યાલય સુરત ખાતે આવેલું છે. આ યુનિવર્સિટીની સ્થાપના તા.૨૩/૫/૧૯૬૭ના રોજ થઈ હતી. ૧૯૯૧–૯૨ના વર્ષમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલી કુલ ૫૧ કોલેજો હતી. તે ઉપરાંત ૧ માન્યતા પ્રાપ્ત (રેકગ્નાઈઝડ) સંસ્થા અને ૩ માન્ય (એપ્રુવ્ડ) સંસ્થાઓ હતી. વિવિધ વિદ્યાશાખાઓની સંલગ્ન કોલેજોમાં પૂર્વ સ્નાતક કક્ષાએ ૫૪૦૦૦ વિદ્યાર્થીઓ હતા, જેમાં

૨૨૨૫૦ વિદ્યાર્થિનીઓ હતી. ૧૯૯૧માં પાંચ નવી કોલેજો શરૂ થઈ હતી. સુરતમાં અંગ્રેજી માધ્યમની વાણિજય વિદ્યાશાખાની, ઓલપાડ તથા અમરોલીમાં વિનયન અને વાણિજય શાખા, ખોલવડમાં કાનૂન વિદ્યાશાખાની તથા ભરૂચ જિલ્લાના ખરોડ ખાતે શિક્ષણ વિદ્યાશાખાની નવી કોલેજો શરૂ થઈ હતી. સને ૧૯૬૮–૬૯ થી ૧૯૯૧–૯૨ સુધીમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન એવી વિવિધ વિદ્યાશાખાઓની કોલેજો અંગેની માહિતી પત્રક ૧૪.૮ માં પ્રકરણને અંતે આપેલ છે. આ વર્ષો દરમિયાન આ કોલેજોમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓની સંખ્યા અંગેની વિગત પત્રક ૧૪.૯ માં પ્રકરણને અંતે આપેલ છે. આ વિગતો જોતાં જણાશે કે યુનિવર્સિટીની સ્થાપનાના ૨૫ વર્ષ દરમિયાન તેની સાથે સંલગ્ન કોલેજોની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે.

વિદ્યાકીય પ્રવૃત્તિ એ તો યુનિવર્સિટીનો આત્મા છે. વિકસિત અને હાલના સમયની જરૂરિયાતો પૂરી પાડે તેવા તાલીમ પામેલા સ્નાતકો મળી રહે તે માટે યુનિવર્સિટીમાં નવા નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

યુનિવર્સિટીમાં અનુસ્નાતક શિક્ષણ માટે તેની સીધી દેખરેખ અને નિયંત્રણ હેઠળ ૧૬ અનુસ્નાતક વિભાગો અને સંલગ્ન કોલેજોમાં ૬૦ અનુસ્નાતક કેન્દ્રો ચાલે છે. ૪,૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અનુસ્નાતક વર્ગોમાં અભ્યાસ કરે છે. ૧૯૯૧–૯૨માં બાયોલોજી અને તુલનાત્મક સાહિત્યના બે અનુસ્નાતક વિભાગો નવા શરૂ કરવામાં આવ્યા હતાં. વધુમાં વિનયન અને વાણિજય વિદ્યાશાખામાં બાહ્ય અનુસ્નાતક પરીક્ષા પોસ્ટ ગ્રેજયુએટ એકસર્ટનલ એકઝામીનેશન લેવામાં આવે છે, જેથી દૂરના વિસ્તારોમાં રહેતા, પ્રવેશ મેળવી ન શકેલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણની તક પ્રાપ્ત કરી શકે.

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં તેમજ સંલગ્ન કોલેજોમાં વિવિધ અભ્યાસ વિષયક મંડળો સતત કાર્યક્રમો યોજે છે અને વધતી જતી જ્ઞાનની ક્ષિતિજોને આંબવા પ્રયાસો કરે છે.

**સેન્ટર ફોર સોસિયલ સ્ટડિઝ, સુરત :**

સેન્ટર ફોર સોસિયલ સ્ટડિઝ એક સ્વાયત્ત સંસ્થા છે. તેની સ્થાપના ૧૯૬૯ની સાલમાં કરવામાં આવી હતી. આ સંસ્થાની સ્થાપનામાં ડો.આઈ.પી. દેસાઈ, ડો.

સી.એન. વકીલ, શ્રી નાનુભાઈ અમીન, શ્રીમતી સવિતાબેન અમીન, સુરજરામ બચકાનીવાલા વગેરે મહાનુભાવોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

૧૯૮૦ના વર્ષથી આ સંસ્થા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી છે. સમાજ વિજ્ઞાનમાં આ સંસ્થા ગુજરાત પ્રાદેશિક વિકાસનો સંશોધનાત્મક અભ્યાસ કરે છે. સરખામણી અને વિશ્લેષણ અર્થે કેટલીકવાર ગુજરાતની બહારના પ્રદેશોના સંશોધનો પણ કરવામાં આવે છે. "સોસિયલ રિસર્ચ" સામાજિક સંશોધનનો અર્થ સમાજ માટે સંશોધન દ્વારા લાંબા ઐતિહાસિક સમય માટેનું જ્ઞાન મેળવવાની પ્રક્રિયા. આનો હેતુ મેળવેલ જ્ઞાન પ્રદર્શિત કરીને સમાજને બદલવા માટે કઈ વસ્તુની જરૂર છે અને તે માટેના માધ્યમો પ્રત્યે અંગુલિ નિર્દેષ પણ કરવાનો હોય છે.

**કોલેજો :**

મુંબઈની નજીક હોવાથી શિક્ષણના ફેલાવાની શરૂઆત પણ આ જિલ્લામાં સૌ પ્રથમ થઈ હતી. જિલ્લામાં ઉચ્ચ શિક્ષણની કુલ ૩૦ સંસ્થાઓ પૈકી ૧૮ સંસ્થાઓ સુરત શહેરમાં છે, જયારે બાકીની સંસ્થાઓ બારડોલી (૪), ખોલવડ (૩), માંડવી (૨), વ્યારા (૨) અને વાલોડમાં (૧) આવેલી છે. આ ૩૦ સંસ્થાઓ પૈકી ૮ કોમર્સ કોલેજ, ૨ લો કોલેજ, ૨ મેડિકલ કોલેજ, ૧ ઈજનેરી કોલેજ અને ૪ અન્ય ઉચ્ચ શિક્ષણ આપતી ધંધાદારી સંસ્થાઓ છે. યુનિવર્સિટી સાથે સંલગ્ન અંગ્રેજી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ, ભાષા વિજ્ઞાન શાસ્ત્ર, લોક પ્રશાસન, વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન, ગણિતશાસ્ત્ર અને કોમ્પ્યુટર સાયન્સ, સોસિયલ સાયન્સ, મેથોડોલોજી ઈન્ટર ડિસિપ્લિનરી સ્ટડીઝ સેલ, રસાયણ શાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, જીવ વિજ્ઞાન અને શિક્ષણના અનુસ્નાતક વિભાગો છે. ઉચ્ચ શિક્ષણની પ્રગતિનો ખ્યાલ નીચેના કોઠા ઉપરથી આવશે.

| **વર્ષ** | **કોલેજોની સંખ્યા** | **વિદ્યાર્થીઓની સંખ્યા** | **શિક્ષકોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧૯૭૬–૭૭ | ૨૨ | ૧૬૪૭૩ | ૭૧૬ |
| ૧૯૮૧–૮૨ | ૨૦ | ૧૧૬૩૬ | ૪૮૧ |
| ૧૯૮૩–૮૪ | ૨૧ | ૧૨૫૮૦ | ૫૧૧ |
| ૧૯૮૪–૮૫ | ૨૧ | ૧૨૪૦૧ | ૫૪૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૯૮૫–૮૬ | ૨૨ | ૧૫૦૬૭ | ૬૪૨ |
| ૧૯૮૮–૮૯ | ૩૦ | ૧૪૭૯૨ | ૬૮૮ |
| ૧૯૮૯–૯૦ | ૩૦ | ૧૮૪૩૨ | ૯૯૧ |
| ૧૯૯૦–૯૧ | ૩૦ | – | ૧૧૨૭ |

**સારણી–૭**

**ઉચ્ચ શિક્ષણ**

| **સ્થાપના વર્ષ** | **સંસ્થા** | **વિદ્યાર્થીની સંખ્યા વર્ષ : ૧૯૯૦–૯૧** |
|---|---|---|
| ૧૯૧૮ | શ્રી એમ.ટી. બી. આર્ટ્સ કોલેજ, સુરત | ૧૬૬૮ |
| ૧૯૬૩ | પટેલ રમણ બ્રધર્સ આર્ટ્સ કોલેજ, બારડોલી | ૨૦૩૧ |
| ૧૯૬૫ | જે.એસ.ભકત અને કે.એમ. ભકત આર્ટ્સ કોલેજ, ખોલવડ (તા.કામરેજ) | ૮૯૩ |
| ૧૯૬૫ | વાડિયા વિમેન્સ કોલેજ, સુરત | ૧૫૨૦ |
| ૧૯૬૬ | નવયુગ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, સુરત | ૧૦૨૩ |
| ૧૯૭૨ | શ્રી આર.પી. ચૌહાણ આર્ટ્સ કોલેજ, વ્યારા | ૧૨૮૩ |
| ૧૯૮૬ | માંડવી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી | ૧૦૭૮ |
| ૧૯૬૯ | સેન્ટર ફોર સોસાયલ સ્ટડી, સુરત | ૦૫ |
| ૧૯૭૧ | શ્રી પી.ટી. સાયન્સ કોલેજ, સુરત | ૮૭૦ |
| ૧૯૬૩ | ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી | ૩૧૩ |
| ૧૯૮૯ | સરકારી વ્જ્ઞિાન કોલેજ, વાલોડ | ૧૨૦ |
| ૧૯૪૬ | સર કે.પી. કોલેજ ઓફ કોર્મસ, સુરત | ૧૯૯૦ |
| ૧૯૬૭ | સી. ડી. બરફીવાળા કોર્મસ કોલેજ, સુરત | ૧૨૩૬ |
| ૧૯૭૦ | નવયુગ કોર્મસ કોલેજ, સુરત | ૧૭૮૮ |
| ૧૯૭૨ | શ્રી એન.એફ. શાહ કોર્મસ કોલેજ, ખોલવાડ | ૨૭૩ |
| ૧૯૭૧ | પટેલ ગોપાલજી કોર્મસ કોલેજ, બારડોલી | ૨૦૩૧ |
| ૧૯૭૨ | શ્રીમતી જે. કે. શાહ અને શ્રી કે.ડી. શાહ કોર્મસ કોલેજ, વ્યારા | ૧૨૮૩ |
| ૧૯૩૫ | શ્રી વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરત | ૧૦૨ |

| | | |
|---|---|---|
| ૧૯૪૬ | શ્રી ઓ. હી. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય | ૧૯૪ |
| ૧૯૬૧ | વી.ટી.ચોકસી કોલેજ ઓફ એજયુકેશન, સુરત | |
| ૧૯૫૫ | ડો. એસ. એન્ડ એસ.એસ. ગાંધી કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી, સુરત | ૧૩૬૪ |
| ૧૯૬૫ | મહિલાઓ માટેની સરકારી પોલિટેક્નિક, સુરત | |

# પ્રકરણ–૪

# સુરત જિલ્લાની કન્યા કેળવણીની સ્થિતિ

## ૪.૧ આઝાદી પૂર્વેની સ્થિતિ :

પ્રાચીન કાળમાં શિક્ષણનો વિકાસ એક સરખો રહ્યો નથી મૈત્રક અને સોલંકી યુગ દરમ્યાન લોકો સુખી હતા અને રાજયાશ્રય મળતા કલા, સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન આ યુગનું છે.

ગુરૂને ઘરે જઈને ભણવાની પ્રાચીન શિક્ષણ પદ્ધતિ અસ્તિત્વમાં હતી. સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઓછું હતું. મુસલમાન અને મરાઠા કાળ દરમ્યાન પણ આ પદ્ધતિ જ ચાલુ હતી, કદાચ મોગલકાળના અસ્ત સમયે શિક્ષણ વ્યવસ્થા અવ્યવસ્થાને લીધે ભાંગી પણ પડી હોય. સ્ત્રીશિક્ષણ નામનું જ રહ્યું હશે.

કોઈપણ લોકશાહી રાષ્ટ્ર કે સમાજમાં પુરુષ અને સ્ત્રી એટલે કે વ્યકિત એક નાનામાં નાનુ એકમ છે. સમાજમાં વ્યકિતનો જેટલો વિકાસ થાય તેટલો જ રાષ્ટ્રનો પણ વિકાસ થાય. આમ વ્યકિતનો વિકાસ એ સમાજ અને રાષ્ટ્રનો વિકાસ છે.

વ્યકિત વિકાસ અને સમાજ વિકાસની જયારે વાત કરીએ છીએ ત્યારે આપોઆપ જ શિક્ષણ પર આપણી દષ્ટિ આવી પડે છે. કારણ કે વ્યકિતને વિકસાવનારુ તત્વ એ શિક્ષણ જ છે. શિક્ષણને કારણે વ્યકિતનો વિકાસ થાય છે.

જહોન ડયૂઈ કહે છે તે પ્રમાણે.... "શિક્ષણ એટલે જ વિકાસ અને વિકાસ પામતી કોઈપણ વસ્તુ એટલે જ જીવન."

ગુજરાત રાજયની રચના ૧ મે ઈ.સ.૧૯૬૦માં થઈ તે પહેલા ગુજરાતનો પ્રદેશ જૂના મુંબઈ રાજયનો અંતર્ગત ભાગ હતો. આ ઉપરાંત કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત પ્રદેશમાં અનેક નાના મોટા રજવાડા અને ઠકરાતો હતાં. આમાંના થોડા રજવાડા શિક્ષણની દષ્ટિએ પ્રગતિશીલ હતાં. બાકીના પછાત હતાં.

મરાઠા રાજયકાલ દરમ્યાન સૌરાષ્ટ્રનો પ્રદેશ નાના મોટાં દેશી રાજયોને કબજે હતો. મરાઠાઓની બ્રિટિશ એજન્ટો સાથે વડોદરા મુકામે સંધિ પછી કર્નલ વોકર મરાઠા સૈનિકો સાથે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કરીને કાયમી મહેસૂલ પદ્ધતિ દાખલ કરી મરાઠા સત્તાથી અકળાયેલા

સૌરાષ્ટ્રના રાજયો અને ઠાકોરોએ આ કબૂલ કર્યું. આમ સૌરાષ્ટ્રમાં અંગ્રેજોની હકૂમત દાખલ થઈ.

અંગ્રેજોનું ગુજરાતમાં પ્રથમ આગમન સને ૧૬૦૭માં થયું. તેમને સને ૧૬૧૩માં સુરતમાં કોઠી નાખવા માટે મુગલો તરફથી સનદ મળી. મુગલો નબળા પડતા અને મરાઠા સરદારોના આંતર કલહનો લાભ લઈને તેઓએ ગુજરાતમાં પ્રવેશ કર્યો. ગાયકવાડને મદદ કરવાને બહાને તેઓ ઈ.સ.૧૮૦૪ સુધીમાં સર્વસત્તાધીશ થઈ પડયા. ઈ.સ.૧૮૧૮માં એમણે અમદાવાદનો કબજો મેળવ્યો ત્યારથી તળગુજરાતનો પ્રદેશ ઈ.સ.૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત કરી ત્યાં સુધી બ્રિટિશ શાસન નીચે રહ્યો.

અંગ્રેજોના આગમન પછી શિષ્ટ ભાષા જેવી કે સંસ્કૃત, અરબી, ફારસીના અભ્યાસને ઉત્તેજન અપાતું બંધ થયું. માતૃભાષાની અવગણના કરવામાં આવી અને અંગ્રેજી સાહિત્ય, ભાષા અને વિજ્ઞાનના વિષયોને મહત્ત્વ મળ્યું. પ્રાચીન પદ્ધતિથી ચાલતી શાળાઓની અવગણના થવા માંડી. આને પરિણામે શિક્ષણનું પ્રમાણ ઘટયું. અંગ્રેજી જાણનારનો એક નવો વર્ગ પેદા થયો. અને દેશની સંસ્કૃતિના સુંદર તત્વો વિસરાઈ ગયા. અને પશ્ચિમી સંસ્કૃતિની અસર પ્રબળ બની. ૧૯૪૭ સુધી દેશ પરાધીન હતો અને ગુજરાતનો પ્રદેશ અનેક રજવાડાઓમાં વહેંચાયેલો હોવાથી શિક્ષણનો વિકાસ પણ એકસરખી રીતે થયો નથી. પ્રાચીન પદ્ધતિથી ચાલતી શાળાઓની સંખ્યા ૧૯મી સદીની શરૂઆતમાં કેટલી હતી તેના આંકડા ઉપલબ્ધ નથી.

ઈ.સ.૧૮૧૩માં ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ પોતાની સત્તા નીચેના પ્રદેશોમાં કેળવણી માટે ખર્ચ કરવાની જોગવાઈ કરી પણ સ્ત્રી કેળવણી વિશે તેણે ઉપેક્ષા સેવી અંગ્રેજોના શાસનકાળના પ્રારંભમાં એટલે કે ઈ.સ.૧૮૨૨ થી ૧૮૩૮ સુધીમાં મદ્રાસ, મુંબઈ અને બંગાળમાં કેટલીક શૈક્ષણિક તપાસો હાથ ધરવામાં આવી હતી. મુંબઈની શૈક્ષણિક તપાસો (ઈ.સ.૧૮૨૩–૨૫) માંથી જાણવા મળે છે કે તે સમયની શાળાઓ બહુધા છોકરાઓ માટે જ હતી અને છોકરીઓ જે શિક્ષણ મેળવતી તે તો ઘેર રહીને મેળવતી. વિલિયમ આદમ્સની શૈક્ષણિક તપાસના અહેવાલમાં છોકરીઓને જો ભણાવવામાં આવે તો તે વિધવા બને એવા વહેમી ખ્યાલો તે સમયે પ્રવર્તતા હોવાનું નોંધાયું છે. ૫ થી ૧૪ વર્ષની કન્યા લેખન વાંચનના શિક્ષણ વગર જ ઉછેરતી હતી. વળી કન્યા શિક્ષણની તપાસણી વખતે મા–બાપો

ગભરાઈને છોકરીઓ વિશે માહિતી આપવાનો ઈન્કાર કરતા અથવા પોતે સંતાઈ જતા. આમ કન્યાઓ નિરક્ષર જ ઉછેરતી હતી.

**શાળા અને શિક્ષણનો વિસ્તાર :**

પ્રાચીન પદ્ધતિથી ચાલતી શાળાઓની સંખ્યા ૧૯ મી સદીની શરૂઆતમાં કેટલી હતી તેના સમગ્ર વિસ્તારના આંકડા ઉપલબ્ધ નથી. સામાન્ય રીતે જયાં જયાં એક પણ બ્રાહ્મણનું ઘર હતું ત્યાં આવી સુવિધા ઉપલબ્ધ હતી એ શકય છે. ૧૮૨૩ અને ૧૮૨૬ની તપાસના આંકડા રસપ્રદ છે. તે આ અંગે થોડો પ્રકાશ પાડે છે તે આપણે જોઈએ–

**૧૮૪૨માં ગામઠી શાળાઓ અને વિદ્યાર્થીની સંખ્યા**

| જિલ્લા કે શહેરનું નામ | ગામઠી શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | ઈત્તર શાળાઓ | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| સુરત શહેર | ૪૨ | ૨૨૨૩ | ૪૯ | ૪૨૧ |
| સુરત ગામડાંઓ | ૧૩૯ | ૨૯૦૩ થી ૩૨૨૩ | – | – |

૧૮૨૪ માં કરવામાં આવેલી તપાસ ચોકસાઈ ભરેલી ન હતી, કારણ કે ભરૂચ અને સુરતના કલેકટરોએ તો આ હકીકત બે માસમાં જ મોકલી આપી હતી. આ ઉપરાંત ઘરે અપાતા શિક્ષણની નોંધ પણ કરાઈ હોય તેમ લાગતું નથી.

૧૮૨૯માં ન્યાયખાતાએ કરેલી તપાસ અંગેના આંકડા નીચે પ્રમાણે છે. આ આંકડાઓ ગુજરાતના સુરત, ભરૂચ, ખેડા અને અમદાવાદ એમ ચાર જ જિલ્લાના પ્રાપ્ય છે. આ આંકડાઓ ખૂબ જ સૂચક છે અને શિક્ષણનું પ્રમાણ કેવું વ્યાપક હતું તે સ્પષ્ટ કરે છે.

## શાળા અને વિદ્યાર્થીની સંખ્યા

| જિલ્લાનું નામ | સરકાર દ્વારા માસ્તરનો પગાર મેળવતી શાળાની સંખ્યા | સરકારી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા | ગામઠી શાળાની સંખ્યા | ગામઠી શાળામાં વિદ્યાર્થીઓ | કુલ શાળા | કુલ વિદ્યાર્થીઓ |
|---|---|---|---|---|---|---|
| સુરત | ૨ | ૯૬ | ૧૮૮ | ૪૦૬૮ | ૧૯૦ | ૪૧૬૪ |

| | શાળાવાળા ગામની કુલ વસ્તી | કુલ વસ્તીના પ્રમાણમાં શાળા દીઠ વિદ્યાર્થી |
|---|---|---|
| સુરત | ૨૫૪૮૮૨ | ૬૧ વિદ્યાર્થી દીઠ ૧ |

ઉપરના આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે, કે શાળાની સંખ્યા અને શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા સારી ગણી શકાય.

**ગૃહશિક્ષણ :**

ગુજરાતમાં જયાં શાળાઓનો અભાવ હતો ત્યાં બ્રાહ્મણો કે વાણિયા જે ઉજળિયાત કોમોમાં મા–બાપ તેમનાં બાળકોને ઘેર શિક્ષણ આપતાં હતાં. ૧૮૨૪ના સરકારી દફતરનાં ૯૨ માં વોલ્યુમમાં જણાવ્યા પ્રમાણે ગામોમાં બ્રાહ્મણો તથા વણિકો તેમના બાળકોને અક્ષરજ્ઞાન તથા સામાન્ય નામું વગેરેનું ઘેર શિક્ષણ આપતા હતાં. ઔરંગઝેબના મૃત્યુ બાદ મોગલ સત્તા નબળી પડતા અંગ્રેજોના આગમન સુધી ગુજરાતમાં અવ્યવસ્થા અને અંધેર હતું. તેથી આવી વ્યવસ્થાની જરૂર પડી હોય તે શકય છે.

**સ્ત્રીશિક્ષણ :**

અંગ્રેજોના આગમન પૂર્વે અસ્તિત્વમાં રહેલી પ્રાચીન પદ્ધતિની શાળાઓમાં છોકરીઓની સંખ્યા બિલકુલ ન હતી. તે જમાનામાં મુસલમાનોના આગમન બાદ સ્ત્રીશિક્ષણ આપવાની પ્રથા ન હતી. તેથી સારાં કુટુંબોમાં જ કોઈક જ સ્થળે સ્ત્રીને સામાન્ય લેખન–વાચન પૂરતું શિક્ષણ આપવામાં આવતું હતું.

આમ પ્રાચીન પદ્ધતિથી ચાલતી શાળાઓ ઓછામાં ઓછા ખર્ચે શિક્ષણ આપતી હતી. આ શિક્ષણને લીધે લોકોમાં અક્ષરજ્ઞાન કેટલું હતું. તેનો આછો ખ્યાલ મુંબઈના ગવર્નરની કાઉન્સિલના સભ્ય શ્રી જી. એ. વેન્ડરગાસ્ટના નિવેદન ઉપરથી આવી શકશે. તેમના જણાવ્યા પ્રમાણે ભારતમાં તે સમયમાં લખી વાંચી શકતા અને પોતાના ધંધા વગેરે અંગે ધ્યાન રાખતા લોકોનું પ્રમાણ તે સમયના યુરોપના કોઈપણ દેશના પ્રમાણ કરતાં વધારે હતું. બોમ્બે એજયુકેશન સોસાયટીના છઠ્ઠા વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે દેશીઓમાં શાળાઓ ઘણી જગ્યાએ હતી અને તેનો ફેલાવો સાર્વત્રિક હતો.

૧૮૫૫માં કેળવણી ખાતાના જન્મ થયો. ત્યાં સુધી કેળવણીના પ્રચાર માટે "ખ્રિસ્તી મિશનરીઓ" ગરીબોની કેળવણી માટેની સંસ્થાઓ, બોમ્બે નેટીવ એજયુકેશન સોસાયટી તથા "બોર્ડ ઓફ એજયુકેશન" યતકિંચિત પ્રયાસો કર્યા હતાં. તેમની પ્રવૃત્તિ સુરતમાં કેવી રીતે વિકસી તે આપણે જોઈએ.

**મીશનરી પ્રવૃત્તિ :**

લંડન મીશનરી સોસાયટી તથા આયરીશ પ્રેસ્બીટેરિયન મીશને ખ્રિસ્તી ધર્મના પ્રચાર અર્થે ગુજરાતને ક્ષેત્ર તરીકે પસંદ કર્યું હતું. કન્યા કેળવણી માટે પ્રથમ શાળા સુરતમાં મીશનરીઓએ ૧૮૧૮માં ખોલી તેમાં બે ખ્રિસ્તી કન્યાઓ ભણતી હતી. પાછળથી આ સંખ્યા વધીને ૧૦ થઈ.

આમ કન્યા કેળવણી માટે પ્રથમ પ્રયાસનું માન મીશનરીઓને ફાળે જાય છે.

**ગરીબોની કેળવણી માટેની સંસ્થાની પ્રવૃત્તિ :**

વિલ્બર ફોર્સ વગેરે ઉદારમતવાદી રાજપુરુષો તથા મીશનરીઓના તથા ઈસ્ટ ઈંડિયા કંપનીના માજી નોકરોના ઉહાપોહથી બ્રિટીશ પાર્લામેન્ટ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને હિન્દુઓની કેળવણી માટે એક લાખ રૂપિયા ખર્ચવાની ફરજ પાડી ઉપરોકત સંસ્થાના આશ્રય નીચે રેવરંડ કારે સને ૧૮૧૭માં એક પ્રાથમિક શાળા સુરતમાં શરૂ કરી હતી તેમાં શરૂઆતમાં ૧૯ વિદ્યાર્થીઓ હતાં. આ સંખ્યા વધીને ૧૮૧૯માં ૬૬ થઈ.

**બોમ્બે નેટીવ એજ્યુકેશન સોસાયટીની પ્રવૃત્તિ :**

મુંબઈના ગવર્નર લોર્ડ એલ્ફિન્સ્ટનના નેતૃત્વ નીચે સને ૧૮૨૨માં આ સંસ્થાએ મુંબઈ પ્રાંતમાં કેળવણી અંગેની જવાબદારી સ્વીકારી. તેમણે પાઠયપુસ્તકો અને શિક્ષકોની તાલીમ માટે પ્રબંધ કર્યો. આ સંસ્થાએ તા.૨૧/૮/૧૮૨૨ થી સુરતમાં ૩ શાળાઓ ખોલી.

**બોર્ડ ઓફ એજ્યુકેશનની પ્રવૃત્તિ :**

બોર્ડ ઓફ એજ્યુકેશનના હાથમાં કારભાર ૧૮૪૦માં આવતા શાળાઓની અને વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો. ૧૮૫૧માં સુરતમાં દુર્ગારામ મહેતાજીએ કન્યા શાળા શરૂ કરી.

આ બધા પ્રયત્નોને પરિણામે કન્યા કેળવણી માટેનો અગાઉનો પ્રબળ પ્રજાકીય પૂર્વગ્રહ હળવો બન્યો અને સરકાર માટે આ ક્ષેત્રમાં પહેલ કરવાની ભૂમિકા સર્જાવા માંડી તે વખતના ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસીએ (૧૮૪૮–૧૮૫૬) પણ કન્યા કેળવણીના આદર્શનું મહત્ત્વ સ્વીકારતા શરૂઆતથી જણાવ્યું કે જેટલા અંશે લોકોની ટેવમાં ફેર થઈ શકશે એટલો બીજા કશાથી થશે નહી અને રાજય સ્ત્રીશિક્ષણને પોતાનો નિઃસંકોચ અને હૂંફાળો ટેકો આપે એવી પરિસ્થિતિ સર્જાઈ.

રાજયની સમભાવભરી નીતિ અને ખાનગી સાહસોની પહેલને લીધે ૧૮૫૪ સુધીમાં એટલે કે વુડના ખરીતા પૂર્વે કન્યા કેળવણીમાં થોડી પ્રગતિ સાધી શકાઈ હતી.

**સુરતમાં ૧૮૬૨માં રાયચંદ દીપચંદ કન્યા શાળા ખોલવામાં આવી**

| સાલ | કન્યાશાળાઓની સંખ્યા | અભ્યાસ કરતી કન્યાઓ |
|---|---|---|
| ૧૮૬૫ | ૧૫ | ૮૩૭ |
| ૧૮૭૩–૭૪ | ૨૫ | ૧૨૭૦ |
| ૧૮૯૩ | ૩૩૦ | ૨૮૨૫ |
| ૧૮૯૭–૯૮ | ૩૨૭ | ૩૨૦૧ |
| ૧૯૦૦ | ૩૩૨ | ૩૧૧૭ |
| ૧૯૦૫–૦૬ | ૩૯૨ | ૫૭૪૧ |
| ૧૯૧૦–૧૧ | ૪૫૩ | ૬૭૭૦ |

| | | |
|---|---|---|
| ૧૯૧૫–૧૬ | ૪૮૪ | ૫૪૯૬ |
| ૧૯૨૦–૨૧ | ૫૬૨ | ૧૨૯૮૩ |
| ૧૯૨૯–૩૦ | ૪૬૦ | ૩૯૯૧ |

પટેલ એકટ મુજબ તા.૧/૧/૧૯૨૦ થી સુરત શહેરમાં ૭–૧૧ની વયના બાળકો માટે ફરજયાત શિક્ષણ નગરપાલિકાએ દાખલ કર્યું હતું.

૧૮૯૮ થી ૧૯૦૧ દરમ્યાન પ્લેગ અને છપ્પનીયા દુકાળના કારણે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો.

૧૯૨૩ થી ૨૯ દરમ્યાન એક પણ નવી શાળા ખુલી ન હતી.

**સરકારે આદરેલી પ્રવૃત્તિઓ : (ઈ.સ.૧૮૫૪–૧૯૦૨)**

ઈ.સ.૧૮૫૪ના ચાર્લ્સ વુડના ખરીતાએ ભારતીય પ્રજામાં કન્યાઓને શિક્ષણ આપવા તરફ અનુકૂળ બનતા જતા વાતાવરણની નોંધ લીધી અને તેજ વખતે મિશન સ્કૂલો અને મિશનરીઓની કામગીરીએ સ્ત્રીશિક્ષણના ક્ષેત્રમાં પાયાનું કામ કર્યું. આથી ચાર્લ્સ વુડે સ્ત્રીશિક્ષણને વધુ ઉત્તેજન મળે તેવાં પગલાં ભરવાનું ગવર્નર જનરલને સૂચન કર્યું. વુડના ખરીતાએ સૂચવેલ "ગ્રાન્ડ ઈન એઈડ" પદ્ધતિમાં છોકરીઓ માટેની શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યા.

હિન્દુસ્તાનના તે વખતના ગવર્નર જનરલ ડેલહાઉસીનું સ્ત્રીશિક્ષણ પરત્વેનું વલણ કુણું હતું. શિક્ષણની સમિતિ "કાઉન્સિલ ફોર એજયુકેશન"ને માર્ગદર્શન આપતાં તેમણે જાહેર કર્યું કે "ઈ.સ.૧૮૫૪ના ખરીતામાં શિક્ષણની જે જવાબદારી છે તે સરકારે સ્વીકારવી જોઈએ" આ ખરીતાથી સ્ત્રીશિક્ષણનો ભાર સરકારના શીર પર આવ્યો. આ ખરીતાએ સ્ત્રીકેળવણીના ક્ષેત્રમાં ભારે ખર્ચ કરવાનો અનુરોધ કર્યો હતો.

મીસ મેરી કાર્પેન્ટર (ઈ.સ.૧૮૦૭–૭૭) નામની અંગ્રેજ મહિલા કાર્યકરના પ્રયત્નથી સ્ત્રીશિક્ષણ માટે અધ્યાપન મંદિરો શરૂ કરવામાં આવ્યાં. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં શહેરી વિસ્તારોમાં મ્યુનિસિપાલિટીઓ અસ્તિત્વમાં આવી. અને સ્થાનિક ઉપકર નાખવાની પદ્ધતિ પણ શરૂ થઈ સ્થાનિક બોર્ડ પર લોકોના પ્રતિનિધિઓ આવતા તેમણે

કન્યાઓ માટેની શાળાઓ પર ધ્યાન આપવા માંડયું. ગ્રામ વિસ્તારોમાં લોકલ બોર્ડ અથવા લોકલ ફંડ કમિટિઓએ પણ કંઈક અંશે છોકરીઓની કેળવણીના પ્રશ્નો પર ધ્યાન આપવા માંડયું હતું. પરિણામે ઈ.સ.૧૮૮૨ સુધીમાં છોકરીઓ માટેની પ્રાથમિક શાળાઓની સંખ્યામાં વધારો થયો હતો.

ઈ.સ.૧૮૮૨માં નિમાયેલા હંટર શિક્ષણપંચે સ્ત્રી કેળવણીનો પ્રશ્ન ઝીણવટપૂર્વક તપાસ્યો. શિક્ષણપંચની તપાસમાં ૯૯.૫% સ્ત્રીઓ નિરક્ષર માલૂમ પડી હતી.

ઈ.સ.૧૮૮૨ પછીનો સમય આર્થિક મુશ્કેલીનો હતો. તેથી રાજય સરકાર ઝાઝુ કરી શકી નહી. તેમ છતાં વધતી જતી રાજકીય અને સામાજિક જાગૃતિને લીધે અને આર્ય સમાજ, થિયોસોફીકલ સોસાયટી વગેરેની ઝુંબેશને લીધે સ્ત્રી કેળવણીનો વિકાસ થતો રહ્યો. પરિણામે ઈ.સ.૧૮૮૧–૮૨ કરતા ૧૯૦૧–૦૨ની સ્ત્રી શિક્ષણની પરિસ્થિતિ વધુ નોંધપાત્ર હોય એ સ્વાભાવિક છે.

ગુજરાતમાં ૧૯૦૧ માં લેડી વિદ્યાગૌરી નીલકંઠ અને શારદાગૌરી મહેતાએ બે બહેનોએ બી.એ.ની પદવી પ્રાપ્ત કરી. કોલેજ કેળવણી લેતી સ્ત્રીઓની સંખ્યા પછી વધતી ગઈ.

**વીસમી સદીના પ્રારંભમાં રાષ્ટ્રીય આંદોલન અને સ્ત્રીઓની જાગૃતિ (ઈ.સ.૧૯૦૨–૪૭):**

ગુજરાતમાં રાષ્ટ્રીય કેળવણીની ભાવનાના પ્રસારણ અંગેની પ્રથમ પરિષદ ઈ.સ.૧૯૧૬ના અરસામાં ભરાઈ હતી. ગાંધીજીના નેતૃત્વ નીચેના રાષ્ટ્રીય આંદોલનના અંગરૂપે ઈ.સ.૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ સ્ત્રી અને પુરુષમાં રાષ્ટ્રને પોષક જરૂરી ખમીર પેદા કરવું એ આ વિદ્યાપીઠની સ્થાપનાનો હેતુ હતો.

ઈ.સ.૧૯૧૬માં એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી. આ યુનિવર્સિટીની ૧૯૧૬ થી ૧૯૩૭ સુધીની પ્રગતિ ધીમી રહી. કારણ કે બીજી યુનિવર્સિટીની માફક આ યુનિવર્સિટીની ડિગ્રીને માન્યતા અપાઈ ન હતી. પરંતુ ત્યારબાદ પત્રકમાંક જી.આર.પી.એન્ડ એસ. ડી. નં.૨૭૩૫/૩૪ ૧૦ મી ડીસેમ્બર ૧૯૩૮ થી આ યુનિવર્સિટી તરફથી અપાતી ડિગ્રીઓ સરકારે માન્ય કરી. ત્યારથી ગુજરાતમાં પણ સ્ત્રીશિક્ષણના ઈતિહાસમાં એક નવુ પ્રેરક પ્રકરણ ઉમેરાયું.

ઈ.સ.૧૯૦૧ ની વસતિ ગણતરીના હેવાલ મુજબ મુંબઈ પ્રાંતમાં સ્ત્રીઓની વસતિ ૮૬,૯૨,૭૦૮ (ફકત બ્રિટીશ જિલ્લાઓમાં) હતી. પરંતુ કેળવણી પામતી સ્ત્રીઓની સંખ્યા ૯૩૦૬૩ હતી એટલે કે સ્ત્રીકેળવણી તેમની વસતિના લગભગ માત્ર૧% જેટલી જ હતી.

પહેલી ગુજરાતી કેળવણી પરિષદ ઈ.સ.૧૯૧૬માં અમદાવાદમાં શ્રી ચીમનલાલ સેતલવાડના પ્રમુખપદે ભરાઈ હતી. તેમાં લેડી વિદ્યાગૌરી નીલકંઠે નીચેના બે ઠરાવ પસાર કરાવ્યા.

(૧) પોતાના શહેરમાં કન્યાઓનાં પ્રાથમિક શિક્ષણની વૃદ્ધિ તરફ ખાસ ધ્યાન આપવા અને તે હેતુસર વધારે અલાયદી કન્યા શાળાઓ સ્થાપવા આ પરિષદ મ્યુનિસિપાલીટીઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

(૨) લોકલ બોર્ડના પ્રદેશમાં જે જે ગામમાં ઓછામાં ઓછી ૨૦ કન્યાઓ છોકરાઓની નિશાળમાં ભણતી હોય ત્યાં જુદી કન્યાશાળા સ્થાપવાની ભલામણ આ પરિષદ જિલ્લા લોકલબોર્ડને કરે છે.

ઈ.સ.૧૯૧૭માં બીજી કેળવણી પરિષદ ભરૂચમાં મળી. તેમાં અન્ય વિષયો ઉપરાંત કન્યા કેળવણીના પ્રશ્નો ચર્ચાવા હતાં. ઈ.સ.૧૯૧૯થી મુંબઈ યુનિવર્સિટીમાં કેળવણી લેતી સ્ત્રીઓની સંખ્યા વધવા લાગી હતી. ફરજિયાત શિક્ષણનો ખરડો રજૂ કર્યો હતો અને તે મંજૂર થયો. (મુંબઈ પ્રાથમિક શિક્ષણ ધારો ઈ.સ.૧૯૧૮)આ ખરડાની ભલામણો અનુસાર ફરજિયાત શિક્ષણની ઉંમર ૭ થી ૧૧ વર્ષની નકકી થઈ તથા તે શિક્ષણ મફત બન્યું. ઈ.સ.૧૯૨૦ થી તેનો વ્યાપક અમલ થયો.

## ૪.૨ આઝાદી પછીની સ્થિતિ (ઈ.સ.૧૯૪૭ થી ૧૯૬૦):

ઈ.સ.૧૮૫૪ના વુડના ખરીતાથી ભારતમાં અંગ્રેજી કેળવણીની નીતિનાં મૂળ દ૦ થયાં અને સરકારનું ધ્યાન સ્ત્રીશિક્ષણ તરફ દોરાયું. ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારબાદ શિક્ષણના વિકાસને વેગ મળ્યો.

ગુજરાત પ્રદેશના કુલ વિસ્તાર અને વસતિનો ૨/૩ ભાગ દેશી રજવાડાઓનો હતો બાકીનો ૧/૩ ભાગ મુખ્યત્વે મુંબઈ પ્રાંતમાં આવેલા પાંચ જિલ્લાઓ ભરૂચ, સુરત,

પંચમહાલ, ખેડા અને અમદાવાદનો વિસ્તાર હતો. આ છિન્નભિન્ન વહીવટી પરિસ્થિતિ સમગ્ર ગુજરાતના વિકાસને બાધક હતી.

આ પ્રકરણમાં ઈ.સ.૧૯૪૭ થી ઈ.સ.૧૯૭૧ ના ગાળા દરમિયાન વિવિધસ્તરે સ્ત્રીશિક્ષણનો વિકાસ થયો તેની વાત કરવામાં આવી છે. ૧૯૪૭ થી ૧૯૫૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૦૦૦ કે તેથી વધારે વસ્તી ધરાવતા ગામોમાં ફરજિયાત શિક્ષણ દાખલ કરવામાં આવ્યું ૧૯૫૧ સુધીના ચાર વર્ષના ગાળામાં આ યોજના પૂરી થઈ.

**૧૯૪૭–૪૮ના ગાળામાં સુરત જિલ્લામાં ફરજિયાત શિક્ષણની સ્થિતિ**

| | **ફરજિયાત શિક્ષણ હેઠળના બાળકોની સંખ્યા** | | **દાખલ થયેલ બાળકોની સંખ્યા** | | **દાખલ થયેલ બાળકોની ટકાવારી** | |
|---|---|---|---|---|---|---|
| | **કુમાર** | **કન્યા** | **કુમાર** | **કન્યા** | **કુમાર** | **કન્યા** |
| સુરત | ૬૯૮૮ | ૬૮૯૨ | ૬૮૧૨ | ૬૬૫૪ | ૯૭.૪ | ૯૬.૫ |

**રાધાકૃષ્ણન કમિશન : ઈ.સ.૧૯૪૮–૪૯**

(૧) જે પ્રકારનું સામાન્ય શિક્ષણ પુરુષ વર્ગને અપાય તે પ્રકારના શિક્ષણની તમામ સુવિધાઓ સ્ત્રીવર્ગને પણ અપાવી જોઈએ.

(૨) સ્ત્રીઓને વિશેષ પ્રકારનું શિક્ષણ જે સંસ્થામાં અપાતું હોય ત્યાં તેનો વ્યાપ બને તેટલો વિશાળ કરવો.

(૩) સ્ત્રીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અભ્યાસનું આયોજન કરવું જોઈએ.

(૪) કેળવણી પામેલ સ્ત્રી વગર શિક્ષિત સમાજની શકયતા નથી તેથી સ્ત્રીશિક્ષણને ઉત્તેજન આપવું.

(૫) સ્ત્રીશિક્ષિકાઓને પુરુષોના જેટલો જ પગાર મળવો જોઈએ.

(૬) કોલેજ કક્ષાએ સહશિક્ષણ રાખી શકાય તે હેતુને લક્ષમાં રાખીને સહશિક્ષણ આપતી કોલેજો અને સંસ્થાઓનું વિશાળ પાયા પર આયોજન કરવું જોઈએ.

**મુદલીયાર કમિશન : ઈ.સ.૧૯૫૨–૫૩**

(૧) છોકરાઓ અને છોકરીઓ વચ્ચે શૈક્ષણિક બાબતમાં કોઈ ભેદને સ્થાન ન હોવું જોઈએ.

(૨) ગૃહવિજ્ઞાન જેવા વિષયો છોકરીઓની અલગ શાળાઓ તથા સહશિક્ષણ આપતી મિશ્રશાળાઓમાં સંયોજિત કરવા જોઈએ અને ખાસ પ્રકારની સવલતો આપવી જોઈએ.

(૩) જયાં જયાં માંગ હોય ત્યાં દરેક રાજયે છોકરીઓ માટેની અલગ શાળાઓ સ્થાપવાના પ્રયાસ કરવા જોઈએ.

(૪) સહશિક્ષણ આપતી મિશ્રશાળાઓમાં છોકરીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખી સ્ત્રીશિક્ષિકાઓનો સમાવેશ કરવો.

**રાષ્ટ્રીય શિક્ષણ પંચ : ઈ.સ.૧૯૬૪–૬૬**

(૧) કેળવણીની બાબત કન્યા કેળવણીના પ્રશ્નને ભવિષ્યમાં થોડાં વર્ષો માટેના કાર્યક્રમોમાં અગ્રતા આપવી અને કન્યા કેળવણીના અવરોધરૂપ પરિબળોનો સામનો કરી શકાય તેટલી ટૂંકી મુદતમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેની કેળવણીમાં રહેલો તફાવત દૂર કરવો.

(૨) અગ્રતાના ધોરણે ઉપર જણાવેલ મુદ્દાને ધ્યાનમાં રાખી એ માટેની ખાસ યોજના કાઢ વી અને એના હેતુઓની પરિપૂર્તિ અર્થે ખાસ ફંડની યોજના કરવી.

(૩) કેન્દ્ર તથા રાજય સરકારોમાં કન્યાઓ અને સ્ત્રીઓની કેળવણી ઉપર દેખરેખ રાખવા ખાસ વ્યવસ્થા કરવી.

(૪) ગૃહવિકાસ અને બાળકોના ચારિત્ર્ય–ઘડતર માટે સ્ત્રીશિક્ષણ, પુરુષના શિક્ષણ કરતાં પણ વધુ અગત્યનું છે.

(૫) વસતિ વધારાના પ્રમાણને અટકાવવા સ્ત્રીશિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવી શકે.

(૬) ધંધાદારી, ટેક્નોલોજી અને સંશોધન જેવાં ક્ષેત્રોમાં પણ સ્ત્રીઓને ઉચ્ચશિક્ષણ મળી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

(૭) રાષ્ટ્રની પુનઃરચના અને રાષ્ટ્રીય ઘડતાના કામમાં શિક્ષિત સ્ત્રીઓની મદદ લઈ શકાય તે માટે ખંડ સમય અને પૂરા સમયની નોકરીની સગવડો વધારવી જોઈએ.

**હંસા મહેતા કમિટી : ઈ.સ.૧૯૬૨**

(૧) સ્ત્રીઓને પુરુષ જેટલો જ હકક આપવો જોઈએ.

(૨) છોકરા અને છોકરીઓ માટેના શિક્ષણમાં જે તફાવત છે તેની વચ્ચે ઝડપથી સમાનતા સાધવાનો પ્રયાસ કરવો.

(૩) સ્ત્રી શારીરિક અને બૌદ્ધિક દષ્ટિએ પુરુષ કરતાં ઊતરતી કક્ષાની હોવાની પરાપૂર્વની માન્યતાઓને નિર્મૂળ કરવી જોઈએ.

(૪) સ્ત્રીઓને તેમને અનુકૂળ અભ્યાસક્રમની પસંદગી કરવા દેવી જોઈએ.

(૫) પૂર્વ પ્રાથમિક કક્ષાએ સહશિક્ષણ આવકાર દાયક છે.

(૬) પ્રાથમિક કક્ષાએ છોકરા અને છોકરીઓ માટે અભ્યાસક્રમમાં તફાવત ન રાખવો.

(૭) માધ્યમિક અને કોલેજ કક્ષાએ સંપૂર્ણ સ્વતંત્રતાની દષ્ટિએ સ્ત્રીઓ માટે અલગ સંસ્થાઓ રાખવી.

(૮) બધી જ શિક્ષણની સંસ્થાઓમાં સ્ત્રી અધ્યાપકોની નિમણૂંક થાય તે માટે પ્રયત્ન કરવો, પરંતુ સ્ત્રીઓ માટેની અલગ શાળાઓ કે કોલેજમાં પુરુષ પ્રાધ્યાપક અને છોકરા માટેની અલગ શાળા કે કોલેજમાં સ્ત્રી અધ્યાપકો રાખવા.

(૯) બધી જ માધ્યમિક શાળાઓમાં પુરુષ તેમજ સ્ત્રી અધ્યાપકો હોવા જ જોઈએ.

(૧૦) ગૃહવિજ્ઞાન અને લલિતકળા જેવા વિષયો કન્યાઓ માટે દાખલ કરવા.

(૧૧) વ્યવસાયમાં સઘન અભ્યાસક્રમ દાખલ કરવો તે એકથી ત્રણ વર્ષ સુધીનો રાખવો.

(૧૨) ગ્રામવિસ્તારમાં કન્યા કેળવણીની પ્રગતિ કરવી.

(૧૩) ગૃહવિજ્ઞાનના શિક્ષણ માટે યોગ્ય પુસ્તકો તેમજ શીખવનાર શિક્ષકોની ખામી છે તે સુધારવી જોઈએ.

(૧૪) જાતિય શિક્ષણ મિડલ સ્કૂલ અને માધ્યમિક કક્ષાએ જરૂરનું છે. આ શીખવવા માટે આ વિષયના ખાસ તાલીમ પામેલા શિક્ષકો રાખવા.

(૧૫) યુનિવર્સિટી કક્ષાએ ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો ખાસ ઉપયોગી હોય છે તેથી તે વિષયો માધ્યમિક કક્ષાએ ખાસ રાખવા.

(૧૬) ભાષા અને સમાજશાસ્ત્રનાં પાઠયપુસ્તકોમાં સ્ત્રીઓ માટેના ખાસ તહેવારોને આવરી લેવા તેમજ કન્યાઓને મનપસંદ રમતો અને મહાન સ્ત્રીઓના જીવનની હકીકત લેવી.

(૧૭) યુનિવર્સિટી કક્ષાએ યોગ્ય રીતે ધંધાકીય માર્ગદર્શન મળી રહે તે માટે શકય તેટલી સગવડ કરવી જોઈએ.

(૧૮) માધ્યમિક અને ઉચ્ચ કક્ષાએ ધંધાકીય શિક્ષણ છોકરા અને છોકરીઓ બન્ને માટે હોવું જરૂરી છે.

(૧૯) પરણેલી સ્ત્રીઓ માટે પાર્ટ–ટાઈમ નોકરી કરી શકે તે માટેની વ્યવસ્થા કરવી.

(૨૦) યુનિવર્સિટી અને રાજય સરકારની જવાબદારી છે કે તેમણે તાલીમ પામેલ શિક્ષકો તૈયાર કરવા.

**ભકતવત્સલમ કમિટી : ઈ.સ.૧૯૬૩**

(૧) દરેક જિલ્લા કક્ષાએ મહિલામંડળ સ્થાપી પ્રજાનો આર્થિક અને વહીવટી સાથ મેળવી સ્ત્રી શિક્ષણના પ્રશ્નો હલ કરવા.

(૨) સહશિક્ષણને પરિપુષ્ટ કરવા મોટી ઉંમરની સ્ત્રીઓને ધંધાકીય શિક્ષણ આપવું.

(૩) ગ્રામવિસ્તારમાં નોકરી માટે આવેલી સ્ત્રીઓ માટે રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરી આપવી.

(૪) ફરજિયાત શિક્ષણધારો તાત્કાલિક અમલમાં લાવવા માટે સરકારને ભલામણ કરવી.

(૫) સ્ત્રીશિક્ષણના ફેલાવા માટે રેડિયો વાર્તાલાપ, શિક્ષણ અંગેની ફિલ્મો અને માહિતીદર્શક પેમ્ફલેટ છપાવવાં.

**પ્રથમ પંચવર્ષીય યોજનાઃ ઈ.સ.૧૯૫૧–૫૬**

(૧) જે કન્યાઓ સામાજિક કે આર્થિક કારણસર અભ્યાસ કરી શકતી ન હોય તેને યોગ્ય સુવિધા કરી આપવી.

(૨) માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વ્યવસાયને ઉપયોગી વિષયો રાખવા.

(૩) પ્રાથમિક શિક્ષણના ધ્યેયને અગ્રસ્થાન આપવું.

**બીજી પંચવર્ષીય યોજના : ઈ.સ.૧૯૫૬–૧૯૬૧**

(૧) પ્રાથમિક ક્ષેત્રે સ્ત્રીઓની સંખ્યા ૪૦ ટકા થવી જ જોઈએ.

(૨) વસતિ વધારાના પ્રમાણને રોકવા માટે પ્રયત્ન કરવો.

(૩) ૭ થી ૧૧ વર્ષના બાળક માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવું.

**ત્રીજી પંચવર્ષીય યોજના : ઈ.સ.૧૯૬૧–૬૯**

(૧) સ્ત્રીશિક્ષિકાઓને તાલીમ દરમિયાન સ્ટાઈપેન્ડ આપવું.

(૨) સ્ત્રીશિક્ષણ માટે નાણાંની પૂરતી જોગવાઈ કરવી.

(૩) દુર્ગાબાઈ દેશમુખ કમિટિની સૂચનાનો અમલ કરવો.

**ચોથી પંચવર્ષીય યોજના : ઈ.સ.૧૯૬૯–૭૪**

(૧) ગુજરાતની વસતિનો લગભગ ૧/૫ ભાગ પછાત વર્ગોનો છે. આ વર્ગોને બાકીની કોમોની સાથે લાવવાનો રાષ્ટ્રનો નિર્ધાર છે.

(૨) રાજ્ય, સમાજના નબળા વિભાગોના અને ખાસ કરીને અનુસૂચિત આદિવાસીઓના શૈક્ષણિક અને આર્થિક રીતના વિકાસ અંગે ખાસ કાળજી રાખશે અને સામાજિક અન્યાય તેમજ દરેક પ્રકારના શોષણ સામે તેમનું રક્ષણ કરશે.

**માધ્યમિક કક્ષાએ મફત કન્યા કેળવણી : ઈ.સ.૧૯૬૯**

(૧) કન્યા શિક્ષણના વિકાસ માટે ૧/૮/૬૯ થી ધોરણ ૮ અને ધોરણ ૯ માં મફત શિક્ષિણ દાખલ કર્યુ. (ઠરાવ ક્રમાંક એસ.એસ.એન.–૩૪૬૯–ગ).

(૨) ઈ.સ.૧૯૭૦ થી ધો.૧૦ અને ઈ.સ.૧૯૭૧ થી ધો.૧૧માં મફત કન્યા કેળવણી દાખલ કરવી.

**રાજય શિક્ષણ ભવનના ઉપક્રમે સ્ત્રીશિક્ષણ અંગેના પરિસંવાદો : ઈ.સ.૧૯૬૭–૭૨**

(૧) રાષ્ટ્રીય વિમેન્સ કાઉન્સીલની ભલામણો દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું.

(૨) આદિવાસી અને પછાત વિસ્તારોમાં પણ કન્યાશિક્ષણ અંગેની સુધારણા માટે પ્રયત્નો કરવા જોઈએ.

(૩) કન્યા છાત્રાલયોની સંખ્યા વધારવા પ્રયાસ થવા જોઈએ.

(૪) સ્ત્રીઓને અનુરૂપ વ્યવસાયો અને રોજગારીની તક પૂરી પાડવી જોઈએ.

(૫) કન્યાશાળાનાં મકાનો આકર્ષક બનાવવાં.

(૬) અભ્યાસક્રમમાં રાંધણકળાનો વિષય રાખવો.

(૭) માતૃમંડળની સ્થાપના કરવી અને તેમને સમજાવીને શાળામાં કન્યાઓની હાજરી સુધારવા પ્રયત્ન કરવો.

(૮) સ્થગિતતા અને અપવ્યયના પ્રશ્નને હલ કરવાની કોશિશ કરવી.

(૯) ધો.૧ થી ૫ અને ધો.૫ થી ૭ નું શિક્ષણ સમાપ્ત કરે તેવી બાળાઓનું બહુમાન કરવું.

(૧૦) ગરીબ બાળાઓને પુસ્તકો અને કપડાંની મદદ આપવી.

**સાતમો પરિસંવાદ અને અગિયારમો પરિસંવાદ (એન.સી.ઈ.આર.ટી.) ઈ.સ.૧૯૬૧–૬૯**

(૧) ગ્રામવિસ્તારમાં ડિગ્રી ધરાવતી શિક્ષિકાઓની નિમણૂંક કરવી.

(૨) પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ કન્યાઓ માટે શિષ્યવૃત્તિ અને પ્રોત્સાહન–ઈનામોની વ્યવસ્થા કરવી.

(૩) દરેક જિલ્લામાં કન્યાઓ માટે કન્યા છાત્રાલય હોવું જરૂરી છે.

(૪) જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી થાય તેવો અભ્યાસક્રમ સ્ત્રીઓ માટે રાખવો.

(૫) દશ્યશ્રાવ્ય સાધનો, રેડિયો અને ફિલ્મો દ્વારા કન્યા શિક્ષણનું મહત્ત્વ સમજાવવું.

(૬) આઠ વર્ષની કન્યાઓ માટે નમૂનાદર્શક યોજના કરી તેને માટે ખંડ સમયની શાળા શરૂ કરવી.

(૭) માતાઓને શિક્ષણની અગત્ય સમજાવવામાં આવે તો કન્યાશિક્ષણ સફળ થઈ શકશે.

(૮) પ્રાથમિક શાળાઓમાં શિક્ષિકા તરીકે સ્ત્રીની જ પસંદગી કરવી જોઈએ.

(૯) ગરીબ કુટુંબમાંથી આવતી બાળાઓ માટે શાળા તરફથી ગણવેશની જોગવાઈ કરવી.

(૧૦) ગ્રામવિસ્તારની શિક્ષિકાઓને પગાર ઉપરાંત વધારેનાં ભથ્થાં પણ આપવાં.

**૧૯૫૧ ની વસ્તી ગણતરી પ્રમાણે સુરતની સ્ત્રી સાક્ષરતાની ટકાવારી**

| જિલ્લો | સ્ત્રીઓની કુલ વસતિ (લાખમાં) | શહેરી વિસ્તારમાં સ્ત્રીઓની વસતિના ટકા | ગ્રામવિસ્તારમાં સ્ત્રીઓની વસતિના ટકા | અક્ષરજ્ઞાન પામેલી સ્ત્રીઓના કુલ ટકા |
|---|---|---|---|---|
| સુરત | ૯.૧૦ | ૨૦.૮ | ૭૯.૨ | ૧૯.૧૦ |

**ઈ.સ.૧૯૬૦ થી ૧૯૭૨ :**

ભૂતપૂર્વ મુંબઈ રાજયનું વિભાજન થતાં તારીખ ૧ લી મે ઈ.સ.૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપના થઈ. જયારથી તેનું રાજકીય એકમ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી ગુજરાતના લગભગ બધાં ભિન્નભિન્ન પ્રદેશોનું વહીવટી સંયોજન થયું. આ રાજયમાં કુલ ૧૯ જિલ્લાઓનો સમાવેશ થયો છે. આ જિલ્લાઓ બધા મળીને ૧૮૪ તાલુકામાં વહેંચાયેલા છે. આ ૧૯ જિલ્લા પૈકી એક જિલ્લો સુરત છે. જેના કુલ ૨૧ તાલુકા છે.

**સુરત જિલ્લામાં સ્ત્રીઓની કુલ વસતિમાં સ્ત્રી સાક્ષરતાની ટકાવારી ઈ.સ.૧૯૬૧**

| તાલુકો મહાલ | ગ્રામ | શહેરી | કુલ |
|---|---|---|---|
| ૧. ઓલપાડ | ૨૯.૨૮ | –– | ૨૯૨૮ |
| ૨. માંગરોળ | ૧૬.૫૯ | –– | ૧૬.૫૯ |
| ૩. કામરેજ | ૨૯.૩૧ | ૪૨.૯૬ | ૭૨.૨૭ |
| ૪. ચોર્યાસી (સુરત) | ૨૬.૬૭ | ૪૪.૫૬ | ૭૧.૨૩ |
| ૫. પલસાણા | ૩૩.૨૦ | –– | ૩૩.૨૦ |
| ૬. માંડવી | ૧૧.૧૭ | ૩૯.૦૬ | ૫૦.૨૩ |
| ૭. સોનગઢ | ૫.૭૨ | –– | ૫.૭૨ |
| ૮. વ્યારા | ૮.૪૭ | ૩૮.૫૪ | ૪૧.૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૯. બારડોલી | ૨૫.૮૦ | ૩૭.૦૦ | ૬૨.૮૦ |
| ૧૦. વાલોડ | ૨૦.૬૬ | –– | ૨૦.૬૬ |
| ૧૧. નવસારી | ૩૫.૪૪ | ૪૫.૩૬ | ૮૦.૮૦ |
| ૧૨. ગણદેવી | ૩૨.૦૭ | ૪૨.૯૭ | ૭૫.૦૪ |
| ૧૩. મહુવા | ૨૦.૮૫ | –– | ૨૦.૮૫ |
| ૧૪. વાંસદા | ૮.૫૮ | –– | ૮.૫૮ |
| ૧૫. વલસાડ | ૨૧.૩૧ | ૪૩.૭૪ | ૬૫.૦૫ |
| ૧૬. ચીખલી | ૧૯.૨૬ | –– | ૧૯.૨૬ |
| ૧૭. ધરમપુર | ૨.૬૬ | ૩૦.૮૨ | ૩૩.૪૮ |
| ૧૮. પારડી | ૧૮.૦૩ | ૩૮.૦૨ | ૫૬.૦૫ |
| ૧૯. ઉમરગ્રામ | ૧૩.૪૦ | ૩૮.૨૧ | ૫૬.૦૫ |
| ૨૦. ઉચ્છલ | ૧.૮૧ | –– | ૧.૮૧ |
| ૨૧. નિર્ઝર | ૭.૯૬ | –– | ૭.૯૬ |

ઉપરના આસન પરથી જણાય છે કે સ્ત્રીસાક્ષરતાની વધુમાં વધુ ટકાવારી ૮૦.૮૦ નવસારી તાલુકાની અને ઓછામાં ઓછી ૧.૮૧ ઉચ્છલ મહાલની હતી. શહેરી વિસ્તારમાં વધુમાં વધુ ટકાવારી ૪૫.૩૬ નવસારી તાલુકાની હતી અને ઓછામાં ઓછી ટકાવારી ૩૦.૮૨ ધરમપુરની હતી. ગ્રામ્યવિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાની વધુમાં વધુ ટકાવારી ૩૫.૪૪ નવસારી તાલુકાની અને ઓછામાં ઓછી ટકાવારી ૧.૮૧ ઉચ્છલ તાલુકાની હતી.

**ઈ.સ.૧૯૭૧ની વસતિ ગણતરીમાં સુરત જિલ્લાની તાલુકા પ્રમાણે અક્ષરજ્ઞાન પામેલી સ્ત્રીઓ**

| જિલ્લો | અનું. નં. | તાલુકાનું નામ | અક્ષરજ્ઞાન પામેલી સ્ત્રીઓની ટકાવારી |
|---|---|---|---|
| સુરત | ૧ | ઓલપાડ | ૩૯.૮૭ |
| | ૨ | માંગરોળ | ૨૦.૫૫ |
| | ૩ | કામરેજ | ૩૩.૦૯ |
| | ૪ | ચોર્યાસી–સુરત | ૪૫.૩૮ |
| | ૫ | પલસાણા | ૩૨.૫૧ |

| | | | |
|---|---|---|---|
| | ૬ | માંડવી | ૧૫.૪૫ |
| | ૭ | સોનગઢ | ૧૦.૩૯ |
| | ૮ | વ્યારા | ૧૬.૬૨ |
| | ૯ | બારડોલી | ૩૦.૧૯ |
| | ૧૦ | વાલોડ | ૨૫.૩૬ |
| | ૧૧ | મહુવા | ૨૮.૦૮ |
| | ૧૨ | ઉચ્છલ | ૩.૭૩ |
| | ૧૩ | નિઝર | ૧૧.૪૧ |

**સ્ત્રી સાક્ષરતાની પ્રગતિ (૧૯૫૭–૧૯૭૧)**

**સ્ત્રીઓની કુલ વસતિના પ્રમાણમાં ટકાવારી દર્શાવવામાં આવી છે.**

| **જિલ્લો** | **૧૯૫૧** | **૧૯૬૧** | **૧૯૭૧** |
|---|---|---|---|
| સુરત | ૧૯.૧૦ | ૨૪.૨૬ | ૩૦.૩૧ |
| **૧૯૮૧** | **૧૯૯૧** | **૨૦૦૧** | **૨૦૧૧** |
| ૩૭.૭૯ | ૪૨.૬૬ | ૬૯.૯ | ૮૦.૪ |

આમ જોતાં સ્વાતંત્ર્ય પછી સુરત જિલ્લામાં સ્ત્રીશિક્ષણનો ઝડપી વિકાસ થયો છે.

## ૪.૩ કન્યા કેળવણીથી સામાજિક ઉત્થાનઃ

આપણા દેશ અને સમાજે ઘણી પ્રગતિ કરી છે અને આગળ પણ પ્રગતિ કરતો રહેશે. પરંતુ હજુ પણ સ્ત્રીઓને જેટલું સન્માન મળવું જોઈએ એટલું નથી મળતું. કેમ કે સમાજમાં તેમને હજુ પણ મહત્ત્વ આપવામાં આવતું નથી. હાલ આપણા દેશમાં પુરુષોની સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા ઘટતી જવી એ બહુ મોટું ચિંતાનું કારણ છે. આપણો સમાજ હાલમાં પણ ભૂતકાળમાં જ જીવી રહ્યો છે. દીકરીને બહુ ભણાવવી નહી તેને બહુ સ્વતંત્રતા આપવી નહી. આ માન્યતા આપણા સમાજમાં ખૂબ ઊંડે સુધી પ્રવર્તતી છે, અને તેથી જ ગર્ભમાં જ દીકરીની હત્યા કરી દેવામાં આવે છે. સોનોગ્રાફી કરાવીને આવું કૃત્ય કરવું

એનાથી મોટો ગુનો બીજો કોઈ નથી. સમાજ વિચારે છે કે દીકરો થશે તો કામ લાગશે ને દીકરી તો પારકી થાપણ છે તો આ વિચાર તદ્દન ખોટો છે. કેમકે, પહેલાંથી જ કોઈપણ વાત વિચારી લેવી એ યોગ્ય નથી. આપણે હવે આપણા સમાજને બદલવાની જરૂર છે.

પણ...હા... હવે આપણો સમાજ બદલાઈ રહ્યો છે. આપણી ગુજરાત સરકાર છેલ્લા ઘણા વર્ષોથી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા સઘન પ્રયત્નો કરી રહી છે. પ્રવેશોત્સવ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, કન્યાઓ માટે શેલ્ફ ડીફેન્સ તાલીમ, મીનામંચ જેવા અનેક વિધ પ્રોગ્રામો શાળા કક્ષાએ યોજીને તેમાં સમાજને જોડીને કન્યા કેળવણી અંગે સમાજ જાગૃત બને તેવા પ્રયત્નો થઈ રહ્યાં છે. જો સમાજનો વિકાસ કરવો હોય તો કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું જ રહ્યું. સમાજના વિકાસ માટે દેશના વિકાસ માટે હવે દીકરો હોય કે દીકરી એમને ભણતરથી અળગા ન રાખી, સૌથી મોટું કન્યાદાન એ શિક્ષણનું દાન એ સૂત્ર અપનાવાઈ રહ્યું છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં સમર્પણ છે, ત્યાગ છે અને જો ત્યાગનું પાત્ર હોય તો તે દીકરી. પોતાના ઘરમાં દીવો કરે તે દીકરો પરંતુ બીજાના ઘરમાં જઈને દીવો કરે તે દીકરી, દીકરો–દીકરી એક સમાનની સંકલ્પના માતા–પિતા અને સાસુ–સસરા સહિત સૌ કોઈ સમજે અને સમજાવે તો સ્ત્રી ભ્રૂણ હત્યાના મહાપાપનો સિલસિલો વધતો અટકે એટલે જ કહ્યું છે કે,

"દીકરીનો છે એક જ નારો, ભણતરનો છે અધિકાર અમારો"

છેલ્લા ઘણા વર્ષોના પ્રયત્નોનું હવે સુખદ પરિણામ મળી રહ્યું છે. સુરતજિલ્લામાં કન્યા કેળવણીના સઘન પ્રયાસોની ખૂબ જ પોઝીટીવ અસર રહી છે. સુરત શહેર અને સુરત જિલ્લાની તમામ શાળાઓમાં દીકરીઓનું ૧૦૦% નામાંકન થાય છે અને નામાંકન થયેલ દરેક દીકરી પ્રાથમિક શિક્ષણ પૂરું કરે તે માટે સુરત જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પૂરતી કાળજી લેવામાં આવે છે. રાજય સરકારના કન્યા કેળવણી અંગેના વિવિધ કાર્યક્રમો દ્વારા સમાજ તથા ખુદ દીકરીઓ પણ પોતાના શિક્ષણ માટે જાગૃત બની છે. પોતાના શિક્ષણ માટે દીકરી પોતે જાગૃત બને એ મોટી ઘટના કહેવા. આપણો સમાજ બદલાઈ રહ્યો છે પ્રગતિ કરી રહ્યો છે.

કન્યા કેળવણીથી સામાજિક ઉત્થાનના ઘણા બધા પ્રેરક ઉદાહરણો દિન–પ્રતિદિન સમાજમાં ઉજાગર થઈ રહ્યાં છે. આજ સુધી જે ક્ષેત્રમાં માત્ર પુરુષોનું વર્ચસ્વ હતું એવા

ક્ષેત્રમાં દીકરીઓ હિંમતપૂર્વક આગળ વધી રહી છે. ઉદાહરણ રૂપે સાલ ૨૦૧૭ ની LRD ની ભરતીમાં સુરત જિલ્લાની ઘણી દીકરીઓ સિલેકટ થઈ છે અને સેવા આપી રહી છે. ઘણી દીકરીઓ GSRTC માં કંડકટર તરીકે સેવા આપી રહી છે. ઘણી દીકરીઓ ટ્રેકટર ચલાવે છે અને ખેતીનો વ્યવસાય કરે છે. રીક્ષાચાલક તરીકે પણ દીકરીઓ આગળ આવી રહી છે. આ બાબતો બતાવે છે કે સમાજમાં પરિવર્તન આવી રહ્યું છે. ૮૦% જેટલી દીકરીઓ વિવિધ કોલેજોમાં ઉચ્ચ શિક્ષણ મેળવી રહી છે. કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં તાલીમ લઈને ઘણી દીકરીઓ પોતાનો વ્યવસાય કરીને પગભર થઈ રહી છે. દીકરીઓ હવે જીવનમાં આવતી હર એક પડકાર માટે તૈયાર થઈ રહી છે. આવનાર સમય હવે દીકરીઓને એક ઉજજવળ ભવિષ્ય તરફ લઈ જશે એમાં કોઈ બેમત નથી. શિક્ષણની સાથે દીકરીઓની સમજ શકિત પણ વિકસી છે. ઘર સંભાળની સાથે નોકરી કે વ્યવસાયને બખૂબી નિભાવવાની કળા પણ દીકરીઓમાં છે.

સુરત જિલ્લાના ઓલપાડ, ચોર્યાસી, કામરેજ, પલસાણા અને બારડોલી તાલુકાના ગામોમાં ૧૦૦% દીકરીઓ શિક્ષણ માટે જાગૃત બની છે એમ કહી શકાય. માંડવી, મહુવા, માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ઊંડાણના ગામોમાં પણ કન્યા કેળવણી અંગે સજાગતા આવી છે. દીકરો– દીકરી એક સમાન સંકલ્પને સમાજે સ્વીકાર્યો છે. કેળવાયેલી દીકરીઓ આપણા સમાજને એક નવી દિશા પ્રદાન કરશે એમાં કોઈ બેમત નથી.

# પ્રકરણ–૫

# કેળવણીના નૂતન અભિગમો

## ૫.૧ પ્રસ્તાવના

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું મુખ્ય કાર્ય આંગણવાડીથી લઈ ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોને વ્યાવસાયિક રીતે સજજ કરવાનું છે. સુરત જિલ્લાનું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભેસ્તાન, સુરત ખાતે આવેલ છે.




**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત**

**હેતુઓ :**

(૧) જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરવું.

(૨) જિલ્લા કક્ષાએ શિક્ષણની ગુણવત્તા સુધારણાના કાર્યક્રમો હાથ ધરવા.

(૩) સંશોધનો હાથ ધરવા.

(૪) અભ્યાસક્રમ વિકાસની પ્રક્રિયામાં જોડાવું. સાધન સામગ્રી નિર્માણ કરવું.

(૫) જિલ્લાના બાળમંદીરથી માંડી ઉચ્ચ પ્રાથમિક શાળા શિક્ષકો માટેની તાલીમો યોજવી.

(૬) શાળાના આચાર્યો, પુખ્તશિક્ષણ કેન્દ્રના સંચાલકો નિરીક્ષકો અને આંગણવાડીના સ્વયંસેવકોને તાલીમ આપવી.

**કામગીરીઃ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની મુખ્ય કામગીરી સેવાકાલીન અને પૂર્વ સેવાકાલીન શિક્ષકો અને પ્રશિક્ષકોને વ્યાવસાયિક રીતે સજજ કરવાની છે. તે હેતુસર નીચે પ્રમાણેના કાર્યો યોજવામાં આવે છે.

(૧) પ્રારંભિક અને પુખ્ત શિક્ષણને શૈક્ષણિક સ્ત્રોત પૂરો પાડવો.

(૨) પ્રારંભિક અને પુખ્ત શિક્ષણની સમસ્યાઓ જાણવા ક્રિયાત્મક/ લઘુ સંશોધનો હાથ ધરવા.

(૩) નવીન પ્રવિધિઓ અજમાવવી જેવી કે પ્રવૃત્તિલક્ષી શિક્ષણ, આનંદદાયી શિક્ષણ, '' Go To School'' કાર્યક્રમ.

(૪) શૈક્ષણિક સિઘ્ધિ સર્વેક્ષણો હાથ ધરવા.

(૫) શિક્ષકો, પ્રશિક્ષકો, સીઆરસી, એસ.વીએસ.કો. ઓર્ડિનેટરશ્રીઓ, આચાર્યો, બી.આર.સી.ઓ અને નિરીક્ષકોને નવીન પ્રવાહોથી વાકેફ કરવા.

(૬) ધોરણ–૧ થી ૮ ના તમામ વિષયોની તાલીમ યોજવી.

(૭) શાળા છોડી જતા બાળકો, સ્થળાંતરના પ્રશ્નો, પુખ્ત નિરક્ષતા જેવી સમસ્યાઓના હલ માટે યોજના ઘડવી, અમલી બનાવવી.

(૮) કન્યાઓ, વંચિત જૂથના બાળકો અને ખાસ ખામી ધરાવતા બાળકોના શિક્ષણ માટેના વિશિષ્ટ પ્રયત્નો હાથ ધરવા.

(૯) શાળા મુલાકાત દ્વારા શાળાના પ્રશ્નો જાણવા, ઉકેલવા તરફનું આયોજન કરવું અને અમલી બનાવવું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સાત શાખાઓ છે. જે નીચે મુજબ છે.

(૧) પૂર્વ સેવાકાલીન શિક્ષણ (PSTE) (હાલ બી.એડ.)

(૨) આયોજન અને વ્યવસ્થાપન (P & M)

(૩) અભ્યાસક્રમ, સાધન સામગ્રી નિર્માણ અને મૂલ્યાંકન (CMDE)

(૪) સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રિય આંતરક્રિયા અને નાવિન્ય સંકલન (IFIC)

(૫) શૈક્ષણિક તકનિકી (ET)

(૬) જિલ્લા સંસાધન એકમ (DRU)

(૭) કાર્યાનુંભવન (WE)

## ૫.૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

- **પૂર્વ સેવા શિક્ષક શિક્ષણ શાખા (PSTE) ના કાર્યો**

૧) પ્રારંભિક શાળાના શિક્ષકો માટે પૂર્વ સેવા તાલીમનું સંચાલન.

૨) પૂર્વ સેવા તાલીમના પ્રશિક્ષણાર્થી અને અધ્યાપકોને શૈક્ષણિક માર્ગદર્શન.

૩) પૂર્વ સેવા શિક્ષણના પ્રવેશ અને મૂલ્યાંકન સંબંધિત કામગીરી.

૪) પૂર્વ સેવા શિક્ષણની અધ્યાપન સામગ્રી તૈયાર કરવી.

૫) તાલીમ અને વિસ્તરણ સંબંધિત શૈક્ષણિક સંશોધનો હાથ ધરવા.

૬) મૂલ્યલક્ષી શિક્ષણ અને સાંસ્કૃતિક શિક્ષણના પ્રચાર–પ્રસાર સંબંધી કાર્યક્રમો હાથ ધરવા.

૭) ગણિત– વિજ્ઞાન પ્રદર્શનો યોજવા તેમજ ગણિત અને વિજ્ઞાન શિક્ષણ માટેના કાર્યક્રમો હાથ ધરવા.

૮) જિલ્લાની શાળાના શિક્ષકો અને પ્રૌઢ શિક્ષણના પ્રેરકોને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન પુરા પાડવા.

૯) અભાવગ્રસ્ત બાળકોના શિક્ષણ અને શિખવાને લગતી પ્રક્રિયાની બાબતોને લઈ ઉપચારાત્મક શિક્ષણ હાથ ધરવું.

૧૦) વિકલાંગ બાળકોને અસરકારક શિક્ષણ આપવા માટે યુકિત–પ્રયુકિત અંગે સામાન્ય શાળાના શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડવું.

૧૧) પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે વિશિષ્ટ કાર્યક્રમો યોજવા.

૧૨) પ્રાથમિક શાળાના શિક્ષકો માટે સેવાકાલીન તાલીમ, પ્રૌઢશિક્ષણ અંતર્ગત પ્રેરકોને તાલીમ, અભાવગ્રસ્ત બાળકોના શિક્ષણ માટેની તાલીમ પ્રતિભાશાળી બાળકોના માર્ગદર્શનના કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવું.

૧૩) અશકત બાળકો માટેનો શિક્ષણ સાધનખંડ બનાવવો.

૧૪) વિજ્ઞાન અને મનોવિજ્ઞાન પ્રયોગશાળા વિકસાવવી અને ઉપલબ્ધ સુવિધાની જાળવણી કરવી.

૧૫) કલા, રમતગમત, વ્યાયામ શિક્ષણની સામગ્રી તૈયાર કરવી અને સુવિધાની જાળવણી કરવી.

૧૬) પ્રારંભિક શિક્ષણના તાલીમાર્થીઓ અને શાળાના બાળકો માટે વકતૃત્વ, ચર્ચાસભા, વિજ્ઞાનમેળા, રમતગમત અને વ્યાયામ શિક્ષણ, દ્રશ્ય અને અભિનય કલા(નાટક), યોગ અને શોખ જેવી સહપાઠયક્રમને લગતી પ્રવૃત્તિને પ્રોત્સાહન અને સહાય આપવી.

૧૭) સંસ્થાની અન્ય શાળાઓની કામગીરી જેવી કે સ્થાનિક સાહિત્ય નિર્માણ, ટી.એલ.એમ., પ્રૌદ્યોગિક સામગ્રીનો વિકાસ, પરીક્ષણ–મુલ્યાંકન, વિસ્તરણની પ્રવૃત્તિઓ, વિજ્ઞાન પ્રયોગો, મનોવૈજ્ઞાનિક સાધનોને લગતા કાર્યક્રમોમાં સહાય પુરી પાડવી.

- **આયોજન અને વ્યવસ્થાપન શાખા (P & M Branch) કાર્યક્ષેત્ર**

❖ માહિતી એકત્રીકરણ.

❖ તાલીમ ભવનનો લેબ એરીયા નકકી કરવો.

❖ આયોજન વ્યવસ્થાપન બાબતે તમામ શાખાને સહયોગ.

❖ કાર્યક્રમોનું મૂલ્યાંકન કરવું.

❖ પંચવર્ષિય અને વાર્ષિક આયોજન તૈયાર કરવું.

❖ સંસ્થાના મૂલ્યાંકનનાં ધોરણો નકકી કરવા.

❖ નીતિ વિષયક બાબતોમાં સલાહ, લોકભાગીદારી.

❖ શાખા અંતર્ગત સંશોધન.

❖ PSTE શાખાના તાલીમાર્થીઓને શાખા સંબંધિત માર્ગદર્શન આપવું.

❖ જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન.

❖ CRC, BRC Coordinator કેળવણી નિરીક્ષકો સાથે સંકલન.

❖ લાયઝન ઓફિસર તરીકે સોપવામાં આવેલ તાલુકામાં મોનીટરીંગ, માર્ગદર્શન અને અન્ય કાર્યક્રમોના આયોજન અંગેની કામગીરી.

❖ અન્ય તમામ શાખા સાથે સંકલન.

- **પાઠ્યક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા**

**(Curriculum Material Development & Evaluation - Branch)**

**શાખાનું કાર્યક્ષેત્ર :**

૧) હાલની બાબતો સ્વીકારવી અને નવી બાબતો વિકસાવવી તથા તેનો પ્રારંભિક શિક્ષણ અને શિક્ષકોના શિક્ષણ કાર્યક્રમોમાં તેનો ઉપયોગ કરવો.

- ✸ પાઠ્યક્રમ એકમો : જિલ્લા કક્ષાએ સ્થાનિક સુસંગત નવા એકમો વિકસાવવા.
- ✸ જિલ્લામાં આદિજાતિની વસતી હોય ત્યાં પહેલા અને બીજા ધોરણના વર્ગો માટે આદિજાતિઓની ભાષામાં સ્થાનિક સાહિત્ય વિકસાવવું.
- ✸ સતત અને સર્વગ્રાહી અધ્યેતા મૂલ્યાંકન માટેની તકનીકો અને માર્ગદર્શન આપવું.
- ✸ કસોટી, પ્રશ્ન બેંક, નિદાન કસોટીઓ/ઉપચારાત્મક કાર્યક્રમો માટે માર્ગદર્શક સિધ્ધાંતો, પ્રતિભાખોજ પ્રક્રિયા વગેરે વિકસાવવાના કામ કરવા.

૨) પ્રૌઢ અને અશાલેય શિક્ષણ માટે ઉપયુકત વિકાસ કામોમાં જિલ્લા સંશાધન એકમને મદદરૂપ થવું.

૩) પ્રાથમિક અને ઉચ્ચ કક્ષા તથા રાષ્ટ્રીય સાક્ષરતા મિશન હેઠળ ખાસ કરીને પ્રૌઢ અક્ષરજ્ઞાન લેનારાઓ માટે મૂલ્યાંકન કસોટીઓ તૈયાર કરવી.

૪) શીખનાર માટે મૂલ્યાંકનની વિવિધ યુકિત–પ્રયુકિતઓ વિકસાવવી.

૫) અભ્યાસક્રમ, સાહિત્ય, મોડયુલ નિર્માણ અને મૂલ્યાંકનની માહિતી ભવનના કાર્યક્રમોમાં આપવી અને આ વિષયની કાર્યશાળાનું સંચાલન કરવું.

૬) જિલ્લાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ સ્તરના GAP, SAP, BAS, MAS, TAS વગેરે જેવા સર્વેક્ષણો હાથ ધરવા.

૭) નવા પાઠ્યપુસ્તકો અને મૂલ્યાંકન યોજના સંબંધી તાલીમ, મોનીટરીંગ, માર્ગદર્શન તથા સમીક્ષાત્મક કામગીરી કરવી.

૮) પ્રિ–સર્વિસમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓને મૂલ્યાંકન– અભ્યાસક્રમ અંગે માર્ગદર્શન પૂરૂ પાડવું તથા કાર્યશિબિરો યોજવી.

૯) શાખાને લગતી બાબતોને લઈને ક્રિયાત્મક/લઘુ સંશોધનો હાથ ધરવા.

૧૦) જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના બાળકો માટે પ્રશ્નપત્ર સંરચના માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરવી, તે અંગે શિક્ષકોને માર્ગદર્શન પૂરૂ પાડવું.

૧૧) મૂલ્યાંકન/ પાઠયપુસ્તકોના અમલીકરણ અંગે મોનીટરીંગ કરવું. જરૂરીયાતવાળી શાળાઓને મૂલ્યાંકનના નવા માળખા માટે મંજૂરીની કાર્યવાહી હાથ ધરવી.

૧૨) KGBV તથા NPEGL હેઠળની શાળાઓ માટે જરૂરીયાત મુજબની સાધન સામગ્રી, મૂલ્યાંકન પત્રકો વિકસાવવા.

૧૩) વંચિત રહેતા બાળકો માટે બીજકોર્ષ તૈયાર કરવો.

૧૪) જે તે તાલુકાના બાયઝન અધિકારી તરીકેની ફરજો બજાવવી, તાલુકા– જિલ્લા વચ્ચે સંકલન સાધવું.

૧૫) કચેરીની અન્ય શાખાઓ સાથે સંકલન કરવું.

- **સેવા–અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતર ક્રિયા અને નાવિન્ય સંકલન શાખા (IFIC Branch) કાર્યક્ષેત્ર**

❖ સેવાકાલીન તાલીમનું આયોજન.

❖ તાલીમ કાર્યક્રમો માટે તજજ્ઞોની યાદી તૈયાર કરવી.

❖ દૂરવર્તી શિક્ષણ માટે તજજ્ઞોની યાદી તૈયાર કરવી.

❖ સેવાકાલીન કાર્યક્રમોની અસરકારકતા અંગે સંશોધન.

❖ નાવીન્યપૂર્ણ કાર્યક્રમોથી શાળાઓને અવગત કરવી.

❖ સંસ્થાનું મુખપત્ર બહાર પાડવું.

❖ ભવન દ્વારા થતા સંશોધનનું સંકલન.

❖ શાખા અંતર્ગત સંશોધન.

❖ PSTE શાખાના તાલીમાર્થીઓને શાખા સંબંધિત માર્ગદર્શન આપવું.

❖ જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન.

❖ CRC, BRC Coordinator કેળવણી નિરીક્ષકો સાથે સંકલન.

❖ લાયઝન ઓફિસર તરીકે સોપવામાં આવેલ તે તાલુકામાં મોનીટરીંગ, માર્ગદર્શન અને અન્ય કાર્યક્રમોના આયોજન અંગેની કામગીરી.

❖ અન્ય તમામ શાખા સાથે સંકલન.

- **શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શાખા (Education Technology Branch)**

**કાર્યક્ષેત્ર :**

❖ સરળ, ઓછી કિંમતના અને અસરકારક શૈક્ષણિક સાધનો તેમજ શૈક્ષણિક સી.ડી.–ડી.વી.ડી.નું નિર્માણ, પ્રદર્શન તથા વિતરણ.

❖ કચેરીના દ્રશ્ય–શ્રાવ્ય સાધનો, સી.ડી.–ડી.વી.ડી. તથા કમ્પ્યુટર પ્રયોગશાળાની જાળવણી.

❖ જ્ઞાનના પ્રચાર–પ્રસાર માટે શૈક્ષણિક સંસ્થા/ ટેકનોલોજીની સુવિધા વાળી સંસ્થા પાસેથી સી.ડી.–ડી.વી.ડી.ની આપ–લે કરવી.

❖ બાળક/શિક્ષક/પ્રશિક્ષક/પ્રૌઢ શિક્ષણ માટે શૈક્ષણિક પ્રસારણ વ્યવસ્થા કરવા નજીકના રેડીયો મથક–પ્રસારણ કેન્દ્ર સાથે સંપર્ક રાખવો.

❖ શૈક્ષણિક પ્રસારણ, સહાયક સાધનોનો અસરકારક ઉપયોગ, કમ્પ્યુટર શિક્ષણ, શૈક્ષણિક સાધનો તથા સી.ડી.–ડી.વી.ડી. નિર્માણ જેવી બાબતો માટેના શૈક્ષણિક પ્રૌદ્યોગિકી ક્ષેત્રમાં સેવા અંતર્ગત તાલીમ કાર્યક્રમો/ કાર્યશાળાનું સંચાલન.

❖ પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓને શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શાખા સંબંધિત માર્ગદર્શન તથા કમ્પ્યુટર શિક્ષણ.

❖ કચેરીના બધા જ કાર્યક્રમો/ પ્રવૃત્તિઓમાં શૈક્ષણિક પ્રૌદ્યોગિકીને લગતી માહિતી પુરી પાડવી.

❖ કચેરીની અન્ય શાખાઓ સાથે સંકલન, સહયોગ તથા વિવિધ તાલીમ કાર્યક્રમોમાં સહભાગીદારી.

❖ લાયઝન ઓફિસર તરીકે તાલુકામાં મોનીટરીંગ, માર્ગદર્શન અને અન્ય કાર્યક્રમોના આયોજન અંગેની કામગીરી.

❖ શાખા સંબંધિત શૈક્ષણિક સંશોધન હાથ ધરવા.

❖ કચેરીમાં ટેલીકોન્ફરન્સનું આયોજન અને સંચાલન.

❖ ઈમેલ દ્વારા કચેરીનો પત્રવ્યવહાર.

- **જિલ્લા સંસાધન એકમ (DRU Branch)**

**કાર્યક્ષેત્ર:**

- ❖ મહિલા જાગૃતિ માટેના કાર્યક્રમો.
- ❖ વિવિધ દિવસોની ઉજવણી.
- ❖ પ્રવેશોત્સવ અંગેની કામગીરી.
- ❖ નિરંતર શિક્ષણ અંગેની કામગીરી.
- ❖ એન.જી.ઓ. સાથે સંકલન.
- ❖ બોલી અંગેના કાર્યક્રમો.
- ❖ શાખા અંતર્ગત સંશોધન.
- ❖ PSTE શાખાના તાલીમાર્થીઓને શાખા સંબંધિત માર્ગદર્શન આપવું.
- ❖ જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન.
- ❖ CRC, BRC Coordinator કેળવણી નિરીક્ષકો સાથે સંકલન.
- ❖ લાયઝન ઓફિસર તરીકે સોપવામાં આવેલ તે તાલુકામાં મોનીટરીંગ, માર્ગદર્શન અને અન્ય કાર્યક્રમોના આયોજન અંગેની કામગીરી.
- ❖ અન્ય તમામ શાખા સાથે સંકલન.

- **કાર્યાનુભવ શાખાના (WE BRANCH) કાર્યક્ષેત્ર**

૧. અભ્યાસક્રમને નમુનારૂપ પાઠયક્રમ એકમો, અધ્યાપન અને અધ્યયન સામગ્રી ઓછા ખર્ચના તેમજ અધ્યાપન સાધનો અને મૂલ્યાંકનના સાધનો/તકનિકો વિકસાવવા.

૨. શૈક્ષણિક તંત્રો અને પ્રાથમિક પ્રારંભિક શાળાઓ સી.આર.સી.માં કાર્યાનુભવની પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન પૂરૂં પાડવું.

૩. કાર્યાનુભવના ક્ષેત્રમાના શિક્ષકો માટે સેવા અંતર્ગત તાલીમી કાર્યક્રમોનું સંચાલન કરવું.

૪. સંસ્થાના અન્ય બધા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કાર્ય સંશોધન વગેરેમાં કાર્યનુભવને લગતી માહિતી પૂરી પાડવી.

૫. સંસ્થાના મકાન વિસ્તાર માર્ગો રમતનું મેદન, લોન, બગીચો વગેરે અને તેની આસપાસના વિસ્તારની સ્વચ્છતા સંસ્થાનું ફર્નિચર અને મિલકતના બુનિયાદી નિભાવ અને વિકાસ સામાન્ય દેખભાળ માટેની પ્રવૃત્તિઓનું સંચાલન કરવું.

૬. તાલીમી કાર્યક્રમોના એક ભાગ તરીકે સી.આર.સી./બી.આર.સી. ખાતે સમુહસેવા પ્રવૃત્તિઓ અને અભ્યાસ મુલાકાતોનું આયોજન કરવું અને અભ્યાસતર ધોરણે આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.

૭. કાર્યાનુભવની પ્રવૃત્તિઓ માટે કાર્યશાળા, ખેતર, બગીચાની જાળવણી માટે માર્ગદર્શન પ્રવૃત્તિઓની વિગતો પૂરી પાડવી.

૮. સંસ્થાના તાલીમાર્થીઓમાં કાર્યને લગતી શોખની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડવું.

૯. જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળા કક્ષાએ બાળમેળા અંગેની પ્રવૃત્તિઓનું માર્ગદર્શન અને આયોજન કરવું.

૧૦. જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળા કક્ષાએ ઈકો કલબની પ્રવૃત્તિઓનું આયોજન કરી પ્રોત્સાહન/ માર્ગદર્શન આપવું.

૧૧. જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં કેમ્પસ ડેવલોપમેન્ટ અંગે માર્ગદર્શન આપવું.

૧૨. પૂર્વ સેવાકાલીન પ્રશિક્ષણાર્થી અને સેવાકાલીન શિક્ષકોને અધ્યયન અધ્યાપન સામગ્રી નિમાર્ણ અંગે તાલીમ માર્ગદર્શન પૂરું પાડવું.

૧૩. લાઈઝન ઓફિસર તરીકે સોપવામાં આવેલ તે તાલુકામાં મોનીટરીગ માર્ગદર્શન અને અન્ય કાર્યક્રમોના આયોજન અંગેની કામગીરી.

૧૪. શાખાને લગતા કાર્યક્રમોનું ડોકયુમેન્ટ તૈયાર કરવું.

૧૫. શાખા અંતર્ગત ક્રિયાત્મક લઘુ સંશોધન હાથ ધરવા.

## ૫.૩ સમગ્ર શિક્ષા અભિયાન

### 'ગુજરાત શાળા શિક્ષણ પરિષદ', સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી– સમગ્ર શિક્ષા હેઠળ નવા રચાયેલ જિલ્લા કક્ષાના માળખા મુજબ મદદનીશ જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર– ક્વોલીટી એજ્યુકેશન એન્ડ મોનીટરીંગ

### (QEM/P&M/TT) ના કર્તવ્યો અને ફરજો (JOB CHART)

**સમગ્ર શિક્ષા વિશે :**

માનવ સંસાધન વિકાસ મંત્રાલય– ભારત સરકાર દ્વારા શાળા શિક્ષણ માટેની સંકલિત યોજના 'સમગ્ર શિક્ષા' શરૂ કરવામાં આવેલ છે. સર્વ શિક્ષાણ અભિયાન (SSA), રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) અને ટીચર એજ્યુકેશન (TE) ની કેન્દ્રીય પ્રાયોજીત યોજનાઓના એકત્રિકરણથી 'સમગ્ર શિક્ષા' અમલમાં આવ્યું છે. ૪ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોને સમાવેશી અને સમાન ગુણવત્તાવાળું શિક્ષણ પૂરૂ પાડવું તે સમગ્ર શિક્ષાનો ધ્યેય છે, અને તે યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG-4) આધારીત છે, જે અનુસાર દેશમાં પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક શાળા સુધી તમામ સ્તરનું શિક્ષણ નીચે મુજબ હોવું જોઈએઃ

| | |
|---|---|
| એસડીજી ૪.૧ | ૨૦૩૦ સુધીમાં, તમામ બાળકો અધ્યયન નિષ્પત્તિઓ સુસંગત, અસરકારક, નિઃશુલ્ક, સમાન અને ગુણવત્તાયુકત શિક્ષણ પૂર્ણ કરે તેની ખાતરી કરવી. |
| એસડીજી ૪.૫ | ૨૦૩૦ સુધીમાં, જાતિય અસમાનતાને દૂર કરવી અને શિક્ષણના તમામ સ્તરે સમાન તકોની ખાતરી કરવી, તેમજ સ્થાનિક લોકો, દિવ્યાંગ વ્યકિતઓ અને નબળી પરિસ્થિતિવાળા બાળકો સહીત તમામ જરૂરીયાતમંદો માટે વ્યાવસાયિક તાલીમ. |

**સમગ્ર શિક્ષાના મુખ્ય ઉદ્દેશો :**

- ગુણવત્તાયુકત શિક્ષણ અને વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિઓનો વિકાસ
- શાળા શિક્ષણમાં સમાજ અને જાતિના ભેદભાવ/ અસમાનતાઓ દૂર કરવા
- તમામ સ્તરે સમાન અને સમાવેશી શાળા શિક્ષણ

- શાળાકીય જોગવાઈઓના ન્યુનતમ ધોરણોની ખાતરી
- વ્યાવસાયિક શિક્ષણને પ્રોત્સાહન આપવું
- બાળકોના નિ:શુલ્ક અને ફરજિયાત શિક્ષણના અધિકાર (RTE) અધિનિયમ, ૨૦૦૯ ના અમલીકરણમાં સહયોગ
- શિક્ષક અભ્યાસ અને તાલીમ માટે SCERT અને DIET નું સશકિતકરણ અને વિકાસ

**સમગ્ર શિક્ષા અંતર્ગત નિયત થયેલ જિલ્લા કક્ષાના માળખા મુજબ કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (QEM/P&M/TT) બ્રાન્ચ સંલગ્ન મુખ્ય ઘટકો:**

સમગ્ર શિક્ષાના અમલીકરણ માટે રચાયેલ 'ગુજરાત શાળા શિક્ષણ પરીષદ' હેઠળ સ્ટેટ પ્રોજેકટ કચેરી અંતર્ગત કાર્યરત કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (QEM/P&M/TT) બ્રાન્ચના મુખ્ય ક્ષેત્ર 'ગુણવત્તા અને નિરીક્ષણ (દેખરેખ), મહેકમ અને મિડીયા (પ્રચાર માધ્યમ)'' અંતર્ગત ઘટકો અને પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

| ઘટકો | પ્રવૃત્તિઓ |
|---|---|
| સંચાલન અને સંકલન | મહેકમ, શિક્ષણ વિભાગ, MHRD, RTI, NGO / યુનિવર્સિટીસ/ સામાજિક સંસ્થાઓ / ગુણવત્તાયુકત શિક્ષણ માટેની સંસ્થાઓ સાથે સંકલન, LAQs, PM Portal |
| કાયદાકીય બાબતો | કાયદાકીય બાબતો |
| RTE Entitlement (હકદારી) (સંયુકત શાળા) | સેકશન ૧૨(૧) (સી) મુજબ RTE Entitlement (હકદારી) માટે અનુપાલન અને અહેવાલ (Reporting), પાઠયપુસ્કતો અને ગણવેશ વિતરણ |
| ગુણવત્તાયુકત શિક્ષણ પૂર્વપ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક (ધો.૧૨) | પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન–પ્રજ્ઞા, પૂર્વ–શાળા એકીકરણ, પીરીયોડીક એસેસમેન્ટ ટેસ્ટ (PAT), ઉપચારાત્મક શિક્ષણ (મિશન વિદ્યા), NCERT Approved Educational Kits, રીડર્સ કલબ એન્ડ લાયબ્રેરી, લર્નિંગ બાય ડુઈંગ સેન્ટર (LBD) અને STEM Education, રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન (RAA), વિજ્ઞાન |

| | |
|---|---|
| | પ્રયોગશાળા, શાળા શૈક્ષણિક વિકાસ યોજના, શાળાઓ વચ્ચે વિનિમય (Twining of Schools), શિષ્યવૃત્તિ માટેની પરીક્ષાઓ, એકસપોઝર વિઝીટસ, શૈક્ષણિક કાર્યક્રમો, ગણિત–વિજ્ઞાન વિષયક સ્પર્ધાઓ, ગુણવત્તાયુકત શિક્ષણ માટેના પ્રકલ્પો (Initiatives), નાવીન્યપૂર્ણ પ્રયોગો, વખતોવખત મંજુર થતી અન્ય આનુસાંગિક પ્રવૃત્તિઓ |
| ગુણવત્તાયુકત મૂલ્યાંકન | નેશનલ એચીવમેન્ટ સર્વે (NAS) જેવા શૈક્ષણિક સર્વેનું આયોજન, અમલીકરણ અને પૃથક્કરણ, શગુનોત્સવ, ગુણોત્સવ, શાળા સિદ્ધિ |
| સંશોધન, મૂલ્યાંકન અને નિરીક્ષણ | બીઆરસી/સીઆરસી કો. ઓર્ડિનેટર્સ મારફતે અધ્યયન નિષ્પત્તિઓ અને વહીવટી બાબતો અંગે સંશોધન અને મૂલ્યાંકન, શાળા મુલાકાત અને વર્ગખંડ અવલોકનો, સ્કૂલ મોનીટરીંગ એપ્લીકેશન, સીસીસી (કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર) |
| શિક્ષક ક્ષમતા વિકાસ | ઓનલાઈન શિક્ષક વ્યવસાયિક સજ્જતા, સમર્થ ઓનલાઈન પ્રોગ્રામ, DIKSHA, NISTHA, GCERT અને DIETના સંકલનમાં શિક્ષક ક્ષમતા વિકાસ અને તાલીમ |
| વ્યકિતગત પ્રભાગ (મહેકમ) | મહેકમ સંબંધિત કામગીરી (રજીસ્ટ્રી સહીત) |
| ડીઝીટલ મિડીયા | ઓડિયો–વિઝીયલ વિડીયો, કવીકીઝ, સોસયલ મિડીયા |
| પ્રિન્ટ પબ્લીક મિડીયા | વાર્ષિક અહેવાલ (Annual Report), જાહેરાત, IEC Activities, કાર્યક્રમ સંચાલન, હોડીંગ્સ, બેનર્સ બ્રોશર્સ |
| અન્ય પ્રવૃત્તિઓ (સંયુકત શાળા) | RMSA શાળાઓનું સંચાલન, રમતગમતની પ્રવૃત્તિઓ, 'ખેલે ઈન્ડીયા – ખીલે ઈન્ડીયા', ફીટ ઈન્ડીયા, ખેલ મહાકૂંભ, ચિત્ર અને કલા સ્પર્ધા, કલા ઉત્સવ, સ્વચ્છતા અભિયાન, સ્વચ્છ ભારત મિશન, NCC/NSS/Scout & Guide, બેન્ડ કોમ્પીટીશન, 'એક ભારત– શ્રેષ્ઠ ભારત' અને અન્ય આનુસાંગિક કામગીરી |

**સમગ્ર શિક્ષામાં મદદનીશ જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર–કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (QEM/ P&M/ TT) ની ભૂમિકા :**

મદદનીશ જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટર– કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (QEM/P&M/TT) રાજય કચેરી (SPO) ના સચિવશ્રી, શાખાધિકારીશ્રી (QEM/P&M/TT) અને જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની સુચના અને માર્ગદર્શન મુજબ કાર્ય કરશે અને સમગ્ર શિક્ષાના અમલીકરણ માટે સહયોગી બનશે.

જેમાં, શૈક્ષણિક માર્ગદર્શન આપવું અને જે – તે સ્તરે કાર્યરત કર્મચારીઓને જરૂરી સહયોગ આપવો, ક્ષમતા નિર્માણ, જે–તે સ્તરના કર્મચારીઓ સાથે સંપર્કમાં રહી જે–તે કક્ષાની વિવિધ યોજનાઓના વાસ્તવિક અમલીકરણની કાળજી લેવી અને સ્ટેટ / જિલ્લા પ્રોજેકટ ઓફીસને માહિતી પૂરી પાડવી અને સંકલનની કાર્યવાહી કરવી.

સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અને ટીચર એજયુકેશન એમ ત્રણેય યોજનાઓ સમગ્ર શિક્ષા અંતર્ગત સંયુકત રીતે અમલમાં આવેલ હોવાથી જિલ્લા કક્ષાએ મદદનીશ જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર–કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (QEM/P&M/TT) ની ભૂમિકા વધુ મહત્વની અને નિર્ણાયક બની છે. અગાઉ એસએસએ અંતર્ગત તેઓની ભૂમિકા પ્રારંભિક શાળાઓમાં શૈક્ષણિક અને વહીવટી સહયોગ પૂરો પાડવાની હતી, જે અંતર્ગત સમગ્ર શિક્ષા હેઠળ હવે પૂર્વ પ્રાથમિકમાં પણ રહેશે. ઉપરાંત, મદદનીશ જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર–કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (QEM/P&M/TT) હાલમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના માર્ગદર્શન અને સંકલન હેઠળ તેઓની સુચના મુજબ જરૂરી સહયોગ પૂરો પાડશે.

# પ્રકરણ–૬

# સામાજિક વિકાસ અને કેળવણીનું યોગદાન

૬.૧ કેળવણીની સંકલ્પના

૬.૨ સામાજિક વિકાસ પર અસર કરતા પરિબળો

૬.૩ સામાજિક વિકાસ માટે થયેલ કેળવણીના ખેડાણો

**પ્રસ્તાવના :**

પ્રસ્તુત પ્રકરણ 'સામાજિક વિકાસ અને કેળવણીનું યોગદાન'માં કેળવણીની સંકલ્પના, સામાજિક વિકાસ પર અસર કરતા વિવિધ પરિબળો કયા છે તે સંદર્ભે વાત કરવામાં આવી છે. આ ઉપરાંત આ પ્રકરણમાં સુરત જિલ્લામાં સામાજિક વિકાસ માટે કેળવણીકારો કે અન્ય વ્યકિતઓનો કેવો ફાળો રહ્યો છે તેના પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. કેળવણી સંદર્ભે સુરત જિલ્લામાં કેવા ખેડાણો થયા હતા તેમજ તેના કારણે સમાજમાં કેવા પરિવર્તનો આવ્યા તેની રજૂઆત પણ અહીં કરવામાં આવી છે.

## ૬.૧ કેળવણીની સંકલ્પના

કેળવણી શબ્દ એ વ્યાપક અર્થ ધરાવે છે. કેળવણી એટલે માત્ર અક્ષરજ્ઞાન નહિ પરંતુ તે સમગ્ર જીવન સાથે જોડાયેલ બાબત છે. કેળવણીનો ગુજરાતી ભાષામાં શબ્દકોશીય અર્થ જોઈએ તો કેળવણી એટલે કેળવવું, વ્યવસ્થિત ઉછેર, ખિલવણી, શિક્ષણ, તાલીમ, ભણતર, વિદ્યા એવો થાય. અંગ્રેજીમાં Education શબ્દ વપરાય છે. અને સંસ્કૃતમાં શિક્ષા, વિદ્યા શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આમ, જો આપણે કેળવણીનો સંકુચિત અર્થ જોઈએ તો કેળવણી એટલે શાળા–કોલેજોમાં અપાતું ઔપચારિક શિક્ષણ એવો અર્થ થઈ શકે. જેમાં શાળા–કોલેજનું શિક્ષણ, અક્ષરજ્ઞાન, વાચન, લેખન અને ગણન, માહિતીની આપ–લે તેમજ તેના દ્વારા અર્થોપાર્જનનું સાધન પ્રાપ્ત થાય એવો થાય છે.

પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે કેળવણી માત્ર આ નથી કે જેને આપણે શિક્ષણના નામે પણ ઓળખીએ છીએ. કેળવણીનો વ્યાપક અર્થ આજીવન ચાલતુ શિક્ષણ એવો થાય છે. ઔપચારિક અને અનૌપચારિક એમ બંને પ્રકારના શિક્ષણનો આમા સમાવેશ થઈ જાય છે. વ્યાપક અર્થમાં કેળવણીએ માત્ર માહિતીના આદન–પ્રદાનનું સાધન કે સ્થૂળ જ્ઞાન નથી પરંતુ માનવીના સર્વાંગી વિકાસનો છે.

ટૂંકમાં કેળવણી દ્વારા માનવીનો વિકાસ થવો જોઈએ. સ્વાવલંબન અને આત્મનિર્ભરતા સાચી કેળવણી દ્વારા મનુષ્યમાં આવવી જોઈએ. સ્વાવલંબન કે આત્મનિર્ભરતા એટલે માનવી આર્થિક, સામાજિક અને માનસિક રીતે આત્મનિર્ભર બને. આ ઉપરાંત કેળવણી એ સામાજિક અને સાંસ્કૃતિક વિકાસનો પણ આધાર છે. આમ

કેળવણી એટલે અક્ષરજ્ઞાનથી શરૂ કરી આત્મસાક્ષાત્કાર સુધીની માનવીની સફર એવું કહીએ તો જરાય ખોટું નથી.

## ૬.૨ સામાજિક વિકાસ પર અસર કરતાં પરિબળો

માનવી સામાજિક પ્રાણી છે. માનવી હંમેશા સમૂહમાં રહેવાનું પસંદ કરે છે અને આ સમૂહમાં રહેવાની ભાવનામાંથી સમાજનું નિર્માણ થાય છે. સમાજ નિર્માણ દ્વારા સમાજની રૂઢિઓ, રીતિરિવાજો, ધોરણો, નીતિનિયમો અને સમાજના મૂલ્યોનું નિર્માણ થતું હોય છે. વ્યકિતનો વિકાસ સમાજમાં થાય છે તથા વ્યકિતના વિકાસ થકી જ સમાજનો વિકાસ થતો હોય છે. આમ, સમાજથી વ્યકિતનું અને વ્યકિતથી સમાજનું અસ્તિત્વ બની રહે છે.

આપણે જાણીએ છીએ કે માનવ સમાજમાં જ વિકસે છે. માનવના વિકાસની સાથે સાથે જ સમાજનો પણ વિકાસ થાય છે. ગુફા માનવથી પ્રારંભ થયેલ માનવીની યાત્રા આજે ખૂબ વિકાસ પામેલ છે. અને આ વિકાસ સમાજનું આગવું લક્ષણ છે.

સામાજિક વિકાસને ઘણા બધા પરિબળો અસર કરે છે. આ વિકાસને કારણે માનવીની રહેણીકરણી, વલણો, સામાજિક આંતરક્રિયાઓ, સામાજિક વ્યવસ્થા, વિચારો, માન્યતાઓ, પરંપરાઓ અને પ્રણાલિકાઓમાં પરિવર્તન આવતા હોય છે. સામાજિક વિકાસ પર અસર કરતા પરિબળો સંદર્ભે વિગતે જોઈએ.

સામાજિક વિકાસને અસર કરતા પરિબળોમાં સૌથી મહત્ત્વનું પરિબળ કેળવણી છે. કેળવણી ધીમી છતા નકકર ગતિએ સમાજમાં ક્રાંતિ લાવવાનું કામ કરે છે. આવી ક્રાંતિથી સમાજમાં ચિરસ્થાયી મૂલ્યો અને સંસ્કૃતિનું સર્જન થાય છે. કેળવણીએ નવનિર્માણ છે. તે જૂના મૂલ્યોને જે સમાજને હિતકારક ન હોય તેમને વિસર્જન કરી નવા મૂલ્યોનું મંડાણ કરે છે. શિક્ષણના પ્રચાર અને પ્રસાર દ્વારા લોકોમાં જાગૃતિ આવે છે. સમાજના વડાઓ દૂર થાય છે. સમાજમાંથી અંધશ્રદ્ધા અને કુરિવાજો દૂર કરવામાં કેળવણી મહત્ત્વનો ભાગ ભજવે છે. શિક્ષણ દ્વારા  બાળકોમાં સામાજિક મૂલ્યોનો વિકાસ થાય છે જે સમાજના વિકાસને આગળ ધપાવે છે.

કેળવણી એ માનવી તેમજ સમાજનું નિર્માણ કરે છે માટે જ કેળવણી દ્વારા એક સારો સમાજ ઊભો થાય છે. વિદ્યાર્થીમાં વિકાસ પામેલ વિચારશકિત, સર્જનશકિત, નિર્ણય

શકિત, તર્કશકિત વગેરે સમાજના નવનિર્માણમાં અગત્યનો ભાગ ભજવે છે. શિક્ષણ દ્વારા સમાજની સંકુચિત ખ્યાલોને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે જે સમાજના વિકાસને વેગ આપે છે. તેથી સમાજની કાયાપલટ કરવામાં શિક્ષણનો ફાળો મહત્ત્વનો છે.

## ૬.૩ સામાજિક વિકાસ સંદર્ભે થયેલાં કેળવણીના ખેડાણો

ઓગણીસમી સદી દરમિયાન સુરતમાં જ્ઞાતિપ્રથા જડ હતી. સમાજ અનેક નાની મોટી જ્ઞાતિઓમાં વહેંચાઈ ગયો હતો. સુરતમાં બાળલગ્ન, વિધવા લગ્ન, અસ્પૃશ્યતા, કન્યા કેળવણી વગેરે બાબતો માટે ઝુંબેશ શરૂ થઈ હતી. ઓગણીસમી સદીમાં સુરતના ઘણા વિસ્તારોમાં અસ્પૃશ્યતાના વ્યાપક ખ્યાલો હતા. સ્પર્શાસ્પર્શના કડક નિયમો હતાં. શિક્ષણની ખાસ કોઈ વ્યવસ્થા ન હતી. આ સદીમાં સમાજમાં અનેક રૂઢિઓ અસ્તિત્વમાં હતી. કન્યાવિક્રય, બાળલગ્ન, બાળહત્યા જેવા દૂષણો સુરતમાં પ્રચલિત હતાં. કજોડા લગ્નો થતાં, બાળ લગ્નો અને બહુપત્નીત્વ કે વૃદ્ધ લગ્નોના અનિષ્ટો હતાં. સ્ત્રીઓ માટે સામાજિક અનિષ્ટો ઘણી મુશ્કેલી આપનાર હતાં. સુરતમાં ગુજરાતની જેમ બાળલગ્નો થતાં હોવાથી બાળ વિધવાઓનો પ્રશ્ન  હતો. ઓગણીસમી સદીમાં સરકાર દ્વારા સુધારાના પ્રયાસો થયા તેની અસર સુરતમાં થઈ, સતીપ્રથા, બાળહત્યા, ગુલામી નાબુદીના માટે પ્રતિબંધો આવ્યા. અંગ્રેજોના આગમનથી શૈક્ષણિક વ્યવસ્થામાં ફેરફારો આવતા સામાજિક સ્થિતિ પર વ્યાપક અસરો થઈ. સ્ત્રી શિક્ષણનો નિષેધ દૂર થતો ગયો. શિક્ષણની નવી પદ્ધતિથી ઉદારવાદી વિચારો આવતા જ્ઞાતિપ્રથા પર તેની અસર થઈ. આ સમય પૂર્વે સામાજિક અસલામતી, અંધશ્રદ્ધા અને વહેમોને કારણે સ્ત્રીઓનો વિકાસ રૂંધાયો હતો. સ્ત્રીઓનો અધિકાર પણ ખૂંચવાઈ ગયો હતો. પરંતુ ઓગણીસમી સદીમાં પ્રજાના દષ્ટિકોણમાં થોડું પરિવર્તન દેખાવા લાગ્યું હતું. શિક્ષણ વૃદ્ધિથી સ્ત્રીઓની સ્થિતિમાં સુધારો થયો. વિદેશગમનના વિચારોમાં સામાજિક જાગૃતિ આવી. બાળલગ્નોનું પ્રમાણ ઓછું થયું. બાળહત્યા અને સતીપ્રથા બંધ થયેલ જણાયા. આમ, શિક્ષણના વિકાસથી સામાજિક વિકાસને વેગ મળ્યો.

વીસમી સદી દરમિયાન સમાજ જીવનમાં નવી ચેતનાના ઉદભવ માટે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના કેટલાંક ઉત્તેજક પરિબળો જવાબદાર હતાં. સુરતમાં અંગ્રેજી કેળવણી તથા સાહિત્યનો વધુ સંપર્ક તથા ઓગણીસમી સદીના સુધારકો દ્વારા થયેલ સુધારણાના

કાર્યોથી સામાજિક વિકાસની પ્રવૃત્તિને વેગ મળ્યો. સુરતમાં પણ ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, આધુનિક ન્યાય પદ્ધતિ, ઝડપી આવાગમન સાધનો, સંદેશાના સાધનો, ઉદ્યોગો અને વ્યવસાયોને લીધે નવા મંડળોનો જન્મ થયો અને પ્રજા પર અસર થઈ. કેળવણીના વિકાસે સમાજજીવન પર અસર કરી. પછાત વર્ગોના કલ્યાણ અને જાગૃતિ માટેની જોગવાઈઓ, સ્ત્રીઓના દરજ્જામાં ફેરફારો લાવતા કાનૂન, સ્ત્રીની વિવિધ સર્વિસોમાં વિસ્તરતી કામગીરી, સ્વાતંત્ર્ય આંદોલનમાં સ્ત્રીઓનો ફાળો એ બધાં પરિબળો સુરત જિલ્લામાં થયેલ સામાજિક વિકાસ દર્શાવે છે.

સુરતના સામાજિક વિકાસમાં કેળવણીના ખેડાણો સંદર્ભે ચર્ચા કરતાં સુરતના સામાજિક વિકાસ માટે મહત્ત્વનો ફાળો આપનાર કેળવણી પામેલ અને કેળવણીને ખરા અર્થમાં પચાવનાર સમાજ સુધારકોનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. આ ઉપરાંત કેળવણીએ પણ સમાજમાં ચેતના રેડવાનું કામ શરૂ કર્યું હતું. ઓગણીસમી સદીમાં પ્રજામાં જૂના વિચારો ઘર કરી ગયા હતાં. તેની જગ્યા નવા વિચારોએ લેવા માંડી અને તેથી જીવન પદ્ધતિ, રીતરિવાજો, ખોરાક, પહેરવેશ, શિક્ષણ, શોભા, મનોરંજનમાં પરિવર્તન થતાં સામાજિક પરંપરાગત જડતામાં સુધારાની શરૂઆત થઈ. અંગ્રેજોનો સંપર્કમાં રહેનાર અને અંગ્રેજી શિક્ષણ લેનાર સુરતીઓ ઉપર પણ સુધારાવાદી વિચારોની અસર થઈ. ૧૮૪૪માં સુરતમાં સૌ પ્રથમ સુધારાવાદી સંસ્થાની શરૂઆત થઈ. ૧૮૨૬માં બે ગુજરાતી પ્રાથમિક શાળાઓ સ્થપાઈ. ત્યારબાદ ૧૮૪૦ માં ખ્રિસ્તી મિશનરીઓની અંગ્રેજી શાળા અને ૧૮૪૨માં સરકારી અંગ્રેજી શાળા સુરતમાં શરૂ થઈ હતી. કેળવણીની આ શરૂઆત સામાજિક વિકાસ સૂચવતી હતી.

સામાજિક વિકાસ – સમાજ સુધારાની શરૂઆત દુર્ગારામ મંછારામ દવેએ કરી. દુર્ગારામ પોતે શિક્ષક હતા અને સુરતમાં શિક્ષક તરીકે તેમણે સારી નામના મેળવી હતી. તેમણે વિધવાઓની સ્થિતિ સુધારવા વિધવા વિવાહનો પ્રચાર કર્યો હતો. અને સામાજિક વિકાસમાં મોટું યોગદાન આપ્યું હતું. ઈ.સ.૧૮૪૪ની તા.૨૨ મી જૂને દુર્ગારામ મહેતાજીએ સુરતમાં 'માનવ ધર્મ સભા' ની સ્થાપના કરી. આ સભાનો મુખ્ય ઉદ્દેશ માનવ ધર્મ જાણવાનો, સમજાવવાનો અને તેનો પ્રચાર કરવાનો હતો. મૂર્તિપૂજા બંધ કરવી, જ્ઞાતિ ભેદ દૂર કરવો, અસ્પૃશ્યતા નાબૂદ કરવી વગેરે સંદર્ભે જાગૃતિ લાવવાનું કાર્ય કરેલ હતું.

માનવ ધર્મ સભા એ ગુજરાતની સૌ પ્રથમ સુધારક સંસ્થા હતી. જેણે સામાજિક વિકાસમાં ખૂબ અગત્યનો ભાગ ભજવેલ હતો. ૧૮૫૦માં એ. કે. ફોર્બસની સૂચનાથી મીર મુઈનુદ્દીનખાન અને બીજા કેટલાક હિન્દુ, મુસ્લિમ તથા પારસી શ્રીમંતોની મદદથી ૧૮૫૦ની તા.૪ થી જૂને સુરતમાં 'ધી લિટરરી સોસાયટી'ની શરૂઆત થઈ એ જ સાલમાં એન્ડ્રુઝ લાયબ્રેરીની પણ સ્થાપના થઈ જેણે સમાજમાં વૈચારિક વિકાસ પ્રસરાવ્યો.

૧૮૫૨માં સુરતમાં છોકરીઓ માટે પ્રથમ પ્રાથમિક શાળા શરૂ થઈ જે આજે રાયચંદ દીપચંદ કન્યાશાળા તરીકે ઓળખાય છે. આમ સામાજિક વિકાસનો પાયો મજબૂત થયો.

સામાજિક વિકાસમાં નર્મદનું પ્રદાન સૌથી મોટું હતું. નર્મદ ગદ્યકાર, કવિ, નાટયકાર, પત્રકાર, ઈતિહાસકાર અને કોશકાર હતો. ૧૮૫૯ થી નર્મદાશંકર સમાજ સુધારણાના વિચારો કરવા માંડયા હતા અને એ અંગે તેમણે લખવાનું શરૂ કર્યું. તેમણે લખેલ 'વૈદ્યવ્યચિત્ર' નામનું કાવ્ય કે જેમાં તેમણે વિધવાઓની કરુણ અને ધયાજનક સ્થિતિનો ખ્યાલ આપ્યો હતો એ ખૂબ પ્રચલિત બન્યું હતું. અને એનાથી વિધવા વિવાહની ઝુંબેશમાં વેગ આવ્યો. ૧૮૬૦ના જુલાઈમાં એમણે 'તત્વશોધક સભા' સ્થાપી જેણે પણ સામાજિક વિકાસ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

અંગ્રેજોએ શિક્ષણના પ્રચાર માટે એમના શાસન દરમિયાન ગુજરાતી શાળાઓ, અંગ્રેજી શાળાઓ, કન્યાશાળાઓ, પુસ્તકાલયો, વાંચનાલયો અને સામાયિકો દ્વારા અંધશ્રદ્ધા તથા વહેમોનો નાશ કરી લોકોને પ્રગતિશીલ વિચારો તરફ દોરી સામાજિક વિકાસ માટેના પ્રયત્નો કરેલ હતાં. તે સમયના દુર્ગારામ મહેતાજી, નર્મદાશંકર, મહીપતરામ નીલકંઠ, નવલરામ પંડયા વગેરે અંગ્રેજી સરકારની શાળામાં જ શિક્ષકો હતા તે માટે તેમના પર અંગ્રેજોના વિચારોની અસર હતી.

૧૮૬૪ના સપ્ટેમ્બરમાં નર્મદે 'ડાંડિયો' સામયિકનું પ્રકાશન શરૂ કર્યું કે જેમાં તેમણે વહેમ, જૂઠ, દંભ, અંધશ્રદ્ધા, અનાચાર, અજ્ઞાન, અનીતિ, પાખંડ, પાપાચાર, ઢોંગ, અપ્રમાણિકતા વગેરે ઉપર પ્રહારો કર્યા હતાં. જે પણ સામાજિક વિકાસ માટે મહત્ત્વનું બન્યું હતું. આમ, નર્મદ સમાજ અને ધર્મની કુરૂઢિઓ સામે બળવો પોકાર્યો, દંભ, પાખંડ અને અનાચારને ખુલ્લા પાડયા. ગુજરાતી ભાષાને જોમવંતી બનાવી. આમ, સુધારક, શિક્ષક,

સાહિત્યકાર, પત્રકાર, ઈતિહાસકાર અને કોશકાર તરીકે તે સમયના સામાજિક વિકાસ સંદર્ભે તેનું પ્રદાન મહત્ત્વપૂર્ણ હતું.

નર્મદે ઉમંગ, ધગશ, ઉત્સાહથી સુધારક પ્રવૃત્તિ કરી. વિધવા પુનઃવિવાહની તેમણે જોરશોરથી હિમાયત કરી, લોકનિંદાથી ડર્યા વગર તે બીજા સુધારકોની માફક જ પોતાના વિચારોનો હિંમતભેર પ્રચાર કરતા બાળલગ્ન પ્રતિબંધ, વહેમ ભંજન, કન્યા કેળવણીની અનિવાર્ય આવશ્યકતા વગેરે વિશે ગદ્ય તથા પદ્ય દ્વારા નર્મદે સામાજિક વિકાસ–સામાજિક સુધારણાના કામો કર્યા.

દુર્ગારામ મહેતાનું અને નર્મદાશંકર દવેની માફક મહીપતરામ નીલકંઠનો ફાળો પણ સામાજિક વિકાસમાં મહત્ત્વનો રહ્યો છે. તે સમયમાં સમુદ્ર ઓળગવો અને પરદેશગમન કરવું સમાજમાં સ્વીકાર્ય ન હતું. પરંતુ મહીપતરામે પરદેશગમન રીને તેમણે સમાજને હચમચાવી નાંખ્યો હતો. તેઓ શિક્ષકોની ટ્રેનિંગ કોલેજના આચાર્ય હતા તેઓ પણ સાહિત્યકાર અને વિદ્વાન હતાં. તેઓ તે સમયમાં પ્રચલિત બાળલગ્નના વિરોધી હતાં. મહીપતરામ પણ બહુ મોટા સુધારક હતાં. ઉપરાંત તેમણે શિક્ષણક્ષેત્રે ઘણું કામ કર્યું હતું. મહિપતરામના પ્રયાસોથી સુરતમાં ૧૮૭૮ના જૂનની ૧૦ મી તારીખે પ્રાર્થના સમાજની સ્થાપના થઈ. જેના થકી સામાજિક વિકાસ માટેના ઘણા પ્રયત્નો થયા.

સુરત જિલ્લાના આદિવાસીઓની સ્થિતિ કંગાળ હતી. તેમને શોષણમાંથી બહાર કાઢવાના પ્રયાસો થયા. જુગતરામ દ્વારા આદિવસી વિકાસ માટે વેડછીમાં આશ્રમ દ્વારા જાગૃતિ અને શૈક્ષણિક સગવડો ઊભી કરી તથા સમાજ ઉપયોગી સેવા શરૂ કરવામાં આવી. હાલ સુરત જિલ્લામાંથી તાપી જિલ્લો જુદો પડતા આ વેડછી આશ્રમ તાપી જિલ્લામાં આવેલ છે.

મીઠુબહેન પીટીટે ગાંધીજીનાં પ્રભાવથી સમગ્ર જીવન દેશ સેવા અને દીન દુઃખિયાની સેવામાં અર્પણ કર્યું. તેમણે સુરત જિલ્લાના માંડવી તાલુકાના પુના ગામે રાનીપરજ વિદ્યાલય અને ખાદી આશ્રમ સ્થાપ્યા તથા ઉમરપાડા તાલુકાના કેવડી અને ચાસવડમાં આશ્રમશાળાઓ શરૂ કરી રાનીપરજ પ્રજાની સેવા કરી. જેથી આ પ્રજાનો સામાજિક વિકાસ થયો.

ઈ.સ. ૧૯૦૦ માં મહાજન અનાથ આશ્રમ બાળાશ્રમ સુરતની સ્થાપના હરદેવરામ નાનાભાઈ હરીદાસ વકીલે કરી હતી. આ આશ્રમનો હેતુ અનાથ બાળકોનું પોષણ કરવું, કેળવણી આપવી તેમજ વિકલાંગોને શિક્ષણ જેવી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરવી એવો હતો. અને જેના દ્વારા સામાજિક ચેતના આવી. જે સામાજિક વિકાસ માટે મહત્વની બની.

ઈ.સ.૧૯૦૭માં વનિતા વિશ્રામ સંસ્થાની સ્થાપના શ્રીમતી શિવગૌરીબેન ગજ્જર અને શ્રીમતી બાજીગૌરીબેન મુનશીએ કરી. સંસ્થાનો ઉદેશ બહેનોને અને ખાસ કરીને સમાજની વિધવા બહેનોને કર્તવ્ય પરાયણતા શીખવી સમાજને ઉપયોગી થાય તેવું રાષ્ટ્રીય શિક્ષણ, કલાનું શિક્ષણ તેમજ ઉદ્યોગનું શિક્ષણ આપવાનો હતો. આમ, તેમણે વિધવા, ત્યકતા અને સમાજની હડધૂત થયેલી બહેનો માટે એક સંસ્થા શરૂ કરી જેનું નામ 'વનિતા વિશ્રામ' રાખવામાં આવ્યું. ત્યારબાદ ઈ.સ.૧૯૧૬ માં સમાજની નિરાધાર સ્ત્રીઓને આશરો આપવા અને પછી અક્ષરજ્ઞાન આપવા શાળાની શરૂઆત કરી. ઈ.સ.૧૯૧૧ માં એક ટ્રસ્ટ બનાવ્યું ત્યારબાદ ઈ.સ.૧૯૫૦માં વનિતા વિશ્રામ ટ્રેનિંગ  કોલેજની પણ શરૂઆત કરવામાં આવી. આમ, અક્ષરજ્ઞાન અને જીવનની તાલીમ આપવાનું કામ આ વનિતા વિશ્રામ ટ્રસ્ટની સંસ્થાઓ આજદિન સુધી કરી રહી છે. જે સુરતના સામાજિક વિકાસ માટે સીમાચિહ્ન રૂપ છે.

ઈ.સ. ૧૯૧૨ માં ચૂનીલાલ ધેલાભાઈના સતત્ત પ્રયાસથી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની સ્થાપના થઈ ઈ.સ. ૧૯૧૭ માં ટી.એન્ડ. ટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ નામની શાળા શરૂ થઈ તેમજ એમ.ટી.બી. કોલેજ અને સાયન્સ કોલેજની પણ શરૂઆત થઈ ઈ.સ.૧૯૨૨ માં તાપીદાસ અને તુલસીદાસ વ્રજદાસ સાર્વજનિક મિડલ સ્કૂલ ગોપીપુરામાં અસ્તિત્વમાં આવ. આ મિડલ સ્કૂલને બદલે ટી.એન્ડ. ટી.વી. સાર્વજનિક  વિદ્યાલય તરીકે ઓળખવા પામી. ઈ.સ. ૧૯૨૬ માં હરિપુરામાં હરિપુરા સાર્વજનિક મિડલ સ્કૂલ એવું નામ આપ્યું. પછી ઈ.સ. ૧૯૨૭ માં ગોપીપુરામાં ન.મો.ઝવેરી જૈન કન્યાશાળા શરૂ કરવામાં આવી. ઈ.સ. ૧૯૩૫ માં સાર્વજનિક લો કોલેજ અસ્તિત્વમાં આવી. ઈ.સ.૧૯૪૪ ના વર્ષમાં મનહરલાલ ગોરધનલાલ કડીવાળાએ શાળા શરૂ કરી. ઈ.સ.૧૯૪૫ માં મિડલ સ્કૂલ શરૂ થઈ. દાતાના નામ પરથી પાછળથી જી.એન્ડ.જી.વી. કડીવાલા સ્કૂલનું નામ આપવામાં આવ્યું. એ જ રીતે ઈ.સ.૧૯૪૬માં કોમર્સ કોલેજ શરૂ થઈ. આમ, સાર્વજનિક

સોસાયટી દ્વારા બી.એડ્., એન્જિનિયરીંગ, કોમ્પ્યુટર કોર્ષ, ડીગ્રી કોર્ષ વગેરે સાથે કે.જી.થી પી.એચ.ડી. સુધીના આધુનિક શિક્ષણથી મોટા ભાગની શિક્ષણ પદ્ધતિઓની શાળા અને કોલેજનું સુંદર સંચાલન કરી રહી છે.

ઈ.સ.૧૯૨૨માં સ્વરાજ આશ્રમની સ્થાપના થઈ સ્વરાજ આશ્રમ, બારડોલીએ આઝાદી પૂર્વે સ્થપાયેલી ઐતિહાસિક દષ્ટિએ મહત્વની સંસ્થા છે. આદિવાસીઓમાં શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે આ સંસ્થા દ્વારા ખૂબ મહત્વના પ્રયાસો કરવામાં આવેલ હતા. જેના  થકી આદિવાસી સમાજમાં શિક્ષણને વેગ મળ્યો અને આદિવાસી સમાજ પણ સામાજિક વિકાસમાં ફાળો આપવા સક્ષમ બનવા તરફ આગળ વધ્યો.

ઈ.સ.૧૯૩૬ માં સુરત ખાતે પારસી ટેકનિકલ અને ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટીટયુટના નામે સંસ્થાની સ્થાપના થઈ. આ ઈન્સ્ટીટયુટમાં ઓટોમોબાઈલ્સ, ઈલેકટ્રીકલ અને ઈન્ટરનલ કમબસ્થન એન્જિનિયરીંગના એપ્રેન્ટીસ જેના દ્વારા સમાજના વિકાસને વેગ મળ્યું. આમ સુરતમાં ટેકનીકલ જ્ઞાનનો વધારો થયો જે સામાજિક વિકાસમાં મદદરૂપ બન્યો.

ઈ.સ.૧૯૫૪ માં અંધજન શાળાની પણ સુરતમાં સ્થાપના કરવામાં આવી. અંધજનોને મફત આશ્રય અને કેળવણી આપતી સરકાર માન્ય શાળા હતી જેના કારણે સમાજમાં દિવ્યચક્ષુ વિદ્યાર્થીઓને પણ કેળવણીની તક મળી અને તેમનો ફાળો સામાજિક ક્ષેત્રે જેવા મળ્યો.

# પ્રકરણ–૭

# વ્યકિત વિશેષ

**પ્રસ્તાવનાઃ**

સુરત શહેર અને જિલ્લો અત્યંત ઝડપી વિકસીત પ્રદેશ છે. જેમાં શિક્ષણમાં બદલાવ પણ ત્વરિત ગતિએ વધે છે. જેના નિમિત્ત કેળવણીના ક્ષેત્રે પડેલ મહાન વિભૂતિઓ છે. પ્રસ્તુત પ્રકરણમાં કેળવણીના ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનાર મહાનુભાવોની ઓળખ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં રમતવીરો, નાટયકારો, શિક્ષણવિદ્ોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## યશ્વી ઈશાન આસ્લોટ (યોગ)

**જન્મ તારીખ :** ૨૮/૧૨/૧૯૯૭

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** પી.બી. દેસાઈ પ્રાયમરી, આઈ.એન. ટેકરાવાલા માઘ્યમિક
નેતાજી સુભાષ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોટસ, પટીયાલા

- ઈન્ટર નેશનલ પ્લેયર – સીકયોડ 3rd પ્લેસ – ૨૦૦૮માં
- ૨ ટાઈમસ નેશનલ પ્લેયર
- રેફરી એટ ગુજરાત સ્ટેટ લેવલ
- એન.આઈ.એસ. યોગ કોચ

## કપિલદેવ શુકલ

**જન્મ તારીખ :** ૫/૧૦/૧૯૫૦

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થા :** પી.ટી. સાયન્સ કોલેજ

સુરતનાં આ કલાકારે ૧૦૩ નાટકોનું દિગ્દર્શન કર્યું છે. 'ગૌરવ પુરસ્કાર' થી એમને ગુજરાત સરકારે સન્માનિત કર્યા છે. એકાંકી અને ત્રિઅંકી નાટકોમાં શ્રેષ્ઠ દિગ્દર્શનના પ્રથમ પુરસ્કાર અનેકવાર પ્રાપ્ત કર્યા છે. ગુજરાતના અગ્રણી દિગ્દર્શનોમાં એમની ગણના

થાય છે. કલા મહોત્સવમાં ૧૫૦ થી ૨૦૦ કલાકારોને સાથે લઈ ગુજરાતની સંસ્કૃતિ અંગેની કૃતિએ લોકચાહના પ્રાપ્ત કરી છે. નાટય અંગેના સેમિનારમાં તેઓને વિવિધ સંસ્થાઓ બોલાવે છે. સુરતના કલાકારોની સંગઠનની સંસ્થા સુરત પરફોર્મિંગ આર્ટિસ્ટ એસોસીએશનનાં પ્રમુખશ્રી છે. હાલ તેઓ નિવૃતિમય જીવન નાટકની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિતાવે છે. સતત ૨૪ કલાક અને ૪૮ કલાક નાટકો વિશ્વરંગભૂમિના દિવસે કરી તેઓએ એક રેકોર્ડ સ્થાપિત કરેલ છે.

## પંકજ પાઠકજી

**જન્મ તારીખ :** ૮/૧૧/૧૯૫૮

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** બી.પી. બારીયા સાયન્સ કોલેજ

એકાંકી અને ત્રિઅંકી નાટકોમાં બાળપણથી ભાગ લીધો. તેમનાં ત્રિઅંકી નાટકો ગુજરાત રાજય અકાદમી અને ચિત્રલેખા નાટયસ્પર્ધામાં અનેકવાર પ્રથમક્રમે વિજેતા બન્યા છે. એક કુશળ અભિનેતા દિગ્દર્શક તરીકે પ્રખ્યાત છે. ગુજરાત રાજય સરકારે તેમને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા છે. તેઓશ્રીએ નેશનલ લેવલના ત્રિઅંકી પણ કરાવ્યો છે. ગુજરાતની નાટયપ્રવૃત્તિમાં સક્રિય છે. તેઓશ્રીની લેબોરેટીઝ છે અને સુરતની 'સ્પા' નાટય સંગઠનના ઉપપ્રમુખશ્રી છે. સતત ૨૪ કલાક અને ૪૮ કલાક વિશ્વ રંગભૂમિ થી નિમિતે નાટકોમાં સક્રીય ભાગ લીધેલ.

## યામિનીબેન વ્યાસ

**જન્મ તારીખ :** ૧૦/૬/૬૦

**જન્મ સ્થળ :** નવસારી

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** બી.પી. બારીયા સાયન્સ કોલેજ

જાણીતા કવયિત્રી, લેખિકા યામિનીબહેને એકાંકી – ત્રિઅંકી નાટકો પણ લખ્યાં છે. તેમના ૩ કાવ્યસંગ્રહો અને ૩ નાટયસંગ્રહો પ્રકાશિત થયા છે. કલા ગુર્જરી એવોર્ડથી તેમને સન્માનિત કરવામાં આવ્યાં છે. 'વ્હાલના વારસદાર' ત્રિઅંકી નાટકને લેખનમાં પ્રથમક્રમ પ્રાપ્ત થયેલ 'મિલીના ઘર તરફ' ત્રિઅંકી નાટક ગુજરાત રાજય અકાદમી યોજિત ત્રિઅંકી નાટય સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયેલ અને નાટકને મૌલિક નાટકનો પુરસ્કાર

પ્રાપ્ત થયેલ. કાવ્ય, ગઝલ, ગીત અને અભિનયમાં તેમને રસ છે. ગુજરાતી ફિલ્મમાં પણ તેઓશ્રીએ કામ કરેલ છે. વિવિધ પ્રતિભા ધરાવતાં યામિનીબહેન હાલ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં સક્રીય રહી નિવૃત્તજીવન ગાળે છે.

## સોનલ વૈદ્યકુલકર્ણી

**જન્મ તારીખ :** ૨૨/૧/૧૯૫૯

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થા :** એમ.ટી.બી. આર્ટસ કોલેજ

જે. જે. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અંગ્રેજી ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ સોનલબેન એમ.એ. – અંગ્રેજી ગોલ્ડ મેડલ, એમ.ફિલ. થયેલ છે. ૩૦ થી વધારે એકાંકી અને ૨૫ થી વધારે ત્રિઅંકી નાટકના દિગ્દર્શિકા સોનલબેન ગુજરાતના પ્રથમ હરોળનાં દિગ્દર્શનમાં નામના પ્રાપ્ત કરેલ છે.

તેમનાં રીસર્ચ પેપરની યુનિવર્સિટીઓમાં નોંધ લેવાઈ છે. ટ્રાઈબલ ડ્રામા અંગેનું તેમનું સંશોધન નોંધપાત્ર છે.

કોલેજમાં લેકચર લેતી વખતે પાત્રોની મોનોએકટીંગ કરીને અને શિક્ષણમાં નાટક દ્વારા સરસ રીતે ભણાવવાની પધ્ધતિ તેમની વિશેષતા છે. વિવિધ વિષયો પર સાહિત્યિક મૂલ્ય ધરાવતાં નાટકો તેમણે કર્યા છે. સુરતનાં કેટલાય નાટયકલાકારોએ એમના હાથ નીચે કાર્ય કરીને આગળ વધ્યાં છે. એક પ્રાધ્યાપિકા તરીકે કોલેજમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સરસ રીતે કરાવે છે.

## સંજીવકુમાર

**જન્મ તારીખ :** ૯/૧૦/૧૯૩૮

**જન્મ સ્થળ :** સુરત

**મૃત્યુ તારીખ :** ૬/૧૧/૧૯૮૫

હરિહર જેઠાલાલ જરીવાલ, સુરતનાં લેઉઆ પાટીદાર પરિવારના તે આપણા સંજીવકુમાર ગુજરાતી નાટકો, ફિલ્મો અને ત્યારબાદ હિન્દી ફિલ્મોમાં તેઓએ યાદગાર અભિનય આપ્યો. ગુજરાતી નાટકો ભજવીને સંજીવકુમાર અભિનય યાત્રા શરૂ કરી.

ત્રિશુલ શોલે, ખિલૌના શતરંજ કે ખિલાડી જેવી ફિલ્મોમાં પડકાર રૂપ બને એવી ભૂમિકાઓ ભજવી 'નયા દિન નયી રાત' ફિલ્મમાં નવ–નવ અલગ ભૂમિકાઓ કરી હતી.

સુરતને ગૌરવ અપાવનાર આ કલાકારને હજુ પણ લોકો યાદ કરે છે.

## હિરેન બી. દેસાઈ

**જન્મ તારીખ :** ૬/૪/૧૯૬૦

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એમ.ટી.બી. આર્ટસ કોલેજ, વી.ટી. ચોકસી કોલેજ ઓફ એજયુ.

હિરેન બી. દેસાઈ આજીવન શિક્ષક છે. સુરતની પ્રસિધ્ધ સી.સી.શાહ સાર્વજનિક ઈંગ્લીશ હાઈસ્કૂલના આચાર્યપદે ૧૪ વર્ષ સેવા આપી તેઓ નિવૃત થયેલ તે પહેલા ૧૯ વર્ષ શિક્ષક હતાં. તેમના ૧૪ કાવ્ય સંગ્રહો અને ૨ પુસ્તકો પ્રકાશિત થયાં છે. અંગ્રેજીમાં કાવ્યો લખે છે.

૩૪ વર્ષની શિક્ષક તરીકેની સેવા અને વિદ્યાર્થીઓના સમગ્ર વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમનું અંગ્રેજી વિષયનું બોર્ડનું પરિણામ છેલ્લાં ૧૪ વર્ષથી ૧૦૦ ટકા રહ્યું છે. તણાવમુકત શિક્ષણ અંગે હંમેશા શાળામાં અનેક કાર્યક્રમો સરસ રીતે કાર્ય હતાં. હાલ તેઓ 'શ્વેત શ્યામ' અને 'તરસ' નવલકથાનું સર્જન કરી રહ્યાં છે.

## ચેતન મેહતા

**જન્મ તારીખ :** ૨૫/૯/૧૯૮૦

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત, વી.ટી. ચોકસી કોલેજ ઓફ એજયુકેશન

યુવા શિક્ષક કંઈક નવીનકાર્ય કરવાની તમન્ના અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય એ માટે સદાય તત્પર આ શિક્ષક જીવ.

રીલાયન્સની સ્કૂલ જે. જે. અંબાણી સ્કૂલમાં ગુજરાતીના શિક્ષક તરીકે ૬ વર્ષ સેવા આપી. ગુજરાતી વ્યાકરણ અંગે વિવિધ પ્રોજેકટ સ્કૂલમાં કર્યા. વિદ્યાર્થીઓ વ્યાકરણને સહેલાઈથી સમજી શકે એ માટે અવનવા પ્રયોગો કર્યા.

હાલ ડો. હોમીભાભા પ્રાથમિક શાળા, મકરપુરા વડોદરા–સરકારી પ્રા. સ્કૂલમાં આચાર્ય તરીકે સેવા આપે છે. વડોદરાની પ્રખ્યાત કંપની ABB અને યુનાઈટેડ – વે ના સહયોગથી તેમણે આ પ્રાથમિક શાળામાં આધુનિક સગવડો જેવી કે, બાથરૂમ, વૈજ્ઞાનિક લેબ પ્યુરીફાઈ વોટર સીસ્ટમ ઉભી કરી છે. પ્રાથમિક શાળામાં ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને ખાનગી સ્કૂલ કરતાં પણ વધારે સગવડો પૂરી પાડવા સક્રીય છે.

બાળકો ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય તેવા સઘન પ્રયત્નો, વિવિધ પ્રોજેકટ અને કાર્યક્રમો યોજે છે.

## ચારૂલતાબેન અનાજવાલા

**જન્મ તારીખ :** ૨૬/૭/૧૯૫૯

**જન્મ સ્થળ :** વાવ, તા. કામરેજ, જિ. સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** ખોલવડ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ

૩૧ વર્ષ તરીકે શિક્ષિકાનો અનુભવ હાલ તેઓ નિવૃત જીવન ગાળી રહ્યા છે. ભાષા વિષયની સજજતા અંગે તેમણે વિદ્યાર્થીઓ માટે અને શિક્ષકો માટે પ્રોજેકટ કર્યા છે. એક સારાં વકતા અને સાંપ્રત સમસ્યા અંગે અખબારોમાં અવારનવાર ચર્ચાપત્રો પણ લખે છે. લગભગ ૩ વર્ષ સુધી મદ્રેસા તૈયબીયાહ ગર્લ્સ સ્કૂલમાં આચાર્યશ્રી તરીકે સેવા આપી છે. વિદ્યાર્થીનીઓમાં લોકપ્રિય ચારૂલતા બહેન ગુજરાતી વ્યાકરણ ખુબ જ સરસ રીતે ભણાવતાં તેમણે વિદ્યાર્થીઓમાં સાહિત્યિક મૂલ્યો વધે એ માટે સતત પ્રયત્નશીલ રહેતાં.

## પ્રિતીબહેન દેસાઈ

**જન્મ તારીખ :** ૯/૫/૧૯૬૮

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એમ.ટી.બી. આર્ટસ કોલેજ, વી.ટી. ચોકસી કોલેજ ઓફ એજયુ.

શિક્ષિત પરિવારનાં પ્રીતિબહેન એ.એ. મુલ્લા ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષિકા છે. ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓને રસપ્રદ શિક્ષણ નવતર પ્રયોગો દ્વારા આપે છે.

મદદનીશ શિક્ષિકા તરીકે ફરજની સાથે સાથે સાહિત્યક્ષેત્રમાં રૂચિ રાખે છે. શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને આંતર અને બાહ્ય સ્પર્ધાઓમાં ભાગ લેવા સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપે છે. તેમની વિશેષતા એ છે કે શાળા સમય બાદ પણ વિદ્યાર્થીનીઓને

શિક્ષણ અંગે સતત માર્ગદર્શન આપતા રહે છે. શાળા સંકુલની પ્રવૃત્તિઓમાં સતત સક્રીય રહી શિક્ષણ સજજતા અંગેના સેમિનારમાં ભાગ લે છે. અને વિવિધ સ્કૂલોના શિક્ષકોને ગુજરાતી ભાષા લોકપ્રિય બનાવવા સતત પ્રોત્સાહન આપી પ્રયત્નશીલ રહે છે.

મૃદુભાષી વકતવ્ય દ્વારા તેઓશ્રી શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં લોકપ્રિય છે. આર.એમ.એસ. અંતર્ગત તજજ્ઞ તરીકે શિક્ષકોને તાલીમ આપે છે.

## ડો. અજય સુખદેવભાઈ પટેલ

**જન્મ તારીખ :** ૧૯/૪/૪૮

**જન્મ સ્થળ :** રાંદેર, સુરત

**મૃત્યુ તારીખ :** ૨૪/૨/૧૨

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** લોકમાન્ય વિદ્યાલય, રાંદેર, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, સુરત. બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ

ખેડૂતપુત્ર ડો. અજયભાઈ પટેલનો જન્મ, શિક્ષક પિતાના ઘરે થયેલ હતો. ૧૯૭૨–૭૩માં અમદાવાદ ખાતેના બી.જે. મેડીકલ કોલેજમાં અભ્યાસ પૂર્ણ કરી ઓર્થોપેડીક સર્જન તરીકે સુરતમાં હોસ્પિટલ શરૂ કરી. પોતાના સેવાકાળ દરમ્યાન નવી નવી ટેકનીકોનો આવિષ્કાર કરી અવ્વલ નંબરના ઓર્થોપેડીક ડોકટર તરીકે નામના મેળવી ગરીબો પ્રત્યેનો લગાવને કારણે પૈસાનો નશો ચઢવા પામ્યો ન હતો. સારવાર માટે આવતા ગરીબ દર્દીઓના ઓપરેશનો વિના મૂલ્યે પણ કરતા હતાં. આ સંસ્કારો તેમના નાની પ્રેમીલાબેન શાહ કે જેઓ સ્વતંત્ર સેનાની હતાં, ગાંધીજીના અનુયાયી હતા, તથા પદ્મશ્રી ગુણવંત શાહના ભાણેજ હોવાને નાતે જન્મથી જ મળેલ હતાં.

રમતગમત પ્રત્યે પણ તેઓને લગાવ હતો. ભાણકી સ્ટેડીયમ ખાતે ચાલતા રમતગમત પ્રવૃત્તિને એકત્રીત કરી સંગઠીત કરી હતી. ડેમ્પો સ્પોર્ટસ કલબ, રાંદેરના પ્રમુખ રહી. રાજય અને રાષ્ટ્રીય કક્ષાના અનેક ખેલાડીઓ ઉભા કરવામાં તેઓનું યોગદાન રહેલ છે.

## શ્રી નટવરલાલ છબીલદાસ નાતાલી

**જન્મ તારીખ :** ૬/૨/૧૯૩૭

**જન્મ સ્થળ :** રાંદેર, સુરત

**મૃત્યુ તારીખ :** ૨૮/૦૧/૨૦૦૯

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** લોકમાન્ય વિદ્યાલય, રાંદેર

સાગર ખેડૂ તરીકે પ્રસિધ્ધ પામેલ શ્રી નટવરલાલ સમુદ્ર અને નદીઓમાં સાહસિક પ્રવૃત્તિના પ્રણેતા રહ્યા છે. સ્વીમીંગ– એથલેટીકસ જેવી રમતોમાં ઓલ ઈન્ડિયા કક્ષા સુધી ભાગ લઈ ભારતના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથે ફાઈનલ સુધી ભાગ લઈ શકયા છે.

રાજય સરકારશ્રીની મંજૂરી મેળવીને તાપી નદીમાં ફેરીબોટની પ્રવૃત્તિ વર્ષોથી ચલાવતા રહ્યા. તાપીમાં આવતી પુર પ્રલયમાં તેઓ જાનની બાજી લગાવીને પણ લોકોની જાનમાલની રક્ષા કરવામાં તરવૈયાની ટીમ સાથે હંમેશા પ્રશાસનની મદદે રહેતા હતાં.

સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટર તરીકે રાંદેરનું વર્ષો સુધી પ્રતિનિધિત્વ કર્યું. સાગર ખેડૂ તરીકે હવામાનની સ્થિતિ, વાતાવરણમાં વાદળો, સૂર્યકિરણોના રંગ, હવાની રૂખના આધારે વરસાદની આગળ સચોટ અને બે–ત્રણ દિવસ આગળથી જ આગાહી કરતાં. જેને કારણે સમગ્ર દક્ષિણ ગુજરાતના ખેડૂતો અને પ્રજામાં ખૂબ જ આદર અને નામના મેળવેલ હતી.

## સ્વ. નરેન્દ્ર એમ. ગાંધી

**જન્મ સ્થળ :** સુરત

**મૃત્યુ તારીખ :** ૨/૮/૨૦૨૦

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** ટી.એન્ડ ટી.વી. હાઈસ્કૂલ, નાનપુરા

વ્યવસાયે વેપારી હોવા છતાં તેઓની રૂચિ રમત ગમત પ્રવૃત્તિઓના આયોજન તેમજ સમાજ સેવા તરફ સવિશેષ રૂચી રહેલ છે. સુરતના આંગણે પ્રથમ વખત યોજાયેલ ઓલ ઈન્ડિયા જીમ્નાસ્ટીકસ સ્પર્ધામાં યુવાન વયે રમતના આયોજન સાથે સ્પર્ધાની નાણાકીય જવાબદારી ઉઠાવીને રમત સાથે કરેલ પ્રથમ જોડાણ પછી જીવન પર્યન્ત પાછળ વળીને જોયુ નથી.

નાની વયે સુરત મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરેમન રહી ચૂકેલ કાર્યકર તરીકે નામના મેળવી હતી. સુરત પીપલ્સ કો. ઓપરેટીવ બેન્કના ચેરમેન તરીકે પણ સેવા બજાવી છે. ભિષ્મ પિતામહ શ્રી જયંત શુકલ અને ગણેશ સેઈલરના યુવા સાથી રહી. સુરત જિલ્લા વે–લિફટીંગ– પાવર લીફટીંગ, જૂડો, વોલીબોલ, સ્વીમીંગ, અથેલેટીકસ જેવી રમતોના મંડળોની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવી આ સંસ્થાઓમાં મંત્રી તરીકેના હોદ્દા ઉપર રહી. જિલ્લા રાજય રાષ્ટ્રીયકક્ષા સ્પર્ધાઓના આયોજન કરી તબકકાવાર ટીમોને તાલીમ આપી ઉપલી કક્ષાએ રમવાને લગતી જટીલ કામગીરી નિભાવી છે.

વે–લીફટીંગ– પાવર લીફટીંગ ખેલાડીઓને તાલીમ આપવાના આશયથી વ્યાયામ શાળાનો વહીવટ વર્ષો સુધી સંભાળી, તેને અદ્યતન સાધનો સાથે આધુનિક બનાવવાની જવાબદારી નિભાવી છે. ૧૯૯૨માં દિલ્હી ખાતે યોજાયેલ એશીયન ગેઈમ સ્પર્ધાની જીમ્નાસ્ટીકસ રમતનાં સ્કોરર તરીકેની જવાબદારી એકલા હાથે બજાવી હતી. યુવાન વયે કોરોના–રોગનો શિકાર બની ઓચિંતી વિદાય લીધી છે.

## શ્રી જયંતકુમાર અમૃતરામ શુકલ

**જન્મ તારીખ :** ૨૮/૬/૧૯૪૫

**જન્મ સ્થળ :** રાંદેર, સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** લોકમાન્ય વિદ્યાલય, રાંદેર, સુરત

વ્યવસાયે વ્યાયામ શિક્ષક હોવાથી સુરતના વિવિધ રમતના ખેલાડીઓને તાલીમ આપી, તેઓને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં મોકલવાની આપની કામગીરીને કારણે સુરતના રમતગમત જગતમાં 'ભિષ્મ પિતા મહ'' તરીકે ખ્યાતી પામ્યા છે.

ટી.એન્ડ ટી.વી. હાઈસ્કૂલ નાનપુરામાં બા–બોલ, વોલીબોલ, જીમ્નાસ્ટીકસ– ટેબલ ટેનીશ, બેડમીંટન, ક્રિકેટ, કુસ્તી જેવી રમતોના ખેલાડીઓને શાળા સમય પછી મોડી રાત સુધી તાલીમો આપીને એક ભેખધારી તરીકે કામગીરી બજાવી છે. જેને કારણે તે દિવસો દરમ્યાન આ રમતની તમામ ટીમો રાજય રાષ્ટ્રીય કક્ષાએ પણ ચેમ્પીયનશીપ હાંસલ કરી શકેલ હતી.

ગુજરાત રાજય જીમ્નાસ્ટીકસ એસો.ના મંત્રી તરીકે વર્ષો સુધી સેવા આપી નેશનલ કક્ષાએ અનેક સ્પર્ધાઓનું આયોજન સુરત ખાતે સફળતાપૂર્વક પાર પાડેલ હતું. આપે એશીયન જીમ્નાસ્ટીકસ ચેમ્પીયન શીપ જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન–૨૦૦૬ના વર્ષે કરી સુરતને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના અપાવી હતી. જીમ્નાસ્ટીક ફેડરેશન ઓફ ઈન્ડિયાના ઉપપ્રમુખ રહી હિરોશીમા–જાપાન–૧૯૯૪ તેમજ મોન્ટ્રીયલ કેનેડા–૧૯૯૪ ના વર્ષે ભારતની ટીમના મેનેજર તરીકે સેવા બજાવી હતી.

## શ્રી નરભેરામ મિસ્ત્રી

**જન્મ તારીખ :** ૨૫/૧૧/૧૯૨૫

**જન્મ સ્થળ :** સુરત

**મૃત્યુ તારીખ :**૩૧/૧૨/૧૯૯૫

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** આઈ. પી. મિશન હાઈસ્કૂલ, સુરત

વ્યવસાયે ફોટોગ્રાફી સાથે જોડાયેલ રહી. યુવા વયથી જ રમતગમત અને સાહિસક પ્રવૃત્તિઓ સાથે આજીવન જોડાયેલ રહ્યા હતાં. તેઓના જીવનમાં પૂ. શ્રી મોટા ના સાહસિકતાના ગુણનો ખૂબ જ પ્રભાવ હતો. સમગ્ર જીવનકાળ દરમ્યાન સ્વીમીંગ અને સાહસિકતા તેઓની પસંદગીની પ્રવૃત્તિ રહી હતી. યુવાઓને તરણપ્રવૃત્તિ સાથે જોડવાના આશયથી તાપી નદી કિનારે 'સ્વીમીંગ એન્ડ બોટીંગ' કલબની સ્થાપના કરી જયાં દર વર્ષે ૧૦૦૦ જેટલા યુવાનોને તરણકળા શીખવવાની ભગીરથ કામગીરી તેઓએ વર્ષો સુધી બજાવી. તાપી નદીમાં આવતી પુર હોનારતમાં આવા યુવા તરણવીરોની ટીમને ધસમસતા પુરમાં વરાછાથી સુરત હોય પુલ સુધી સાહસપૂર્વક તરવાની પ્રવૃત્તિ તાપીપુરમાં કરી યુવાનોને સાહસિક બનાવતા રહ્યાં.

'સરિતા સાગર સંકુલ' ની સ્થાપના પણ તેઓએ કરી અને પ્રથમ નદીના પ્રવાહમાં ત્યારબાદ તરણકુંડમાં યુવાનોને તરણ જાણકારીની પ્રવૃત્તિ કરતાં રહ્યાં.

હરિ ઓમ આશ્રમના સહયોગથી રાજય સરકાર દ્વારા ચોરવાડથી વેરાવળ ૩૬ કિ.મી.ની સમુદ્ર નગર સ્પર્ધા રાષ્ટ્રીય કક્ષાએ શરૂ કરવામાં તેઓનું વિશેષ યોગદાન રહેલ હતું. આજે પણ આ સ્પર્ધાઓ રાજયસરકારશ્રી દ્વારા યોજવામાં આવે છે. સુરત જિલ્લા એકવેટીક એસો.ની ૧૯૭૫માં સ્થાપના કરી. અને હજીરાથી સુરત સુધી (હોપ પુલ) ૧૭

માઈલની તરણ સ્ર્ધાનું આયોજન પણ હરિ ઓમ આશ્રમના સહકારથી વર્ષો સુધી હાથ ધરવામાં આવ્યું.

## શ્રી ઝીણાભાઈ દાજીભાઈ કાપડિયા

**જન્મ તારીખ :** ૭/૧/૧૯૦૧

**જન્મ સ્થળ :** ટીમલા, રાંદેર, સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** પ્રા. શાળા રાંદેર

ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નરેરૂ, મોરારજી દેસાઈના સાનિધ્યમાં રહી સ્વતંત્રતાની ચળવળમાં જોડાયા. જેને માટે પિતાશ્રીનો કાપડનો વેપાર પણ છોડી દીધો હતો.

નર્મદા નદીના મૂળથી મુખ સુધીનો પ્રવાસ સફળતા પૂર્વક પુરો કરેલો, પર્વતારોહણ સંસ્થાના પ્રશિક્ષકશ્રી ધ્રુવકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ હિમાલયના શિખરો ઉપર આરોહણ કરતાં ભારતના વડાપ્રધાન શ્રી નહેરૂ ચાચાએ દિલ્હીમાં તેઓનું સન્માન કરેલ. ચિત્રકાર હોવાને નાતે કુદરતી સૃષ્ટિના વિવિધ સ્કેચો પણ તૈયાર કરેલા.

૮૩ વર્ષની ઉંમરે રાજય સરકારના સહયોગથી પોરબંદરથી ન્યુ દિલ્હી સુધીની દોડ પુરી કરેલ. સાગર ખેડુ તરીકે ટ્રોમ્બેથી ગેટ વે ઓફ ઈન્ડિયા સુધી સાગરમાં તરણ પૂર્ણ કરેલ. સાયકલીસ્ટ તરીકે નાસિક થી મુંબઈ સુધીની સ્પર્ધા પ્રથમ સ્થાને વિજેતા રહેલ. આખા ભારતદેશમાં સાયકલ ઉપર ભ્રમણ કરેલ. પોરબંદરથી રાજસ્થા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, બિહાર, કલકતા, ઓરીસ્સા, આંધ્રપ્રદેશ, પોંડીચેરી, તામીલનાડુ, કેરલ, કર્ણાટક, મહારાષ્ટ્ર પછી ફરી પોરબંદર સુધી મોટી ઉંમરે દોડ કરી યુવાનોમાં પ્રેરણારૂપ રહેલ હતાં.

## શ્રી પંકજભાઈ કાપડિયા

**જન્મ તારીખ :** ૨/૭/૧૯૪૧

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** કે.પી. કોમર્સ કોલેજ, સુરત.

વ્યવસાયે વેપારી હોવા છતાં સુરત જિલ્લાની સેવાભાવી સંસ્થાઓ શૈક્ષણિક સંસ્થાઓ અને રમતગમત મંડળો સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલ છે. ગુજરાત રાજય

જીમ્નાસ્ટીક એસો.ના છેલ્લા ૪૦ થી વધુ વર્ષથી પ્રમુખ સ્થાને છે. રાષ્ટ્રીયકક્ષાએ અનેક સ્પર્ધાઓનું આયોજન સુરતના આંગણે કરી ચૂકયા છે. એશીયન જીમ્નાસ્ટીકસ ચેમ્પીયનશીપ ૨૦૦૬માં આપના નેતૃત્વ હેઠળ સફળતા પૂર્વક આયોજન કરી. સુરત શહેરને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મૂકવાનું શ્રેય પણ આપને જાય છે.

સ્વીમીંગ, કુસ્તી, બોકસીંગ, ટ્રાયપ્લોન, ક્રિકેટ, જૂડો જેવી અન્ય રમતોમાં પણ વર્ષોથી પ્રમુખ સ્થાને રહી અનેક ખેલાડીઓના ભવિષ્ય ઘડતરમાં આપનો ફાળો રહેલ છે.

રમતગમત ક્ષેત્રે આપે બ્રીજની રમતમાં નેશનલ કક્ષાએ અનેક વખત ચેમ્પીયન બની આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ મેડલો મેળવ્યા છે. જેની નોંધ લઈને રાજય સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રનો 'જયદિપસિંહ એવોર્ડ– સિનિયર' એનાયત કરવામાં આવ્યો છે.

આપ ક્રિકેટમાં રણજીત ટ્રોફી સુધી ગુજરાતની ટીમમાં પસંદગી પામ્યા છો. વેપારમાંથી થતી આવકનો મોટો હિસ્સો ગરીબો સેવાભાવી સંસ્થાઓ રમતગમતની સંસ્થાઓને તેઓની પ્રવૃત્તિ પાછળ ખર્ચો છો. નકકી કરેલ દિવસે વર્ષમાં એક વખત સૌને સંસ્થાઓને આમંત્રણ આપી લાખો કરોડો રૂપિયાનું દાન ઘરે બોલાવીને વર્ષોથી આપી રહ્યા છો. દરરોજ સવારે આપના ઘરે આવતા ગરીબ જરૂરીયાત લોકોને હસતે મોઢે નાણાંકીય મદદ કરતા હોય આપ 'ગરીબોનાં બેલી' તરીકે ગરીબોમાં ઓળખાઈ રહ્યા છો.

## શ્રી ગણેશભાઈ રામજીભાઈ સેઈલર

**જન્મ તારીખ :** ૨૨/૦૧/૧૯૫૦

**જન્મ સ્થળ :** રાંદેર, સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામઃ** લોકમાન્ય વિદ્યાલય રાંદેર, પી.ટી. સાયન્સ કોલેજ, સુરત

વ્યવસાયે સરકારી અધિકારી તરીકે નિવૃત થયેલ છે. આપત્તિ સમયે જાનના જોખમે લોકોના જાનમાલની રક્ષા કરવી અને રમતગમત પ્રવૃત્તિ ઓની પસંદગીની પ્રવૃત્તિ રહેલ છે. ૧૯૭૪ના વર્ષે સમગ્ર ગુજરાતમાં થયેલ અતિવૃષ્ટિ દરમ્યાન સાબરમતી નદીમાં આવેલ ઘોડાપુર વખતે ગાંધીનગર નજીકના ગામમાં ફસાયેલ ૫૦ માણસોની બચાવ કામગીરી કરતા સી.આર.પી.એફ.ના જવાનો દ્વારા અકસ્માતે ૬ વ્યકિત ડૂબીને મરણ પામતા, કામગીરી કરવાની અશકિત દર્શાવતા તેઓએ રાંદેર સુરતના ગાંધીનગર ખાતે ફરજ બજાવતા ૫ તરણવીરોના સહારે એકલા હાથે ૩૫ લોકોના જાન બચાવ્યા હતાં. લાયન્સ

કલબ ઓફ ગુજરાત પ્રદેશ દ્વારા માન. રાજયપાલશ્રીના હસ્તે 'કેસરીસિંહ' નું બિરૂદ આપી અમદાવાદ ખાતે ભવ્ય સ્વાગત કરેલ હતું.

સુરત ખાતે આવતા ખાડીપુર દરમ્યાન સતત ત્રણ વર્ષ સુધી સિમાડા, વરાછા, પૂણા વિસ્તારની ખાડીમાં ફસાયેલ હજારો લોકોના જાન બચાવવાની તથા તમામ દિવસો દરમ્યાન પુરથી અલગ પડેલા લાખો લોકોને પાણી, દુધ–ફુડપેકેટ પહોંચાડવાની કામગીરી ૫૦ જેટલા તરવૈયાઓની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડેલ હતી.

૧૯૭૩ થી ૨૦૦૭ના વર્ષો પૈકી ૨૨ વર્ષ સુધી ઓલ ઈન્ડિયા સિવિલ સર્વીસીસ સ્વીમીંગ ચેમ્પીયન શીપમાં ગુજરાતની ટીમના સભ્ય અને કેપ્ટન તરીકે વોટરપોલો અને સ્વીમીંગમાં અનેક મેડલો નેશનલ કક્ષાએ મેળવ્યા છે. સુરત જિલ્લા એકવેટીક એસે.ના ફાઉન્ડર મેમ્બર રહી ૪૫ વર્ષથી તરણકળા સાથે જોડાયેલ છે. હાલમાં પ્રમુખ તરીકે રહી સુરત મહાનગરપાલિકાના સહયોગથી બે તરણકુંડો ખાતે છેલ્લા ૧૨ વર્ષથી ૧૦૦ જેટલા તરણવીરોને તાલીમ આપવાની યોજના તેઓના નેતૃત્વમાં ચલાવવામાં આવી રહી છે. જેને કારણે, એશીયન મેઈન એશીયન ચેમ્પીયન શીપ, કોમન વેલ્થ ગેઈમ, સાફ ગેઈમ તેમજ વર્લ્ડ સ્કૂલ્સ સ્વીમીંગ ચેમ્પીયનશીપમાં સુરતના ૧૨ જેટલા ખેલાડીઓ ભાગ લેવામાં સફળ થયેલ છે. ૨૦૧૯ના વર્ષે ખેલ મહાકુંભની રાજયકક્ષાની સ્વીમીંગ સ્પર્ધામાં એકલા સુરતના ખેલાડીઓએ ૫૯ ગોલ્ડ મેડલ સહિત ૧૨૨ મેડલ જીતીને અંદાજે ૪૦ લાખ જેટલી ઈનામી રકમ જીતી છે.

## શ્રી નવનીતભાઈ ડી. સેલર

**જન્મ તારીખ :** ૧૨/૧/૧૯૬૪

**જન્મ સ્થળ :** રાંદેર, સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** લોકમાન્ય વિદ્યાલય, રાંદેર, નવયુગ આર્ટસ કોલેજ, સુરત

વ્યવસાયે શિક્ષક હોવાથી શિક્ષક સંઘ ગુજરાત તથા સુરતમાં છેલ્લા ૨૫ વર્ષથી પ્રવૃત રહી, શિક્ષકોના પ્રશ્નોને જિલ્લા રાજય સરકાર કક્ષાએ વાચા આપવાની કામગીરી આપ કરી રહ્યા છો.

હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય છો. કોલેજ કાળ દરમ્યાન યુનિવર્સિટી કક્ષાની સ્વીમીંગ રમતની સ્પર્ધાઓમાં વર્ષો સુધી ચેમ્પીયન રહ્યા હતાં.

હાલમાં સ્વીમીંગ–વોલીબોલ–યોગા, કુસ્તી, જુડો, એથલેટીકસ અને અન્ય રમતોના જિલ્લા કક્ષાના મંડળોના મંત્રી/પ્રમુખના હોદ્દા ઉપર રહી રમતગમતના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી રહ્યા છો.

સુરત જિલ્લા વ્યાયામ શિક્ષક સંઘના પ્રમુખ તરીકે વર્ષોથી નિષ્ણાંત વ્યાયામ શિક્ષકોની ટીમ બનાવી ઝોન જિલ્લા રાજય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી વિવિધ રમતની સ્પર્ધાઓના આયોજનની તમામ જવાબદારી નિભાવી રહ્યા છો. વર્લ્ડ માસ્તર સ્વીમીંગ ચેમ્પીયન શીપમાં ૨૦૧૦ના વર્ષે સ્વીડન તેમજ ૨૦૧૪ના વર્ષે કેનેડા ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂકયા છો. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડમાં તપાસ સમિતિના સભ્ય તરીકે સેવા બજાવી હતી. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘમાં પણ સહમંત્રી/મંત્રી તરીકે સેવા બજાવી હતી.

## શ્રી નાથુભાઈ ગણેશભાઈ પહાડે

**જન્મ તારીખ :** ૨૪/૧૦/૧૯૨૨

**જન્મ સ્થળ :** રાંદેર, સુરત

**મૃત્યુ તારીખ :** ૧૦/૫/૧૯૯૮

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામઃ** યુનિયન સ્કૂલ, સુરત

કલાક્ષેત્રમાં કથ્થક તેમજ ભરત નાટયમ નૃત્ય શૈલી પર ઉચું પ્રભુત્વ, એક લોચન ગજેન્દ્ર મોક્ષ જેવી કૃતિઓ, અર્ધનારીશ્વર સરળતાથી રજૂ કરતાં હતાં. સામાજિક સ્વાતંત્ર્ય સેનાની ગાંધી બાપુ સાથે અંગ્રેજ સામેની લડતમાં જોડાયેલા, નૃત્ય દ્વારા સમગ્ર ગુજરાત તેમજ ભારતભરમાં નૃત્ય પ્રયોગો કરી ફંડ ઉભુ કરી દેશ માટે આપ્યું. તેમનો અસંખ્ય શિષ્યો આજે પણ નૃત્ય દ્વારા સમાજમાં યોગદાન આપી રહ્યા છે. મંજીરી ગજીવાળા, બીનાડે ચોખાવાળા પરિવારની દિકરીઓ વગેરે....

## ડો. ચંપકલાલ ઝવેરચંદ શાહ

**જન્મ તારીખ** : ૧૭ મી માર્ચ ૧૯૩૪

**જન્મ સ્થળ** : અમલસાડ

**પિતા** : ઝવેરચંદ શાહ (પ્રાથમિક શાળાનાં શિક્ષક)

**માતા** : નંદકોરબેન

**અભ્યાસ** : બી.એસ.સી., એમ.એડ., પીએચ.ડી., બી.ફિલ. (યુ.કે.)

ધોરણ–૯ થી બી.એસ.સી.ના અભ્યાસ દરમ્યાન કુટુંબની આર્થિક કપરી પરિસ્થિતિમાં નાનપુરાનાં તબીબી શ્રી ડો. બી.બી. ગાંધીના દવાખાનામાં કમ્પાઉન્ડર તરીકે કામ કર્યું.

સ્નાતક થયા પછી તરત તેઓ જે શાળામાં વિદ્યાર્થી હતા તે, તા. અને તુ. વી. સાર્વજનિક હાઈસ્કૂલ નાનપુરામાં શિક્ષક તરીકે કારર્કિદીની શરૂઆત કરી. અને ૩૯ વર્ષ સુધી વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશનમાં અધ્યાપક તેમજ આચાર્ય તરીકે કામગીરી કરી. શિક્ષણ મહાવિદ્યાલયમાં તેમણે બી.એડ. તેમજ એમ.એડ.ની પદવી માટેના અભ્યાસક્રમોમાં 'ભારતીય શિક્ષણના વર્તમાન પ્રશ્નો અને પ્રવાહો' નામનો વિષય સતત શીખવ્યો છે. સને ૧૯૬૪ થી બૃહદ ગુજરાતના શિક્ષકો માટેના માસિક મુખપત્ર 'નૂતનશિક્ષણ' સાથે સંપાદક તરીકે સંકળાય અને સને ૧૯૮૩થી તેના આધતંત્રી સાથે સહતંત્રી તરીકે કામ કર્યું. સને ૧૯૯૩ થી તેમણે સ્વતંત્ર રીતે તે સામયિકનું તંત્રીપદ સંભાળ્યું. દરેક અંકમાં 'પ્રાસંગિક નોંધ' લખી તેમણે તત્કાલીન શિક્ષણ શિક્ષણ સમસ્યાઓની ચર્ચા પણ કરી છે.

સને ૧૯૭૫–૭૬ ના વર્ષ દરમ્યાન કોમનવેલ્થ એજયુકેશન ફેલોશીપ મેળવી બ્રિટનની બર્મિંગહામ યુનિવર્સિટીમાં એજયુકેશન ટેકનોલોજીના વિષયનો અભ્યાસ કરી બી.ફિલ. ની ડિગ્રી મેળવી છે.

એન.સી.ઈ.આર.ટી. ન્યૂ દિલ્હી દ્વારા સમગ્ર ભારતની શિક્ષણ મહાવિદ્યાલયોમાં કામ કરતી શિક્ષકો માટે યોજાતી સેમીનાર રીડીંગ સ્પર્ધામાં ત્રણ વાર ભાગ લીધો છે. ત્રણેય વાર નિબંધોને શ્રેષ્ઠતા પ્રાપ્ત થઈ હતી અને રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કર્યા હતાં.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી તેમને ડોકટરેટની પદવી માટે અભ્યાસ કરવા માંગતા શિક્ષણ વિદ્યાશાખાના અનુસ્નાતક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે માન્યતા મળી છે. તેમણે અત્યાર સુધીમાં ૧૦ વિદ્યાર્થી–શિક્ષકોને પીએચ.ડી. પદવી મેળવવા માટે માર્ગદર્શન આપ્યું છે. તે તમામ પીએચ.ડી.ની પદવી મેળવી ચૂકયા છે. તેમાં નેટવર્ક, મોડેલ્સ ઓફ ટીચીંગ, મેથેટિકસ, શિક્ષણનું અર્થશાસ્ત્ર, કે.એ.બી.સી. ટેસ્ટ, જેવા વિષયો પર સંશોધન હાથ ધરી, માર્ગદર્શન આપી, વિશિષ્ટ ક્ષેત્રે ખેડાણ કર્યું છે. યુ.જી.સી.,

યુનેસ્કો, આગાખાન ફાઉન્ડેશન, ગુજરાત અર્બન ડેવ. બોર્ડ વિગેરે સંસ્થાના સંશોધન–પ્રોજેકટ હાથ ધરી પૂર્ણ કર્યા હતાં.

હાલમાં તેઓ સુરત શહેરમાં જીવનભારતી મંડળ સંચાલિત શાળાઓના અધ્યક્ષ તરીકે સેવા આપે છે. સુરત શહેરમાં ૧૩ જેટલી શિક્ષણ સંસ્થાઓનું સંચાલન કરતી સાર્વજનિક એજયુકેશન સોસાયટીના નેજા હેઠળ ચાલતી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા વિભાગોના માનદ નિયામક રહી ચૂકયા છે. વિશ્વમાં અને ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે જેણે હરણફાળ ભરી છે તે "રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ"ની જે. એચ. અંબાણી શાળાની સ્થાપનાથી તે સંસ્થા માનદ શૈક્ષણિક સલાહકાર નિમાય અને પૂર્વ પ્રાથમિક વિભાગથી ઉચ્ચતર માધ્યમિક વિભાગ સુધી તેમની રાહબરી હેઠળ વિકાસ પામી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તરફથી મળતી માનદ વેતન અને વહીવટી ફીની તમામ રકમ આશરે ૨૫ લાખ રૂપિયા જીવનભારતી મંડળને મળ્યા તેના ઋણરૂપે તેમની આ સેવાનો બિરદાવા માટે જીવનભારતી મંડળે બનાવેલી લાયબ્રેરી અને રિસોર્સ સેન્ટરને ડો. ચંપકલાલ ઝેડ. શાહ લાયબ્રેરી અને રિસોર્સ સેન્ટર નામાભિધાન કર્યું. જેનું ઉદ્દઘાટન ડો. રવિન્દ્ર દવે, પૂર્વ ડાયરેકટર, ઈન્સ્ટીટયુટ ઓફ એજયુ., એ કર્યું. ક્રિભકોની શાળાઓના પણ માનદ નિયમક રહી ચૂકયા છે. જૈન મુનિશ્રી ચંદ્રશેખર વિજયજી સ્થાપિત તપોવન સંસ્કારધામના શાળા વિભાગના તેઓ અધ્યક્ષ પણ છે.

સુરત શહેરમાંથી પ્રગટ થતા દૈનિક 'નવગુજરાત ટાઈમ્સ' માં છેલ્લા ૧૪ વર્ષથી દર સપ્તાહે એક દિવસ 'શિક્ષણચિંતન' નામે કોલમ તેઓ લખે છે. તેમાં છપાયેલું લેખોનું સંકલન કરી 'શિક્ષણચિંતન' નામે પુસ્તક પ્રગટ કર્યુ છે. આ ઉપરાંત બાળકો માટે વિજ્ઞાનના મૂળભૂત ખ્યાલોને સમજાવતી "ઉલ્લાસમય શિક્ષણ"ની કોલમ તેમજ ૨૦મી સદીના વૈજ્ઞાનિકો જેવી કોલમો પણ તેમણે લખી છે અને લખી રહ્યાં છે. સુરત મહાનગરપાલિકા તરફથી "સુરત ઈતિહાસ દર્શન" નામનું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું તેમાં સુરતનો શૈક્ષણિક ઈતિહાસનું લેખન તેમણે કર્યુ છે.

સને ૧૯૯૪માં જયારે તેઓ બી.એડ. કોલેજના આચાર્ય તરીકે નિવૃત્ત થયા ત્યારે રૂપિયા પાંચ લાખ એકવીસ હાજરનો ફાળો એકત્રિત કરી 'ડો. સી.ઝેડ. શાહ એજયુકેશન ટ્રસ્ટ' બનાવ્યું છે. આ ટ્રસ્ટ દ્વારા તેઓ શિક્ષકો માટેના સેવાકાલીન સેવા વિસ્તરણ શિક્ષણ

વર્ગો પણ યોજે છે. આ ઉપરાંત "શ્રેષ્ઠશાળા પુરસ્કાર યોજના" શૈક્ષણિક સહાય, વ્યાખ્યાનમાળા જેવી પ્રવત્તિ પણ આ ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવે છે.

તેમણે ગુજરાત રાજયની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાનું ઝોન કક્ષાએ સંચાલન કર્યું છે તેમજ તેની વિવિધ વિષયોની સમિતિમાં નિષ્ણાંત તરીકે સેવા આપી છે.

આ ઉપરાંત શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થા અંધજન શાળા, જિલ્લા સાક્ષરતા સમિતિ, લાયન્સ કેન્સ ડીરેકશન સેન્ટર, સુરત શહેર શાળા સંચાલક મંડળ, વિદ્યામંદિર સોસાયટી, જીવનજયોત ટ્રસ્ટ, અમરોલી, દ.વી.શ્રોફ જૈન છાત્રાલય, જૈન કન્યા છાત્રાલય, ધી કદમ્બપલ્લી કો. ઓ. સોસાયટી સુરત. વિદ્યાર્થી સંઘ, ગુજરાત ગણિત મંડળ, સુરત જિલ્લા મધ્યસ્થ વિજ્ઞાન મંડળ, ડો. સી.એમ.દેસાઈ એજયુ. ટ્રસ્ટ, ડો. કુસુમબેન દેસાઈ એજયુ. ફંડ, કેન્દ્રીય શાળા વહીવટી સમિતિ સુરત, એન.ટી.પી.સી. જેવી સંસ્થામાં વિવિધ હોદ્દા પર કામ કર્યુ છે અને કરી રહ્યાં છે.

જૈન સોશ્યલ ગ્રુપ (સુરત મેઈન)ની સ્થાપનામાં અગ્રેસર રહ્યા હતાં. જૈન સોશ્યલ ગ્રુપ (સુરત મેઈન) ના પ્રમુખ તરીકે રહ્યાં. જૈન સોશ્યલ ગ્રુપની નવસારી, બીલીમોરા, વલસાડ, અંકલેશ્વર, વાપી તેમજ ભરૂચમાં સ્થાપના કરવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી.

જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનના ટ્રેઝરર તરીકે નિયુકત થયા. તેમના પ્રયાસથી જે.એસ.જી. (સુરત મેઈન)ના નેજા હેઠળ રાહતદરનું સર્વધર્મ હોમયોપેથિક દવાખાનું અને લેબોરેટરી શરૂ થયા અને તેના તેઓ ટ્રસ્ટી રહ્યા. જૈન સોશ્યલ ગ્રુપની વિવિધ પ્રવૃત્તિ જેવી કે અપરણિત મેળા, વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, મેડીકલ કેમ્પ વિગેરેમાં સક્રિય ભાગ લીધો.

પરમ પૂજય પન્યાસ અદારણીય ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબ દ્વારા સ્થપાયેલા અને તેમની નિશ્રામાં ચાલતા "તપોવન" ના તેઓ માનદ નિયામક તરીકે ઘણાં વર્ષોથી સેવા આપતા હતાં.

સુરત શહેરમાં જૈન કન્યા છાત્રાલયની સ્થાપનામાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો અને તેના ટ્રસ્ટી હતાં. આ છાત્રાલયમાં સંખ્યા ઓછી સમાવી શકતા હોવાને કારણે હાલમાં જ નવી બીજી વિશાળ જગ્યામાં ફેરવવા માટેની કાર્યવાહી કરી રહ્યાં હતાં.

જૈન સોશ્યોલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન તરફથી સને ૨૦૦૫ની સાલમાં આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં શૈક્ષણિક ક્ષેત્રનાં પ્રદાન બદલ હૈદરાબાદ ખાતે આંધ્રપ્રદેશના ગર્વનરશ્રી સુશીલકુમાર શીંદેને હસ્તે "શિક્ષણરત્ન" નો એવોર્ડ અપર્ણ કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત દ્વારા સંસ્કાર સંવર્ધન માટેના એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. સુરતના એક મોટા ગજાના કલાકાર શ્રી ઠાકોરભાઈ મિસ્ત્રી દ્વારા "પ્રોટ્રેયટ આર્ટ ગેલેરી" બનાવાનો નિર્ણય થયો છે તેમાં શહેરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓનું તૈલચિત્ર મુકવામાં આવ્યું છે તેમાં પણ તેઓની પસંદગી થઈ હતી.

સને ૨૦૦૬–૦૭માં માહિતી નિયામક, સુરતના અધ્યક્ષપણા દ્વારા પથદર્શક પ્રતિભાનો ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો તેમાં સ્થાન મેળવ્યું.

સને ૨૦૧૦માં "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકેની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા "શિક્ષણ રત્ન એવોર્ડ" અપર્ણ થયો.

## આચાર્યશ્રી ચન્દ્રવદન ચૂનીલાલ શાહ

## (જીવન ભારતીના સ્થાપક, આચાર્ય અને નિયામક)

| | | |
|---|---|---|
| **જન્મ તારીખ** | : | ૨૨ જુલાઈ ૧૯૦૫ |
| **પિતા** | : | શ્રી ચૂનીલાલ ઘેલાભાઈ શાહ |
| **માતા** | : | શ્રીમતી કમળાબેન ચૂનીલાલ શાહ |
| **અભ્યાસ** | : | ટી.એન્ડ ટી.વી. શાળા |
| | | વર્ષ ૧૯૨૬– સ્નાતક– બી.એ.– એમ.ટી.બી.આર્ટસ કોલેજ, સુરત |
| | | (મુંબઈ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર અને ઈતિહાસના વિષય) |
| | | વર્ષ ૧૯૨૮– અનુસ્નાતક– એમ.એ. – એલ્ફિન્સ્ટન કોલેજ, મુંબઈ |
| | | વર્ષ ૧૯૨૯– એલ.એલ.બી.– ગવર્નમેન્ટ લો. કોલેજ, મુંબઈ |
| | | વર્ષ ૧૯૩૦– બી.ટી. – સેકન્ડરી ટ્રેઈનીગ કોલેજ, મુંબઈ |
| | | (અંગ્રેજી ઈતિહાસ અને ગણિતના વિષયો સાથે) |

શિક્ષણમાં વિદ્યાર્થી પોતાની મેળે શીખે તે પ્રક્રિયા (Learning Process) શિક્ષક શીખવે તે કરતા (Teaching Process) વધારે મૂલ્યવાન છે. અવલોકન કરીને વિદ્યાર્થી

જ્ઞાન પ્રાપ્ત કરી તે વિદ્યાર્થી શિક્ષકના કથન કરતા વધારે કિંમતી છે. આથી પ્રવત્તિ દ્વારા વિદ્યાર્થી જે જ્ઞાન મેળવે તે આધારે અસરકારક હોય છે.

– આચાર્યશ્રી ચન્દ્રવદન શાહ (૧૮ એપ્રિલ, ૧૯૮૭)

## ચાંદીવાલા મો. ફારૂક મો. શફી

**જન્મ તારીખ** : ૨૩ જુલાઈ, ૧૯૬૦

**જન્મ સ્થળ** : સુરત, ગુજરાત

- મોરબી ટંકારા મેમણ જમાતના પ્રમુખ
- સુરત મુસ્લિમ એજયુકેશન સોસાયટીના પ્રમુખ
- સુરત અંજુમને ઈસ્લામના પ્રમુખ તરીકે
- WMO (World Meteorological Organization – વિશ્વ હવામાન સંસ્થા) ના છેલ્લા ટર્મના ચૂંટાયેલ સભ્ય
- WMO પ્રાદેશિક મેનેજમેન્ટ કમિટી બોર્ડના ડિરેકટર

## સૈયદ અહમદ સૈયદ હબીબ બગદાદી

**જન્મ તારીખ** : ૨૭/૦૧/૧૯૪૬

**જન્મ સ્થળ** : સુરત, ગુજરાત

**અભ્યાસ** : પ્રાથમિક શિક્ષણ – આઈ.પી. મિશન સ્કુલ
માધ્યમિક શિક્ષણ – એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલ
ગ્રેજયુએશન – સર કે.પી. કોમર્સ કોલેજ

- સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે ૩૫ વર્ષની સેવા
- સેન્ટ્રલ બેંક એમ્પ્લોઈઝ યુનિયન સુરત ગ્રુપ બ્રાન્ચીઝમાં જુદા–જુદા હોદ્દાઓ પર ૨૮ વર્ષની સેવા બજાવી તેમાં ૧૦ વર્ષ સુધી ચેરમેન પદ શોભાવ્યુ
- ગુજરાત રાજયના ઝોનલ સેક્રેટરી તરીકે ૧૦ વર્ષથી કાર્યરત
- સુરત અંજુમને ઈસ્લામમમાં માનદમંત્રી તરીકે ૧૨ વર્ષની સેવા
- ફેડરેશન ઓફ ઓલ બેંક રિટાર્યરીઝ એસોસીએશન, ગુજરાત સ્ટેટના સંગઠન મંત્રી તરીકે છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત
- ધી મુસ્લિમ હોસ્ટેલ ટ્રસ્ટના માનદમંત્રી તરીકે ૧૯૭૩ થી કાર્યરત છે

- સુરત હેલ્થ કેર ફાઉન્ડેશન સંચાલિત બલ્ડ બેંક શરૂ થઈ ત્યારથી ૧૦ વર્ષ સુધી ટ્રસ્ટી તરીકે કાર્યરત
- સેન્ટ્રલ બેંક રિટાયર્ડ એમ્પ્લોઈઝ એસોસીયેશન સુરતના પ્રમુખ
- ધી સુરત ડિસ્ટ્રીકટ મુસ્લિમ એજયુકેશન સોસાયટી જે સુરત શહેરની શૈક્ષણિક સંસ્થા તરીકે ૮૦ વર્ષથી કાર્યરત છે ત્યાં હાલ માનદમંત્રી તરીકે કાર્યરત છે.

## પૂજા નરેશ ચૌત્રઋષિ

**જન્મ તારીખ :** ૨૭/૦૪/૧૯૯૧

**જન્મ સ્થળ :** અમદાવાદ (હાલ સુરત)

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

- પૂજા નરેશ ચૌત્રઋષિ ભારતીય સ્પર્ધાત્મક ટ્રાયથ્લીટ હતા.
- હાલ ભારતીય પ્રથમ મહિલા ટ્રાયથ્લોન કોચ છે.
- પૂજા પ્રથમ ભારતીય ખેલાડી છે, જેને ટ્રાયથ્લોનની રમતમાં એશિયા કક્ષાએ ૧૦ થી વધુ મેડલ જીતેલ છે.
- ત્રણ વખત સાઉથ એશિયન ચેમ્પીયન બનેલ છે.
- વર્ષ ૨૦૦૯માં વર્લ્ડ ટ્રાયથ્લોન ચેમ્પીયનશીપમાં અને વર્ષ ૨૦૧૦માં એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનીધિત્વ કરેલ છે.
- વર્ષ ૨૦૧૯ માં પૂજામાં ઈન્ટરનેશનલ ઓલમપિક કમીટી દ્વારા વિશ્વના પ્રથમ પાંચ High Performance Triathlon Coach તરીકે પસંદગી કરવામાં આવી છે.

## યશ સંજય પાટીલ

**જન્મ તારીખ :** ૨૩/૦૫/૧૯૯૭

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** બી.કોમ.

- યશ સંજય પાટીલ સ્પર્ધાત્મક તરણવીર છે.
- તેઓ હાલ બી.કોમમાં અભ્યાસ કરે છે.

- યશે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી એકવેટીક ચેમ્પિયનશિપ બોયઝ કેટેગરીમાં ૨૦૧૫–૨૦૧૬– ૨૦૧૭– ૨૦૧૮ માં ભાગ લીધો હતો જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિજેતા બની હતી.
- યશે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ ચેમ્પિયન શીપ ૨૦૧૮માં વ્યકિતગત ચેમ્પિયન શીપ મેળવી હતી.
- યશે ૨૦૧૫માં ખેલમહાકુંભ સ્પર્ધામાં એક બ્રોન્ઝ મેળવ્યો હતો તેમજ ૨૦૧૬ ખેલમહાકુંભ સ્પર્ધામાં પણ એક બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમજ ખેલમહાકુંભ ૨૦૧૭માં બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતાં.
- ૨૦૧૮માં બે બ્રોન્ઝ મેડલ અને ૨૦૧૯માં એક બ્રોન્ઝ મેળવ્યો હતો.
- અખિલ ભારતીય શી સ્વામીંગ ચેમ્પિયન શીપ ૨૦૧૫–૨૦૧૬માં બીજા સ્થાન પર આવ્યા હતાં.
- ૨૯ મી વીર સાવરકર ઓલ ઈન્ડિયા શી સ્વીમીંગ ચેમ્પિયન શીપ ૨૦૧૬માં ઓલ ઈન્ડિયામાંથી ૭ મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

## આશના નિખીલ ચેવલી

**જન્મ તારીખ** : ૨૭/૧૧/૨૦૦૧

**જન્મ સ્થળ** : સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** ગર્લ્સ પોલીટેકનીકલ કોલેજ, સુરત

- આશના નિખીલ ચેવલી સ્પર્ધાત્મક ડાઈવીંગ પ્લેયર છે.
- તેઓ ગર્લ્સ પોલીટેકનીકલ કોલેજ, સુરત ખાતે અભ્યાસ કરે છે.
- તેમણે ૧ ઈન્ટરનેશનલ અને ૧૩ નેશનલ ડાઈવીંગ સ્પર્ધામાં ભાગ લીધો છે અને ૪ ગોલ્ડ, ૮ સીલ્વર અને ૮ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.
- તેમણે ૧૦ મી એજ ગૃપ એકવેટિક ચેમ્પિયન શીપ ૨૦૧૯માં ભાગ લઈ વિજય પ્રાપ્ત કરી છે.
- ૨૦૧૯ માં ૩૬ મી જુનિયર નેશનલ સ્પર્ધામાં ૧ મીટર સ્પ્રીન્ગ બોર્ડમાં ગોલ્ડ, ૩ મીટર સ્પીન્ગ બોર્ડમાં સીલ્વર અને હાઈ બોર્ડમાં સીલ્વર મેડળ મેળવ્યો છે.

- ૩૫ મી જુનિયર નેશનલ ચેમ્પિયન શીપ ૨૦૧૮માં હાઈ બોર્ડમાં ગોલ્ડ, ૧ મીટર સ્પ્રીન્ગ બોર્ડમાં સિલ્વર અને ૩ મીટર સ્પ્રીન્ગ બોર્ડમાં સીલ્વર મેળવ્યો હતો.
- ૨૦૧૮માં સ્કુલ નેશનલ ગેમમાં ૧ મીટર સ્પ્રીન્ગ બોર્ડમાં સીલ્વર, ૩ મીટર સ્પ્રીન્ગ બોર્ડમાં સીલ્વર અને હાઈ બોર્ડમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતાં.
- Tashkent મુકામે ૯મી એશિયન એજ ગૃપ એકવેટિક ચેમ્પિયન શીપ ૨૦૧૭માં ભાગ લીધો હતો. ૨૦૧૭માં જ તેમણે ગુજરાતની પહેલી ડાઈવીંગ ચેમ્પિયન શીપ પ્રાપ્ત કરી હતી.
- ૩૪ મી સબ જુનિયર એકવેટિક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.
- તેઓ ડાઈવીંગમાં નેશનલ ચેમ્પિયન પણ બન્યા હતાં.
- તેમણે ૨૦૧૬માં રાજકોટ ખાતે યોજાયેલ નેશનલ સ્કુલ ગેમમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.
- ૨૦૧૬માં કલકતા ખાતે યોજાયેલ નેશનલ ગેમ્સમાં બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતાં.

## મોનિકા મુકેશ નાગપુરે

**જન્મ તારીખ :** ૨૩/૦૧/૨૦૦૦

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** ઉધના સીટીઝન કોમર્સ કોલેજ, સુરત

- મોનિકા મુકેશ નાગપુરે ભારતીય સ્પર્ધાત્મક ટ્રાયથ્લીટ છે.
- મોનિકા આંતર રાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધામાં ઘણા ચંદ્રક મેળવેલ છે.
- તેમણે ૨૦૧૯માં પોખરા નેપાળ ખાતે યોજાયેલ NTT ASTC સાઉથ એશિયન ટ્રાયલથોન ચેમ્પિયન શીપમાં સીલ્વર મેડલ મેળવ્યો હતો.
- ૨૦૧૭ માં પુળે મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ નેશનલ એકવાથોન ચેમ્પિયન શીપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો અને નેશનલ ટ્રાયલથોનમાં પણ ગોલ્ડ મેળવ્યો હતો.
- તેમણે ૨૦૨૦માં ચેન્નઈ તમિલનાડુ ખાતે યોજાયેલ સિનિયર નેશનલ ટ્રાયલથોન ચેમ્પિયન શીપમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

- તેમણે ૨૦૧૯માં થિરુવન્તપુરમ કેરાલા ખાતે યોજાયેલ જુનિયર નેશનલ ટ્રાયલથોન ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.
- તેમણે ૨૦૧૮માં વિશાખાપટ્નમ, આંધ્રપ્રદેશ ખાતે યોજાયેલ સ્પર્ધા સિનિયર નેશનલ ટ્રાયલથોન ચેમ્પિયન શીપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

## હર્ષલ વિનોદ સારંગ

**જન્મ તારીખ** : ૨૨/૦૧/૨૦૦૦

**જન્મ સ્થળ** : સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** આઈ.એમ. ટેકરાવાલા હાઈસ્કૂલ

- હર્ષલ વિનોદ સારંગ સ્પર્ધાત્મક તરણવીર છે.
- તેઓ હાલ આઈ.એન. ટેકરાવાલા હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે.
- તેમણે ૨૦૨૦માં ઓડિશા ભુવનેશ્વર ખાતે યોજાયેલ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમમાં ત્રણ સીલ્વર મેડલ મેળવ્યા હતાં.
- તેમણે દિલ્હી ખાતે યોજાયેલ ૨૦૧૭ ખેલો ઈન્ડિયામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.
- ૨૬ મી જાન્યુઆરીના રોજ કલેકટર દ્વારા સન્માનિત થયેલ છે
- ૨૦૧૮ માં દમણ ખાતે યોજાયેલ દરિયાઈ તરણ સ્પર્ધામાં તેઓ પ્રથમક્રમે રહ્યા હતાં.
- ૨૦૧૮માં રાજકોટ ખાતે યોજાયેલ ૬૦ મી સ્ટેટ સિનિયર એકવેટિક ચેમ્પિયન શીપમાં તેમણે ૬ ગોલ્ડ મેડલ અને એક સિલ્વર મેડલ મેળવ્યા હતાં.
- ૨૦૧૮ માં વડોદરા ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ સ્પર્ધામાં ૨ ગોલ્ડ મેડલ અને ૩ સિલ્વર મેડલ મેળવ્યા હતાં.
- રાજકોટ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૯ માં તેમણે ૪ ગોલ્ડ મેડલ અને ૧ સિલ્વર મેડલ મેળવ્યા હતાં.
- તેમણે ઓપન શી સ્વિમિંગ કોમ્પિટિશન મહારાષ્ટ્ર ૨૦૧૭ માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.
- સુરત ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૯માં તેમણે ૫ ગોલ્ડ મેડલ મેળવ્યા હતાં.

## ડોલ્ફી બકુલ સારંગ

**જન્મ તારીખ :** ૦૪/૧૨/૨૦૦૧

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** બી.એ. (એમ.ટી. બી. આર્ટસ કોલેજ)

- ડોલ્ફી બકુલ સારંગ સ્પર્ધાત્મક તરણવીર છે.
- તેઓ હાલ એમ.ટી.આર્ટસ કોલેજમાં એફ.વાય.બી.એ.નો અભ્યાસ કરે છે.
- તેમણે ૫૯મી નેશનલ ગેમ્સ ૪ × ૧૦૦ મીટર રીલેમાં સિલ્વર મેડલ મેળવ્યો છે.
- તેમણે ૬૦ મી નેશનલ ગેમ્સમાં બે સિલ્વર મેડલ મેળવ્યા હતાં.
- ૬૨ મી નેશનલ ગેમ્સમાં ૧ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતાં.
- ૨૦૧૭માં ખેલ ઈન્ડિયા સ્પર્ધામાં બે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતાં.
- તેમણે ૨૦૧૮ માં ખેલ ઈન્ડિયા સ્પર્ધામાં એક બ્રોન્ઝ મેળવ્યા હતાં.
- તેમણે ૨૦૧૯ માં ખેલ ઈન્ડિયા સ્પર્ધામાં પણ એક બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતાં.
- ખેલ ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ ૨૦૨૦ માં તેમણે ૫૦ મીટર બટરફલાયમાં એક બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.
- વીર સાવરકર ઓલ ઈન્ડિયા શી સ્વિમિંગમાં પણ તેમણે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.
- ગુજરાત સરકાર દ્વારા યુ.એસ.એ. માં ૩ મહિનાની ટ્રેનિંગ મેળવી હતી.
- રાજયના મુખ્યમંત્રીના હસ્તે તેમનું સન્માન થયેલ છે.

## ભાર્ગવ ચિરાગ સેઈલર

**જન્મ તારીખ :** ૧૯/૦૯/૧૯૯૯

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એમ.એસસી. આઈ.ટી. (સુરત)

- ભાર્ગવ ચિરાગ સેઈલર સ્પર્ધાત્મક તરણવીર છે.
- તેઓ હાલ એમ.એસસી. આઈ.ટી. (સુરત) ખાતે અભ્યાસ કરે છે.
- તેમણે ઓડિશા, ભુવનેશ્વર ખાતે યોજાયેલ પ્રથમ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ ૨૦૨૦ માં બે બ્રોન્ઝ મેડલ અને એક સિલ્વર મેડલ મેળવ્યો હતો.

- ✸ તેમણે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ૨૦૧૯–૨૦૨૦ એલ.પી.યુ. પંજાબ ખાતે બે બ્રોન્ઝ અને એક સિલ્વર મેડલ મેળવ્યો હતો.
- ✸ બેંગ્લોર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ૨૦૧૮–૧૯માં તેમણે એક બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.
- ✸ તેમણે ૨૦૧૮ માં ગુજરાત રાજયમાં ૧૦૦ મીટર બટર ફલાયમાં રેકોર્ડ બનાવ્યો હતો.
- ✸ તેમણે ૨૦૧૮ ખેલ મહાકુંભ સ્પર્ધામાં ૫ ગોલ્ડ મેડલ મેળવ્યા હતાં.
- ✸ જાલંધર, ઈન્ટર યુનિવર્સિટી એકવેટિક ચેમ્પિયન શીપ સ્પર્ધામાં મીડરીલે સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ટીમને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. જે ટીમમાં ભાર્ગવ સેઈલર સામેલ હતાં.

## જુહી હિતેન્દ્રકુમાર કંથારીયા

**જન્મ તારીખ :** ૨૪/૦૭/૨૦૦૨

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** બી.કોમ.

- ✸ જુહી હિતેન્દ્રકુમાર કંથારીયા સાયકલિંગ સ્પર્ધક છે.
- ✸ તેઓ હાલ બી.કોમ.માં અભ્યાસ કરે છે.
- ✸ તેમણે ગાંધીનગર ખાતે યોજાયેલ સ્પર્ધા ગુજરાત રાજય રોડ સાયકલિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો અને નેશનલ ગેમ માટે પસંદગી પામ્યા હતાં. તેમજ ૨૦૧૬–૧૭–૧૮–૧૯– ૨૦ નેશનલ ગેમમાં પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ✸ તેમણે ગુજરાત રાજય રોડ સાયકલિંગ સ્પર્ધામાં ૨૦૧૬માં જુનાગઢ ખાતે પ્રથમ ક્રમ, ૨૦૧૭માં રાજકોટ ખાતે ત્રીજો ક્રમ, ૨૦૧૮ માં મહેસાણા ખાતે બીજો ક્રમ, ૨૦૧૯ માં જુનાગઢ ખાતે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.
- ✸ તેમણે ૧૩ મી નેશનલ ચેમ્પિયન શીપ સ્પર્ધા ૨૦૧૬, ૧૫ મી નેશનલ ચેમ્પિયન શીપ સ્પર્ધા ૨૦૧૮–૧૯ અને ૧૬ મી નેશનલ ચેમ્પિયન શીપ સ્પર્ધા ૨૦૧૯–૨૦ માં ગુજરાત રાજય તરફથી નેશનલ ગેમમાં પ્રતિનિધિત્વ કર્યું હતું.

## અંશુલ કેતન કોઠારી

**જન્મ તારીખ :** ૧૭/૧૨/૧૯૮૯

**જન્મ સ્થળ :** મુંબઈ, મહારાષ્ટ્ર, હાલ સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એસ.વી.એન.આઈ.ટી. (સુરત)

- અંશુલ કેતન કોઠારી ભારતીય સ્પર્ધાત્મક તરણવીર છે.
- તે હાલ સુરતનો રહેવાસી છે.
- અંશુલે ૨૦૧૦, કોમનવેલ્થ ગેમ્સ, ૨૦૧૦ એશિયન ગેમ્સ, ૨૦૧૪ એશિયન ગેમ્સ અને ૨૦૧૮ એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે.
- તેમણે એસ.વી.એન.આઈ.ટી. સુરત ખાતે અભ્યાસ કરેલ છે.

## ચૈતન્ય હિતેન્દ્રકુમાર કંથારીયા

**જન્મ તારીખ :** ૨૮/૧૨/૧૯૯૮

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એમ.એસસી. આઈ.ટી. (સુરત)

- ચૈતન્ય હિતેન્દ્રકુમાર કંથારીયા સ્પર્ધાત્મક ટ્રાયથ્લીટ છે.
- તેઓ હાલ એમ.એસસી. આઈ.ટી. (સુરત) ખાતે અભ્યાસ કરે છે.
- તેમણે નેશનલ સાયકલિંગ સ્પર્ધામાં ૬ મેડલ, નેશનલ તરણ સ્પર્ધામાં ૪ મેડલ, નેશનલ ટ્રાયથ્લોન સ્પર્ધામાં ૩ મેડલ મળીને નેશનલમાં કુલ ૧૩ મેડલ મેળવ્યા હતાં.
- તેમણે જી.એન. ડી. યુનિવર્સિટી અમૃતસર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી નેશનલ રોડ સાયકલિંગ સ્પર્ધામાં વર્ષ ૨૦૧૬–૧૭ માં ભાગ લીધેલ હતો. તેમજ ૨૦૧૮માં રાજસ્થાનમાં ભાગ લીધેલ હતો.
- સ્કુલ ગેમ સ્પર્ધામાં તેમણે સાયકલિંગ સ્પર્ધામાં ૪ નેશનલ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતાં.
- આ ઉપરાંત તેમણે તરણ સ્પર્ધામાં પણ ૨૦૧૨–૧૩–૧૫ માં નેશનલ પોલો સ્પર્ધામાં ભાગ લીધેલ છે.
- તેમણે રાજયકક્ષાએ તરણ સ્પર્ધામાં ૪ મેડલ પ્રાપ્ત કર્યા હતાં.

## દિક્ષી હેમલભાઈ સેઈલર

**જન્મ તારીખ :** ૨૦/૦૧/૨૦૦૨

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એલ.પી. સવાણી સ્કૂલ

- 3rd National Rural Games 2013-14 (Gold) Haryana
- 1st South Asian Youth Judo Champion Ship 2014 (Gold) Bhutan
- 62th SGFI U-17 (Telangana) (Second)
- 64th SGFI (Gujarat) National U-17 (Gold)
- Khelo India (Pune), Maharastra (Third)
- Common Wealth Cadats Judo Championship (2019) at Walsali (U.K.) (Bronze)
- 65th National SGFI U-19 (Delhi) (Third)
- Junior National Judo Championship 2019-2020 (Luchnow) (Third)

## શિવ હેમલભાઈ સેઈલર

**જન્મ તારીખ :** ૧૪/૦૧/૨૦૦૫

**જન્મ સ્થળ :** સુરત

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એલ.પી. સવાણી સ્કૂલ

- Khelo India (Jaipur) 2017 (Bronze)
- School Games National (Delhi) 2017 (Silver)
- Sub-Junior National (Himachalpradesh) 2018 (Bronze)
- Common Wealth Champion Ship (Bhopal) Gold (2018)
- Common Wealth Champion Ship (International) (Jaipur) Gold
- Sub Junior National (Manipur) (2019) (Gold)
- School Games (Gujarat) National (2019) (Gold)

## સકસેના ઔમ જયકુમાર

**જન્મ તારીખ** : ૧૪/૦૬/૧૯૯૮

**જન્મ સ્થળ** : ફરીદાબાદ, હરીયાણા

**અભ્યાસ કરેલ સંસ્થાનું નામ :** એમ.ટી.બી. આર્ટસ કોલેજ

- Oum Saxena is a national Swimmer and he participate 3 International
  1. Pacific School games Australia
  2. Asian School Games Indonesia
  3. World School Games Turkey
- He got the title of best swimmer in 2014 Junior state, 2018 Senior State, 2019 Senior State
- Oum got 13 national medals in Junior International university and Khelo India University games
- Gujarat government had sponsor OUM and Start his to USA for practice in 2019
- Oum has also broke some states record and also hawing some records till now

## ચૂનીલાલ ઘેલાભાઈ શાહ

**જન્મ તારીખ** : ૫/૫/૧૮૬૬

**મૃત્યુ તારીખ** : ૨૩/૧૦/૧૯૧૮

શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે સંગીન છતાં સસ્તું માધ્યમિક શિક્ષણ મળે એ ઉમદા હેતુથી તેમણે અન્ય ત્રણ બિનઅનુભવી અંડર ગ્રેજયુએટો સાથે મળીને તા.૭/૬/૧૮૮૮ના રોજ શિક્ષણનો પ્રારંભ કર્યો. ઈ.સ. ૧૮૮૩માં તેમણે મેટ્રિકની પરીક્ષા બીજા પ્રયાસે પસાર કરી. ઉચ્ચ કેળવણી માટે વડોદરા ગયા. ૧૮૮૮માં તેઓ પ્રીવિયસ પરીક્ષામાં પાસ થયા, પરંતુ તેમણે અભ્યાસ છોડવો પડયો હતો. તેમણે અને તેમના મિત્રોએ ભેગા મળીને જે સ્કૂલ ચાલુ કરી હતી તેની તમામ જવાબદારી ચૂનીલાલ શાહ પર આવી ગઈ હતી.

૧૯૧૧માં તેમણે દરખાસ્ત મૂકી કે શહેરના બુધ્ધિમાન નાગરિકો આગળ આવી પૂનાના ડેકકન એજયુકેશન સોસાયટીના ધોરણે પ્રજાકીય મંડળ રચે તો તેને પોતે આ શાળાનો હવાલો સોંપી દેવા તૈયાર છે. આ દરખાસ્ત સ્વીકારાઈ અને સાર્વજનિક એજયુકેશન સોસાયટીની સ્થાપના થઈ. તેમાં તેઓ મંત્રી બન્યા. તેમણે કોઈપણ જાતના વળતરની આશા વિના એ શાળા સોસાયટીને સોંપી દીધી. ૧૯૧૮માં કોલેજો પણ ખુલ્લી મુકાઈ. તેમને "કૈસરે હિંદ" નો ચંદ્રક એનાયત થયો હતો. સુરતના નગીનચંદ હોલમાં તેમનું સુંદર તૈલચિત્ર મુકાયું હતું.

## ઈશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ

**જન્મ વર્ષ** : ૧૮૬૯

ખાનસાહેબે અનેક ઈનામો અને શિષ્યવૃત્તિઓ મેળવીને તેમની શૈક્ષણિક કારકિર્દી ઘડી હતી. ૧૮૮૯માં તેમણે એલ્ફિન્સ્ટન કોલેજમાંથી અંગ્રેજી અને ફારસી વિષયો સાથે બી.એ.ની પરીક્ષા પસાર કરી. આ ઉપરાંત તેમનો સંસ્કૃત અને ગુજરાતી ભાષા પર સારો કાબૂ હતો.

તેમણે જેકીસનદાસની ખાલી પડેલી જગ્યાએ નોકરી સ્વીકારી હતી. તેમણે આચાર્ય બનવાની તક જતી કરીને ચૂનીલાલ શાહને ટેકો આપ્યો હતો. ખાનસાહેબની દેખરેખ હેઠળ શાળાની પ્રગતિ થતી રહી. ભરતિયા શેઠની ઉદાર સખાવતથી 'ભરતિયા બ્લોક"નું બાંધકામ શરૂ થયું. ૧૯૨૭ માં સરકારે એમને "રાવસાહેબ"નો ઈલ્કાબ પણ આપ્યો. તેમણે સુરત મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડમાં કેળવણીના નિષ્ણાંત તરીકે પણ સેવા આપી. ૧૯૩૧ ના જૂન માસમાં શાળાના આચાર્ય પદેથી નિવૃત થયા. ખાનસાહેબ "સાહિત્ય રત્ન" ના નામથી પ્રસિધ્ધ થયેલા ગદ્યપદ્ય સંગ્રહના સંપાદક તરીકે જાણીતા બન્યા હતાં. " Hints on the study of Gujarati" અને "Easy English Unseen" પુસ્તકો વિદ્યાર્થીઓમાં જાણીતા અને માનીતા બન્યા હતાં.

## બ્રિજરત્નલાલ જમનાદાસ અકકડ

**જન્મ વર્ષ** : ૧૮૮૯

બ્રિજરત્નલાલ એ ૧૯૦૮ માં સાર્વજનિક હાઈસ્કૂલમાં જ ઉચ્ચ ગુણાંક મેળવી મેટ્રિકની પરીક્ષા પસાર કરી. ઈ.સ.૧૯૧૩ માં તેઓ અંગ્રેજી તથા સંસ્કૃતના વિષયો સાથે બી.એ. થયા અને બીજે જ વર્ષ સાર્વજનિક હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા.

ઈ.સ.૧૯૨૭માં ઝવેરી જૈન હાઈસ્કૂલનો વહીવટ સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ હાથ ધરતાં એ શાળાના પ્રથમ આચાર્ય તરીકે એમની નિમણૂંક થઈ હતી. તેમની નિમણૂંક મુંબઈ યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે પણ થઈ હતી. તેમણે ૪ વર્ષ સુધી સાર્વજનિક એજયુકેશન સોસાયટીના માનદમંત્રી તરીકે પણ સેવા બજાવી હતી. શાળામાંથી નિવૃત થયા બાદ તેઓ સિંધિયા વિમા કંપની સાથે જોડાયેલા રહ્યા હતાં.

## શ્રી જનાર્દન રામચંદ્ર જોગળેકર

**જન્મનું વર્ષ** : ૧૯૦૯

જોગળેકર સાર્વજનિક હાઈસ્કૂલમાં મુખ્ય શિક્ષક તરીકે નિમાયેલા. ઈ.સ.૧૯૧૩માં તેઓ બી.એ. થયા. ઈ.સ.૧૯૧૬માં તેઓ ઈતિહાસ સાથે એમ.એ. થયા. તેજ વર્ષે મદદનીશ શિક્ષક તરીકે શાળામાં જોડાયા. એમના કાર્યકાળમાં "ભરતિયા બ્લોક" અને "વ્યાસ બ્લોક" ને જોડતી પાંખ અસ્તિત્વમાં આવી. તેમણે એક કાર્યક્રમ નિમિતે ફાળો ઉઘરાવવાનું કાર્ય કર્યુ હતું. ત્યારે તેમણે ૩૦,૦૦૦ જેટલી તે જમાનામાં માતબર ગણાતી રકમ એકત્ર કરી. શ્રી જોગળેકરે ઈ.સ.૧૯૧૪ થી ૧૯૧૮ સુધી સાર્વજનિક એજયુકેશન સોસાયટીના માનદમંત્રી તરીકે કામ કર્યું. હિન્દુસ્તાન બાળવીર સંઘની સ્થાપના થઈ ત્યારથી જ તેઓએ એના આસિસ્ટન્ટ ડિસ્ટ્રિકટ કમિશ્નર તરીકેની જવાબદારી સંભાળી હતી. ઈ.સ.૧૯૫૨ માં તેઓ નિવૃત થયા.

## શ્રી કૃષ્ણલાલ ત્રિભુવનદાસ શેઠ

**મૃત્યુ વર્ષ** : ૧૯૮૦

તેમણે સાર્વજનિક શાળામાંથી ઈ.સ.૧૯૧૯માં મેટ્રિકમાં પાસ કરી બી.એ., બી.ટી.ની ઉપાધિયો પ્રાપ્ત કરી એજયુકેશન સોસાયટીની વિવિધ શાળાઓમાં શિક્ષક તરીકેની સેવા આપી હતી. તેમણે ઈ.સ.૧૯૨૫ થી ૧૯૩૫ સુધી શિક્ષક તરીકે આ શાળામાં

સેવા આપી હતી. તેઓ ઈતિહાસ– ભૂગોળ અને અંગ્રેજી જેવા વિષયો પર સારું પ્રભુત્વ ધરાવતા હતાં. તેમણે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની શાળા સમિતિના મંત્રી તરીકે લાંબો વખત કામગીરી બજાવી. ઈ.સ.૧૯૬૧–૬૨ ના વર્ષમાં આચાર્ય મંડળને ઉપક્રમે યોજાયેલા સમાજવિદ્યાના પ્રદર્શનની સફળતા એમની આયોજનશકિતને આભારી હતી. તેમના કાર્યકાળમાં શાળામાં ટેકનિકલ શિક્ષણ તેમજ વિજ્ઞાન કલબનો પણ પ્રારંભ થયો હતો.

## સ્વ. શ્રી રમણિકલાલ મણિભાઈ દેસાઈ

કર્મયોગી શ્રી દેસાઈ સાહેબ ઈ.સ.૧૯૩૦ માં અંગ્રેજી (ઓનર્સ) અને ગુજરાતી સાથે બી.એ. થયા હતાં. એમ.ટી.બી. કોલેજના ફેલો તરીકે કામગીરી બજાવી. તેમણે બે વર્ષ પછી એમ.એ. અને ઈ.સ.૧૯૩૭માં બી.ટી.ની ઉપાધિઓ પ્રાપ્ત કરી હતી. ઈ.સ.૧૯૪૪ માં તેમને સિલેકશન ગ્રેડ પ્રાપ્ત થયો. ઈ.સ.૧૯૬૨ થી ૧૯૭૦ સુધી આચાર્ય તરીકેની યશસ્વી કામગીરી બજાવી. તેમના કાર્યકાળમાં જ શાળામાં અંગ્રેજી માધ્યમના વર્ગો શરૂ થયાં. આ વિભાગને વિકસાવવામાં અને સ્થિર બનાવવામાં તેમનો મોટો ફાળો રહ્યો. તેઓએ અંગ્રેજી ઉપરાંત વિજ્ઞાન કલબ જેવી શિક્ષણેત્તર પ્રવત્તિઓમાં પણ જીવંત રસ લેતાં.

## શ્રી સુરેન્દ્રરાય મગનલાલ દેસાઈ

તા.૧/૭/૭૭ થી ૧૫/૧૦/૭૯ સુધી આચાર્ય પદ શોભાવ્યું હતું. તેમનો જન્મ સુરત જિલ્લાના ગામે થયો હતો. મેટ્રિકના અભ્યાસ બાદ તેમણે બી.એ. (ઓનર્સ), એમ.એ. બી.ટી. (બીજો વર્ગ) ઉપરાંત કોવિદ અને વિનીત (આચાર્ય)ની પદવી મેળવી હતી. ઈ.સ.૧૯૪૩માં વ્યારા હાઈસ્કૂલમાં અંગ્રેજી અને ગુજરાતીના શિક્ષક તરીકે જોડાઈ દસ વર્ષ સુધી કામગીરી બજાવી હતી. શ્રી દેસાઈ સાહેબે અંગ્રેજી તેમજ ગુજરાતી વ્યાકરણ શીખવવાના કપરા અને કઠિન કામને સરળ બનાવી આપતા પાઠયપુસ્તકોની શ્રેણી પણ તૈયાર કરી હતી. શ્રી દેસાઈ સાહેબનો ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી ઉપરનો કાબૂ સર્વવિદિત છે, તેમની અસ્ખલિત વાગ્ધારા વાકયટૂતા ભૂલી ભૂલાય તેમ નથી. તેઓ કહેવતો અને મુહાવરાઓના આદમી છે. અનેકાનેક, વકતૃત્વ સ્પર્ધાઓ, નાટય સ્પર્ધાઓ કે સંગીત સ્પર્ધાઓમાં તેમણે માર્ગદર્શક તરીકે યા નિર્ણાયક તરીકે યા અધ્યક્ષ તરીકે સેવા આપી જ હોય.

# સ્વ. શ્રી કૃષ્ણકાંત ઝીણાભાઈ દલાલ

**જન્મ તારીખ :** ૨૬/૯/૨૦

પોતાની ફરજ બજાવતા અવસાન પામ્યા હોય તેવા આ શાળાના બહુ ઓછા શિક્ષકોમાં બ્લકે એક માત્ર આચાર્ય તરીકે સ્વ.શ્રી કે. જે. દલાલનો સમાવેશ થાય છે. બી.એસ.સી.ની પદવી મેળવ્યા બાદ ઈ.સ.૧૯૫૬માં તેમણે વડોદરાની એમ.એસ.યુનિ.માંથી બી.ટી. (પ્રથમ વર્ગ)ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. ઈ.સ.૧૯૬૪ના જૂનમાં શ્રી દલાલ શિક્ષક તરીકે નિમાયા. ત્યારપછી તેમનો આ શાળા સાથે મૃત્યુપર્યંત નાતો રહ્યો હતો. તેમણે એમ.એસ. યુનિ. માંથી એમ.એડ.ની પદવી મેળવી હતી. તેમની ગણિત અને વિજ્ઞાન ઉપરનું પ્રભુત્વ અસાધારણ હતું. તેઓ મળતાવડા અને હસમુખા આદમી હતાં. તેમની નિખાલસતા અને સુઘડતા માટે તેઓ હંમેશા યાદ રહેશે.

વી.ટી. ચોકસી હરિપરા હાઈકૂિલમાં અને ત્યાર પછી થોડો વખત બાલાજી ગર્લ્સ હાઈસ્કૂલમાં સેવાઓ આપી હતી.

# શ્રી પ્રાણજીવન રાજા

**જન્મનું વર્ષ :** ૧૮૨૫

**મૃત્યુ વર્ષ :** ૧૮૯૮

રહીઆ સોનીના ચકલામાં રહેતા રાજારામને ત્યાં પ્રાણજીવનનો જન્મ થયો હતો. તેમને બચપણથી જ લાઠી ચલાવવાનો શોખ હતો. તેઓ અખાડામાં જઈ ૨૦૦ બેઠક કરતા હતાં. ચૂડગરનો ધંધો કરતા પ્રાણજીવન રોજ દશ શેર દૂધ પી જતા હતા અને અઢી શેર મલાઈ ઉડાવી જતા હતા. તે સમયે પઠાણોનો ત્રાસ ખૂબ જ હતો. તેઓ ધોળે દિવસે દુકાનો લૂંટતા અને મારઝૂડ કરતા હતાં.

તેમની દિકરીના લગ્ન હતા, તે દિવસે પઠાણો આવી ચડયા હતાં. તેઓ હાથમાં કડિયારી ડાંગ લઈને નીકળી પડયા હતાં. ઘાયલ થયેલ પઠાણોને તેઓએ પોલીસને સોંપી દીધા હતાં. તે સમયના સુરતના કલેકટર લેલી સાહેબે તેમની કદર કરી હતી. તેમના પરાક્રમને કારણે તેઓ "પ્રાણજીવન રાજા" ના હુલામણા નામથી પ્રખ્યાત થયા હતાં.

## શ્રી દાદાભાઈ પાંડિયા

**જન્મનું વર્ષ** : ૧૮૫૪

**મૃત્યુ વર્ષ** : ૧૮૮૯

દોરાબજી પાંડિયાને ત્યાં જન્મેલ દાદાભાઈ તેમના સમયના અઠંગ, કસરત બાજ, તરવૈયા અને તરણીવીર હતાં. એવું કહેવામાં આવે છે કે હાથપગ બાંધી, ગુણમાં લપેટી તેમને ઉંડા પાણીમાં નાંખવામાં આવે, તો પણ તે હાથપગ છૂટા કરી કોથળો ચોરી, તરીને બહાર આવતા હતાં.

સુરત સુધરાઈના બંબાખાતામાં રૂા.૩૦ના પગારે નોકરી કરતા દાદાભાઈએ આગ લાગી હોય, ત્યારે ઘણાના જાન અને સંપત્તિ બચાવી હતી. ૧૮૮૩ની ભયંકર રેલ વખતે, એમણે કલાકો સુધી પાણીમાં તરીને ૧૦૬ માણસોના જીવ બચાવ્યા હતા. તેમની યાદમાં સુરત સુધરાઈએ મકાઈ પુલ પર આવેલ તરણકુંડને તેમનું નામ આપી જીવંત રાખી છે.

## ઉસ્તાદ બાલુભાઈ ભગત

**જન્મનું વર્ષ** : ૧૮૬૦

**મૃત્યુ વર્ષ** : ૧૯૩૩

સુરતના નામાંકિત વેપારી શેઠ મસ્કતીને ત્યાં મુનીમ તરીકે કામ કરતા બાલુભાઈનો જન્મ જમનાદાસ વેણીરામના ભત્રીજા લાલભાઈને ત્યાં થયો હતો. તેઓએ જમના વેણી અખાડામાં કુસ્તી, મલખમ અને લાકડાપટ્ટાનું જ્ઞાન પિતા પાસે મેળવ્યું હતું. પિતા પછી અખાડાનું સુકાન તેઓએ સંભાળ્યું હતું. કુસ્તી, મલખમ અને લાકડાપટ્ટીમાં નિષ્ણાંત હતાં. તેઓએ ૭૩ વર્ષની ઉંમર સુધી વ્યાયામનું શિક્ષણ આપ્યું હતું.

## સુમનબેન રાવલ

**જન્મ સ્થળ** : ફુલપાડા

૧૯૧૬માં પાછા સુરત આવી તેમણે સંસ્કૃત સાથે સ્નાતકની પદવી એમ.ટી.બી. કોલેજમાંથી પ્રાપ્ત કરી હતી. તેઓએ તલવાર, ભાલા, તીરકમાન અને લાઠી ચલાવવાની તાલીમ હસ્તગત કરી લીધી હતી. તેઓ આંખે પાટા બાંધીને શબ્દવેધી બાણ ચલાવી શકતા હતાં.

૧૯૩૦માં અંગ્રેજ કલેકટરે સત્યાગ્રાહીઓને વિખેરવા ઘોડેસ્વાર પોલીસને છૂટા મૂકયા હતાં. ત્યારે સુમનબેને બહાદૂરીપૂર્વક ફોજદારના ઘોડાની લગામ પકડી લીધી હતી. તેમના બાવડાની તાકાત સામે ઘોડો ચસકી શકયો ન હતો.

## શ્રી જનાર્દન રામચંદ્ર જોગળેકર

**જન્મ વર્ષ** : ૧૯૦૯

તેમણે મેટ્રિકની પરીક્ષા પસાર કરી હતી. ઈ.સ.૧૯૧૩માં તેઓ બી.એ. થયા. ઈ.સ.૧૯૧૬માં તેઓ ઈતિહાસ સાથે એમ.એ. થયા. એ જ વર્ષે તેઓ સાર્વજનિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે જોડાયા. સાર્વજનિક સોસાયટીએ તેમણે આજીવન સ્વયંસેવક તરીકે નીમ્યા. ઈ.સ.૧૯૩૯માં તેઓ શ્રી અકકડના સ્થાને સાર્વજનિક હાઈસ્કૂલમાં મુખ્ય શિક્ષક તરીકે નીમાયા. તેમણે હીરક મહોત્સવ નિમિતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી ફાળો ઉઘરાવવાનું કાર્ય પણ હાથ ધર્યુ હતું. જેના કારણે શાળાનું સમારકામ નવેસરથી શરૂ થયું. જે પાછળથી દક્ષિણા ભવન તરીકે ઓળખાયું. તેમણે ઈ.સ.૧૯૧૪ થી ૧૯૧૮ સુધી સાર્વજનિક એજયુકેશન સોસાયટીના માનદમંત્રી તરીકે પણ કામ કર્યું.

તેમણે શ્રી કૃષ્ણલાલ શેઠ સાથે મળીને પાંચમાં ધોરણથી માંડીને મેટ્રિક સુધીના વિદ્યાર્થીઓ માટે નવયુગ ભૂગોળમાળાનાં પાઠયપુસ્તકો લખ્યાં હતાં. ઈ.સ.૧૯૫૨માં તેઓ નિવૃત થયા.

## શ્રી અશોક મહેતા

**જન્મ તારીખ** : ૨૪/૧૦/૧૯૧૧

- ૧૯૩૪ માં કોંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના થતાં તેમાં જોડાયા.
- ૧૯૫૭ માં લોકસભામાં સાંસદ તરીકે ચૂંટાયા.
- ૧૯૬૩ માં યુનોની મહાસમિતિમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગયા હતાં.
- લેખક હતાં.
- વિદેશોમાં પરિષદોમાં ભાગ લીધો હતો.
- કેન્દ્રના આયોજન પંચમાં પણ કામ કર્યું હતું.

## શ્રી ઈશ્વરલાલ ઈચ્છારામ દેસાઈ

**જન્મ તારીખ** : ૧૮/૦૭/૧૯૦૩

- આજીવન પત્રકાર–તંત્રીને દેશસેવક રહ્યાં.
- સુરત શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી.
- યુવક સંઘ અને વાનરસેનાના સંચાલનમાં ભાગ લીધો.
- રાષ્ટ્રીય વિનય મંદિરમાં શિક્ષક હતાં.
- સુરતના દૈનિક 'પ્રતાપના' સહતંત્રી હતાં.
- લોકવાણીના તંત્રી, નવયુગ, અસહકાર, દેશબંધુ વગેરે પત્રોમાં કામ કર્યું.
- સુરત જિલ્લાની સામાજિક, આર્થિક, સાહિત્યિક, શિક્ષણ, સાંસ્કૃતિક વિષયક પ્રવૃત્તિમાં ભાગ લીધો.
- પત્રકાર, લેખક, ઈતિહાસ સંશોધક હતાં.
- બે ડઝન પુસ્તકો લખ્યા હતાં.
- સુરત શહેર સુધરાઈની સ્કૂલ બોર્ડના ઉપાધ્યક્ષ હતાં.

## શ્રી કલ્યાણજી વિઠલભાઈ મહેતા

**જન્મ તારીખ** : ૭/૧૧/૧૮૯૦

**જન્મ સ્થળ** : વાંઝ

**મૃત્યુ વર્ષ** : ૧૯૭૩

- ૧૯૧૧ થી સુરતના પાટીદાર વિદ્યાર્થી આશ્રમના ગૃહપતિ.
- સુરત શહેર જિલ્લામાં હોમરુલ લીગના સ્થાપક.
- ૧૯૨૦ થી ૧૯૩૦ સુધી જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી.
- ૧૯૨૩ માં 'નાફેરવાદી' પત્ર 'નવયુગ' સાપ્તાહિકની સ્થાપના કરી તંત્રી થયા.
- બારડોલી તાલુકા કોંગ્રેસના ૧૯૨૮ માં પ્રમુખ હતાં.
- સ્ત્રી સ્વરાજ સંઘ સ્થાપના.
- ૧૯૩૧ માં મરોલી સેવાશ્રમની સ્થાપના.
- ૧૯૩૪ માં સત્યાગ્રહી ખેડૂતોની વસાહતની સ્થાપના.
- ૧૯૩૮ થી ૧૯૫૨ સુધી સુરત જિલ્લા સ્કૂલ બોર્ડના અધ્યક્ષ રહ્યાં હતાં.

* પાટીદાર આશ્રમને વલ્લભ કન્યા વિદ્યાલયના સ્થાપક.
* ગુજરાત રાજયની શિક્ષણ બોર્ડોના અઘ્યક્ષ હતાં.

## શ્રી કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

**જન્મ તારીખ** : ૫/૧૦/૧૮૯૦

**જન્મ સ્થળ** : સુરત

**મૃત્યુ વર્ષ** : ૧૯૫૨

* ગુજરાત વિદ્યાપીઠના મહામંત્રી હતાં.
* પ્રખર લેખક, ચિંતક હતાં. ''સમૂળી ક્રાન્તિ' પુસ્તક ઘણું પ્રખ્યાત છે.
* ગાંધીજીના 'હરિજન' પત્રોના તંત્રીપદે હતાં.
* દેશ સેવા કરી હતી. તેઓ સમર્થ સાહિત્યકાર, કેળવણીકાર, રાષ્ટ્ર સેવક હતાં.
* તેઓ આજીવન ગાંધીજીના અંતેવાસી તરીકે સાથે રહ્યાં હતાં.

## શ્રી કુંવરજી વિઠલભાઈ મહેતા

**જન્મ વર્ષ** : ૧૮૮૬

**જન્મ સ્થળ** : વાંઝ

* સમાજ સુધારક હતાં.
* 'પટેલ બંધુ' માસિક શરૂ કર્યું હતું.
* ૧૯૧૧માં સુરતમાં પાટીદાર આશ્રમની સ્થાપના કરી.
* સુરતમાં સ્વદેશી કાપડ, પુસ્તકો, સ્ટેશનરીની દુકાન ચાલુ કરી હતી.
* મુંબઈના મલાડની સુધરાઈના પ્રમુખ હતાં.
* ૧૯૨૧માં રાષ્ટ્રીય શાળાઓ સ્થાપવાની ઝુંબેશ કરી હતી.
* સુરતની રાષ્ટ્રીય શાળાઓના સંચાલનમાં તથા સુધરાઈનું રાષ્ટ્રીયકરણ કરવામાં તેમણે ફાળો આપ્યો હતો.

## શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાળા

**જન્મ વર્ષ** : ૧૯૦૪

**જન્મ સ્થળ** : સુરત

- ૧૯૨૬ થી ૧૯૩૦ સુધી બારડોલી સ્વરાજ આશ્રમમાં રહીને રચનાત્મક પ્રવત્તિ કરી હતી.
- ૧૯૨૮ માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો હતો.
- ૧૯૩૦ માં સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી હતાં.
- ૧૯૩૧ માં શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી થયા હતાં.
- આરોગ્ય સમિતિના અધ્યક્ષ હતાં.
- પાંચ વર્ષ સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ રહ્યાં હતાં.
- ૧૯૫૭માં પુનઃ સુધરાઈમાં ચૂંટાયા હતાં.
- રાજયના શિક્ષણ પ્રધાન થયા હતાં.

## શ્રી જયોત્સનાબહેન શુકલ

**જન્મ વર્ષ** : ૧૮૯૪

**જન્મ સ્થળ** : સુરત

- દેશસેવા ને સાહિત્ય સેવા જીવનભર કરી હતી.
- કાન્તિકારી પ્રવત્તિમાં જોડાયા.
- અચ્છા કવયિત્રી, અનુવાદક, લેખિકા.
- ૧૯૨૦ માં 'ચેતન' માસિકના સહતંત્રી, સ્ત્રી સમાજમાં મંત્રી.
- સુરતની મહિલા વિદ્યાલયમાં માનદ શિક્ષિકા ૧૯૨૩ થી ૧૯૩૫ સુધી હતાં.
- 'સુદર્શન' સાપ્તાહિક પછી દૈનિક થતાં તંત્રી.
- ૧૯૩૮માં હરિપુરા કોંગ્રેસમાં સ્વાગત સમિતિના મંત્રી.
- સુરત શહેર કોંગ્રેસ સમિતિના મંત્રીને પ્રમુખ.
- ગુજરાત પ્રાંતિક સમિતિના સભ્ય.
- સુરત જિલ્લા સ્કૂલ બોર્ડના ઉપપ્રમુખ.
- મુંબઈ રાજયની લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય.

- ગુજરાત યુનિ.ના સભ્ય.
- ગુજરાત રાજય સમાજ શિક્ષણ સમિતિનાં પ્રમુખ.

## શ્રી મધુમતી ચૂનીલાલ સોપારીવાળા

**જન્મ વર્ષ** : ૧૯૦૯

- ટિળક ફાળાનું, કોંગ્રેસના સભ્યો બનાવવાનું, રેંટિયા પ્રચાર, પરદેશી કાપડની હોળી કરવાનાં કામો કર્યાં.
- ૧૯૨૨માં અમદાવાદ કોંગ્રેસમાં હાજ રહ્યાં.
- સુરતમાં રાષ્ટ્રીય શાળાઓમાં શિક્ષિકા થયાં.
- સુરત સ્ત્રીમંડળનાં એક સ્થાપક.
- ૧૯૪૨ માં સુરત મ્યુનિ. ની ચૂંટણીમાં ચૂંટાયા હતાં.
- સુરત સમાજશિક્ષણ પ્રવત્તિના અધિકારી રહ્યાં.
- સુરતના કિલ્લાના મેદાનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે ૬ મહિનાની સજા થયેલી.

## શ્રી હંસાબેન જીવરાજ મહેતા

**જન્મ વર્ષ** : ૧૮૯૭

- ૧૯૩૦ માં મુંબઈ પ્રાંતિક સમિતિનાં પ્રમુખ
- ૧૯૪૪–૧૯૫૨ મુંબઈ ભગિની સમાજનાં પ્રમુખ
- ૧૯૩૯–૧૯૪૨ મુંબઈ પ્રાંતિક પ્રાથમિક શિક્ષણ બોર્ડના પ્રમુખ
- ૧૯૩૭ અને ૧૯૪૦ માં મુંબઈ લેજિસ્લેટિવ કાઉન્સિલનાં સભ્ય
- ઈન્ડિયન વિમેન્સ યુનિ. ના ઉપકુલપતિ
- ૧૯૪૬માં યુનોમાં હિન્દના પ્રતિનિધિ હતાં.
- ૧૯૪૭ થી ૧૯૫૦ ભારતની બંધારણસભાનાં સભ્ય
- ૧૯૪૯ માં વડોદરા યુનિ.ના ઉપકુલપતિ
- ૧૯૫૬માં ભારતની ઈન્ટર યુનિ. બોર્ડના પ્રમુખ
- મુંબઈની સંગ્રામ સમિતિનાં સરમુખત્યાર
- ૧૯૨૬માં ડો. જીવરાજ મહેતા સાથે લગ્ન
- ૧૯૪૮ માં ભારત સરકારની યુનિ. ગ્રાંટસ કમિશન અને કેન્દ્રની મધ્યસ્થ શિક્ષણ સલાહકાર સમિતિનાં સભ્ય

# પ્રકરણ–૮

# વિવિધ કમિશનોની ભલામણોની સુરત જિલ્લામાં શિક્ષણમાં જોવા મળેલ અસરો

**પ્રસ્તાવના :**

ભારત દેશમાં શિક્ષણ તો હજારો વર્ષથી એટલે કે વેદકાલીન સમયથી આપવામાં આવી રહ્યું છે. પરંતુ ભારતમાં અંગ્રેજોના આગમન પછી શિક્ષણક્ષેત્રે વિવિધ કમિશનો નિમવામાં આવ્યા તે કમિશનોની ભલામણોની સુરત જિલ્લામાં કઈ અસરો જોવા મળી તે અંગે ચર્ચા કરવામાં આવી છે. અહીં દરેક કમિશનની ભલામણો મુજબ સુરત જિલ્લામાં જે ફેરફારો જોવા મળ્યા તે અંતર્ગત મહત્ત્વના મુદ્દાઓ વિશે માહિતી આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

## (૧) વુડનો ખરીતો : (ઈ.સ.૧૮૫૪)

અંગ્રેજોના આગમન બાદ ભારતમાં સૌ પ્રથમ ચાર્લ્સ વુડના અધ્યક્ષપણા હેઠળ ભલામણો રજૂ કરવામાં આવી હતી જેની સુરત જિલ્લામાં નીચે મુજબની અસર જોવા મળી હતી.

**૧૮૫૪ થી ૧૮૮૧ (વુડનો ખરીતો)**

- ૧૮૬૨માં રાયચંદ દીપચંદ કન્યાશાળા ખોલવામાં આવી.
- ૧૮૪૨ માં સુરતમાં પહેલી સરકારી હાઈસ્કૂલ સ્થપાઈ એક પારસી ગૃહસ્થે તેના માટે મકાન બનાવ્યું.
- ધ બોમ્બે નેટિવ એજયુકેશન સોસાયટીએ સુરતમાં ત્રણ નવી શાળાઓ શરૂ કરી હતી.
- ૧૮૫૨માં દુર્ગારામ મહેતાજીએ એક કન્યાશાળા સુરતમાં શરૂ કરી હતી.
- ૧૮૬૫ માં ૧૫ કન્યા શાળાઓમાં ૮૩૭ કન્યાઓ અભ્યાસ કરતી હતી.
- ૧૮૭૩–૭૪માં ૨૫ કન્યા શાળાઓમાં ૧૨૭૦ કન્યાઓ ભણતી હતી.

- ૧૮૭૩–૭૪માં ૨૫૩ સરકારી અને ૨૧ ખાનગી પ્રાથમિક શાળાઓ હતી.
- ૧૯૫૪માં સુરતમાં શિક્ષકો માટેના બે તાલીમ વર્ગ ખોલવામાં આવ્યા હતાં. આ તાલીમ વર્ગમાં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, ભૂગોળ, ઈતિહાસ, અંકગણિત, બીજગણિત, યંત્રશાસ્ત્ર
- તત્વજ્ઞાન અને શિક્ષણની કલા વિષયોનું જ્ઞાન અપાતું હતું.
- સુરતમાં સૌ પ્રથમ અંગ્રેજી શાળા સુરતમાં શાહપુર મુસાફરખાના પાસે શ્રી દલપતરામ ભગુભાઈએ શરૂ કરી હતી.
- ૧૮૫૫–૫૬ અને ૧૮૬૫–૬૬માં અનુક્રમે એક અને સાત માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી.

## (૨) ભારતીય શિક્ષણ આયોગ હંટર કમિશન : ઈ.સ.૧૮૮૨

ભારતીય શિક્ષણ આયોગે લગભગ બધા જ અંગોના સંદર્ભમાં મહત્ત્વની ભલામણો કરી છે. પ્રાથમિક શાળાઓને નગરપાલિકાઓ અને જિલ્લા પરિષદોને સોપવાની ભલામણ કરી. તેમજ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે વધુ ભલામણો કરવામાં આવી હતી. જેમાં સૌથી મહત્ત્વની ભલામણ માધ્યમિક શિક્ષણનો વિસ્તાર અને વ્યાપ વધારવા અંગેની ભલામણ કરી હતી. જેની અસર નીચે મુજબ જોવા મળી હતી.

- ૧૮૮૨માં નવી શરૂ થયેલ માધ્યમિક શાળા
- ૧૮૮૨માં પ્રાથમિક શાળાના સંચાલન બાબતે
- પ્રાથમિક ક્ષેત્રે સ્થાનિક સંગઠનોએ જવાબદારી સ્વીકારવાનું ચાલુ કર્યું.
- શિક્ષણના માધ્યમમાં અંગ્રેજી ભાષા શિક્ષણની હિમાયત કરવામાં આવી. જેથી માતૃભાષા શિક્ષણ ઓછું થયું.

### હંટર કમિશન–૧૮૮૨–૧૯૧૭ સુધી

- ૧૮૮૨માં લોર્ડ રીપને સ્થાનિક સ્વરાજયની ભેટ આપતા લોકલ બોર્ડની સ્થાપના થઈ હતી અને પ્રાથમિક ક્ષેત્રે સ્થાનિક સંગઠનોએ જવાબદારી સ્વીકારવાનું ચાલુ કર્યું.

- શિક્ષણના માધ્યમમાં અંગ્રેજી ભાષા શિક્ષણની હિમાયત કરવામાં આવી જેથી માતૃભાષા શિક્ષણ ઓછું થયું.
- ૧૮૮૨માં હન્ટર કમિશને સરકારી માધ્યમિક શાળામાં ફી વધારવાની ભલામણ કરી હતી. તે સ્વીકારતા સામાન્ય વર્ગ અંગ્રેજી શિક્ષણ આપી શકે તેમ ન હતો. તેથી ચુનીલાલ શાહ અને જેકિશનદાસ અઠ્ઠાવાળાની સહાયથી તા.૭/૬/૧૮૮૯ ના દિવસે ૧૧ વિદ્યાર્થીઓની નાનપરામાં અંગ્રેજી શાળા શરૂ કરી હતી.
- ૧૮૮૮માં ગોપીપુરામાં એક મિડલ સ્કૂલ (સાર્વજનિક) શરૂ કરવામાં આવી હતી.
- ૧૮૮૮ માં વાલોડમાં અને ૧૮૯૮માં સુરતમાં એન.એન. ઝવેરી હાઈસ્કૂલ શરૂ કરવામાં આવી હતી.
- ૧૯૦૦ ના અંત સુધીમાં સુરત જિલ્લામાં ૬૮ હાઈસ્કૂલો હતી.
- ૧૯૦૧ માં સુરતની રત્નસાગર અને રાંદેરની માધ્યમિક શાળાઓ શરૂ થઈ હતી.
- ૧૯૦૩માં બોધામમાં ૧૯૦૫માં બારડોલીમાં ૧૯૦૭માં માંગરોળમાં ૧૯૦૯માં કઠોરમાં અને ૧૯૧૦માં સુરતમાં એમ નવ માધ્યમિક શાળાઓ શરૂ થઈ. ૧૯૧૦ સુધીમાં માધ્યમિક શાળાઓની સંખ્યા ૧૫ હતી.
- સરકારશ્રી તરફથી શાળાને ગ્રાન્ટ મળવાની શરૂ થતા શાળાને સાર્વજનિક હાઈસ્કૂલ સુરત નામ આપવામાં આવ્યું.

**સેડલર કમિશન (૧૯૧૭) કલકત્તા વિશ્વ વિદ્યાલય :**

સેડલર કમિશને માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ બંને અંગે વિગતવાર સૂચનો કર્યા છે. યુનિવર્સિટી શિક્ષણ અંગે ખાસ ભલામણો કરી છે તેથી યુનિવર્સિટી માત્ર પરીક્ષા લેનાર અને ઉપાધિ આપનાર સંસ્થા ન રહેતા શિક્ષણ અને સંશોધનની સંસ્થા બનવી જોઈએ એ સંકલ્પના કાર્યોન્વીત થવા માંડી. કલકતા યુનિવર્સિટી શિક્ષણપંચે સૂચવેલી ભલામણો એટલી વાસ્તવિક અને વ્યાવહારિક હતી કે તેમાની કેટલીક ભલામણો આજે પણ સ્વીકારાય છે.

**સેડલર કમિશન (૧૯૧૭–૧૯૪૮):**

- ૧૯૨૪, ૧૯૨૬ અને ૧૯૨૭ માં સુરતમાં દરેક વર્ષે બે માધ્યમિક શાળાઓ શરૂ થઈ હતી.
- ૧૯૨૧–૩૦ નાં ગાળામાં ૫ (પાંચ) હાઈસ્કૂલો વધી હતી.
- ૧૯૩૧, ૧૯૩૪ અને ૧૯૩૫ માં એકેક અને ૧૯૩૮માં બે માધ્યમિક શાળાઓ વધી હતી.
- ધો.૮–૧૧માં અંગ્રેજી ભાષામાં માધ્યમિક શિક્ષણ અપાતુ હતું. જયારે ધો.૫–૭માં માતૃભાષાનું માધ્યમ હતું.
- ૧૯૩૯માં સુરતમાં સોરાબજી જે.જે. અધ્યાપન મંદિર શરૂ કરાયું હતું.
- ૧૯૩૭–૩૮માં મુંબઈ રાજયે સુરત જિલ્લામાં ૨૧ બુનિયાદી શાળાઓ શરૂ કરી હતી. તેથી આ શાળાઓના અને બીજા શિક્ષકો માટે કતારગામમાં બુનિયાદી અધ્યાપન મંદિર શરૂ કરાયું હતું.
- સુરત જિલ્લામાં પ્રથમ કોલેજ સને ૧૯૧૮માં જૂનની ઓગણીસમીએ અસ્તિત્વમાં આવી હતી.
- શ્રી ઓ.હી. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય ૧૯૪૬માં શરૂ કરાયું હતું.
- સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ સાર્વજનિક એજયુકેશન સોસાયટી દ્વારા ૧૯૪૬માં સુરતમાં શરૂ કરાઈ હતી.

**યુનિવર્સિટી શિક્ષણ પંચ (૧૯૪૮–૪૯):**

યુનિવર્સિટી પંચે શિક્ષણના બધા અંગોના સંદર્ભમાં પોતાના વિચારો પ્રગટ કર્યા છે. અને તેમા સુધારો લાવવા માટે પર્યાપ્ત ભલામણો પણ કરી છે જે નીચે મુજબ છે.

- પ્રત્યેક પ્રાંતમાં વધારેમાં વધારે ઈન્ટર મીડિયેટ કોલેજો ખોલવામાં આવે.
- હાઈસ્કૂલ તેમજ ઈન્ટર પછીના વિદ્યાર્થીઓને ધંધાદારી તેમજ ટેક્નોલોજીકલ શાળાઓમાં જવા પ્રોત્સાહિત કરવામાં આવે.
- પુસ્તકાલય અને પ્રયોગશાળાને આધુનિક ઢંગથી સુસજિજત કરવામાં આવે.

- ઉચ્ચતર માધ્યમિક અને વિશ્વ વિદ્યાલય કક્ષાએ વિદ્યાર્થીઓને (ક) પ્રાદેશિક ભાષા (માતૃભાષા) (ખ) સંઘીય ભાષા (હિન્દી–રાજભાષા) અને (ગ) અંગ્રેજી ભણાવવામાં આવે.
- સ્ત્રીઓને શિક્ષણની વ્યાપક તકો પુરી પાડવી.
- નર્સિંગ અને લલિતકલાઓના શિક્ષણ કોર્ષની વ્યવસ્થા કરવી.

**યુનિવર્સિટી શિક્ષણ પંચ (૧૯૪૮–૧૯):**

- ૧૯૫૦માં બહેનો માટેનું અધ્યાપન મંદિર સુરત વનિતા વિશ્રામે શરૂ કર્યું હતું. તેમાં ૧૩૫ બહેનો તાલીમ લેતી હતી.
- જીવનભારતી મંડળ સુરતમાં સન ૧૯૪૮નાં જૂનમાં માધ્યમિક શાળાઓ માટે વર્ગ ચાલુ કરવામાં આવ્યો.
- સુરતમાં સ્થાપિત કોલેજોના અધ્યાપકોને પંચની ભલામણો અનુસાર લાભો આપવામાં આવ્યાં.
- પુસ્તકાલયની સુવિધા શરૂ કરવામાં આવી.
- પ્રાથમિક અને માધ્યમિક ક્ષેત્રે ૩ ભાષાઓના શિક્ષણની શરૂઆત થઈ.

**માધ્યમિક શિક્ષણ પંચ (૧૯૫૨–૫૩) :**

માધ્યમિક શિક્ષણ પંચે માધ્યમિક શિક્ષણની સમસ્યાને ધ્યાનમાં રાખીને કેળવણીકારો, શિક્ષકો અને શિક્ષણ સંસ્થાઓ પાસેથી માધ્યમિક શિક્ષણની પરિસ્થિતિનો તાગ મેળવ્યો. આ ઉપરાંત પંચે સમગ્ર દેશમાં મુલાકાતો દ્વારા માધ્યમિક શિક્ષણની વિવિધ સમસ્યાનો અભ્યાસ કરી અને પંચે જો ભલામણો કરી છે તે નીચે મુજબ છે.

- જિલ્લામાં માધ્યમિક શાળાના શિક્ષકો માટેની કોલેજ ૧૯૬૦માં એક વર્ગથી શરૂ થઈ હતી.
- સન ૧૯૫૧ થી ૧૯૬૦ દરમિયાન સુરતમાં ૩૦ નવી માધ્યમિક શાળાઓ શરૂ થઈ હતી.

- ૧૯૬૩માં પટેલ રમણ બ્રધર્સ દ્વારા આર્ટસ કોલેજ બારડોલીમાં શરૂ કરવામાં આવી. હતી.
- ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલીમાં ૧૯૬૩માં શરૂ કરાઈ હતી.
- ડો. એસ. એન્ડ એસ.એસ. ગાંધી કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી સુરત ૧૯૫૫માં સરકાર દ્વારા સુરત ખાતે શરૂ કરવામાં આવી હતી.
- ઈ.સ.૧૯૬૧માં ગુજરાત સરકાર તથા ભારત સરકાર એ બંનેના સંયુકત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલ રિજીઓનલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી શરૂ કરવામાં આવી.
- શ્રી દિલિપ પરેશ અશોકચંદ્ર શાહ સ્મૃતિ બહેરા–બાળકોની પ્રાથમિક શાળા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૭/૧૧/૧૯૬૩ના રોજ સ્થાપવામાં આવી.
- તા.૧૫/૮/૧૯૫૪ના રોજ અંબાબેન મગનલાલ અંધજન શાળા સુરતમાં સ્થાપવામાં આવી.
- ૧૯૧૬માં સર વી.ટી.ડી. માધ્યમિક કન્યા શાળા શરૂ કરવામાં આવી.
- સન ૧૯૫૩ની ૧૫ મી ઓગસ્ટે ચુનીલાલ ગાંધી વિદ્યાભવનની સ્થાપના થઈ જેના હેતુઓ અને સિધ્ધાંતો અનુસ્નાતકના કોર્સની માહિતીનું સંકલન, વિનિયન, વિજ્ઞાન અને વાણિજયના ઉચ્ચ અભ્યાસમાં સંશોધન કરવું અને વેગ આપવો.
- ઈ.સ.૧૯૬૦માં પુરૂષોતમદાસ ઠાકોરદાસ સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સની સ્થાપના થઈ.
- દક્ષિણ ગુજરાતમાં શિક્ષક તાલીમ માટે કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ ન હતી તેથી શિક્ષક તાલીમ માટે સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ જૂન ૧૯૬૧માં વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશનની સ્થાપના થઈ.

**રાષ્ટ્રીય શિક્ષણ પંચ (કોઠારી કમિશન) ૧૯૬૪–૬૬ :**

ઈ.સ.૧૮૮૨ થી ૧૯૫૨ સુધી ભારતમાં પાંચ પંચોની નિમણુંક થઈ ચૂકી હતી. આમાના ત્રણનો યુનિવર્સિટી શિક્ષણથી સંબંધ હતો. આમાના કોઈ પંચનો સંબંધ શિક્ષણના બધા વિભાગો સાથે ન હતો. તેથી એવા શિક્ષણ પંચની જરૂરિયાત હતી, જેનો સંબંધ સંપૂર્ણ

શિક્ષણ વ્યવસ્થા સાથે હોય અને જે સમગ્ર શિક્ષણ વ્યવસ્થા વિશે પોતાની ભલામણો કરી શકે. આ હેતુની યુનિવર્સિટી માટે ભારતીય શિક્ષણપંચ ૧૯૬૪–૬૬ નિમાયું. જેમણે કરેલી ભલામણો નીચે મુજબ છે.

કોઠારી પંચે શિક્ષણનું જે માળખું સુચવ્યું છે તેમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ડિગ્રી શિક્ષણ સુધી ફેરફારો સુચવ્યા છે.

- શ્રી સી.ડી. બરફીવાળા કોમર્સ કોલેજ ૧૯૬૭માં સુરતમાં શરૂ કરાઈ હતી.
- ૧૯૬૪માં સરકાર દ્વારા તબીબી મહાવિદ્યાલય શરૂ કરવામાં આવેલ. ૧૯૭૪ થી આ કોલેજ ખાતે અનુસ્નાતક પદવી તથા ડિપ્લોમાં અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે.
- ગ્રામ સેવા સમાજ દ્વારા ૧૯૬૯માં દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય– વ્યારામાં શરૂ કરવામાં આવી. આ ઉપરાંત ગ્રામ સેવા સમાજ દ્વારા પંચોલ, બેડકુવા દૂર ડોલવણ અને બોરખડીમાં અનુક્રમે ૧૯૬૧, ૧૯૬૨ અને ૧૯૬૫ તેમજ ૧૯૬૮માં શરૂ કરવામાં આવી.
- હળપતિ સેવા સંઘ, બારડોલી– હળપતિ સેવા સંઘ ટ્રસ્ટની સ્થાપના ૧૯૬૧માં થઈ હતી. તેનું મુખ્ય કાર્યાલય બારડોલીમાં છે. આ ટ્રસ્ટ દ્વારા ઉત્તર બુનિયાદી શાળાઓ ચલાવવામાં આવે છે. સુરત જિલ્લામાં ૫૫ સંસ્થાઓ હાલમાં કાર્યરત છે.
- શ્રી ભારતીય વિદ્યા મંડળ, કામરેજ સંસ્થાની સ્થાપના ૧૭ મી જાન્યુઆરી ૧૯૬૫ના રોજ કરવામાં આવી હતી.
- પંચાયતી રાજ દાખલ કર્યા બાદ ૧૯૬૪–૬૫ થી ૧૯૬૮–૬૯ના ગાળામાં માત્ર ૩૮ શાળાઓ વધી તેનું કારણ એ છે કે મોટા ભાગના ગામોમાં શાળાઓ હતી. માત્ર નજીકના ફળીયા કે પરાઓમાં અને જંગલના અંદરના વિસ્તારમાં જ નવી શાળાઓ ઉઘડી હશે. ૩૮ નવી શાળાઓ પૈકી ૨૭ સામાન્ય અને ૧૧ બુનિયાદી શાળાઓ હતી.
- ૧૯૬૦માં કુલ માધ્યમિક શાળાઓ ૬૯ હતી. જે વધીને ૧૯૮૧ અંતે ૨૬૭ થઈ હતી જેમાં ૮ થી ૧૦
- દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના તા.૨૩/૫/૧૯૬૭ના રોજ થઈ હતી.

- જે.એસ. ભકત અને કે. એમ. ભકત આર્ટસ કોલેજ ખોલવડ (તાલુકો કામરેજ)માં ૧૯૬૫માં શરૂ કરાઈ હતી.
- ૧૯૬૫માં સુરતમાં વાડીયા વિમેન્સ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની શરૂઆત થઈ હતી.
- નવયુગ આર્ટસ કોલેજ ૧૯૬૬માં શરૂ કરાઈ હતી. શરૂઆતમાં સાયન્સ કોલેજ સાથે હતી તે ૧૯૭૦–૭૧માં અલગ થઈ.
- ૧૯૭૨માં વ્યારામાં શ્રી આર.પી. ચૌહાણ આર્ટસ કોલેજ શરૂ કરાઈ હતી.
- સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ ૧૯૬૯માં શરૂ થયું હતું.

**ઈશ્વરભાઈ સમિતિ (ઈ.સ.૧૯૭૭):**

ઈશ્વરભાઈ સમિતિના અહેવાલ અંતર્ગત સુરતની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સમાજ ઉપયોગી ઉત્પાદક શ્રમ (SUPW) અપનાવવામાં આવ્યું.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૧૯૮૬ માં કરવામાં આવેલ ભલામણો મુજબ સુરત જિલ્લામાં નીચે મુજબની અસર જોવા મળેલ છે.

- જ્ઞાતિ જાતિ પ્રાદેશિકતા કે લિંગના ભેદભાવ વિના સમાન ગુણવત્તાવાળુ શિક્ષણ મળી રહે તે માટે સુરત જિલ્લામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવમાં આવ.
- વ્યવસાયલક્ષી શિક્ષણને વેગ આપવા માટે વોકેશનલ પ્રવાહ શરૂ કરાયો જે અંતર્ગત ૧૯૮૮–૮૯ માં ત્રણ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શાળાઓ સ્થાપવામાં આવી હતી જેમા મોટા ભાગે ખેતી, પશુપાલન અને કેરી ઉદ્યોગ જેવા વિષયો શિખવવાનું શરૂ કરાયું.
- ૧૯૮૭–૮૮ માં આદિવાસી આશ્રમ શાળાઓમાં સંખ્યામાં ખૂબજ વધારો જોવા મળેલ હતો. આશરે ૭૪ જેટલી આશ્રમશાળાઓ કાર્યરત હતી.

- ઉચ્ચ શિક્ષણ પછાત વિસ્તારોમાં મળી રહે તે માટે માંડવીમા ૧૯૮૬–૮૭ માં આર્ટસ કોલેજ શરૂ થઈ હતી.
- વાલોડમાં ૧૯૮૯–૯૦ માં સરકારી વિજ્ઞાન કોલેજ શરૂ કરવામાં આવી.
- સ્ત્રી શિક્ષણમાં પણ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર વધારો જોવા મળેલ ૧૯૮૦–૮૧ ની સરખામણીમાં ૧૯૮૬ માં આશરે બાવન હજાર જેટલી કન્યાઓનો વધારો થયો હતો. તમામ સ્તરે કન્યા કેળવણી મફત હોવાથી સંખ્યામાં ઉતરોત્તર વધારો થયો.
- ૧૯૮૯–૯૦ ના વર્ષમાં કન્યાઓ માટેની નવી ૧૩ માધ્યમિક શાળાઓ શરૂ થઈ.
- ઈ.સ. ૧૯૮૮ માં ટી.એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ (પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ કરવામાં આવ્યો.
- લઘુમતિઓના શિક્ષણ માટે સુરત જિલ્લામાં વિવિધ કોમો દ્વારા સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. પારસી, મુસ્લિમ, જૈન, ખ્રિસ્તી, દરેક ધર્મના લોકોએ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી.
- મહિલાઓને શિક્ષણમાં તમામ જાતિ ધર્મના લોકોનાં શિક્ષણમાં સમાનતા જોવા મળી હતી.